પુષ્ટિ સાહિત્ય પુસ્તકાલય
કાંદિવલી (વેસ્ટ)
C/o. સુરેન્દ્ર જમનાદાસ શાહ
M : 9833272383,
9320787642

મહાનુભ

વલ્લભાખ્યાન

નિ. લી. ગો. શ્રીજીવનજી મહારાજ કૃત વ્રજભાષા ટીકા સહિત.

ગો. શ્રીદ્વારકેશજી કૃત **મૂલપુરૂષ**

શ્રીમદ્વલ્લભાચાર્યજી (શ્રીમહાપ્રભુજી) વિરચિત **ષોડશગ્રન્થો**

શ્રીમદ્વિઠ્ઠલેશપ્રભુચરણ (શ્રીગુસાંઈજી) કૃત

શ્રીસર્વોત્તમસ્તોત્ર શ્રીવલ્લભાષ્ટક અને **સપ્તશ્લોકી**
તથા **ગો. શ્રીરઘુનાથજી** પ્રણીત **શ્રીનામરત્નાખ્યસ્તોત્ર**
(મૂલ શ્લોક અને ગુર્જરાનુવાદ સહિત)

શ્રીમદ્વલ્લભકુલ કૌસ્તુભ

પૂજ્યપાદ ગો. શ્રી ૬ **શ્રી દીક્ષિતજી મહારાજ**શ્રી ની આજ્ઞાથી
ગો. વા. પ. ભ. **શ્રીયુત વાડીલાલ નગીનદાસ શાહ** ના સ્મરણાર્થે

છપાવી પ્રસિદ્ધ કરનાર

શ્રી પુષ્ટિમાર્ગીય યુવક પરિષદ - મુંબઈ

ન્યોછાવર ૬૭ રૂપીયા

: પ્રકાશક :
ગિરધરલાલ જગજીવનદાસ શાહ
માનાર્હમન્ત્રી
શ્રી પુષ્ટિમાર્ગીય યુવક પરિષદ,
શ્રી મોટીહવેલીપાસે, ભૂલેશ્વર, મુંબઈ નં. ૨.

શ્રીમદ્વલ્લભાબ્દ ૪૮૭ { પ્રથમાવૃત્તિ } વિ. સં. ૨૦૨૨
શકાબ્દ ૧૮૮૭ { પ્રતિ ૧૦૦૦ } ઈ. સ. ૧૯૬૫

: મુદ્રક :
એન. એન. નાયક
કીર્તિ પ્રિન્ટરી, લીમડાચોક, સૂરત.

શ્રીનાથજી

પાટોત્સવ મહા વદ ૭

શ્રીનાથઃ સર્વદા સમર્ય સર્વલીલાસમાન્વતઃ ।
ભકતૈક હૃદયસ્થાયી સકલ : પુરૂષોત્તમ ॥
અસ્માંક સાધનં સાધ્યં શ્રીનાથઃ શરણં મમ ।
સમ્પત્સ્વાત્સ્વપિ સદા સ્વાચાર્યચરણોદિતમ્ ॥

॥ શ્રીમદ્વલ્લભાધીશોજયતિ ॥

પ્રકાશકનું નિવેદન

શ્રીવૃંદાવનેન્દુ પરાત્પર પૂર્ણપુરુષોત્તમ શ્રીગોપીજનવલ્લભ શ્રીનંદયશોદાત્સંગ લાલિત ષડૈશ્વર્યસમ્પન્ન ભગવાન **શ્રીબાલકૃષ્ણપ્રભુ,** વિભુવદન વૈશ્વાનરાવતાર ભક્તિમાર્ગાબ્જમાર્તંડ અખંડ ભૂમંડલાચાર્ય-વર્યજગદ્ગુરુ **શ્રીમદ્વલ્લભાચાર્યજી** (શ્રીમહાપ્રભુજી) અને પરમકૃપાલુ **શ્રીમદ્વિઠ્ઠલેશપ્રભુચરણ** (શ્રીગુસાંઈજી)ના મહાન અનુગ્રહથી **શ્રીપુષ્ટિસિદ્ધાંતકુસુમાવલિ** નું **ચોત્રીસમું** પુષ્પ મહાનુભાવ પરમભગવદીય શ્રીગોપાલદાસજીકૃત **શ્રીવલ્લભાખ્યાન** નિ. લી. ગો. ૧૦૮ **શ્રીજીવનજી મહારાજ કૃત વ્રજભાષા ટીકા સહિત. શ્રીદ્વારકેશજી કૃત મૂલપુરુષ સાનુવાદ, શ્રીમદ્વલ્લભાચાર્યજી** (શ્રીમહાપ્રભુજી વિરચિત **ષોડશગ્રન્થો, શ્રીમદ્વિઠ્ઠલેશપ્રભુચરણ** (શ્રીગુસાંઈજી) કૃત **શ્રીસર્વોત્તમસ્તોત્ર શ્રીવલ્લભાષ્ટક** અને **સપ્તશ્લોકી** તથા ગો. **શ્રીરઘુનાથજી** પ્રણીત **શ્રીનામરત્નાખ્યસ્તોત્ર ગુર્જરાનુવાદસહિત** સંપ્રદાયના સુવિદ્વાન અને શ્રી પુષ્ટિમાર્ગીય યુવક પરિષદ મુંબઈના ગો. વા. પ્રમુખ પ. ભ. **શ્રીયુત વાડીલાલ નગીનદાસ શાહ** (એડવોકેટ) ના સ્મરણાર્થે પ્રકટ કરી. શ્રી પુષ્ટિભક્તિમાર્ગાનુયાયી તેમજ શ્રીવલ્લભસિદ્ધાંતાનુરાગી વૈષ્ણવ જનતા સમજ રજૂ કરતાં અમને અત્યંત આનંદ થાય છે.

શ્રીપુષ્ટિમાર્ગીય યુવક પરિષદ મુંબઈની સ્થાપના **વિ. સં. ૧૯૮૯** માં **સાંપ્રદાયિક સાહિત્ય પ્રકાશન** અને **સિદ્ધાંત પ્રચાર** માટે કરવામાં આવેલ છે.

તે ઉદ્દેશાનુસાર **શ્રીપુષ્ટિસિદ્ધાંત કુસુમાવલિ** નામથી સાહિત્ય પ્રકાશન વિભાગ શરૂ કરી તે દ્વારા અત્યાર સુધીમાં ન્હાના મ્હોટા **ચોત્રીસ** સુવાસિત **પુષ્પો** (ઓગણત્રીસ પુસ્તકો અને પાંચ પત્રિકા) વિકસ્યા છે તેની મીઠી સૌરભે શ્રીપુષ્ટિમાર્ગીય શ્રીવલ્લભસિદ્ધાંતાનુરાગી વૈષ્ણવોના હૃદયમાં સ્વલ્પાંશે પણ આનંદાનુભવ થશે તો પરિષદની સાહિત્ય પ્રકાશન દ્વારા થતી નામ સેવા સાર્થક લેખાશે.

આ પુસ્તક છપાવવાનો હેતુ ગો. વા. ૫. ભ. શ્રી વાડીલાલભાઈની જીવનકાલ દરમિયાન ભાવના (૧) શ્રી સર્વોત્તમજી ઉપરની શ્રીગોકુલેશજી કૃત બડી ટીકા પ્રાપ્ય હોય તેટલી મૂલ સંસ્કૃત અને તેનું ગુજરાતી ભાષાંતર કરી છપાવવી. (૨) મહાનુભાવ શ્રી ગોપાલદાસજી કૃત શ્રી વલ્લભાખ્યાન ઉપર રાજનગર (અમદાવાદવાળા ગો. શ્રી વ્રજરાયજી મહારાજ શ્રીએ કરેલી સંસ્કૃત ટીકા ગુજરાતી અનુવાદ સહ અને (૩) શ્રી ગોપાલદાસજી કૃત શ્રી વલ્લભાખ્યાન ઉપર ગો. શ્રીજીવનજી મહારાજ મુંબઈવાળાએ કરેલી વ્રજભાષા ટીકા પં. શ્રી ગટુલાલજીના ટિપણ સહિત છપાવી પ્રસિદ્ધ કરવાની હતી. પરંતુ તે તેમના જીવનકાલ દરમિયાન પૂર્ણ ન થવાથી અને તેમણે પોતાના જીવન દરમિયાન જીવનની છેલ્લી પળ પર્યંત સંપ્રદાયની અને વૈષ્ણવ સમાજની તન, મન અને ધનથી અદ્વિતીય સેવા કરી હતી એટલું જ નહિ પણ શ્રી પુ. યુ. પરિષદ મુંબઈની સ્થાપનાથી પોતાની હૈયાતી પર્યંત સંસ્થાની સાહિત્ય પ્રકાશન અને સિદ્ધાંત પ્રચારની પ્રવૃતિ અને પ્રગતિમાં પ્રત્યેક રીતે સહકાર માર્ગદર્શન દ્વારા પોતાની સમુચિક સેવા આપી હતી અને છેલ્લાં પંદર વર્ષ પર્યંત ઉપાધ્યક્ષ તથા અધ્યક્ષપદે રહી સંસ્થાની વિશેષ પ્રગતિ કરી હોવાથી તેની ભાવાનુસાર ઉપરના ત્રણ પુસ્તકો પૈકી કોઈ પણ એક પુસ્તક તેમના સ્મરણાર્થે પ્રગટ કરવા શ્રી પુ. યુ. પરિષદ મુંબઈની કાર્યવાહક સમિતિએ રવિવાર તા. ૫-૧-૬૪ના દિને એક સભા બોલાવી તે માટે વિચાર વિનિમય કરી મજકૂર ત્રણ પુસ્તકો-

માંથી પ્રથમના બે પુસ્તકો છપાવી પ્રસિદ્ધ કરવામાં સમય, શકિત અને સંપત્તિની વિપુલતા થતી હોવાથી ત્રીજું પુસ્તક શ્રીવલ્લભાખ્યાન કે તેના ઉપર ગો. શ્રીજીવનજી મહારાજની વ્રજભાષાની ટીકા અને પં. શ્રી ગટુલાલજીનું ટિપણ જે પરમ ઉપયોગી સાહિત્ય વર્ષોથી અપ્રાપ્ય હોવાથી તેને પુનઃમુદ્રણ કરી પ્રકાશન કરવા અને તેની સાથે ગો. શ્રી દ્વારકેશજીકૃત મૂળપુરૂપ પ્રાચીન ટીકા સહિત તથા શ્રીમહાપ્રભુજી કૃત ષોડશગ્રન્થો, શ્રીગુસાંઈજી કૃત, શ્રીસર્વોત્તમસ્તોત્ર, શ્રીવલ્લભાષ્ટક અને સપ્તશ્લોકી તથા ગો. શ્રી રઘુનાથજી કૃત શ્રી નામરત્નાખ્યસ્તોત્ર મૂળ શ્લોક અને ગુર્જરભાવાનુવાદ સહિત પ્રકટ કરવાનો વિચાર કરી તે હકીકત પરિષદના ધર્માદ્યક્ષ પૂ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રીદિક્ષિતજી મહારાજશ્રીને નિવેદન કરી આપશ્રીની આજ્ઞા મળતાં છપાવવાનો નિર્ણય કર્યો અને મજકુર પુસ્તકની પ્રતિ ૧૦૦૦ છપાવવી તેમાંથી પ્રતિ ૩૦૦ શ્રી કાંતિલાલ અમથાલાલ પરીખને અને પ્રત ૧૦૦ શ્રીગિરધરલાલ જગજીવનદાસ શાહને લાગત મૂલ્યથી આપવી અને બાકીની પ્રતિ ૬૦૦માંથી પ્રતિ ૫૦૦ લગભગ પરિષદના વિ. સં. ૨૦૨૦ના સભાસદો રૂા. ૧ ૨૫ની મૂલ્યથી અને પ્રતિ ૧૦૦ પૂ. વા. ગો. બાલકો, વિદ્વાનો અને સહકારી સંસ્થાઓ વગેરેને ભેટ આપવાનો ઠરાવ. રવિવાર તા. ૧૬-૨-૬૪ના દિને શ્રી પુ. યુ. પરિષદ મુંબઈની કાર્યવાહક સમિતિની સભામાં સર્વાનુમતે કર્યો હતો. તે ઠરાવાનુસાર આ પુસ્તક પ્રકટ કરવામાં આવ્યું છે.

આ પુસ્તકમાં લીધેલા સાહિત્યને છપાવી પ્રસિદ્ધ કરવાને આશીર્વાદસહ આજ્ઞા આપવા માટે પરિષદના ધર્માધ્યક્ષ પૂજ્યપાદ ગો. **શ્રી દિક્ષિતજી મહારાજશ્રી**નો તૃતીયગ્રહાધીશ નિ. લી. ગો. શ્રી ૧૦૮ ગો**શ્રી બાલકૃષ્ણલાલજી મહારાજ** (કાંકરોલીવાળા) નો બ્લોક છાપવા માટે આપ્યો. તદર્થ તૃતીયગૃહ તિલકાયત પૂ. પા. ગો. શ્રી ૧૦૮ **શ્રી વ્રજભૂષણલાલજી મહારાજ** કાંકરોલી નરેશનો અંત;કરણ-

પૂર્વક આભાર માનવામાં આવે છે, તદુપરાંત શ્રી વલ્લભાખ્યાનની પ્રસ્તાવના લખી આપવા માટે સંપ્રદાયના સુપ્રસિદ્ધ વિદ્વાન વે. શા. સં. શ્રીયુત **શ્રી હરિકૃષ્ણ વીરજી શાસ્ત્રી** 'શુદ્ધાદ્વૈત વિશારદ'નો શ્રી પ્રભુચરણ શ્રીગુસાંઈજીનો બ્લોક છાપવા આપવા માટે શ્રીવલ્લભ વિજ્ઞાનના સમ્પાદક **શ્રીયુત ગોપાલદાસજી લાલામજી** નો ગો. વા. શ્રી વાડીલાલભાઈના બ્લોક છાપવા માટે અનુગ્રહમાસિકના તંત્રી વે. શા. સં. **શ્રીકેશવારમ કાશીરામ શાસ્ત્રીજી** નો અને બાકીના બ્લોકો છાપવા આપવા માટે **શ્રીભકિતમાર્ગીય વાચનાલય મુંબઈ** ના સંચાલકનો ધન્યવાદ સહ આભાર માનવામાં આવે છે.

આ પુસ્તકના મુદ્રણમાં **કીર્તિ પ્રિન્ટરી,** સૂરતના સંચાલકોએ શકયતાનુસાર ચીવટ રાખી છે તે માટે તેને હાર્દિક ધન્યવાદ આપવામાં આવે છે, અને આ પુસ્તકના પ્રકાશનમાં સંજોગોવશાત્ ધાર્યા કરતાં અતિ વિલંબ થયો છે અને કેટલીક અશુદ્ધિપણ રહેવા પામી હશે તદર્થ સંસ્થાના સભાસદો અને વાંચકો પ્રત્યે ક્ષમા યાચના.

છેવટમાં શ્રીપુષ્ટિમાર્ગીય યુવક પરિષદ–મુંબઈ પાસે સંપ્રદાયનું અપ્રસિદ્ધ તેમજ હાલમાં અપ્રાપ્ય પુનઃમુદ્રણ કરવા જેવું વિપુલ સાહિત્ય પડયું છે. તેને માટે નામસેવાનુરાગી વૈષ્ણવ ગૃહસ્થો તરફથી આર્થિક સહાય્ય મળ્યેથી તેને છપાવી પ્રસિદ્ધ કરવાની વ્યવસ્થા કરવામાં આવશે. કિમધિકમ્સુજ્ઞેષુ :

*

દેવપ્રબોધિની એકાદશી વિ. સં. ૨૦૨૨ શુક્રવાર, તા. ૫ ૧૧-૬૫	શ્રીપુષ્ટિમાર્ગીય યુવક પરિષદ મુંબઈ તરફથી નિવેદક **ગિરધરલાલ જગજીવનદાસ શાહ** માનદમંત્રી

શ્રીમદ્વિઠ્ઠલનાથજી (શ્રીગુસાંઈજી)



પ્રાકટ્ય વિ. સં. ૧૫૭૨ માર્ગશીર્ષ (ગુર્જર) કૃષ્ણ ૯

યદનુગ્રહતો જંતુઃ સર્વદુઃખાતિગો ભવેત ।
તમહં સર્વદા વન્દે શ્રીમદ્વલ્લભ નન્દનમ્ ॥

॥ શ્રીમદ્વલ્લભાધીશોજયતિ ॥

પ્રસ્તાવના

વલ્લભાખ્યાનનું નામ પુષ્ટિ સંપ્રદાયમાં ઘણું જાણીતું છે. અને ભગવન્મંડલીઓમાં શિક્ષાપત્ર જેટલો જ તેનો આદર છે. શિક્ષાપત્રના એકાદ શ્લોકના વાચન શ્રવણ વિના પ્રાચીન વૈષ્ણવો શયન કરતા નથી, તેવી જ રીતે ભગવન્મંડલીના પ્રારંભમાં વલ્લભાખ્યાનનું સામૂહિક ગાન સર્વત્ર નિયમથી થાય જ છે.

પુષ્ટિમાર્ગીય પ્રમાણ પ્રમેય સાધન ફલ, શ્રીમહાચાર્યચરિત્ર શ્રીગુસાંજીનું ચરિત્ર નિત્યલીલા અને તેના સ્થાનો વગેરેનો પરિચય સંકલિતરૂપથી ભાષાગ્રન્થમાં જેવો વલ્લભાખ્યાનમાં આપવામાં આવ્યો છે તેવો બીજામાં ઉપલબ્ધ થતો નથી. એ આ ગ્રન્થની વિશેષતા છે. શ્રીનંદદાસાદિકની ઉક્તિમાં પુષ્ટિમાર્ગીય રસસમુદ્રની ઉર્મિઓ સાક્ષાત્કાર થાય છે, પરંતુ વિશકલિતરૂપે વલ્લભાખ્યાનના દરેક અક્ષરના પાઠમાં એવું સામર્થ્ય રહેલું છે કે શ્રીગુસાંઇજીની કૃપાનો પ્રત્યક્ષ અનુભવ થવા લાગે છે. ટુંકમાં વલ્લભાખ્યાનનું ગાન કરતાં જે અનિવર્ચનીય આનંદનો અનુભવ ભાવુક રસિક હૃદયને થાય છે તે અનુભવૈકવેદ્ય વસ્તુ છે. વલ્લભાખ્યાન એટલે મહાપ્રભુ શ્રીવલ્લભના ચરિત્રનું સવિસ્તર વર્ણન આમાં નવ આખ્યાન કિંવા નવ કડવાં છે. તે કેદાર, રામકલિ આદિ નવ રાગો વડે શ્રૃંગાર આદિ નવ રસની સ્થાપનાર્થ છે.

શ્રીવલ્લભાખ્યાનની ઉત્પત્તિ–સંપ્રદાયમાં એક આખ્યાયિકા પ્રચલિત છે કે એક વખત શ્રીગુસાંઇજી શ્રીગોકુલથી રાજનગર પધાર્યા ત્યારે અસારવા ગામમાં રહેતાં ભાઇલા કોઠારીને ત્યાં આપશ્રીએ મુકામ કર્યો. (અત્યારે જ્યાં શ્રીગુસાંઇજીની બેઠક છે ત્યાં) તે દિવસે કોઠારીએ પોતાના જમાઈ ગોપાલદાસ, કે જે રૂપાલ ગામના વતની હતા તેને પોતાને

ત્યાં પ્રસાદ લેવા બોલાવ્યા હતા. શ્રીગુસાંઈજીના દર્શન કરી ગોપાલદાસે દંડવંત્ કર્યાં ત્યારે આપશ્રીએ કોઠારીને પૂછ્યું, 'આ કોણ છે?' કોઠારીએ કહ્યું, મહારાજાધિરાજ! આ ગોમતીનો વર છે. શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી, 'ગોમતીનો વર સમુદ્ર હોઈ શકે,' કોઠારીએ કહ્યું, 'આપની કૃપા થશે તો એ સમુદ્ર બની જશે.' ત્યારપછી શ્રીગુસાંઈજી ભોજન કરવા પધાર્યાં. ભોજન કર્યાં પછી કોઠારીને આજ્ઞા કરી, 'તમો પ્રસાદ લઈ લો.' ત્યારે સસરા જમાઈએ પ્રસાદ લીધા. ત્યારપછી આપશ્રી ગાદી ઉપર બિરાજતા હતા ત્યાં આવી ગોપાલદાસ હાથ જોડી ઉભા રહ્યા. ગોપાલદાસની વય તે વખતે આઠ વરસની હતી અને પોતે મુંગા હોવાથી કંઈ બોલ્યા નહિ. શ્રીગુસાંઈજીએ ગોપાલદાસને ગોદમાં બેસાડી પોતાનું ચર્વિત તામ્બુલ તેના મુખમાં આપ્યું. **गण्डं गण्डे सन्दधत्या अदा ताम्बूल चर्वितम्** (તા. ૧૦-૩૩-૧૩) પોતાના ગણ્ડ સ્થલ સાથે ગણ્ડ સ્થલ લગાડનારાં ગોપીને રસાત્મક શ્રીકૃષ્ણે પોતાના ચર્વિત તામ્બૂલનું દાન કર્યું અને તે દ્વારા સ્વવિદ્યાનું દાન કર્યું તેમ અહીં પણ ગોપાલદાસ ઉભા થયા અને પોતાનું મસ્તક શ્રીગુસાંઈજીના ચરણારવિંદમાં નમાવી ચર્વિત તામ્બૂલદ્વારા શ્રીગુસાંઈજી તેમના હૃદયમાં બિરાજવાથી તરત જ 'વન્દુ શ્રીવિઠ્ઠલવર સુન્દર નવ ઘનશ્યામ તમાલ' એમ કેદારરાગમાં વલ્લભાખ્યાનની શરૂઆત કરી.

ધ્રુવજી પાંચ વર્ષના હતા ત્યારે ભગવાને પોતાના વેદમય શંખને ધ્રુવના કપોલ પર સ્પર્શ કરાવતાં જ **'योन्तः प्रविश्य मम वाचमिमां प्रसुप्तां'** 'જે પ્રભુએ મારા અંન્તઃકરણમાં પધારીને મારી નિશ્ચેતન વાણીને સંજીવિત્ત કરી' એમ સ્તુતિ કરી; નહિ તો પાંચ વર્ષના બાલકને જ્ઞાન કેટલું હોય? કે આવી સ્તુતિ કરી શકે **'मूकं करोति वाचालम् यत्कृपा'** વગેરે વાકયો ઉપર્યુકત સિધ્ધાન્તને દૃઢ કરે છે, સનકાદિ ઋષિઓના ઉચ્છિષ્ટ ભોજનથી નારદજી જ્યારે [પૂર્વજન્મમાં દાસીપુત્ર હતા ત્યારે તેને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થયું હતું.

વલ્લભાખ્યાન એ શ્રીગુસાંઈજીની વાણી છે, કારણ કે નવમા આખ્યાનમાં વલ્લભકુલ પરિવારનું વર્ણન કરતાં બધાં બાલક શ્રીવહુ બેટી વગેરેનો ઉલ્લેખ નામ નિર્દેશપૂર્વક કરવામાં આવેલો છે. તેમાં શ્રીરૂકિમણીજી તથા શ્રીપદ્માવતીજી વહુજીનો ઉલ્લેખ નથી. **ज्येष्ठा पत्य कलत्रयोः** આ ધર્મશાસ્ત્રીય વચનમાં પોતાના જ્યેષ્ઠ પુત્ર તેમજ પત્નીના નામ લેવાનો નિષેધ છે.

વલ્લભાખ્યાન ઉપર અમદાવાદ (રાજનગર) વાળાશ્રીવ્રજરાયજી મહારાજે સંસ્કૃતમાં ટીકા લખેલી છે. ભાષાના ગ્રન્થ ઉપર સંસ્કૃતમાં ટીકા લખાય એ ભાષા ગ્રન્થનું ગૌરવ છે. રામાનુજ સમ્પ્રદાયમાં પણ **'सहस्र गीति'** ઈત્યાદિ ભકિતરસથી તરબોળ ગ્રન્થો અલવાર નામથી પ્રસિધ્ધ તે સમ્પ્રદાયના ભકતોએ દ્રાવિડ ભાષામાં લખેલા છે. અને તેના ઉપર તે સમ્પ્રદાયના વિદ્વાનોએ સંસ્કૃતમાં ટીકાઓ લખેલી છે. એજ પ્રમાણે આપણે ત્યાં **વલ્લભાખ્યાન** જેવો **પ્રાચીન ગુજરાતી** લખાયેલો ગ્રન્થ વારસારૂપે આપણને મળેલો છે. ગુજરાતીભાષાના સંશોધકો શ્રીમજમુદાર વગેરે સાક્ષરોની એવી માન્યતા છેકે વલ્લભાખ્યાન એ પ્રાચીનગુજરાતીભાષાના શુદ્ધસ્વરૂપે અને વિદ્વાનોને ભોગ્ય સ્વરૂપમાં આપણને પ્રાપ્ત થયેલ છે.

છઠ્ઠા આખ્યાન ઉંપર શુધ્ધાદ્વૈત સમ્પ્રદાયના તથા બીજા દર્શનોના મર્મજ્ઞવિદ્વાન ગોસ્વામી શ્રીદીક્ષિતજી મહારાજે સંસ્કૃત ટીકા નહિ પણ ભાષ્ય લખીને સમ્પ્રદાયનાં રહસ્યો પર અનેરો પ્રકાશ પાડેલો છે. અને નવાખ્યાનની અપૂર્વતામાં સમર્થન મળેલું છે. તેથી જો નવે આખ્યાનો ઉપર આપશ્રીએ પરિશ્રમ લીધો હોત તો સમ્પ્રદાય ઉપર મહાન ઉપકાર થાત. આ આખ્યાનનું ભાષ્ય શ્રીગુસાંઇજીના ઉત્સવના દિવસે શ્રીમદ્‌ગોકુલમાં ચોકીવાળા શ્રીગોપાલલાજીના મંદિરમાં શ્રીનવનીત લાલજીના શ્રૃંગાર કરીને શ્રીદીક્ષિતજી મહારાજે પ્રારભ્યું હતું.

બીજી બે ટીકાઓ વ્રજભાષામાં લખાયેલી છે, તેમાં એક શ્રીજીવનજી મહારાજ મુંબઇ મોટા મંદિરવાળાની અને બીજી શ્રીવ્રજાભરણજી દીક્ષિતની શ્રીજીવનજી મહારાજે કરેલી ટીકા ઉપર ભારતમાર્તંડ પં શ્રીગટ્ટુલાલજી એ ટિપ્પણલખી નવાખ્યાનના વિષયને ભગવચ્છાસ્ત્રોથી સુદૃઢ બનાવેલો છે. શ્રીજીવનજી મહારાજ સંસ્કૃત ભાષાના પ્રકાંડ પંડિત હતા તે તેઓશ્રીએ સંસ્કૃત ભાષામાં લખેલાં 'શ્રીબાલકૃષ્ણચમ્પુ' વગેરે ગ્રન્થો ઉપરથી જાણી શકાય છે. છતાં વ્રજભાષામાં ટીકા લખી તેનું કારણ વ્રજભાષાએ શ્રી નન્દરાજકુમારની ભાષા હોવાથી આપે તેને અપનાવી છે. એવું સ્પષ્ટ કથન પોતે જ ટીકાના પ્રારંભમાં કરે છે.

ભાષાગ્રન્થોનું સાહિત્ય નિકૃષ્ટ છે એવી માન્યતા દૂર કરવા આવા ભાષા સાહિત્યનો પ્રચાર બહોળા પ્રમાણમાં થવો જરૂરી છે. જ્યાંસુધી વલ્લભાખ્યાન, શ્રીયમુનાજીના ચાલીસપદો બસોબાવન અને અને ચોરાસી વૈષ્ણવોની વાર્તા, શ્રીહરિરાયજીકૃત ૪૧ શિક્ષાપત્ર અને તેવાજ બીજા ભાષાનાગ્રન્થો વંચાતા રહેશે ત્યાંસુધી સમ્પ્રદાયના મર્મ અને તત્ત્વનું જ્ઞાન આબાલવૃદ્ધ વૈષ્ણવોને મળ્યા જ કરશે. એ વાત નિઃસંન્દિગ્ધ છે. કારણ કે સંસ્કૃત ઉપરથી સમજનારાઓની સંખ્યા સમ્પ્રદાયમાં ઘણી નાની છે.

શ્રીયમુનાષ્ટકાદિ ષોડશગ્રન્થો ઉપર મહાનુભાવ ગોસ્વામી બાલકો તેમજ પરમભાવુક શ્રીલાલુભટ્ટજી વગેરે સામ્પ્રદાયિક મર્મજ્ઞો એ ટીકાઓ લખી છે. તે શ્રીમહાપ્રભુજીની વાણીનું ગામ્ભીર્ય સૂચન કરે છે. અને તે વાણીનાં જેવા દર્શન જેને થયાં તેમ લખવા તેઓ પ્રેરાયા છે. તેમ વલ્લભાખ્યાન પણ શ્રીગુસાંઈજીની વાણી હોઈને વધુ ટીકાઓ તેના ઉપર લખાયેલી છે.

શ્રીજીવનજી મહારાજે દરેક આખ્યાનના અંતમાં એક શ્લોક તથા એક દોહો લખી આખ્યાનનો સાર આપેલો હોય તેને મુખપાઠ કરવાથી નવેય આખ્યાનનું અનુસન્ધાન સતત બન્યું રહે છે.

પ્રથમ આખ્યાનમાં પ્રથમ શ્રીગુસાંઈજીને વન્દન તથા પ્રાર્થના કરી ગોપાલદાસજીએ અક્ષરબ્રહ્મ અને પુરૂષોત્તમનું સ્વરૂપ નિરૂપણ કરી 'તેને હેતે આપે પે પ્રકટયા શ્રીવલ્લભરાજકુમાર' આ તુકથી શ્રીપુરૂષોત્તમ શ્રીગુસાંઈજીરૂપે દૈવીજીવોના ઉધ્ધારાર્થ ભૂતલ પર પ્રકટ થયાનું નિરૂપણ કર્યું છે.

બીજા આખ્યાનમાં સર્વ સમર્થ શ્રીમહાપ્રભુ તથા શ્રીગુસાંઈજીના ચરિત્રનું વર્ણન કરવામાં આવ્યું છે. અગ્નિકુંડથી પ્રાદુર્ભાવાદિક સાંભળીને મહાત્મ્ય જ્ઞાન થાય તેમજ આ પૂર્ણકામ હોવા છતાં જીવો માટે દેશાન્તર પ્રવેશ આદિ શ્રમ કરે છે ઈત્યાદિ ચરિત્રના શ્રવણથી આપશ્રીમાં સુદૃઢ ભક્તિ થાય છે.

ત્રીજા આખ્યાનમાં ગોપાલદાસજીને શ્રીગુસાંઈજીના પ્રાદુર્ભાવ મહોત્સવનાં જેવાં દર્શન થયાં તેવું વર્ણન કરવામાં આવ્યું છે. ટીકાકાર શ્રીજીવનજી મહારાજ આજ્ઞા કરે છેકે આ ત્રીજાઆખ્યાનનું વ્યાખ્યાન અમો દક્ષિણ હૈદ્રાબાદ તરફથી મુંબઇ પાછા ફરતા રસ્તામાં લખવાનું શરૂં કર્યું હતું અને પુરૂં થતાં પંઢરપુર પહોંચ્યા હતા એટલે તૃતીયાખ્યાનની ટીકાના ફલરૂપે શ્રીવિઠ્ઠલનાથજીનાં દર્શન અમને થયા હતા. આ એક આશ્ચર્યકારક ઘટના કહી શકાય.

ચોથા આખ્યાનમાં બાર પદો છે તેમાં ભાગવતના બાર સ્કન્ધમાં ભગવાનની અલૌકિક સમૃધ્ધિનું વર્ણન કરવાલાં આવ્યુ છે તેવી રીતે શ્રીગુસાંઇજી સકલ સમૃધ્ધિ યુકત છે અને ભકતોના અનિષ્ટને દૂર કરી ઇચ્છિતફલને આપનારા છે એવું વર્ણન છે, **भक्ता भीष्ट फलप्रदः (नामरत्न).**

પાંચમા આખ્યાનમાં 'દુર્ગતિ સકલ નિવારી' ઈત્યાદિ તુકથી સુખ દુઃખાભાવ અને 'તેને તત્ક્ષણ સરવે સુખ હોય' ઈત્યાદિ તુકથી સુખ પ્રાપ્તિ એમ બન્ને પુરૂષાર્થ શ્રીગુસાંઈજીની કૃપાથી પ્રાપ્ત થઈ શકે છે. અને 'જેને શ્રીવિઠ્ઠલનાથ વિચારે તેને પ્રગટ પદારથ ચારે' આ તુકથી આપનું સ્વતંત્ર આચાર્યત્વ સિદ્ધ કરવામા આવ્યું છે.

છઠ્ઠા આખ્યાનમાં—'જોતાં તૃપ્તિન ઉપજે પ્રભુ અધર-સુધા-રસ પાયેજી ભૂજલતા ભીડી ભામિની, ત્યારે દિવસ તાપ બુઝાયેજી' ઈત્યાદિ તુકોમાં શ્રીનન્દરાજકુમારના સંયોગસુખની લોકવિક્ષણતા બતાવવાની સાથે 'જોતાં તૃપ્તિ ન ઉપજે' એ તુકથી દર્શન સુખની પ્રતિક્ષણ નૂતનતા બતાવી છે, અને **क्षणे क्षणे यन्नवता मुपैति तदेपरुपं रमणीयतायाः** એ ઉકિતને ચરિતાર્થ કરેલી છે.

સાતમા આખ્યાનમાં સેવ્ય સેવક ભાવરૂપલીલા—શ્રીનાથજી સ્વરૂપથી સેવ્ય અને શ્રીગુસાંઈજી સ્વરૂપથી સેવક આ લીલા જીવને શિખવવાના હેતુથી કરેલી છે. **जनशिक्षाकृते कृष्णभक्तिकृत्** 'જનશિક્ષા માટે કૃષ્ણ સેવા કરનારા' વસ્તુ તઃ શ્રીકૃષ્ણનુ જ રૂપાન્તર શ્રીગુસાંઈજી છે. અનુભવ વિનાનાજીવોને ઉકત સ્વરૂપમાં ભિન્નતા ભાસે તથાપિ પ્રભુના અનુભવીઓની દૃષ્ટિમાં બન્ને એક જ છે. શ્રીગોકુલથી નિત્ય શ્રીગિરિરાજજી પધારી શ્રીગોવર્ધનધરની શ્રીગુસાંઇજી સેવા કરતા તથા બન્ને સ્વરૂપોનો પરસ્પર સ્નેહ અધિક છે. **'પસી પ્રીત કહૂઁ નહીં દેખી'** એમ શ્રીગોવિન્દસ્વામી એનું વર્ણન કરે છે,

આઠમા આખ્યાનમાં—પોતાના પરિવારથી શોભાયુકત શ્રીગુસાંઈજીનું માહાત્મ્ય તથા ચરિત્રનું નિરૂપણ કરેલું છે. તેના શ્રવણ માત્રથી 'એવા તે ગુણનિધિનાથ ગાતાં બ્રહ્મહત્યાદિક અઘટલે' આદિ તુકથી પાપ નાશ કરવાનું સામર્થ્ય આપના ચારિત્રમાં રહેલું છે. એમ સ્પષ્ટ કહ્યું છે.

નવમા આખ્યાનમાં—શ્રીગોપાલદાસજી પોતાની જીહ્વાને શિક્ષા આપે છે કે હે રસના તું નિરન્તર પ્રતિક્ષણ શ્રીવલ્લભકુલના પરિવારનું સ્મરણ કર, કલિકાલમાં એજ મુખ્ય કર્તવ્ય છે. 'શ્રીવિઠ્ઠલ-કલ્પદ્રુમ ફલ્યો તેની શાખા પ્રસરી અનેક આ તુકથી શ્રીગુંસાઈજીનું કલ્પ વૃક્ષત્વ પ્રતિપાદન તેની શાખા એટલે શ્રીગિરિધરજી પ્રભૂતિ સાત બાલકો અને તેના પુત્ર પૌત્રાદિક દર્શન આપતા હતા તે અને ભાવી ગોસ્વામી બાલકોના પણ ગોપાલદાસજીને દર્શન થયાં હતાં. તેનું ફલત્વ કહ્યું છે અને આ નવનિધિરૂપ નવેય આખ્યાન મારા હૃદયમાં સર્વદા રહો એટલી જ માત્ર પ્રાર્થના કરેલી છે. બીજું ફલ માગેલું નથી એટલે જણાય છે કે સમ્પૂર્ણ નવાખ્યાનના ગાનથી શ્રીગુસાંઈજીની કૃપાથી અલૌકિક ફળ તેમને મળી ગયું છે અને તે વાત શ્રીવિઠ્ઠલ-કલ્પદ્રુમ ફળ્યો એ તુકથી સ્પષ્ટ થઈ જાય છે.

રામાનુજ સંપ્રદાયમાં શિયાળામાં એ માસ દ્રાવિડ ભાષાના ગ્રન્થોનો સામૂહિક પાઠ યોજવામાં આવે છે તેને અધ્યયનોત્સવ કહેવામાં આવે છે તેવી જ રીતે આપણે ત્યાં પણ તેવી યોજના કરવામાં આવે તો કેવું સારૂં ?

ભગવદીય ચરણરજોભિલાષી

હરિકૃષ્ણ વીરજી શાસ્ત્રી

અનુક્રમણિકા

ક્રમ	નામ	પૃષ્ઠ
૧	પ્રકાશકનું નિવેદન	૧
૨	પ્રસ્તાવના	૫
૩	અનુક્રમણિકા	૧૨
૪	ગો. વા. શ્રીવાડીલાલ શાહનું જીવનદર્શન	૧
૫	સટીક શ્રીવલ્લભાખ્યાન પહેલું	૧
૬	,, બીજું	૬૩
૭	,, ત્રીજું	૧૪૭
૮	,, ચોથું	૧૯૦
૯	,, પાંચમું	૨૩૦
૧૦	,, છઠ્ઠું	૨૬૨
૧૧	,, સાતમું	૨૯૨
૧૨	,, આઠમું	૩૪૪
૧૩	,, નવમું	૩૮૬
૧૪	નવશ્રી વલ્લભાખ્યાન મૂલમાત્ર	૪૨૬
૧૫	શ્રીદ્વારકેશજીકૃત મૂલપુરૂષ સાનુવાદ	૪૫૪
૧૬	શ્રી મંગલાચરણ સાનુવાદ	૪૯૫
૧૭	શ્રી મહાપ્રભુજી કૃત ષોડશગ્રન્થો સટીક	૫૦૦
૧૮	શ્રી સર્વોત્તમસ્તોત્ર ગુર્જરાનુવાદ સહિત	૫૭૬
૧૯	શ્રી વલ્લભાષ્ટક ,,	૫૯૫
૨૦	સપ્તશ્લોકી ,,	૬૦૦
૨૧	શ્રી નામરત્નાખ્યસ્તોત્ર ,,	૬૦૫
૨૨	શ્રી પુષ્ટિમાર્ગીય યુવક પરિષદના પ્રકાશનો	૧ થી ૫

તૃતીયગૃહાધીશ પૂ. પા. ગો૦ શ્રી ૧૦૮ શ્રીબાલકૃષ્ણલાલજી મહારાજ
(કાંકરોલી)



પ્રાકટ્ય વિ. સં. ૧૯૨૪ અસાડ વદ ૧૩

ગોલોકવાસી

પરમ ભગવદીય શ્રી વાડીલાલ નગીનદાસ શાહ
B. A., LL. B. - મુંબઈ

જન્મ :
વિ. સં. ૧૯૪૦ પોપ કૃષ્ણ ૭
શનિવાર તા. ૧૯-૧-૮૪

ગોલોકવાસ
વિ. સં. ૨૦૨૦ કાર્તિક કૃષ્ણ ૧૩
શુક્રવાર તા. ૧૩-૧૨-૬૩

પ:મભગવદીય આદર્શ વૈષ્ણવગૃહસ્થ ગો. વા.
શ્રીયુત વાડાલાલ નગીનદાસ શાહ, એડવોકેટનું

જીવનદર્શન

પરોપકારસમ પુણ્ય નહિ, નહિ પરપીડાસમ પાપ,
એ સૂત્રોને આચરી, રહ્યા'તા જે નિષ્પાપ,
ઉપકાર ઉપર ઉપકાર કરવો એ છે માનવનો ધર્મ,
પણ અપકાર ઉપર ઉપકાર કરવો એ વૈષ્ણવનું શુભકર્મ.

ઉપરની પંક્તિઓને જીવનમાં ઉતારી આચરનારી વ્યકિત વિરલ હોય છે, એમાંયે મુંબઈ જેવા મોટા શહેરમાં—અધિક રીતે પ્રપંચમય જીવન વિતાવતાં સ્થાનોમાં તો અલભ્ય જ ગણાય, છતાં ઉપરના ગુણો ધરાવતા પ. ભ. શ્રીયુત વાડીલાલ નગીનદાસ શાહ, એડવોકેટે પોતાના જીવનમાં સાઠ વર્ષ લગભગ મુંબઈમાં વસી દુન્યવી વ્યવહારનું સઘળું કાર્ય કરી ધર્મ સમાજ અને રાષ્ટ્રની તન મન અને ધનથી યથાસમય યથોચિત સેવા કરી, સમ્પ્રદાયની નામસેવા અને સ્વરૂપસેવા દ્વારા શ્રીહરિ ગુરુ અને વૈષ્ણવોની સમયોચિત શકય સેવા કરી, સંપ્રદાય અને વૈષ્ણવ સમાજના ઉત્કર્ષમાં પોતાની પવિત્ર ફરજ બજાવી, વિ. સં ૨૦૨૦ ના બીજા કાર્તિક વદ ૧૩ શુક્રવાર, તા. ૧૩-૧૨-૬૩ ના ગોધૂલિક સમયે ભગવત્કથા શ્રવણ કરી ઉપસ્થિત વૈષ્ણવને ભગવત્સ્મરણ કરી શ્રીભગવચ્ચરણારવિન્દને પ્રાપ્ત થયા હોવાથી સંપ્રદાયને તથા વૈષ્ણવસમાજને સંપ્રદાયના સુપ્રસિદ્ધ વિદ્વાન શ્રીહરિગુરુવૈષ્ણવસેવાપરાયણ આદર્શ વૈષ્ણવ ગૃહસ્થ, સાંપ્રદાયિક સાહિત્યના લેખક, પ્રકાશક અને અનુવાદક તથા પ્રૌઢ કાર્યકરની ન પૂરી શકાય તેવી અપૂર્વ ખોટ પડી છે.

શ્રી વાડીલાલભાઈનો જન્મ વિ. સં. ૧૯૪૦ ના પોષ વદિ ૭ ને શનિવાર, તા. ૧૯-૧-૧૮૮૪ ના દિને ગામ રાનેર, જિ. પાટણ, ઉ. ગુજરાતમાં માતુગૃહે દશાપોરવાળ વણિક જ્ઞાતિના પ. ભ. શ્રી નગીનદાસ કિશોરદાસ શાહ (પાટણનિવાસી)નાં પત્ની સૌ. શ્રી. પાર્વતી બહેનની કૂખે થયો હતો.

પ. ભ. શ્રી નગીનદાસ સ્વયં આદર્શ વૈષ્ણવ હતા પોતાને માથે પોતાના વડીલો દ્વારા પ્રાપ્ત થયેલ શ્રીનાથજીની ચિત્રસેવા બિરાજતી હોવાથી એની સેવા કરી શ્રીને ભોગ ધરી પ્રસાદ (ભોજન) લેવાનો નિયમ પોતાના કુટુંબમાં હતો તથા રાત્રિનાં ૮૪-૨૫૨ વૈ.ની વાર્તા, શ્રીહરિરાયજીનાં શિક્ષાપત્રો—વચનામૃતો વગેરેનું વાચન તથા શ્રીવલ્લભાખ્યાન, શ્રીયમુનાજીનાં ધોળપદ અને કીર્તનાદિનું સમૂહગાન તેમજ શ્રવણ, તેવી જ રીતે એમનાં માતુશ્રી ભગવદીયા શ્રી પાર્વતીબહેન પ્રાતઃકાળથી ઘરકામ કરતાં શ્રીયમુનાજીની ધોળપદ, શ્રીદયારામભાઈનાં તેમ જ પ્રાચિન ભક્તોના ધોળપદનું ગાન કરતા હતા, તથા ગામમાં સાંપ્રદાયિક મંદિરમાં દરરોજ રુવારનાં તથા સાંજનાં શ્રીનાં દર્શન કરવા જવું વગેરે સામાન્યતઃ હોવાથી વૈષ્ણવ ધર્મના સંસ્કારો એમનાં માતાપિતા દ્વારા જ મળ્યા હતા.

પ. ભ. નગીનદાસને સંતતિમાં ચાર પુત્રો (૧) શ્રી મણિલાલ, (૨) શ્રી. વાડીલાલ, (૩) શ્રી. હીરાલાલ, અને (૪) શ્રી ગોવિંદલાલ તથા ચાર પુત્રીઓ (૧) શ્રી. ચંચલબહેન, (૨) શ્રી રુક્ષ્મણીબહેન, (૩) શ્રી મોતીબહેન અને (૪) શ્રી હરિગંગાબહેન એ એ બધાંને સ્વધર્મ પ્રત્યે અભિરુચિ, અનન્યાશ્રય, અસમર્પિત વસ્તુના ત્યાગપૂર્વક સાંપ્રદાયિક તત્ત્વ જાણવાની અભિલાષા તથા એ પરત્વેનું સામાન્ય જ્ઞાન તથા ધાર્મિક આચાર વિચારની સમજણ વડીલો દ્વારા જ પ્રાપ્ત થઈ હતી.

ભ. શ્રી. વાડીલાલભાઈને તૃતીયગૃહાધીશ ગો. શ્રીબાલકૃષ્ણલાલજી મહારાજ (કાંકરેલીવાળા)નું બ્રહ્મસંબંધ હતું.

એઓ મેટ્રિકની પરીક્ષા સન ૧૮૯૯માં પાટણની હાઇસ્કૂલમાં આપી સન ૧૯૦૦માં અમદાવાદ કૉલેજમાં દાખલ થયા તે અરસામાં અમદાવાદમાં પં. ગોવર્ધન ચોબે પાસે શ્રીમહાપ્રભુજી-વિરચિત 'નવરત્ન ગ્રન્થ' ઉપર શ્રીગુસાંઈજીની ટીકા અને સારસ્વતવ્યાકરણનો અભ્યાસ કર્યો તથા ભ. શા. નિ. પં. શ્રીગોકુલદાસ મુખ્યાજી વિદ્યા- સુધાકાર' કોટાનિવાસીના અનૂદિત તત્વાર્થદીપ નિબંધના શાસ્ત્રાર્થ પ્રકરણ અને સર્વનિર્ણય પ્રકરણનું અવગાહન કર્યું.

સન ૧૯૦૩માં સેન્ટઝેવિયર્સ-કૉલેજ-મુંબઈમાં બી એ ની પરીક્ષા આપી, સન ૧૯૦૬ માં એલ એલ. બી ની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ એડવોકેટ થયા.

ત્યારપછી શુક્રવાર તા. ૨૨-૬-૧૯૦૭ થી મુંબઈ પોલીસ કોર્ટમાં કાયદાશાસ્ત્રી તરીકે પોતાનું કામકાજ શરૂ કર્યા પછી ટૂંક સમયમાં સ્મોલકોઝ કોર્ટમાં પોતાનો વકીલાતનો વ્યસાય શરૂ કર્યો. એ અરસામાં એમના પિતાશ્રી અમદાવાદની માધુભાઈ મિલના મુખ્ય હિસાબનવીસ હોવા ઉપરાંત મિલમાલેકના વિશ્વાસુ સલાહકારક હતા તેથી પોતાના પુત્ર શ્રી વાડીલાલ અમદાવાદમાં રહી પેતાની પ્રગતિ સાધે એ ભાવનાથી એમને અમદાવાદમાં તેડાવ્યા હતા. એજ અરસામાં વડોદરા મુકામે શ્રીમદ્વૈષ્ણવ પરિષદના પ્રથમાધિવેશનમાં થયેલ ભ શા નિ શ્રી મગનલાલ શાસ્ત્રીજીનું વ્યાખ્યાન અમદાવાદની લાયબ્રેરીમાં વર્તમાનપત્રમાં વંચવામાં આવતાં શ્રી શાસ્ત્રીજી પ્રત્યે એમનું આકર્ષણ થયું અને એમના સમાગમમાં આવવા ઇચ્છા ઉદ્ભવી તેથી મુંબઈને

પોતાનું કાયમી વતન બનાવવા પિતાશ્રીની સંમતિ માગી એ સંમતિ આવતાં એમના પિતાશ્રીએ આજ્ઞા કરતાં જણાવેલું કે ન્યાયનીતિથી અને સામાનું હિત થાય એ પ્રકારની વકીલાત કરવી; કોઇના પણ અહિતથી અળગા રહેવું ધાર્મિક સંસ્થાઓ, મંદિરો, ધર્માચાર્યો તેમજ દુઃખી ગરીબ અને નિઃસહાય વ્યકિતનું કાયદાનું કામકાજ કેવળ સેવાભાવથી (પોતાની ફી લીધા વિના) કરવાનો આદેશ અને આશીર્વાદ આપી મુંબઇ વકીલાતનો વ્યવસાય શરૂ કરવા જણાવ્યું હતું તેનું પાલન એમણે જીવંત પર્યંત કરી મુંબઈના કાયદાશાસ્ત્રીઓમાં તેમજ ન્યાયમૂર્તિઓ સમક્ષ એક ધર્મભાવના પ્રધાન આદર્શ વકીલ તરીકેની પ્રતિષ્ઠા અને પ્રતિભા પ્રાપ્ત કરી હતી.

અમદાવાદથી મુંબઇ આવ્યા પછી શ્રી મગનલાલ શાસ્ત્રીના સંપર્કમાં આવતાં પરસ્પરના સદ્‌ભાવમાં વૃદ્ધિ થઈ અને શ્રી વાડીલાલભાઈની ધર્મભાવના, કર્તવ્યપરાયણતા વ્યવસ્થાશકિત તથા ઉત્સાહ જોઈ સન ૧૯૦૮ના જાન્યુઆરી માસમાં પાટણ મુકામે વૈષ્ણવ પરિષદનું બીજું અધિવેશન ભરવા અને એની વ્યવસ્થા કરવા અગાઉથી શાસ્ત્રીજીએ એમને પાટણ મોકલ્યા હતા. ત્યાં તા, ૧૧-૧-૧૯૦૮ એ અધિવેશન મળ્યું વૈષ્ણવ પરિષદ વિદ્યાવિભાગનું આયોજન થયું તેના પ્રમુખ તરીકે શ્રી મગનલાલ શાસ્ત્રીજીની અને મંત્રી તરીકે શ્રી વાડીલાલભાઈની નિયુક્ત થઇ હતી. ત્યારપછી સન ૧૯૧૦માં બ્રહ્મસંબંધ લઈ વૈષ્ણવ થયેલા બ્રાહ્મણોને ચોરાસી બ્રાહ્મણની જ્ઞાતિથી શંકરાચાર્ય સ્વામી માધવતીર્થે દૂર કરવાથી ત્યાંના વૈષ્ણવોના આગ્રહથી એપ્રિલ માસમાં વૈષ્ણવ પરિષદનું તૃતીય અધિવેશન ભરવાનું નક્કી થતાં ત્યાં એક સપ્તાહ અગાઉથી જ જઈ બધી તૈયારી શ્રી વાડીલાલભાઈએ કરી હતી.

સન ૧૯૧૨માં સુરત મુકામે શ્રીમદ્‌વૈષ્ણવ પરિષદનું ચતુર્થ અધિવેશન થયું હતું. તે સમયે પણ એમણે હાજરી આપી અધિવેશનના દરેક કાર્યમાં પોતાની યોગ્ય સેવા આપી હતી ત્યાર પછી પાંચમું અધિવેશન પૂના મુકામે શ્રી મગનલાલ શાસ્ત્રીજીનાં મોટા પુત્રીના લગ્ન પ્રસંગે થયું હતું ત્યારે શ્રી વાડીલાલભાઇએ પ્રારંભથી તે છેવટ સુધીની દરેક કાર્યપ્રવૃત્તિમાં પોતાની સમુચિત સેવા આપી હતી તદુપરાંત શાસ્ત્રીજીની પ્રેરણાથી સામયિક દ્વારા સંપ્રદાયની સેવા કરવા માટે 'પુષ્ટિભક્તિસુધા' માસિક) સં.૧૯૬૮ થી૧૯૭૬ સુધી પોતાના સંપાદકત્વ નીચે પ્રસિદ્ધ કરી એ દ્વારા (૧) શંકરાચાર્ય અને એમના અનુયાયીઓ તરફથી થતાં પુષ્ટિમાર્ગ પરના આક્ષેપોના જવાબો, (૨) પ્રશ્નોત્તર, (૩-૪) બ્રહ્મવાદ અને માયાવાદ, (૫) શ્રીવલ્લભચરણવિજ્ઞપ્તિ, (૬) વલ્લભભાવાષ્ટક, (૭) દૈન્યાષ્ટકાદિના અનુવાદ, (૮) શ્રી વલ્લભાચાર્યચરિત્ર, (૯) શ્રીસર્વોત્તમજીસ્તોત્રનાં પદો, (૧૦) શ્રીસર્વોત્તમસ્તોત્રની ટીકાઓ સહિત પચીસથી અધિક નામ ઉપર સ્વતંત્ર ભાષાંતર અને સાંમ્પ્રદાયિક પ્રવૃત્તિ પરત્વે સમયોચિત લેખાદિ લખી સમ્પ્રદાયની સાહિત્ય સેવા કરી હતી. એ સિવાય શ્રી. મગનલાલ શાસ્ત્રીજીએ શરૂ કરેલ શ્રીમદ્‌વલ્લભાચાર્યગ્રન્થનારત્નમાલાના ૪૦ લગભગ સંસ્કૃત ગુજરાતી અને અંગ્રેજી જેમાં સપ્રદીપ અણુભાષ્ય, શ્રીગાયત્રીભાષ્ય સુબોધિનીજી દશમસ્કન્ધનાં કેટલાંક પ્રકરણો, શ્રીમદ્‌ગીતાતત્ત્વદીપિકા, અધિકરણસંગ્રહ, શ્રીવેદસ્તુતિ, પ્રસ્થાનરત્નાકરશાંડિલ્યભક્તિસૂત્ર, શ્રીવલ્લભાષ્ટક પ્રાચ્ય ટીકા સહિત, શ્રી સર્વોત્તમસ્તોત્ર પ્રાચ્યટીકા સહિત, સુબોધિની એકાદશસ્કન્ધ, બ્રહ્મસૂત્ર પાઠ સહિત જૈમિનિસૂત્ર ભાવાર્થપાદભાષ્યમ્ વગેરે પુસ્તકોનું સંશોધન અને પ્રકાશન શાસ્ત્રીજીના જીવનકાલ દરમિયાન અને ત્યાર પછી ગો. વા. મગનલાલ શાસ્ત્રી સ્મારક ગ્રન્થમાળાનાં ગુર્જરાનુંવાદ સહિત પુસ્તકોમાં પ્રથમસ્કંધ સુબોધિની, દ્વિતીયસ્કન્ધ સુબોધિની,

તૃતિયસ્કન્ધ સુબોધિની અધ્યાય ૧ થી ૮ અને અધ્યાય ૯ થી ૧૯, દ પૂ, તામસ ફળપ્રકરણ, રાજસ પ્રમાણ, પ્રમેય પ્રકરણ સુ. દ. સ્કં સાત્વિક સાધન અને ગુણ પ્રકરણ, ષોડશ ગ્રંથો, શ્રીગોકુલેશવાક્સુધા વગેરે ૧૬ થી અધિક ગ્રન્થોના પ્રુફસંશોધન અને પ્રકશન દ્વારા સંપ્રદાયની નામસેવામાં પોતાનો સુદર ફાળો આપ્યો. તેવી જ રીતે સંપ્રદાયની ફલરૂપા સ્વરૂપ સેવામાં પણ એમની આસકિત હોવાથી એમના પિતાશ્રી ગોલોકવાસી થયા પછી એમના સેવ્ય શ્રીનાથજીનાં ચિત્રજીની સેવા વિ. સ. ૧૯૭૮માં પોતે પધરાવી એમના પિતાશ્રીએ નિયત કરેલ પ્રણાલિકાનુસાર જીવન પર્યન્ત કરી હતી.

શ્રીમદ્વૈષ્ણવ પરિષદનું સપ્તમાધિવેશન વિ. સં. ૧૯૮૨માં મુંબઈના માધવબાગમાં ગો. તિલકાયત શ્રી ગોવર્ધનલાલજી મહારાજશ્રીના અધ્યક્ષપદે શ્રીમોટી હવેલીવાળા પૂ પા ગો. શ્રીગોકૂલનાથજી મહારાજશ્રીના દ્વિતીય પુત્ર ગોપીનાથજી મહોદયના યજ્ઞોપવિત પ્રસંગે શ્રીબાલકૃષ્ણલાલજીને છપ્પનભોગનો મનોરથ કર્યો હતો તે સમયે પૂ. પા. ગો. શ્રી ગોકુલનાથજી મહારાજશ્રીની પ્રેરણાથી સંપ્રદાયના તેજોત્કર્ષ સામે કુપ્રચાર કરતાં સુધારકંમન્યોના આક્ષેપપરિહાર્થે ત્યારે થયું હતું. શ્રી. વાડીલાલભાઈ એ પોતાની સુયોગ્ય સેવા આપી હતી.

એમનું પ્રથમ લગ્ન પાટણના સ્વજ્ઞાતિના હરગોવિંદદાસ નાનદાસની પુત્રી શ્રી. મણિબહેન સાથે નાની ઉંમરમાં થયું હતું. શ્રી. માણબહેનના માતા પ્રસન્નબહેન તથા પિતા હરગોવિંદદાસ પાકાં મર્યાદી વૈષ્ણવ હતા તેથી એના સંસ્કાર મણિબહેનમાં આવ્યા હોવાથી એઓ પણ ચૂસ્ત ધાર્મિક વૃત્તિનાં અને ભાવનાશીલ હતા. તેમને એક પુત્રી થઈ હતી તે નાની વયમાં

જ હરિશરણ થયા બાદ ત્રીસ વર્ષની ઉંમરે શ્રી. મણિબહેન પણ ગોલોકવાસી થતાં વડીલાલભાઈનું દ્વિતીય લગ્ન પ. ભ શ્રી જમનાદાસ તલકચંદ ચોકસી (કે જેઓ આદર્શ વૈષ્ણવ ગૃહસ્થ અને શ્રી. મગનલાલ શાસ્ત્રીજીના વ્યાખ્યાન-પ્રવચનાદિના મુખ્ય શ્રોતા હતા) તેમની પુત્રી શ્રી હીરાબહેન સાથે થયા હોવાથી એમનામાં ધાર્મિક સંસ્કાર અને વૈષ્ણવતાનો આદર્શ પ્રારંભથી જ હતો તે પ. ભ. શ્રી. વાડીલાલના સહવાસથી વિકસ્યો અને એ આદર્શ વૈષ્ણવ દંપતિની સંતતિ ત્રણ પુત્રો ગો. વા શ્રી. મદનમોહન એમ એ. એલ. એલ બી., પીએચ ડી શ્રી દામોદરદાસ અને શ્રી. શ્યામસુન્દર મીકેનિક તથા ચાર પુત્રીઓ શ્રીમતી સરસ્વતીબહેન, ગં. સ્વ. હરિપ્રિયા, અ. સૌ. કૃષ્ણપ્રિયાબેન અ. સૌ. શારદાબહેન બી, એ., એલ. એલ બી. માં પણ વિવેક, વિનય, સદ્ભાવના, અને મધુરભાષિતા વગેરે વૈષ્ણવતાંના પ્રતીક સમા સદ્ગુણો જોવા મળે છે.

વિ સં. ૨૦૦૭માં શુદ્ધાદ્વૈત સંસદ અમદાવાદના અગ્રગણ્ય કાર્યકરો અને ગો. વા. શ્રી મોહનલાલ વિ. ગાંધીના સત્પ્રયાસથી શ્રીમદ્ વૈષ્ણવપરિષદનું આઠમું અધિવેશન નડિયાદ (ગુજરાત)ની શ્રી સાત સ્વરૂપની હવેલીમાં પ. ભ. શ્રી વાડીલાલભાઇના અધ્યક્ષપદે સંપ્રદાયના તેમજ વૈષ્ણવ સમાજના ઉત્થાનનું આયોજન કરવા માટે થયું હતું તે સમયે ધર્માધ્યક્ષ તરીકે મુંબઈથી ગો શ્રી કૃષ્ણજીવનજી મહારાજ અને ગો. શ્રી દીક્ષિતજી મહારાજ પધાર્યા હતા. આ બન્ને ગોસ્વામી બાલકો ઉપરાંત સ્વાગતાધ્યક્ષ શ્રી હરિદાસ અચરતલાલ શેઠે પોતાના વિચારો રજુ કર્યા બાદ શ્રી વાડીલાલભાઈએ અધ્યક્ષસ્થાનેથી પોતાના આદર્શ વિચારો રજુ કરતાં જણાવ્યું હતું કે સમગ્ર વૈષ્ણવો (ગોસ્વામી બાલકો, વિદ્વાનો તથા વૈષ્ણવો)નું

સંગઠન કરવું, વૈષ્ણવ સમાજનું આયોજન કરવું, ભારતના પ્રત્યેક વિભાગમાં કે જ્યાં જ્યાં વૈષ્ણવોની સંખ્યા મોટા પ્રમાણમાં હોય તેવા મુંબઈ, મદ્રાસ, કલકત્તા, દિલ્હી, નાગપુર, મથુરા, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, પોરબંદર, ભાવનગર તથા અન્ય મોટા શહેરોમાં સંપ્રદાયિક લાઈબ્રેરીઓ ખોલવી, નાના મોટા શહેરોમાં વૈષ્ણવ બાળકોને ધાર્મિક શિક્ષણ સહેલાઇથી મળી શકે એ માટે પાઠશાળા, વૈષ્ણવ હાઈસ્કુલો, કૉલેજો અને યુનીવર્સિટીની યોજના કરાવી અને ધાર્મિક શિક્ષણમા પાઠ્યક્રમ રાખવો, મોટા શહેરોમાં આવનાર વૈષ્ણવો માટે ઊતરવાની, ભોજનની અને સૂવા બેસવાની સુવ્યવસ્થા કરવી અને પ્રત્યેક વૈષ્ણવ એકબીજાનાં સુખદુઃખમાં ભાગ લઇ પરસ્પરને ઉપયોગી થઈ શકે એ પ્રકારની ભાવના ઉત્પન્ન કરવા શકત્યનુસાર આવશ્યક બનતું કરવું એ મુખ્ય હતો. અને એ પરત્વે અગાઉ ગો. શ્રી ગોકૂલનાથજી મહારાજશ્રીની સાંનિધ્યમાં મુંબઇના આગેવાન લક્ષ્મીનંદન વૈષ્ણવોની મિટીંગ પ્રથમ ભૂલેશ્વર કેથેડ્રલ સ્ટ્રીટમાં આવેલ ફિરંગીના દેવળવાળી વિશાળ જગ્યા હાલમાં જ્યાં 'જયહિન્દ એસ્ટેટ' નામના ત્રણ મોટા બિલ્ડિંગો છે, ત્યાં અને બીજીવાર ભૂલેશ્વર કબુતરખાના પાસે આવેલ ભગતવાડી નામથી પ્રસિદ્ધ પાંચ બિલ્ડિંગોવાળી મિલકત વેચવા નિકળી હતી ત્યારે દસથી પંદર લાખ રોકી એ સ્થાનોમાં વૈષ્ણવ બેંક, વૈષ્ણવ આયુર્વેદિક ઔષધાલય, વૈષ્ણવ ઇન્સ્યુરન્સ કૂં., વૈષ્ણવ કોઓપરેટિવ સ્ટોર્સ, અને વૈષ્ણવ હાઈસ્કુલ તથા પાઠશાળા વગેરે સમાજ કલ્યાણની ભાવનાથી શરૂ કરી એની આવકમાંથી અડધો નફો નાણાં રોકનાર ગૃહસ્થને આપવો અને અડધો નફો સંપ્રદાય તથા વૈષ્ણવ સમાજના હિતના કાર્યમાં વાપરવો એ બાબતમાં સર્વ સંમત થયા બાદ ભગતવાડીની મિલકત ખરીદવા અને એ દ્વારા અન્ય કાર્યોની શરૂઆત માટે રૂા. દસ લાખનું

ફંડ એકઠું કરવાનો નિર્ણય કર્યા બાદ એ માટે રૂા ૫૦ હજાર શેઠ વલ્લભદાસ કશનદાસ નાથા, રૂા. ૫૦ હજાર શેઠ મગનલાલ પ્રભુદાસ અને બીજા ત્રણ ગૃહસ્થોએ રૂા. દસ દસ હજારની રકમો ભરી હતી, તથા પૂ. પા મહારાજશ્રીએ પોતાના હસ્તકની પાઠશાળાનું રૂપિયા પચોતેરથી એંસી હજાર લગભગનું ફંડ પણ આ કમિટિને સોંપવું અને રૂા. દસ હજાર લગભગ દલાલીના થતા હતા તે શ્રી. વાડીલાલભાઈએ આ કાર્યમાં આપી દેવા, એ પ્રકારે રૂપિયા બે થી સવા બે લાખ રૂપિયા નોંધાયા બાદ, બીજી મીટિંગ એક સપ્તાહ બાદ રાખી આ કાર્ય આગળ વધારવાનું નક્કી કરી સૌ વિખેરાયા હતા બીજા સપ્તાહમાં મિટિંગના દિવસે ભાટિયા સમાજ પર વર્ચસ્વ ધરાવનાર એક ગૃહસ્થ કે જેઓ અગાઉનિ મિટિંગ સમયે બહાર ગામ હતા તેઓ આ દિવસે મુંબઈમાં હોવાથી એમને પણ આ કાર્યમાં સહકાર આપી આ કાર્ય કરવા અપીલ કરી હતી પરંતુ બીજી મિટિંગમાં એઓ પણ ન આવ્યા તેમ અન્ય પણ ઉપસ્થિત ન રહ્યા, તેમ અન્ય ગૃહસ્થો પણ હાજર ન થયા તેથી એ યોજના પડી ભાંગી છતાં એ જ કાર્ય માટે ત્રીજો પ્રયાસ ગો. શ્રી ગોકૂલનાથજી મહારાજશ્રીના નિત્યલીલા પ્રવેશ પછી એમના સ્મારકમાં ઉપરનાં બધાં કાર્યો કરવાની અપીલ શ્રી. વાડીલાલભાઈએ કરી હતી અને એ માટે સુસંપન્ન ધનિક વૈષ્ણવોની એક કમિટી નિયુક્ત કરી હતી, પરંતુ મજકુર કમિટીના આગેવાન એક બે પ્રત્યાઘાતી કહેવાતા વૈષ્ણવોએ સ્મારક ફંડની પ્રારંભમાં શરૂઆત ન કરતાં ખોરંભે પાડયું અને પાછળથી રૂપિયા પાંચ હજારથી વધારે રકમ કોઇની લેવી નહિ અને ત્યારપછી જ ગૃહસ્થોને ત્યાં રકમ ભરાયા બાદ આ પ્રવૃત્તિના આગેવાન ગૃહસ્થને એકાએક બહારગામ જવાનું થતાં પાછળથી કાર્યને પડતું મૂકી સ્થગિત રાખ્યું અને સામ્પ્રદાયિક પ્રગતિને

રૂંધી નાખવામાં આવી હોવા છતાં પ ભ. શ્રી વાડીલાલભાઇ સમ્પ્રદાય અને વૈષ્ણવ સમાજના ઉત્કર્ષનાં કાર્યોમાં અહર્નિશ ઉત્સાહભર્યો ભાગ લઇ તન મન અને ધનનો આવશ્યક ભોગ આપી વૈષ્ણવધર્મકર્મપરાયણ જીવનની છેલ્લી ઘડી સુધી રહ્યા હતા અને સમ્પ્રદાય તથા સમાજનું હિત ચાહ્યું અને કર્યું હતું

એઓ એક બાહોશ અને અનુભવી કાયદાશાસ્ત્રી હોવા છતાં પોતાના અસીલને ખોટી સલાહ કે દોરવણી ન આપતાં તેનું હિત વિચારી યોગ્ય સલાહ આપતા અને દરેક કેસનું સત્યાસત્ય વિચારી કામ હાથમાં લેતા. વળી ધાર્મિક કાર્યોના કેસોમાં પોતાની ફી ન લેતાં સેવાભાવનાથી કામ કરતા અને દરેક કાર્ય સન્નિષ્ઠા અને ન્યાયનીતિથી કરતા હોવાથી કોર્ટના ન્યાયાધીશો તથા પ્રત્યેક વકીલ એમના તરફ માન અને પવિત્ર પુરુષની દ્રષ્ટિથી જોતા હતા.

શ્રી વાડીલાલભાઇને પોતાને માથે બિરાજતી સેવા અને વકીલાતના વ્યવસાયને કારણે સમયાભાવ હોવા છતાં મુંબઈની ધાર્મિક પ્રત્યેક પ્રવૃત્તિમાં એમની સલાહસૂચના અને માર્ગદર્શન મેળવવા નીચેની સંસ્થાઓની કાર્યવાહક સમિતિઓમાં એમનું માનભર્યું સ્થાન હતુ અને એ સંસ્થા દ્વારા આવશ્યક સેવા તેઓ પોતાની શુદ્ધ ભાવનાથી કરતા હતાઃ (૧) શ્રી વૈષ્ણવ પરિષદ વિદ્યાવિભાગના માનદમંત્રી, (૨) શ્રી પુષ્ટિમાર્ગીય યુવક પરિષદ-મુંબઇના ૩-૪ વર્ષ પર્યંત ઉપાધ્યક્ષ અને નવેક વર્ષ સુધી પ્રમુખ, (૩) નિ. લી. ગો. શ્રી ગોકુલનાથજી મહારાજ સ્મારક સમિતિ (નિષ્કિંચન વૈષ્ણવો-યોજિત) ના પ્રમુખ, (૪)શ્રી શુદ્ધાદ્વૈત સંસદ-મુંબઈ વિભાગના સલાહકાર (૫) શ્રી અ ભા. શુદ્ધાદ્વૈતવૈષ્ણવ સંઘ—મુંબઇના પ્રમુખ (૬) શ્રી ભારતવર્ષીય ગોપાલ ગોરક્ષક મંડળ, મુંબઈના મા. નાહ્ં મંત્રી (૭) સ્વ વૈદ્યરાજ પં. શ્રીહરિપ્રપન્નજી સ્મારક આયુર્વેદીય ધર્માદા ઔષધાલય અને આયુર્વેદીય વિદ્યાલયના ટ્રસ્ટી, (૮) શ્રી મંદિર મર્યાદા રક્ષક સમિતિના સલાહકાર, (૯) પટણુ દશા પોરવાડ વણિક જ્ઞાતિના શેઠ, (૧૦) શ્રી નોઆખલી હિન્દુ રાહત ફંડના સલાહકાર, (૧૧) શ્રી સ્વધર્મવિવર્ધિની સભા-મુંબઇના કાર્યવાહક અને (૧૨) ભારતમાર્તંડ પં શ્રી ગટુલાલજીની સંસ્થા–મુંબઇના ટ્રસ્ટી હતા એ ઉપરાંત શ્રી વૈષ્ણવ સમાજ કેસરિયા મંડળી, શ્રી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ મંડાણ વગેરે સંસ્થાઓના પણ સલાહકાર હતા. એમની આ બધી સત્પ્રવૃત્તિ અને સેવાને કારણે પૂ. પા. ગો. બાળકો, વિદ્વાનો અને વૈષ્ણવોનો એમના પ્રત્યે સદ્ભાવ હોવાથી એમની સમ્પ્રદાયની પચાસ વર્ષ લગભગની સેવા માટે મુંબઇના સમગ્ર વૈષ્ણવ સમાજ તરફથી વિ. સં. ૨૦૦૮ ના આશ્વિન શુકલ ૨ ને રવિવાર, તા ૨૧-૯-૫૨ ના દિવસે ગો. શ્રી દીક્ષિતજી મહારાજશ્રીના વરદ હસ્તે ી મોટી હવેલીના બગીચામાં જાહેર સભા યોજી, સન્માનપત્ર આપવામાં આવ્યું હતું, અને ત્યાર પછી એમના પંચોતર વર્ષારંભે મુંબઈના વૈષ્ણવો તરફથી શ્રી મોટી હવેલીના બગીચામાં જાહેર સમારોહ યોજી વિદ્યાનિધિ આચાર્યવર્ય ગો. શ્રીવ્રજરત્નલાલજી મહારાજશ્રી-સુરતવાળાના આશીર્વાદ સહ એઓશ્રીના સાંનિધ્યમાં ગો. શ્રી દિક્ષિતજી મહારાજશ્રીના વરદ હસ્તે વિ શં ૨૦૧૪ના માઘ શુકલ ૧૩ ને રવિવાર. તા. ૨-૨-૧૯૫૮ના દિને અભિનંદન પત્ર અર્પણ કરી મુંબઇના વૈષ્ણવોએ એમનું બહુમાન કર્યું હતું (આ લેખને અંતે આ મુદ્રિત કરેલ છે)

દિનચર્યા

શ્રી વાડીલાલભાઈ પ્રાતઃકાલના ૬ના સમયે ભગન્નામસ્મરણ કરતાં અને શ્રીનાથજી શ્રીયમુનાજી શ્રીમહાપ્રભુજી વગેરે ચિત્રજીના દર્શન કરી, મુખપ્રક્ષાલન કરી આગલી રાતના અસીલો દ્વારા આવેલું નોટિસાદિ લખવાનું કામ ૬ થી ૭ પર્યન્ત કરતાં અને ૭ થી ૮ માં દંતધાવનાદિ દેહકૃત્યો કરી, સ્નાનાદિથી શુદ્ધ થઈ શ્રીની સેવામાં ૮ થી ૧૧ પર્યન્ત રહેતાં. એ અરસામાં શ્રીને મંગલભોગમાં નિત્ય માખણમિસરીની કટોરી. મગજનાં બે નંગ, પુરી ધરતાં, ત્યાર પછી શ્રીને માટે સખડી અનસખડી વગેરે સામગ્રી સિદ્ધ કરતાં એમાં એમનાં પત્ની સૌ હીરાબહેન સાથ આપતાં એ સિદ્ધ થયે શ્રીને સખડી અનસખડી લીલો સૂકો મેવો વગેરે ભોગ ધરી નિત્ય નિયમ જપ પાઠ તથા શ્રી ભાગવતના એક અધ્યાયનો પાઠ કરી, શ્રીને સમય થયે ભોગ ધરાવી, બીડી આરોગાવી રાજભોગના દર્શનમાં શ્રીની સાંનિધ્યમાં પોતે તથા કૂટુંબના સર્વે નાના મોટા ત્યાં દર્શનમાં ઉપસ્થિત થતાં શ્રી વાડીલાલભાઈ 'વ્રજરાજ બિરાજતા ઘોષ' એ શ્રીમત્પ્રભુચરણકૃત રાજભોગની આર્યા અને શ્રી મહાપ્રભુજીકૃત શ્રી કૃષ્ણાશ્રય સ્તોત્રનો સામૂહિક પાઠ કરિને શ્રીને દંડવત્પ્રણામ ચરણસ્પર્શ કરી અને નાસ્ર કરી, ગોગ્રાસ કાઢી પ્રસાદ લઈ, જળ બીડી લઈ વ્યવસાયાર્થે ૧૧–૩૦ સમયે કોર્ટમાં જવું. ઘરથી નીકળતાં સૌને શ્રીસ્મરણ કરી રસ્તામાં શ્રીનાથજીની પેઢી ઉપર દંડવત્પ્રણામ કરી કોર્ટમાં પહોંચ્યા બાદ ૧૨ થી ૫ પર્યંત પોતાનો વ્યવસાય કરવો, પા ના સમયે ઘેર આવી સ્નાનાદિ કરી. જલ બીડી લઈ, ૬ ના સમયે મોટા મંદિરે દર્શને જવું. ત્યાં શ્રીના દર્શન, ગો, બાળકોના ચરણસ્પર્શ કરી ગો. બાલકોના પ્રવચનાદિનું શ્રવણ કરી, આઠ વાગે ઘેર જઈ રાત્રિભોજન કર્યાં બાદ ૮—૩૦થી ૧૦—૩૦ પર્યંત અસીલોને સલાહસૂચના આપવી અને ૧૦—૩૦— ૧૧ રોજનો હિસાબ લખવો. અને

૧૧ના સમયે શ્રીનાથજીની પેઢીની ભગવન્મંડળીમાં ભગવદ્વાર્તા શ્રવણ કરી આવનાર પોતાના પાડોશી શ્રા ચુનીલાલ બળદેવદાસ શાહ પાસે ભગવદ્વાર્તામાં ૮૪ વૈ ની વાર્તા, ૨૫૨ વૈં. વાર્તા. શિક્ષાપત્ર અને વચનામૃતાદિના કયા પ્રસંગો આવ્યા અને એમાં શું રહસ્ય છે એ પરત્વે અવગાહન કરી શ્રી ચુનીભાઈને ભગવત્પ્રસાદ તથા બીડી આપી, ભગવત્સ્મરણ કરી, સમય હોય તો સાંપ્રદાયીક નવીન સાહિત્યનું અવગાહન કરી રાતના ૧૧—૩૦ લગભગ આરામ કરવો. આ નિત્યની દિનચર્યા બંને રવિવાર અને રજાના દિવસે પ્રસાદ લીધા પછી સ્વલ્પ આરામ અને ત્યારપછી ૪ થી ૬ સાંપ્રદાયિક સાહિત્યનું અવગાહન કરવું એ ક્રમ હતો.

હરિગુરુવૈષ્ણવસેવાપરાયણતા

હરિગુરુ વૈષ્ણવ સરખા લેખો, ભિન્નભાવ હૃદયમાં ન દેખો,
દાસપણું ત્રણેનું ગ્રહેજો તે તન, મન, ધન, વિવેકશું જી.

એ ભગવદીયની વાણીને પ ભ શ્રી વાડીલાલભાઈએ પોતાના જીવનમાં ઉતારી હતી.

(1) શ્રીહરિસેવાપરાયણતા-નિત્ય સવારના ૮ થી ૧૧ પોતાના સેવ્યની સેવા કરતા અને ઋતુ અનુસાર શ્રીને વસ્ત્રાભૂષણ અંગીકાર કરાવતા તેમજ શ્રીને માટે સખડી, અનસખડી, દૂધઘર સાવધાનિથી સિદ્ધ કરી ધરાવતા અને એ પ્રસાદ એમને ત્યાં આવતાં જતાં વૈષ્ણવોને લેવરાવતા તદુપરાંત પોતાના સેવ્યસ્વરૂપને ઉત્સવમહોત્સવે અહકીની સામગ્રી લીલોસુકો મેવો વગેરે ધરાવતા. જન્માષ્ટમી, દોલોત્સવ અદકીની સામગ્રી ધરાવતા. વિક્રમવર્ષારંભે શ્રીને અન્નકૂટ આરોગાવવા પ્રત્યેક પ્રકારની સામગ્રી સિદ્ધ કરવા દસ બાર દિવસની

તૈયારી કરતા અને એમાં એમનાં ધર્મપત્ની તથા મોટી પુત્રી સૌ શ્રી. સરસ્વતીબહેન સહાય કરતાં. તદુપરાંત મુંબઈના પ્રત્યેક સાંપ્રદાયિક મંદિરમાં જન્માષ્ટમી દોલોત્સવ અને અન્નકુટોત્સવના દિવસોમાં શ્રીને સામગ્રી મોકલવી. વ્રજમાં તેમજ શ્રીનાથદ્વારા અને પોતાના ગુરુગૃહ કાંકરોલી જતાં આવતાં વૈષ્ણવો સાથે શ્રીને અંગીકાર કરાવવા સામગ્રી મોકલવી. મુંબઈ તેમજ અન્યત્ર ગો. બાલકો તરફથી મનોરથાદિ થતા એમાં પણ પોતાની સામગ્રી અંગીકાર કરાવતા. આ બધો હતો એમને ભગવત્સેવા પ્રત્યે અનુરાગ.

(૨) આચાર્યગુરુસેવાપરાયણતા— પ્રાચીનભગવદીયોની ઉકિત અનુસાર

"શ્રીવલ્લભકે વંશમેં, સબ શ્રીવલ્લભરૂપ"
"છોટો બડો ન જાનિયે, સબે અગ્નિસ્વરૂપ"

આ ભાવના પ્રાતઃસ્મરણીય ગો. વા. શ્રી મગનલાલ શાસ્ત્રીજીમાં હતી, અને તેથી જ એઓ ગોસ્વામી બાલકો માટે સંબોધનમાં "શ્રીવલ્લભરાજકુમાર" કહીને સંમાનતા. એ શાસ્ત્રીજીની ભાવના પ ભ. વાડીલાલભાઈના હૃદયમાં ઉતરી હતી. તેથી એઓ મુંબઈમાં બિરાજતા પ્રત્યેક ગોસ્વામી બાલકને પવિત્ર બારસના. દાનના દિવસોમાં, પોતાના જન્મ દિવસે અને નૂતન વર્ષારંભે ભેટ ધરતા અને છેલ્લા વર્ષોમાં શરીર અટકયું ત્યારે યાદ કરીને પોતાના આત્મીય વૈષ્ણવ દ્વારા ભેટ મોકલી દંડવત્પ્રણામ પહોંચાડતા એ સિવાય કોઇ પણ પ્રકારની કાયદા સંબંધી સલાહ સૂચના માટે જ્યારે બોલાવતા ત્યારે ઉપસ્થિત થઇ કોઇ પણ પ્રકારની ફી લીધા વિના સાચી સલાહ સૂચના

આપતા, બહાર ગામથી પધારનાર ગો બાલકોને ભેટ મોકલતા એટલું જ નહી, પણ ગો. બાલકોને એમણે પ્રકટ કરેલું સંસ્કૃત, હિન્દી યા ગુજરાતી કોઈ પણ સાહિત્ય જોઈતું હોય તો એનું ન્યોછાવર લીધા વિના ભેટ આપતાં તથા ગો. બાળકોનાં જાહેર વ્યાખ્યાન યા પ્રવચનાદિ હોય તો એ શ્રવણ કરવા સમય મેળવીને હાજરી આપતાં. એમાંયે પોતાના ગુરૂઘર કાંકરોલી, મુંબઇની મોટી હવેલીના ગોસ્વામી બાલકો, અમદાવાદ સૂરત વગેરેના ગોસ્વામી બાલકો પ્રત્યે એમને અત્યંત ભકિતભાવ હતા.

વિદ્વાનો અને વૈષ્ણવો પ્રત્યે સદ્ભાવના

સાંપ્રદાયિક વિદ્વાનો પ્રત્યે એમને આદરભાવ હોવાથી વિદ્વાનો પોતાના સાંપ્રદાયિક પ્રકાશનો અમુલ્ય ભેટ આપતાં અને એમની મુલાકાત થતાં સાંપ્રદાયિક ચર્ચા કરતાં. સંપ્રદાયનાં સિદ્ધાંતપ્રચાર માટે વિચારણા કરતાં અને એમનું પ્રસાદ અને બીડીનું સંમાન કરતા એવી જ રીતે જે વૈષ્ણવ પોતાને ત્યાં આવતાં તેનું પ્રસાદ જલ બીડીથી સંમાન કરતા, નિષ્કંચિન વૈષ્ણવને આર્થિક સહાય કરતાં (અન્ય કોઈ ન જાણે તેવી રીતે કરતાં). વૈષ્ણવમંડળી અને ભગવત્મંડળી માટે પોતે પ્રકાશન કરેલાં શ્રી સુબોધિનીજી વગેરે ગુજરાતી પુસ્તકો ભેટ આપતા અને સામાન્ય સ્થિતિના વૈષ્ણવોના કાયદા સંબંધી સલાહ સૂચના આપતા કોઈ પણ જાતની ફી લેતાં નહિ અને વૈષ્ણવતાના લક્ષણ પરત્વે એઓ કહેતા કે ઉપકાર ઉપર ઉપકાર કરે તે માનવતા, પણ અપકાર પર ઉપકાર કરે તે વૈષ્ણવતા.

શ્રીભગવત્કથાનુરાગ

શ્રી. વાડીલાલભાઈને શ્રીભગવત્કથા શ્રવણ કરવાનો તથા એનુ અવગાહન કરવાનો અત્યંત આગ્રહ હતો ગો, બાલકોન

વચનામૃતો યા વાક્યનો તથા સંપ્રદાયના વિદ્વાનોનાં વ્યાખ્યાનાદિ જ્યારે જ્યારે અને જ્યાં જ્યાં થતા તેના શ્રવણ માટે પોતાને સમયાભાવ હોવા છતાં સમય મેળવીને ઉપસ્થિત થતા હતાં. એમાંયે પ્રો. મગનલાલ શાસ્ત્રીજી પં. શ્રી. બલભદ્રલાલજી, શ્રી પટવારીજી વગેરેના જ્યાં જ્યાં વ્યાખ્યાનો હોય ત્યાં એમની હાજરી અવશ્ય રહેતી. મુંબઈમાં ઉજવાતા શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી, શ્રીહરિરાયજી શ્રીગોકુલેશપ્રભુ, શ્રીપુરુષોત્તમજીના ઉત્સવો તથા ભક્તકવિ શ્રીદયારામભાઈની જયંતીની જાહેરસભાઓમાં પણ એઓ ઉપસ્થિત થઇ લાભ લેતા અને વિવેચનાદિ દ્વારા જનતાને લાભ આપતા હતા.

છેલ્લાં દશેક વર્ષથી એ કથાનુરાગમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થઇ હતી અને ભગવદ્વાર્તા કરવી અને સાંભળવી એ વ્યસન સદશ થઈ ગયું હતું, તેથી નવેક વર્ષ પહેલાં ગો. શ્રીદીક્ષિતજી મહારાજશ્રીએ શ્રી મોટી હવેલીના બગીચામાં અને ત્યારપછી પાઠશાળાના સભાગૃહમાં શ્રીમદ્ભાગવત ઉપર શ્રી સુબોધિનીજી ટીકાને આધારે દશમસ્કન્ધ ઉપર દૈનિક પ્રવચન શરૂ કર્યું હતું અને એ ત્રણેક માસ અસ્ખલિત રીતે કર્યાબાદ કાર્યવશાત્ એ બંધ પડ્યા પછી એ દૈનિક પ્રવચન ચાલુ રાખવા શ્રીદીક્ષિતજી મહારાજે કૃપા કરી આજ્ઞા આપી હતી તે એમના જીવનના છેલ્લા દિવસ પર્યંત એક પણ દિવસની ક્ષતિ વિના ચાલુ રાખ્યું હતું. એવીજ રીતે પ્રત્યેક રવિવારે સાપ્તાહિક પ્રવચન પ્રથમ ગૃહાધીશ ગો. શ્રીરણછોડલાલજી મહારાજ 'પ્રથમેશ' ની પ્રેરણાથી મુંબઇમાં સ્થાપેલ "શુદ્ધાદ્વૈત સંઘ"ના આશ્રય નિચેનું આયોજન કરવામાં આવ્યું હતું ત્યાં પણ સંઘનું કાર્ય બંધ થયું છતાં શ્રી વાડીલાલભાઈએ સાપ્તાહિક પ્રવચન ચાલુ રાખ્યું હતું.

દૈનિક પ્રવચનમાં શ્રીસુબોધિનીજી મુખ્ય તથા અન્ય પ્રકીર્ણ સાહિત્ય વાંચતા હતા અને દર રવિવારે સાપ્તાહિક પવચનમાં

શ્રીષોડશગ્રન્થાદિ સંસ્કૃત ટીમને આધારે વાંચતા અને છેલ્લા ચારેક વર્ષથી એમને પગમાં હાડકું વધતું હોવાથી ઘરની બહાર નીકળવાનું અશક્ય થતા તેમની દ્વારા નિત્ય કથા સાંભળનારા વૈષ્ણવોની માંગણીથી ગો. શ્રી દીક્ષિતજી મહારાજશ્રીની આજ્ઞા લઈ પોતાને ઘેર ભગવદ્વાર્તા શરૂ કરી હતી અને એ એમના જીવનના છેલ્લા દિન પર્યંત લગભગ ચાર વર્ષ સુધી નિયમિત ચાલી હતી. એ સિવાય રાત્રિની ભગવદ્વાર્તાનો કાર્યક્રમ પૂરો થયા બાદ શ્રી સર્વોત્તમજીની બડી ટીકા (હસ્તલિખિત)નું વાંચન અને એના પર રહસ્યમય વિવરણ ૫-૬ ભગવદીયો દ્વારા ૮-૯ પર્યંત થતું હતું. શ્રીવલ્લભાખ્યાન ઉપરની ગો. શ્રી. વ્રજરાજી મહારાજકૃત સંસ્કૃત ટીકા અને શ્રી જીવનજી મહારાજકૃત વ્રજભાષા ટીકા, અષ્ટસખાઓના વર્ષોત્સવના પદો તેનું પણ શ્રી વાડીલાલભાઈની ભગવદ્વાર્તામાં ગાન શ્રવણ અને એના રહસ્યમય ભાવોનું પણ વિવરણ અવારનવાર થતું હતું તથા કથાના સમયે કે અન્ય સમયે ગો. બાલકો યા સામ્પ્રદાયક વિદ્વાનો કે ભગવદીયોનું આગમન થતાં એ સમયે સાંપ્રદાયિક સિદ્ધાંત પરત્વે વિવેચન થતાં સમાજના ઉત્કર્ષની ચર્ચા શ્રીવાડીલાલભાઈ સાથે થતી હતી. શ્રીવાડીલાલભાઈની વૃત્તિ ભગવત્સેવાકથાદિમાં પ્રેમ આસક્તિ અને વ્યસનાવસ્થામાં પહોંચી હતી તેથી નિત્યના કાર્યક્રમ ઉપરાંત એઓ આખા દિવસમાં શ્રી સર્વોત્તમજીના ૩૫ પાઠ શ્રીયમુનાજીના પદ, શ્રીવલ્લભાખ્યાન વિગેરે કરતાં અને અહર્નિશ શ્રી અષ્ટાક્ષર મહામંત્રનું સ્મરણ તો ચાલું જ રહેતું શ્રી વાડીલાલભાઇની શારિરીક રુગ્ણાવસ્થામાં (માનસિક સ્વસ્થતા ઘણી સારી હતી) દરમિયાન એમને ત્યાં સ્થાનીય તેમજ બહાર ગામથી પધારેલા ગો. બાલકો ઉપરાંત વિદ્વાનો તથા ભગવદિયો પધારતા હતા તે પૈકી ગો. શ્રીવ્રજરત્નલાલજી મહારાજ (સુરત), ગો. શ્રી કૃષ્ણજીવનજી મહારાજ, ગો. શ્રી દીક્ષિતજી મહારાજ, ચિ. ગો. શ્રી શ્યામ મનોહરજી,

ાચ ગો. શ્રી.વ્રજાધીશજી, ગો, શ્રી.પુરૂષોત્તમલાલજી મહારાજ(દાદા), ગો. શ્રી. રણછોડલાલજી મહારાજ 'પ્રથમેશ (મુંબઈ, ગો. શ્રી. ઘનશ્યામલાલજી મહારાજ અને ગો. શ્રી રઘુનાથલાલજી મહારાજ (કામવન), ગો. શ્રી. મુરલીધરલાલજી મહારાજ (બોરીવલી), ગો. શ્રી દ્વારકેશલાલજી મહારાજ અને ગો. શ્રી માધવરાયજી મર્હેદય (પોરબંદર), ગો. શ્રી. વિઠ્ઠલેશરાયજી (કચ્છ માંડવી) વગેરે ગો. બાલકો ઉપરાંત શ્રી નરહરિ શાસ્ત્રી, પ્રો. ગોવિન્દલાલ ભટ્ટ (વડોદરા), પ્રો. નાગરદાસ બાંભણિયા, પ્રો. કેશવરામ પં. શ્રી. યમુનાવલ્લભ શાસ્ત્રી, પ્રો જેઠાલાલ ગો. શાહ (અમદાવાદ), પં. આનંદીલાલ શાસ્ત્રી (નાથદ્વારા), શ્રી જમુનાદાસજી ઝાલાનીજી (ઉજ્જન), શ્રી ગોપાલદાસજી ઝાલાની (ઇન્દોર), શ્રી દ્વારકાદાસ પરીખ, શ્રી હરિકૃષ્ણ શાસ્ત્રી (પોરબંદર), શ્રી પ્રેમલાલ ગો મેવચા, શ્રી રતિલાલ મો. દોશી (નડિયાદ), શ્રી સાકરલાલ બાલાભાઇ (અમદાવાદ), પ. ભ શ્રી તારાચંદભાઈ (મધુવન), શ્રી લક્ષ્મીરામ શાસ્ત્રી (બેટવાળા), શ્રી ત્રીકમલાલ શાસ્ત્રી (મુંબઈ), વગેરે મુખ્ય હતા અને શ્રી વડીલાલભાઈ પર ગો. બાળકોની કૃપા હતી. વિદ્વાનો ભગવદીયો વૈષ્ણવોનો શ્રી વાડીલાલભાઈ પ્રત્યે સદ્‌ભાવ હતો. શ્રી વાડીલાલભાઈના જીવનકાળમાં અનેક સુખ દુઃખના પ્રસંગો આવેલા હતા છતાં એઓએ "**सुखदुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ**" એ ભગવદ્‌વાકયને પોતાના જીવનમાં ઉતાર્યું હતું. એ સિવાય શ્રી મહાપ્રભુજીના વચનામૃત **त्रिदुःखसहनं धैर्यं** તેને તો એમણે પોતાના જીવનમાં વણી લીધું હતું; એનો અનુભાવ એમના મોટા પુત્ર **શ્રી** મદનમોહનભાઈ કે જેમણે શ્રી વાડીલાલભાઈનું શરીર અટક્યું એટલે એમની વકીલાતના વ્યવસાયનું સઘળું કામ સંભાળી લીધું હતું તે પાંત્રીસ વર્ષની વયે રવીવાર તા. ૨૨-૭-૬૨ના દિને એકાએક હૃદયરોગના ઉપદ્રવથી હરિશરણ થયા, એ સમાચાર સાંભળતાં

દરેકના હૃદયમાં ભૌતિક રીતે કલેશ થયો હતો કે શ્રી વાડીલાલભાઇ જેવા ભગવદીયને આ સ્થિતિમાં આ દુઃખ અને તેથી એમને ત્યાં નિત્ય કથામાં શ્રોતા તરીકે આવનાર એક ભગવદીય વૈષ્ણવને આ સમાચાર મળતાં પણ દુઃખ થયું તેથી એ શ્રી વાડીલાલભાઈ પાસે પોતાની સમવેદના વ્યક્ત કરવા અને આશ્વાસન આપવા ઘેર જતાં, જે સમયે શ્રી વાડીલાલભાઇના પુત્રને અંતિમ સંસ્કાર કરવા. સોનાપુર (સ્મશાન) માં લઈ ગયા હતા, ભગવદિય પોતની રીતે દુઃખ વ્યકત કરી આશ્વાસન આપી પૂછ્યું કે વાડીલાલભાઇ, આજે તો કથા બંધ રહેશેને! આ સાંભળતા શ્રી. વાડીલાલભાઈએ જણાવ્યું કે "ભગવાનને આપેલ એની વસ્તુને એની પાસે બોલાવી લીધી" તો એના માટે મારી કથા શા માટે બંધ રાખવી! એની પાછળ તો મારી કથા ચાલુ જ રહેશે અને એક સ્થિતપ્રજ્ઞની પેઠે એમના પુત્રના મરણને દિવસે સાંજના નિત્યનિયમાનુસાર ભગવદ્‌વાર્તા ચાલુ રહી, પોતે દૂર બેસીને સાંભળી અને કથામાં નિત્ય આવનારા હતા તે એમના પુત્રના દેહવિલય માટે આશ્વાસન આપવા આવનાર શેઠિયાઓ તેમજ અન્ય વૈષ્ણવો સાથે કથાની સમાપ્તિ બાદ નિત્યનિયમાનુસાર દીનતા આશ્રયના પદ ગયા બાદ મિસરીનો ભગવત્પ્રસાદ અપાયો અને ત્યારપછી આગંતુક વૈષ્ણવો પોતાનો ભૌતિક શોક વ્યકત કરતાં શ્રીવાડીવાલભાઈએ બે જ શબ્દો કહ્યા કે ભગવાનની વસ્તુ હતી તે છે એણે લઈ લીધી, જેવી ભગવદિચ્છા આ હતા એમના શબ્દો ત્યારપછી બે મહિને એમની બીજી પુત્રી શ્રી. હરિપ્રિયા બહેનના પતિ પણ હૃદયયોગના હુમલાથી ગોલોકવાસી થયા છતાં 'મોહ માયા વ્યાપે નહિ જેને, સકલ વૈરાગ્ય જેના મનમાંરે' કૃષ્ણનામશું તાળીરે લાગી, સકલ તીરથ તેના તનમાંરે," આવા એ ભગવદીય હતા.

જીવનના અંતિમ દિવસો

શ્રી વાડીલાલભાઈને આ ભૌતિક દેહનો ત્યાગ કરવાની
ખબર અગાઉથી પડી ગઇ હોવાથી પોતાની ચિત્તવૃત્તિને અધિક
સેવાસ્મરણ અને ભગવત્કથા કિર્તન શ્રવણ મનન કરવામાં
ગાળતાં હતા અને પોતાની હસ્તકની બધી પ્રવૃત્તિઓમાં મુકત
રવા પ્રયાસ કરતાં હતા આ બધા ધાર્મિક પ્રવૃતિ અતે ખાતાં-
ઓની જવાબદારીથી મુકત થવા પ્રથમ શ્રીમદ્વૈષ્ણુવ પરિષદનું
હસ્તલેખિત તથા મુદ્રિત સાહિત્ય પોતાને ત્યાં હતું તે પ્રો
શ્રી ગોવિન્દલાલ ભટ્ટની સલાહ તથા સૂચનાથી એની સુવ્યવસ્થા
માટે શ્રી પુષ્ટિમાર્ગિય પુસ્તકાલય નડિયાદને એના મંત્રીશ્રી
રતિલાલ મોહનલાલ દોશીને બોલાવીને સુપ્રત કર્યું,
ત્યારપછી બાકી રહેલું સંસ્કુત અને ગુજરાતી ભાષામાં
છપાયેલું સાહિત્ય અને હિસાબ શ્રી ગોવિંદલાલ ભટ્ટની
સુચનાથી શ્રીશુદ્ધાદ્વૈત સસંદ—વડોદરાને મોકલી આપ્યા.
જુદી જુદી સંસ્થાઓના હિસાબી ખાતામાં એઓ જોડાયા હતા
તેના હિસાબો તે તે સંસ્થાના મુખ્ય કાર્યકારોને સુપ્રત કરી દઈ
પોતાની આર્થિક જવાબદારીથી મુકત થયા. શ્રીપુષ્ટીમાર્ગીય
યુવક પરિષદ-મુંબઇના પ્રમુખપદે એઓ છેલ્લા ૮-૯ વર્ષથી
હતા તેથી એનાથી મુકત થવા એ સંસ્થાના કાર્યકારોને અનેક
વખત કહ્યું છતાં એમનિ સલાહ સુચનાથી મુકત થવા સંસ્થાના
કાર્યકરોને ચાહતા નહિ હોવાથી એ સંસ્થા સાથે એમનો
સંબંધ જીવનની છેલ્લી ક્ષણો સુધી રહ્યો. ભુતકાળનો ત્યાગ કર-
વાને આગલે દિવસે શ્રી હરિકૃષ્ણ શાસ્ત્રીજી સાથે પરિષદના મંત્રી
શ્રી વાડીલાલભાઇને ત્યાં ગયા હતા અને ત્યારે એમની તબિયત
અસ્વસ્થ હતી છતાં ભગવત્સ્મરણ કરી શાસ્ત્રીજીના આવ્યાના
સમાચાર સાંભળતા બે હાથ જોડી ભગવત્સ્મરણ કર્યા અને
પોતાને હાથે શાસ્ત્રીજીને ભગવત્પ્રસાદ આપ્યો અને ભુતળને

ત્યાગ કરવાને દિવસે સાંજના ચાર વાગ્યે પુષ્ટિ યુવક પરિષદના
મંત્રી ગિ જ. શાહ ભગવત્સ્મરણ કરવા ગયેલ અને પાટણથી
પુષ્ટિમાર્ગીય પાઠશાળાના કાર્યકર શ્રી. રમણિકલાલ પરિખનો
આવેલો પત્ર વાંચી સંભળાવ્યો કે જેમાં પુ યુ. પરિષદે સન
૧૯૩૪માં પ્રકાશિત કરેલું 'શ્રીવલ્લભાચાર્ય અને તેમના સિદ્ધાંતો'
એ ભ. શા નિ શ્રી મન્નાલાલ શાસ્ત્રીજીના વ્યાખ્યાનો પ્રચારાર્થે
છાપવાની સંમતિ માંગેલી, એ સબંધી પૂછતા શ્રી વાડીલાલ-
ભાઈએ પરિષદના પ્રમુખ તરીકે પોતાની સંમતિ આપી એમને
ભગવત્સ્મરણ લખવાની સૂચના કરી, ત્યારપછી શ્રી. રણજિત-
ભાઈ આવ્યા એમના દ્વારા સુબોધિનીજી, ૮૪,-૨૫૨ વૈનાની
વાર્તાપ્રસંગો, શિક્ષાપાત્ર શ્રીવલ્લભાખ્યાન, શ્રી યમુનાજીના ૪૧
પદો પૈકી પાંચ છેલ્લા પદો વગેરે સુસ્વસ્થ ચિત્તે શ્રવણ કરી
સૌને ભગવત્સ્મરણ કરી શ્રી મોટી હવેલીમાં શ્રીબાલકૃષ્ણપ્રભુના
સંધ્યા આરતીના દર્શન સમયે શ્રા મહાપ્રભુજી શ્રીનાથજી વગે-
રેનું ધ્યાન ધરતાં દેહનો ત્યાગ કરી ભગવચ્ચરણારવિંદજે પ્રાપ્ત
થયા એમના જીવન દરમયાન એમણે તન મન ધનથી દરેકને
સહાય કરી પોતાની ફરજ બજાવી હતી. સંપ્રદાયની નામસેવા
અને રૂપસેવામાં પણ પોતાની અત્યંત આસકિત હોવાથી પોતાનો
અતિ સુંદર ફાળો આપ્યો હતો. સાંપ્રદાયિક સાહિત્યનો સગ્રહ
અને પ્રકાશન પણ સારા પ્રમાણમાં કર્યું હતું. હસ્તલિખત
સાહિત્યમાં પરિષદનું સાહિત્ય પુષ્ટિમાર્ગીય પુસ્તકાલયને સુપ્રત
કર્યા બાદ પોતાનું સ્વતંત્ર સાહિત્ય હતું તે પૈકી શ્રી સર્વોત્તમજી
ઉપરની સપ્ત ટીકા કે જેને આધારે એમણે ત્રીસથી અધિક
નામોનું વિવરણ "પુષ્ટિભકિતસુધા'માં પ્રસિદ્ધ કરેલું અને શ્રી
સર્વોત્તમજીની શ્રીગોકૂલેશકૃત બડી ટીકા હસ્તલિખિત (અપૂર્ણ)
કે જેની સારી નકલ મધુવનમાં પ ભ. શ્રી તારાચંદભાઇ મુખિ-
યાજી પાસે હતી તે પોરબંદરવાળા નિ લી- શ્રી દ્વારકેશલા-
લજીએ પધરાવી લીધી છે તે સિવાય બીજી નકલ ઉજ્જૈનમાં પ

ભ. શ્રી. જમનાદાસ ઝાલાનીજી પાસે જેનું સંશોધન શ્રી વાડીલાલ પાસે એની નકલ સાથે કર્યું છે તે સિવાય વાડીલાલભાઈની પાસેની નકલ ઉપરથી જતીપુરામાં એક ભગવદીય પાસે છે. આ બધી અપૂર્ણ છે તેમાં એક ભગવદીય (વેકેશનની રજામાં) બહાર ગામ ગયા હતા તે પાછી આવી ન હોવાથી શ્રીવાડીલાલભાઈને દુઃખ થયેલું, પરંતુ ભગવદીયો ઉદારચરિત હોય છે તદ્નુસાર દુઃખ એમણે પોતાના જીવનકાલ દરમ્યાન વ્યક્ત નહોતું કર્યું કે બાબત એ ગ્રન્થ પધરાવી જઈ પુનઃ પાછો આપવા માટે એક શબ્દ પણ કહ્યો ન હતો. આવા એ ઉદારભાવનાશીલ આદર્શ ભગવદીય વૈષ્ણવ હતા. એમના દ્વારા અનેક જીવન ઉન્નત બન્યા છે. એમના સત્સંગથી અનેક ભગદીય વૈષ્ણવ થયા છે અને એમની પ્રેરણાથી અનેક કાર્ય કરો તૈયાર થઈ સંપ્રદાયની તન મન અને ધનથી સેવા કરી રહ્યા છે એમના દેહવિલયના સમાચાર સાંભળતા મુંબઈમાં બિરાજતાં ગોસ્વામી બાળકોના હૃદયમાં તેમજ વૈષ્ણવોના હૃદયમાં ભૌતક દૃષ્ટિએ અત્યંત ક્લેશ થયો હતો. એમના જીવન દરમિયાન એમણે ધર્મ સમાજ અને રાષ્ટ્રની સુંદર સેવા કરી હતી આયુર્વેદના આગ્રહી હતા. સ્વદેશીના હિમાયતી હતા. એટલે પોતાના જીવન દરમ્યાન વિલાયતી દવા-ઈંજેકશનોનો ઉપયોગ કર્યો ન હતો. એવી જ રીતે વિદેશી અને મિલના કાપડથી પણ વર્ષોથી મુક્ત રહ્યા હતા સ્વદેશી હાથથી વણેલાં ખાદીનાં ધોતિયાં તથા પહેરણ કોટ વગેરે પરિધાન કરતા. સદા પ્રસન્નમુખ, કપાળમાં ભગવત્પ્રસાદી કુંકુમનું ભવ્ય તિલક, અન્યાશ્રય-અસમર્પિતત્યાગ અને મિથ્યા (અસત્લાપ) વાણી અને દુસંગથી સર્વદા મુક્ત રહેતા આ બધા વૈષ્ણવના આદર્શ ગુણો, કથન તેવું આચરણ શ્રી વાડીલાલભાઈમાં હતાં **વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાત કરિષ્યતિ'** એ સિદ્ધાંત એમના જીવનમાં ઓતપ્રોત હતા, એવા પરમભગવદીય શ્રી વાડીલાલભાઈને અનેકશ વંદન કરી વિરમું છું.

ગિ. જ. શાહ

પૂ. પા. ગો૦ શ્રીજીવનજી મહારાજ-મુંબઇ



પ્રાકટ્ય વિ. સં. ૧૮૮૬ માગ'શીર્ષ શુકલ ૫

॥ શ્રીહરિ: ॥
॥ વિજયતે શ્રીબાલકૃષ્ણ:પ્રભુ: ॥
॥ શ્રીમહાચાર્ય ચરણ કમલેભ્યોનમ: ॥
॥ શ્રીગુંસાઈજી પરમ દયાલવેનમ: ॥

॥ સટીક નવાખ્યાન પ્રારંભ: ॥

પ્રથમાખ્યાન

શ્રીકૃષ્ણાયનમ અબ ગોસ્વામિ શ્રીજીવનજી મહારાજનેં દૈવી જીવનપે કૃપા કરિકેં શ્રીવલ્લભાખ્યાનકો વ્યાખ્યાન વ્રજભાષામેં કિયો તામેં જહાં જહાં સંસ્કૃત શ્લોક હેં તથા ઓરહુ જે કઠિનાંશ હેં તિનકો સ્ફુટ અર્થ શ્રીજીવનજી મહારાજકી આજ્ઞાસૂં શ્રી ગટ્ટુલાલાજી યા નામસું પ્રસિદ્ધ પંચનદિ પં શ્રી ગોવર્દ્ધનલાલાજીને લિખ્યો હૈ. અબ યા ટીકાકી નિર્વિઘ્ન સમાપ્તિકે લિયે શ્રીજીવનજી મહારાજ ચાર શ્લોકસું મંગલાચરણપૂર્વક ગ્રંથ કરિવેકી પ્રતિજ્ઞા કરતહેં

શ્રીબાલકૃષ્ણં વંદેહં યશોદોત્સંગલાલિતમ્ ॥
નવનીતાશનોત્કંતં વ્રજયોષિદ્ગુત્સવં ॥ ૧ ॥
જયતિ સ વલ્લભ ઈશ: શ્રીવિઠ્ઠલઇહ સહાન્વયશ્ચસદા
અજ્ઞાનાંહૃદ્ધ્વાંતધ્વંસકઉલ્લાસકોહૃદબ્જસ્ય. ॥ ૨ ॥
શ્રીમદ્ગોવર્દ્ધનગુરૌ:પાદપદ્મપરાગભૃત્. ॥
કુર્વેહંવલ્લભાખ્યનવ્યાખ્યાનં હિ યથામતિ. ॥ ૩ ॥

વ્રજપ્રિય:સમાખ્યાતોયસ્માદસ્મત્પ્રભુ:સદા ॥
તસ્માત્તત્પ્રીતયેનુનંકુર્વેતદ્વ્રજભાષયા. ॥ ૪ ॥

ભાવાર્થ—શ્રીબાલકૃષ્ણજી જો અપને ઠાકુરજી તિનકો મેં વંદન કરત હોં વે કૈસે હેં જીનકોં શ્રીયશોદાજી સર્વદા અપની ગોદીમેં ખિલાવત હેં ઓર જે માખન અરોગિવેમેં ઉત્કંઠાયુક્ત હેં યાહીતં દક્ષિણ શ્રીહસ્તમેં સદા નવનીત લિયે રહત હેં ઓર વે સો જે વેદાદિકમેં પ્રસિદ્ધહેં ઓર જીનકે દર્શન કિયેસૂં વ્રજ ભક્તનકે નેત્રકૂં બડો આનંદ હોતહે યા વિશેષણસૂં વિરૂદ્ધધર્માશ્રયત્વ સૂચન કીયો ક્યોં જો બાલભાવમેં હૂં, પ્રૌઢભાવયુક્ત હેં તાતેં ઓર યશોદોત્સંગલાલિતં યા પદસૂં પરમ તત્વરૂપતા સૂચન કરી યહ બાત અણુભાષ્યકી સમાપ્તિકે શ્લોકનમેં સ્ફુટ હેં. (૧)

અબ એસે પ્રભુનકો નમન કરિકેં દૂસરે શ્લોકમેં ગુરૂનકો નમન કરતહેં તા શ્લોકકો અર્થ ઇશ સો સર્વ મનોરથ પૂરિવેમે સમર્થ એસે ઓર વેદપુરાણાદિકનમેં પ્રસિદ્ધ એસે જે શ્રીમહાપ્રભુજી તે સર્વોપરિ બિરાજતહેં ઓર શ્રીગુસાંઇજી હૂ સર્વદા અપનેં વંશસહિત યા લોકમેં સર્વોપરિ બિરાજત હેં અબ યે દોઉ કૈસે હેં સો કહતહેં જે શ્રીઆચાર્યજી ઓર શ્રીગુસાંઇજી અજ્ઞાનરૂપ અંધકારકો નાશ કરતહેં ઓર ભક્તનકે હૃદયરૂપ કમલનકો વિકાસ કરતહેં યાતેં દોઉનકોં અલૌકિક સૂર્યરૂપતા સૂચન કરી. (૨)

અબ તીસરે શ્લોકમેં ગ્રંથ કરિવેકી પ્રતિજ્ઞા કરતહેં અપને ગુરૂદેવ ઓર ધર્મ પિતા એસે જો શ્રીગોવર્ધનજી મહારાજ તિનકે ચરણારવિંદકી રજકોં અપનેં મસ્તક હૃદયાદિકનમેં ધારણ કરિવે વારો એસો મેં શ્રીવલ્લભાખ્યાનકી ટીકા મેરી બુદ્ધિઅનુસાર કરતહોં યા શ્લોકમેં ગુરૂનકી કૃપાસૂંહી યહ ટીકા મોસૂં બની સકેંગી એસેં દીનતા સૂચન કરી ક્યોં જો દીનતા યા માર્ગમેં મુખ્ય હે (૩)

અબ આપકી સંસ્કૃત ગ્રંથ બનાયવેકી આછી શક્તિહે તાહીતે શ્રી બાલકૃષ્ણ ચંપૂપ્રભૃતિ અનેક બડે બડે સંસ્કૃત ગ્રંથ આપને કરે હેં તબ યહ ટીકા વ્રજભાષામેં ક્યોં કરી તાકો કારણ ચોથે શ્લોકમેં કહતહેં તા શ્લોકકો અર્થ હમારે પ્રભુનકૂં સદા વ્રજદેશહી બહુત પ્રિય હે યહ બાત પુરાણાદિકનમેં કહી હે તથા ભક્તનનેં હું કીર્તનાદિકમેં આછી રીતસૂં ગાઈ હે તાતેં વ્રજ પ્રિય એસે જે પ્રભુ તિનકી નિશ્ચય પ્રસન્નતા કે લિયે મેં યહ ટીકા વ્રજ ભાષામેં કરતહોં. (૪)

આખ્યાન ૨જું—રાગ રામકલી

શ્રીલક્ષ્મણસુત શ્રીવલ્લભરાયજી;
'સ્મરણ કરતા દુષ્કૃત જાયજી, ૧
કલિજન તરવા નહિં અવર ઉપાયજી;
યજ્ઞપુરૂષ હરિના શ્રુતિ ગુણ ગાયજી. ૨

ગાય શ્રુતિગુણ રૂપ અહર્નિશ ધરી ધ્યાન વિચાર;
આનંદરૂપ અનુપમ સુંદર, પામે નહીં કોઈ પાર ૧
પ્રાણપતિ પ્રાકટય કારણ, કાંઇક કહું મતિમંદ;
હર સુર વિધાતા નવ લહે, સાક્ષાત બ્રહ્માનંદ ૨
શ્રીવૃન્દાવનચંદ્રમુખરૂચિ, અગ્નિ તે અવતાર;
દ્વિજતિલક ત્રિભુવન નામ નિરૂપમ, રૂપ અંગીકાર. ૩
દેવલોક દુંદુભિ વાગીયાં, આનંદ કરેરે નિઃશંક;
અસુર તિમિર ઉચ્છેદવા, ભુવિ વલ્લભદેવ મયંક. ૪
પૂરણ પુરૂષ પ્રમાણ પંથા, વ્યાખ્યાતા વેદાન્ત;
ગ્રન્થ સર્વે રસરૂપ કીધા, પોતાને સિદ્ધાન્ત, ૫
રસિક રસના રસિક વાણી, જાણી નર (સર્વ) નવખંડ;
ઊર્ધ્વ પંથા સ્વયશ પ્રસર્યો, વાધીયો બ્રહ્માંડ. ૬
એક બ્રહ્માંડે જેના યશ ન માયા, તેના હુવા કોટિ અનંત;
તોય ત્યાં થકી વાધિયો, જઈ વસ્યો મુખ ધીમંત. ૭
અતુલ અમલ ઉદ્યોત ઉદયો, ભૂતલ દ્વિજમાર્તંડ;
ભકિતમારગકેસરી ગજ માયિક મત શતખંડ. ૮
દિગ્વિજય દશ દિશાએ કીધો, પરિક્રમાને વ્યાજ;
તીર્થ સકલ સનાથ કીધાં, ચરણ રેણુ સમાજ. ૯
પત્રાવલંબે પંડિત જીત્યા, માયિક મત માતંગ;
શ્રીકૃષ્ણ પૂરણ બ્રહ્મ સ્થાપ્યા, જેનાં રૂપ કોટિઅનંગ. ૧૦
સ્વમારગ સ્થિર સ્થાપવા, આપવા ભજનાનંદ;

નામ આપ્યાં જીવને શુભ મિષ્ટ મુખ મકરંદ. ૧૧
અનેક જીવને કૃપા કરવા, દેશાંતર પ્રવેશ;
કોમલ પદ જ્યાં કમલ વિલસે, ધન્ય કહું તે દેશ. ૧૨
અંગ બંગ કલિંગ કૈકટ, માગધ મારૂ સુર સિંધ;
તે તામસનાં અઘ હર્યાં, પરતાપ પદરજ ગંધ. ૧૩
કનક સ્નાન શત મણ સુવર્ણે કરાવ્યું મહી પાળ;
તે મૂકી વેગે ચાલીયા, રાય દ્દષ્ટિ ન પાછિ વાળ. ૧૪
દક્ષિણ પ્રભુજી પાઉં ધારિયા પાંડુરંગ શ્રીવિઠ્ઠલનાથ;
નેત્ર મલતાં વાત કીધી, વચન દીધું હાથ. ૧૫
વચન નિશ્ચે શ્રીનાથે માગ્યું કીધી શ્રીવલ્લભજીશું વાત;
અમને તે ઇચ્છા એહ છે જે, હું નંદન તમે તાત. ૧૬
તે પુરૂષોત્તમ પ્રગટશે, શ્રીવિઠ્ઠલ રૂપનિધાન;
નેત્ર કમલે નાના ભાવે, દેશે ભકતને સનમાન. ૧૭
ત્યાંથી શ્રીવૃન્દાવ પાઉં ધારિયા, જ્યાં ષધુપકરે ઝંકાર;
કુસુમ દ્રુમ નવ મલ્લિકા, મકરંદનો નહિં પાર. ૧૮
તરૂ તમાલ અતિ શોભિતાં, હેમ જૂથિકા સંઘોડ;
લલના તે સુભગા લટકતાં, હિંડે તે મોડામોડ. ૧૯
તાન ધુનિ મુનિ મયૂર રૂપે, સાંભળે ધરી ધ્યાન;
નિત્ય લીલા ગાન શ્રવણે, કરે તે મધુપાન. ૨૦
કુંજસદન સોહામણું, શોભા તણો નહિ પાર;
વિવિધ રાસલીલા કરે વ્રજમાં ખેલે શ્રીનંદકુમાર. ૨૧

રંગે તે રમતા દીઠડા, બલદેવ શ્રી ગોવિંદ;
તે પુત્રભાવે પ્રગટશે, મન ઉપન્યો આનંદ. ૨૨
બલદેવ શ્રીગોપીનાથ કહીએ, શ્રીવિઠ્ઠલ નંદાનંદ;
તે વેદપથ વિસ્તારશે, જન આપશે આનંદ. ૨૩
ત્યાંથી કેશીઘાટ પાઉં ધારિયા, કહિ કથાતત્ત્વ સમાધિ;
રસપુંજ પુરૂષોત્તમ પ્રમાણ્યા, સરસ્વતી તજી આધિ. ૨૪
ગિરિરાજને આશ્વાસ દીધો, ધરિ કોમલ ચરણ;
હરખે તે સામા આવીઆ, શ્રીગોવર્ધન ઉદ્ધરણ. ૨૫
હળીમળીને ચાલીયા, ચરણાટ જ્યાં નિજધામ;
નવરંગ નાગર પ્રગટિયા, મન પુરવા બહુ કામ. ૨૬
તત્ત્વ સંખ્યાયે કહ્યાં, પદ સારમાંહે સાર,
હવે કાંઈએક સ્તુતિ કરૂં, શ્રીવલ્લભરાજકુમાર. ૨૭

આખ્યાન ૩જું—રાગ ધનાશ્રી.

આ પોષ મધ્યાન્હે નોમે શ્રીનાથજી,
શ્રીઅક્કાજી ઉર ઉપન્યો આનંદ;
આ ચંદ શ્રીવૃન્દાવન તણો પ્રગટિયો એ. ૧
આ સૌભાગ્યસુંદરી મલી ધવલ ગાયે,
સુહાયે રૂડા કંઠના નાદ;
આલ્હાદ ઉપન્યો તે અંગોઅંગ ઘણોએ. ૨
આ સૂતિકા સદન સોહામણું, શોભા રૂડી લેહેરડે જાય;

આ વાજીંત્ર વાગે તે સમેતણાં એ. ૩
આ સર્વસ્વદાન તેણે સમે, કરેરે શ્રીવલ્લભજી ઉદાર;
સુકુમારસુત ઉદયો શ્રવણે સુણીએ. ૪
આ પાતાળે શેષ નાગ રીઝીયા, ઉપર ઈંદ્રાદિક દેવ;
તતખેવ સુણી નિશાન વજડાવિયાં એ. ૫
આ બ્રહ્મા મહાદેવ મુનિ હરખીયા, વરખીયા કુસુમ સમૂહ;
આ મોહ ટાળ્યો જગતનાં જીવનો એ. ૬
આ સિદ્ધ ગાંધર્વ ગુણી અપસરા, ઉલટીયા નૃત્ય ને નાદ;
આલ્હાદભર્યાં શ્રીવલ્લભજીએ માનીયાં એ. ૭
આ નિગમ સામ શાખા સહસ્રશું, કરેરે ભલા નિર્ઘોષ;
આ ઘોષપતિ ભગવદી ભેટતાં એ. ૮
આ વેદવિહિત કૃત્ય સર્વે કીધાં, દીધાં બહુ પેરે ગોદાન;
આ માન સું સ્વજન સંતોષીયા એ. ૯
આ કનક કચોળાં કુમકુમભર્યાં, અક્ષતદૂર્વાભર્યા રે સુથાળ;
આ માળ પારિજાતની મહમહે એ. ૧૦
આ તોરણ પર્ણ સહકારનાં, ધરણીએ ચંદનતણાં નીર;
આ વીર શ્રીગોપીનાથ શ્રીવિઠ્ઠલ પ્રગટીયા એ. ૧૧;
આ દધિ દુધ ઘૃત મધુ માંડવે; શેરડીયે વહેરે સુગંધ
આ ગંધે મોહ્યા અલિકુલ આવીયા. ૧૨
આ સુત માગધ સાધુ સર્વે મળ્યા, મળીયા તે માંહોમાંહે;
ઉત્સાહ ભર્યા કો કોને જાણે નહિ એ. ૧૩

આ શુકદેવ સબળ આનંદિયા,
વંદિયા શ્રીવલ્લભજીના ચરણ;
ગિરિધરણ શ્રીભાગવત મારૂં નીરખશે એ. ૧૪
આ સકલ કલા કલિકાલમાં, કલ્પદ્રુમ પ્રગટયો આજ,
આ કાજ મનવાંચિત પુરવા એ. ૧૫
આ તૈલંગ તિલક ત્રિભુવન ધણી, માણુ મરકત ધનવાન,
સમાન રૂપ નિરખતાં કો નહિ એ. ૧૬
આ ગણક ગર્ગાદિક આવીયા, ભાવિયા દીયેરે આશિષ
આ જગદીશ શ્રીવલ્લભ ઘેર પ્રકટિયા એ. ૧૭
આ ધવલ ધન્યાશ્રી ગાન જે કરે,
ઉચ્ચરે શ્રીવિઠ્ઠલજી અવતાર,
આ સારસ્વત લીલા તે જન લહે એ. ૧૮
આ દાસનો તે દાસ જાય વારણે, બારણે, રહ્યારે ઉત્સવ જુએ
કો એક ભગવદી તે સમે એ. ૧૯

આખ્યાન ૪ થું—રાગ ભુપકલ્યાણ

તે પદ વંદુ શ્રીવલ્લનંદજી, ત્રિભુવન મંગલપરમાનંદજી,
સકલ જીવનનો ટાળ્યો દ્વંદ્વજી, જગમાં વ્યાપ્યો સુખમકરંદજી,

ઢાળ—સુખદ વંદુ શ્રીવલ્લભસુતના, પદાંબુજ સુકુમાર,
નિગમ રહસ્ય વિચાર કીધો, સકલ જન નિસ્તાર. ૧

બ્રહ્મકુલ હરિ અવતર્યા તે, ટાળવા ભૂમિ ભાર,
શ્રીનાથ વિઠ્ઠલ જામ નિરૂપમ, વૃંદાવન શણગાર. ૨
એક રસના કેમ કહું ગુણ પ્રકટ વિવિધ વિહાર,
નિત્યલીલા નિત્ય નૌતમ, શ્રુત ન પામે પાર ૩
સકલ શાસ્ત્ર પ્રમાણ બોલે, સારમાંહે સાર,
તત્ત્વમાંહે તત્ત્વ ત્રિભુવન ભક્તનો આધાર. ૪
સર્વ અંગોઅંગ રસભર્યા, રસભર્યાં લોચન ચાર,
ચલણ વલણે બોધવ્યા, હૃદે ભાવ અનેક પ્રકાર. ૫
મુખ સુગંધે મોહ્યા અલિ સકલ તે, આવી કરેરે ઝંકાર;
સરસ વચન ઉચ્ચાર માત્રે, સંશયનો પરિહાર; ૬
નામવ્યાજે પ્રગટ કીધો, મુક્તિ શત્રુકાર;
ભુજદંડ પરસે ભય હર્યા, એવા નાથ અમિત ઉદાર. ૭
સ્વ સ્વરૂપ અર્થે પ્રોજ્જિઅ્આ, કૃત હુતા જે સંસાર;
રાજ કાજે જોડીયા જન ઉચ્ચાવચ નરનાર. ૮
આગળ અંશે પ્રકટિયા જે, ગ્રન્થ કહ્યા બહુવાર;
શ્રીયશોદા ઉત્સંગ લાલિત. પૂરણ અતિસુકુમાર. ૯
અનેક ધર્મ કહ્યા પ્રભુજીએ, નિગમને અનુસાર,
ગિરિરાજધરણનો તાપ ટાળ્યો, શ્રીલક્ષ્મણસુત નિરધાર
પોતે તે પ્રાગટ્ય પોતાતણો, યશ તણો કર્યોરે ઉચ્ચાર;
પોતે અંગોઅંગ સુખદ શોભા, સદન અંગીકાર ૧૧

સ્કંધસંખ્યાએ કહ્યાં પદ, શ્રીભાગવત રસરાજ,
ભક્તજન પદરજ પ્રતાપે સકલ સરીયા કાજ. ૧૨

આખ્યાન ૫ મું—રાગ સામેરી.

(અનીહાંરે) શ્રીવિઠ્ઠલ સુખકારી, નામે નિષ્પાપ થાય નરનારી; દુર્ગતિ સકલ નિવારી, પ્રગટ્યા શ્રીવ્રજપતિ રાસવિહારી. ૧ માયિક મત જેણે ખંડયો, ભક્તિ માર્ગ જેણે બહુ પેરે મંડયો; ઉત્પથ જન સર્વે દંડયો, મુર્ખ હેતુ કુશબ્દ વિતંડયો. ૨ વદનસુધાકર જ્યોતે, વચન રસિક રસ રાસ ઉધોતે; નવજલઘનવપુ પોતે, સરસ સુધારસ કીધા પ્રભુ હોતે. ૩ ભકિતપક્ષ દૃઢ કીધો, વચન સુધારસ જન શ્રુતિ પીધો; અર્થ સકલ તેનો સીધો, તે લીલામાંહે તાણીયે લીધો. ૪

ઢાળ—જે લીલામાં અંગીકાર કરીયોરે, તેનો સકલ તાપ નિસ્તરીયોરે; જેને શ્રીવિઠ્ઠલનાથ વિચારેરે, તેને પ્રગટ પદાર્થ ચારે. ૫ ઉપરાંત ભજનફળ આપેરે, વ્રજમંડળ સ્થિર કરી સ્થાપેરે; તેને દેવમુનિ સર્વે ગાયરે, તે તો સર્વ ઉપરાંત સુહાયરે. ૬ તેને કાળ કર્મ નવ બાંધેરે, જમ તે શિર ધનુષ્ય

ન સાંધેરે; એવો માર્ગ શ્રીવલ્લભ વરનોરે, જ્યાં નહિ પ્રવેશ વિધિ હરનોરે. ૭ જ્યાંહાં નિત્યરાસ બહુ પેરેરે, મધ્યનાયક નિરતત ઘેરે રે; જ્યાંહા રત્નજટિત તટસરિતારે, ત્યાં નવ પલ્લવ ભૂમિ હરિતારે. ૮ જ્યાંહાં જુવતિ જૂથ બહુ માંયેરે, શ્રીજી શ્યામલ વર્ણ સુહાયેરે. ૯ એણીપેરે શ્રીગુસાંઇજીને જાણોરે, જાણી અહર્નિશ ગાય વખાણોરે; જે જીવ જાતિ હોય કોયરે, તેને તત્ક્ષણુ સર્વ સુખ હોયરે. ૧૦ સેવકજન દાસ તમારોરે, તેનો રૂપવિયોગ નિવારોરે ૧૧

આખ્યાન ૬ ઠું—રાગ પરજ

સગુણુ સ્નેહી શામળા વ્હાલા, અહર્નિશ દર્શન આપોજી, પરમસુખ દેવાને કાજે વ્રજમંડલ સ્થિર કરી સ્થાપોજી, શ્રીવલ્લભ કુંવર કોડામણા, તમારૂં નામ નિરંતર લીજેજી; રૂપ સુધારસ માધુરી તે, લોચન ભરી ભરી પીજેજી, ૨ તે પદ કયારે દેખીશું, જે ગોધન પૂંઠે ધાયજી; વ્રજસુંદરી મુખ સુખ પામીને, વારંવાર અધાયજી. ૩ દિવસ સર્વ શ્યામા મળી, રસરૂપ તણા જશ ગાયેજી; ગોપ મંડળી મધ્ય દેખીને વારંવાર

સુખ થાયજી. ૪ વાસર નિર્વાહ એમ કરે, સખી સાયંકાળે પેખેજી; અલકસુખ ખુરરજ લાગી તે, કમલ ભ્રમર વિશેખેજી. ૫ ગોપબાલક મંડલી મધ્ય, રંગ અનેક ઉપજાવેજી, મત્ત ગજગતિ મલપતા, તે, શ્રીગોકલમાં આવેજી. ૬ લોચન ભૃંગ પીએ ઘણું તે, પ્રગટ મુખ મકરદંજી, :કમળપત્રશી આંખલડી તે, જોઈ જોઇ ટાળ્યો દ્વંદ્વંજી. ૭ જોતાં તૃપ્તિ ન ઉપજે પ્રભુ અધર સુધારસ પાયેજી; ભુજલતા ભીડી ભામિનીના, દિવસ તાપ બુઝાવેજી. ૮ પૂરણુ સુખ દઈ ગોષ્ઠમાં પ્રભુ, આધેરા પાઉધરાજી; યશોમતી લે ભામણાં: સુતને, નીરાંજન ઉતારેજી. ૯. વસ્ત્રાંચલ ખુખરજ પોછીને સકલ રૂપ નિહાળેજી; ઉભી થાય રોમાવલી કર, કોમળ અંગ સંભાળેજી. ૧૦ કરી પેરેપેરે વારણાં સુતને, સદનમાંહે પધરાવેજી; સુંદરી ગૃહ કારજ મિષે વલી, નિરખવાને આવેજી. ૧૧ ઉષ્ણોદક સોંધો ભેળીને, અંગ અંઘોળ કરાવેજી; અંગવસ્ત્ર કરી સ્વચ્છ વપુને, પાછું તેલ લગાવેજી ૧૨ વિવિધ વસના સુગંધ ને ભુષણુ ફુલ અંબોડે ફાવેજી; ઠણ-

ઠણુતો વ્હાલો લાડકડોતે, ભોજનશાળાએ આવેજી
૧૩ શ્રીરાધાઅધરસુધાવિનાપિયુને બીજું તે કાંઈનવ
ભાવેજી; પ્રાત: પધારે ને નિશાયે આવે, પ્રીત નવી
ઉપજાવેજી. ૧૪ માતાનું મન રંજવા પ્રભુ, આરોગ્યા
બહુ સ્વાદેજી; સુગંધ બીડી કર ધરીને, ઉઠયા
નૂપુરને નાદેજી. ૧૫ સકળ વ્રજમાં પોઢીયાં કરે,
વિવિધ રસ સુખદાનજી; એ લીલા મ્હારે મન વસો
જે, ભક્ત માગે માનજી ૧૬ શ્રીવિઠ્ઠલ દ્વિજરૂપ
તમારી લીલા એણી પેરે ઝાઝીજી; ઓળવ્યે કેમ
ચાલશે જે? પ્રીત અમશું બાઝીજી. ૧૭

આખ્યાન ૭ મું રાગ સામેરી

આપ સેવા કરી શીખવે શ્રીહરિ, ભકિતપક્ષ વૈભવ
સુદઢ કીધો; આપની લીલા તે વદન પોતે કહી
ઉચ્ચાર આનંદ અધિક દીધો. ૧ વેદદધી મધ્ય નવ-
નીત જે ભજનરસ, મથિત માધુરી જીવે શ્રવણુ
પીધો; તક્રસમ કર્મ પથ સ્નેહરસહીન જે, શ્વેત
જાણી વિમુખ તાણી લીધો. ૨ એ ચરણુ શરણુ
વિના લોક દશચારમાં, કહોને કેનો કાંઇ અર્થ

સીધો? શું કહું ચતુર થઇ થઈ અને વિસ્તરે, ભજે
નહિં પશુ જેમ વિષય કીધો. ૩ બોલ વલ્લભ સુવન
વિમલ વાણી, ગુઢરસત્વ જે વેદની વાણી તે પ્રગટ
કીધી ભક્ત હેત જાણી ૪ જેની ગતિ બ્રહ્માદિ દેવે ન
જાણી;નંદનંદન રૂપે રાસલીલા કરી, પોતે ન ઉચ્ચરી
છાની રાખી; દિવસ એકાર્ધની ઉત્તરાકુંવર પ્રાત,
વ્યાસનંદન વિમલ વદન ભાખી. ૫ બ્રહ્માદિ મહામુનિ
અતિજ્ઞાન પારગંત, તે મધુસિંધુની કહીએ માખી;
ન કોય હુવો ન હોય એ રૂપ સમ, તેના સકળ
નિજ નિગમ સાખી. ૬ એ પ્રભુ રસપુંજ ભૂમિપર
રૂચિ કરી, ભાગ્યહીન જીવ જેણે કણિકા ન ચાખી;
તેને દેવ ઉપર રહ્યા ધિક્કાર બોલે, મંદમતિ કહી
શ્રીવલ્લભકુંવરની ટહેલ કરવા; ઘોષથી વેગે પાઉં
ઉપરે, અને નિંદા દાખી ૭ વિબુધ વાંછે વાસ વસુમતિ
ધારિયાગિરિભણી, શ્રી ગિરરાજધરણુનો તાપ હરવા. ૮
ફૂલફેંટે ભર્યાં વસન વાધા તણાં વિવિધ ભૂષણુ તે
અંગ ધરવા; તુરગ ચાલે વાયુ વેગે ઉતાવળો, જાણે
નૌકા ચાલી સિંધુ તરવા. ૯ ત્રિ એકાર્ધનો વિરહ
તે યુગ સમો, નિરાંજનમિષે રૂપહૃદય ધરવા; જીવને એ
કૃત્ય નિત્ય પ્રતિ ક્ષણું ક્ષણું શ્રીવિઠ્ઠલનાથ એવા

ઉચ્ચરવા. ૧૦ રૂપ બેઉ એક તે ભિન્ન થઈ વિસ્તરે,
વિવિધ લીલા કરે ભજન સાર; વિવિધ વચનાવલી
નયન સૈને સંજ્ઞા સૂચવે।નશિ વિહાર; કરી ૧૧ વિવિધ
મુક્તાવલી પાટસૂત્રે કરી, ગલસરી શોભિતા કરે
શૃંગાર; વિવિધ કુસુમાવલી ગ્રથિત હાથે કરી, એક
એકને કંઠે આરોપે હાર, ૧૨ વિવિધ મેવા ભોગ મધુર
મિષ્ટાન્ન રસ, રસમસ્યા અર્પે તે બહુ પ્રકાર,
વિવિધ બીડાં સુગંધી કર્પૂર એલચી લવિંગ પુગી
અને ખેરસાર, ૧૩ વ્યંજન શીતલ વાયુ મુકર કરકમલ
ધરી,દે ખાડતાં મોહે સકલ સંસાર: અહર્નિશ ધ્યાન
શ્રીવીઠ્ઠલાધિશનું સકલ કલિમલ દુરિત કોટિ ક્ષાર,
એ પ્રભુ ભુવિ પ્રકટ વિપ્રવરતનુધરી, દીઠડે ત્રિભુવન
તણાં ચિત્ત ચાલે. હાવભાવાદિક કોટિ કોટિ કરે,
મદનજવરવ્યથા તે વેગે ટાળે. ૧૫ જાલરંધે સખી
જાણે ચિત્રે લખી, વાંછિતા નાથની છબી નિહાળે;
કમલ ખંજન મીન મધુપ જ્યાં ત્યાં થકાં, વક્રલોચન
પ્રાંત પાછાં વાળે. ૧૬ દાસનો દાસ ભણે સકલ
સજ્જન સુણે શ્રીવિઠ્ઠલ આપનું બિરદ પાળે. ૧૭.

⁂

પદ ૮ મું—રાગ ધનાશ્રી

લલિત મનોહર, શ્રી વલ્લભ સુવંન સુજાણુ;
નખશિખ સુંદર વ્રજજન જીવન પ્રાણુ. ૧
વદનકાંત જાણે ઉદયા કોટિક ભાણુ;
દ્વિજકુલમંડન, પ્રગટયા પુરૂષ પ્રમાણુ, ૨
નામ નિરૂપમ, ઉચ્ચરે સકળ કલ્યાણુ;
તેના સાખી, ચારે વેદ પુરાણુ; ૩
અસુર હણેવા, બ્રહ્મવાદ કરપાણુ;
ભક્તિ કરે સહુ, વાંજંતરે નિશાણુ. ૪
વૈષ્ણુવ જનને, આપે પદ નિવારણુ;
મારગ મુકતાં, કોઈ ન માગે દાણુ. ૫
ચરણુ ચાખડી, વંદે રાણેરાણુ;
સરસ કીધાં, જે હુતા પ્રેત પાષણુ. ૬
હતિત પતિતનું, જુઓ તમે પ્રકટ એધાંણુ
શેષ સહસ્ત્ર મુખ, ઉચરે જેનાં વખાણુ ૭
ચૌદ લોકમાં વરતે જેની આણુ;
ત્રાસ તિમિરનું, જાણે સકલ વિહાણુ. ૮
અધર્મ સકલનું, પેરે પેરે કીધું વિત્રાણુ;
ધર્મ સકલનું પ્રભુજીએ કીધું ત્રાણુ. ૯

સન્મુખ કીધાં, જે હુતા ભ્રષ્ટ અજાણ;
નિર્ભય કીધા, સિરપર ધરી નિજ પાણ. ૧૦
નિગમ તત્વરસ યશ ભર્યા. અમૃત સંધાન;
રૂપ સુંદરતા શું કહું નહિ કો એ સમાન. ૧૧
કૃપા કરી હરિ, રાખી બહુ વિધિ કાન.
સેવક જનને. રાખી લ્યો એહ લાણ. ૧૨
ઢાળ-એવા તે ગુણ નિધીનાથગતાં; બ્રહ્મહત્યાદિક અઘટળે;
લીલા તે લહરી સિંધુ ઝીલે, રાસ રસિકને જઈ મળે, ૧૩
નિ:સાધન જન હિત કરેવા, શ્રીનાથ વિઠ્ઠલ આવિયા;
વ્રજમાંતે હીંડે મલ્લપતા, તે વ્રજસખી મનભાવિયા, ૧૪
કમલ નેણે અમૃત વેણે, વાકય માધુરી રેડતા;
વેદાધ્યન મિષે ભુજ ચલણે કરી, શોભે સૌને તેડતા. ૧૫
રંગે તે રમતા રસભર્યા, પ્રભુ ઘોષમાં લીલા કરે;
અધીક અધીક પ્રતાપ પૂરણ, યશ દશોદિશ વિસ્તરે. ૧૬
ભાંત ભાંતિ લીલા કરે પ્રભુ, સાત સ્વરૂપ સોહમણા;
એક એકથી અધીક શોભા વ્રજસખી લે ભામણા. ૧૭
પેરે પેરે પરિવાર સોહે, દેવ મોહે નિરખતાં,
ઉત્સાહ આનંદ ઉલટીયો તે, કુસુમ વરખે હરખતા ૧૮
પ્રતિ સદન શોભા અતિ ઘણી, ભણી વેદ વદને જાય;
મકરંદ માતા ભ્રમર ગુંજે, પક્ષી નાદ સોહાય. ૧૯

અંત:પુર લીલા કરે સખી, સકલ જન સંતોષતા;
જાણે મત્ત માતંગ છૂટયો, નૂપુરને નિરઘોષતા. ૨૦
હારકંકણ કર્ણ ભૂષણ, નાદ નાના હિંડતાં;
ગાન ગાયે સ્વર સુહાએ, શ્રીનવનીતપ્રિયાજીને પોઢતાં. ૨૧
સંધ્યા સમે શ્રૃંગાર નૌતન, ફૂલ ગૂંથે સૌ મલી.
સદન શોભા નિરખતાં તે લક્ષ્મી મન પામ્યા રળી. ૨૨
વાસ વાંછે વ્રજ વસેવા, એણી પેરે સુખ પામવા;
શ્રીપુરૂષોત્તમ ઉત્તમ વરને, સમે જોઈ શિર નામવા. ૨૩
લીલાને અનુસાર કલરવ, કૂજતા દ્વિજ શોભતા;
સ્વ સ્વભાવ ત્યાગી ધ્યાન રાગી, કોઈક ભાવે લોભતા. ૨૪
સહચરી રત્ન સુકંઠ નાદે, ગાન સુયશ પ્રકાર;
રસિક જન મન સહચરી, માલ કરે તે ઉચ્ચાર. ૨૫
એણી પેરે લીલા કરે, શ્રી વલ્લભરાજ કુમાર;
ભકતજનના કોડ પૂરો, આપો ચરણ વિહાર, ૨૬

આખ્યાન ૯ મું—રાગ બિભાસ

નિત્યપ્રતિક્ષણક્ષણસમરીયે, શ્રીવલ્લભનો પરિવારરે રસના
શ્રીપુરૂષોત્તમ પ્રગટિયા, જગત કરેવા ઉદ્ધારરે રસના. ૧
કલિમાં કારણ એક એ, બીજું સર્વે ભૂમિનો ભારરેરસના;
એ વિના બીજું સરવેબાદલું; ચૌદલોક શણગારરેરસનાર

શ્રીગોપીનાથજી સોહામણા, મણિમરકતધનવાનરે રસના;
સુખદાતા લઘુ ભ્રાતના પૂરણ પુરૂષ પ્રમાણરે રસના ૩
કમળ લોચન કરૂણા ભર્યાં, શ્રીવિઠ્ઠલ સુખ રાશરે રસના,
દીઠડે તાપ ત્રિવિધ ટળે, સ્મરણ માત્ર અઘનાશરે રસના ૪
શ્રીગિરિધર નર ભૂષણ, ભ્રાત સકલ ધુરિધારરે રસના;
વકતા વેદ શાસ્ત્રતણા, શ્રીભામિનીજી ભરતારરે રસના ૫
શ્રીગોવિંદજી આનંદમય, ધર્મ સકલનું ધામરે રસના;
શ્રીરાણીજીરંજન રૂડલા, ભકત સકલ વિશ્રામરે રસના.૬
શ્રીબાલકૃષ્ણજી બાલુડા, સુંદર ભીનલે વાનરે રસના;
કમલલોચન કમલાપતિ છબી નહિં કોએહસમાનરે
રસના ૭

શ્રીગોકુલપતિઅતિગુણનિધિ, તાતતણોપ્રતિબિંબ
રે રસના

શ્રીપાર્વતીપતિ પ્રેમશું, શોભા સકલ કુટુંબરે રસના. ૮
શ્રીરઘુપતિઅતિગજગતિ, રતિપતિકરૂં બલિહારરે રસના
શ્રીજાનકીજીવનએસદા, મધ્યમણિરત્નમય હારરે રસના.૯
શ્રીયદુપતિજીવનજગતના,સદામનપ્રસન્નઉલ્લાસરેરસના;
નહિતે શ્રીમહારાણીજીતણા, સુખમાધુરીવિલાસરે
રસના૧૦ શ્રીધનશ્યામજી સિંચે સુધા, જીવન સકલ
બ્રહ્માંડરે રસના; નહિ તે શ્રીકૃષ્ણાસતીતણા, લીલા-
નિત્યઅખંડરે રસના.૧૧ લક્ષ્મી સત્યભામા બેહુ

અગ્રજની અનુહારરે રસના, શ્રીનવનીતાપ્રયાજીનેરી-
ઝવ્યા, સેવ્યાવિવિધપ્રકારરે રસના. ૧૨ શોભાયમુનાક-
મલાદેવકા, જેનેસાતબાંધવ સૌભાગ્યરેરસના; એમના
ચરણસ્મરણકરી, શ્રી વિઠ્ઠલપદરજરતિમાગ્યરેરસના ૧૩
પુત્રપૌત્રાદિક સુખ શું કહું, જેતું મુખમાંહેએકરેરસના;
શ્રીવિઠ્ઠલકલ્પદ્રુમફળ્યો, તેનીશાખા પ્રસરીઅનેકરેરસના૧૪

મહાનુભાવ પરમભગવદીય શ્રીગોપાલદાસજી કૃત
શ્રી વલ્લભાખ્યાન સમાપ્ત

શ્રીમદ્ગોસ્વામિશ્રીદ્વારકેશજીમહારાજકૃત

‘મૂલપુરુષ’

(રાગ બિલાવલ)

મૂલ પુરુષ નારાયણ યજ્ઞ, શ્રુતિ અવતાર ભયે સર્વજ્ઞ,
શાખા તૈત્તરીય ગોત્ર ભારદ્વાજ, તૈલંગ કુલઉદિતદ્વિજરાજ

છંદ

દ્વિજરાજતેં હરિ આય પ્રકટે, સોમયજ્ઞ કિયે જબ્બે,
કુંડતેં હરિ કહી બાની, જન્મ કુલ તુમ્હારે અબ્બેં;
ચકિત તતક્ષણ ભયે સબજન,
ઐસી અબલોં ન ભઈ કબ્બેં,
સુનતહી મન હરખ કીનો, ધન્ય ધન્ય કહ્યો સબ્બેં૧

તિન કે પુત્ર ભયે ગંગાધર,
તિન કે ગણપતિ સુત વલ્લભવર,
શ્રીલક્ષ્મણ ભટ્ટ અનુભવ ટેવ,
શુદ્ધ સત્ત્વ જ્યોં શ્રીવસુદેવ.

સત્ત્વગુણ વિદ્યા પયોનિધિ, વિશદ કીર્તિ પ્રકટઈ,
ગામ કાંકરવારમેં રહી, જાતિ સબ હરખિત ભઈ,
પર્વપર સકુટુંબ લેકેં, ચલે પ્રાગકું સાથ લે,
સ્નાન–દાન, દિવાય દ્વિજકું, ચલે કાશી પાત લેર

કછુક દિન રહીકે ચલે સબ દક્ષણ,
આનંદિત તનુ સકુન સુલક્ષણ;
ચંપારણ્યમેં જબ આયે,
ઇલ્લિમાગારૂં ગર્ભસ્ત્રવિત જતાયે,
સ્રાવ જાનિ ચલે તહાંતે, નગર ચૌડામેં બસે,
જગતમેં આનંદ ફેલ્યો, દશ દિશા માનો હસે;
ચેન હૈ સુનિ ચલે કાશી, ફેર વહી બન આવહીં,
અગ્નિ ચહુંધા મધ્ય બાલક, દેખિ સન્મુખ ધાવહીં૩

મારગ દિયો જાનિ જીય માતા,
લિયે ઉછંગ મોહે દિયોહે વિધાતા;
તાત સુનત દૌરી કંઠ લગાયે,
તહીં છિન મંગલ હોત બધાયે,
મંગલ બધાયો હોત તિહું પુર, દેવ–દુદુંભિ બાજહીં,
જેતસીકો લગન પૂછત, પ્રથમ સમયો સાધહીં;
ધન્ય સંવત પંદ્રહા, પૈંતીસ માધવ માસ હૈ,
કૃષ્ણ એકાદશી શ્રીવલ્લભ, પ્રકટ વદન વિલાસ હૈ૪

શ્રીવલ્લકું લે આયે કાશી, સુંદર રૂપ નયન સુખ રાશિ,
સાત વરસ ઉપવિત ધરાયે, તબતેં વિદ્યા પઢન પઠાયે.
પંઢે ચારોં વેદ અરૂ, ખટશાસ્ત્ર મહિના ચારમેં,
તાતકું અચરજ ભયો, યહ કોન રૂપ બિચારમેં;
નિંદ આઇ કહ્યો પ્રભુ, સંદેહ કયોં તુમ કરત હો,
પ્રથમ બાનિ ભઈ હૈ સો, પ્રકટ જાનો અબ ભયો. ૫

જાગ પરી કહ્યો પત્ની આગે, યેહેં પૂરણ બ્રહ્મ અનુરાગે,
શ્રી મુખ વચન કહે શ્રી વલ્લભ,
માયામત ખંડન ભયો સુલ્લભ.
સુલભતે દક્ષિણ પધારે, ગ્યાર બરસકો વપુ ધરેં,
દેખ મામા હરખકેં, આદર કિયો આવો ઘરેં;
વિદ્યાનગર 'કૃષ્ણદેવ' રાજા, બહુત મતહી જહાં મિલે,
જીતવે 'કનકાભિષેક' સું, પઢે આવત ઇહાં પહિલે. ૬

રામાનુજ અરૂ મધ્વાચાર્ય,
વિષ્ણુસ્વામી, નિમાદિત્ય, હરિભજ;
શંકરમેં અનુસરત ઔર મત,
યુકિત બલતેં આજ સબલ અતિ.
સબલ સુન આપુહિ પધારે, દ્વારપેં પહુંચે જબેં,
ભૃત્ય દારી પ્રતાપ બરન્યો. રાય આવો યહાં અબે;
રાય આય પ્રણામ કીનો સભામેં જુ પધારિયે,

શબ્દ 'જે જે' હોત સબ મુખ ભકિતપથ ભુવ મંડન,
સ્તુતિ કરેં દ્વિજ હાથે જોરે રાય મસ્તક નાવાહીં;
પરમ મંગલ હોત હૈ, 'કનકાભિષેક' કરાવહીં. ૮
પાછે જલસોં ન્હાય બિરાજે, વિનતી કરિ રાયે મનસાજે;
દ્રવ્ય સબે અંગીકૃત કરિયે, પ્રભુ બોલે યહ નાહિન
ગ્રહિયે.
ગ્રહિયે નાહિન સ્નાન જલવત, બાંટ સબકો દીજિયે,
બાંટ દીનોં કરિ બિનતિ, મોહિ શરણજુ લીજિયે;
કૃપા કરકે શરણ લીનો, થાર ભરી મોહરેં ધર્યો,
સત્ત લેકેં કહ્યો દૈવી, દ્રવ્ય અંગીકૃત કર્યો. ૯
તહાં તે પંઢરપુર જુ સિધારે, શ્રીવિઠ્ઠલનાથ મિલનકો
પધારે;
ભીમરથીકે પાર મિલે જબ, દોઉ તનમેં આનંદ
બઢયો તબ,
બઢયો આનંદ કરી વિનતી, આપકોં યહ શ્રમ ભયો;
કહિ શ્રી વિઠ્ઠલનાથજીને, મિત્રતાપથ પ્રકટિયો;
ફેર શ્રી ગોકુલ પધારે, નિરખ યમુના હરખહી,
સંગ દમલાદિક હતે, તિનપેં કૃપારસ બરખહીં ૧૦
એક સમે ચિંતા ચિત્ત આઈ, દૈવી કિહિંબિધ જાનીજાઈ;
આસુરીસોં સબ મિલિત સદાહી, ભિન્ન હોય સો
કૌન ઉપાઇ.

ભિન્નકો જબ ચિત્ત ધર્યો તબ, પ્રભુ પધારે તિહિં સમેં;
મધુર રૂપ અનંગ મોહિત, કહત સુધ કીને હમેં;
કરો અબતેં બ્રહ્મકો, સબંધ દૈવી સૃષ્ટિ કો,
પાંચ દોષ ન રહે તાકે, 'નિવેદન' કરો વૃષ્ટિ કો. ૧૧

વચન સુનિ હરખે શ્રીવલ્લભ, યહ આજ્ઞાતેં પરમ અતિ સુલ્લભ;
કંઠ પવિત્રા લે પહરાયે, મિસરી ભોગ ધરિ મન ભાયે.
ભયો ભાયો ચિત્તકો, તબ પુષ્ટિપથકું અનુસરે;
શરણ જે આવત નિરંતર, કાલ-ભયતેં ના ડરે;
પ્રકટ સબ લીલા દિખાવત, નંદ નંદન જે કરી;
અવનિ પર પદ-પદ્મ રાખી પરિક્રમા મિષ ઉર ધરી. ૧૨

ફેરિ પંઢરપુર જબ આયે, શ્રીવિઠ્ઠલનાથ કહી મન ભાયે;
કરિ વિવાહ બહુ રૂપ દિખાઓ, મેરો નામ સુવનકો ધરાઓ.
ધરો ચિત્તમેં બાત યહ, કાશી વિવાહ જુ હોયગો.
મૈં કહ્યો દ્વિજ આય બિનતી, કરે ચરણ સમોયગો;
આય વહાંતે વિવાહ કીનો, અધિક મંગલ તબ ભયો,
નામ ધર્યો 'શ્રીમહાલક્ષ્મી' દેખિ જોરિ દુઃખ ગયો. ૧૩

પરિક્રમા ત્રીજી ચિત્ત આઇ, નિકસ ચલે શ્રીવલ્લભરાઈ;
ઝારખંડમેં પ્રભુને જતાઇ, અબકે મોહિં મિલો મનભાઇ.
મિલેંગે હરિદાસપેં, જહાં તીન દમન કહાવહીં,

ઇંદ્ર, નાગ જુ દેવદમન, સો મેરો નામ ધરાવહીં;
ફેરકે જબ વ્રજ પધારેં, પાંચ સેવક સંગહેં,
સદૂ હે આન્યોરમેં તહાં, દ્વારપેં ઠાડે રહે. ૧૪

સદૂ કહિ સ્વામી કછુ ખેહેં, મેધન કહિ સેવકકો લેહેં;
ઇતને પ્રભુ ગિરિ ઉપર બોલે, લાઈ નરો દૂધ, રહે અનબોલે.
બોલી નરો યહ પાહુને આયે, તિનહિંકો બૈઠારિયે,
પ્રભુ કહત મોહેં બેર લાગત, ભલી ચિત્ત બિચારિયે;
લે ગઈ પય પ્યાય આઈ, દેખ શ્રીવલ્લભ કહ્યો,
બચ્યો હોય કુછ હમેં દીજે, બોલ પહેલોહી ગહ્યો. ૧૫

દેખ નરો બોલી હોં વારી, નામ દીજિયે ગર્વ પ્રહારી;
નામ દીનો પૂછી, 'વે કહાં હૈ', કહિ-પર્વતપર જાઓ તહાંહે'.
તહાં દેખે પ્રાણપતિ તબ, હુલસિ દોઉ તન ફુલહી,
વહી સમે સુખ કહિ ન આવે, પંગુ ગતિ-મતિ ભૂલહી;
હસિ કહ્યો સકુટુંબ આવો, નિકટ રહી સેવા કરો,
માનિ બચન પ્રમાણ કીનો, સાસરે દિશ પગ ધર્યો. ૧૬

કછુક દિન રહી સંગ લે આયે, બસે અડેલમેં નિજ હરખાયે;
સંવત પદ્રહા સડસઠ આયો, આસો વદિ દ્વાદશી શુભ ગાયો.

ગાયો શ્રીગોપીનાથજી, જબ જન્મ લીનો આયકે,
જાનિ બલકો રૂપ હરખિત, દેત દાન બઢાયકે;
ફેરકે ચરણાટ આયે, કછુક દિન રહે જાનકે,
ધન્ય સંવત પંદ્રહા, ધન બહોંતરા શુભ માનકે. ૧૭

પોષ કૃષ્ણ નવમી જબ આઇ, ઘરઘર મંગલ હોત બધાઇ;
શ્રીવિઠ્ઠલનાથ પ્રકટ ભયે સુનિકે, કહત ફિરત આનંદ ગુણ ગનિકે
આનંદ બાઢયો ચહું દિશા, છબિ નિરખિ શ્રીવલ્લભ હસે,
એઉ કછુ મુસકાય ચિતયે, દોઉ હંસન મેરે મન બસે;
તિલક મૃગમદ છિપ્યો હરખિત, કહાંલો ગુણ ગાઇએ,
કૃપાંતે ઉછલિત નિજ રસ, છિપત નાહીં છિપાઇએ ૧૮

શ્રીગોકુલમેં વાસ સુહાયો, શ્રીરૂકિમણી, પદ્માવતી-પતિ ગાયો;
શ્રીગિરિવરધર જિનહીં છબિલો, શ્રીનવનિતપ્રિય અરવિલો.
પ્રિય શ્રીમથુરેશ, શ્રીવિઠ્ઠલેશ, શ્રીદ્વારકેશ જુ,
શ્રીગોવર્ધનધર, શ્રીગોકુલચંદ્રમા, શ્રીમધુરેશ જુ;
શ્રીમદનમોહન અષ્ટ, યહ વિધિ રમણ શ્રીવિઠ્ઠલનાથકે
તાતકો ચિત્ત જાનિ સેવા, વિસ્તરી સબ સાથકે ૧૯

પંદ્રહસેં સત્તાણું કાર્તિક, વિમલ દ્વાદશી મંગલ નિતઢિંગ;

પ્રથમ પુત્ર પ્રકટે શ્રીગિરિધર, ષટ્ગુણ ધર્મી, ધર્મ ધુરંધર.
ધુરંધર ઐશ્વર્ય શ્રીગોવિંદ, પંચદશ નન્યાનવેં,
ઉર્જ શામલ અષ્ટમી શુભ, ગુરૂ સુદિન પ્રકટે જબે;
ઋતુ વિયત શૃંગાર આશ્વન, અસિત તેરસ ભાંજહી,
શ્રીબાલકૃષ્ણજી મહાપરાક્રમી, વસુખસોલેં રાજહી, ૨૦

કવિ સહ સુદિ સાતેં શ્રીગોકુલપતિ,
યશ સ્વરૂપ માલા સ્થાપિત રતિ,
સોરહસેંગ્યારહ કાર્તિક સિત, અર્ક બુધ રઘુનાથ શ્રીસહિત

હેતુ નિજ અભિધાન પ્રકટે, તાત આજ્ઞા માનકે,
તિથિ કલા બુધ મધુ છઠ, વિમલ જ્ઞાન બખાનકે;
શ્રીયદુનાથ પ્રકટે રહ્યો, વિરહ શ્રીઘનશ્યામ સ્વરૂપકે,
સહ કૃષ્ણ તેરસ રવિજ રિક્ષ, સત કલા શ્રીવિઠ્ઠલ-ભૂપકે. ૨૧

ભામિની, રાની, કમલા બખાની, પારવતી, જાનકી મહારાની

કૃષ્ણાવતી મિલિ સાતો કહાયે, યહ અલૌકિક રૂપ મહાયે.
મહાઅલૌકિક અગ્નિકુલ સબ, અલૌકિક અષ્ટ છાપ હૈ,
અલૌકિક સબ ભક્તજન જો, શરણ લીને આપ હૈ;
યથામતિ કછુ બરનિ આઇ, જાનિયો યહ દાસ હૈ,
શ્રીદ્વારકેશ નિરોધ માગે, યહી ફલકી આશ હૈ. ૨૨

* * *

ગોસ્વામી શ્રી દ્વારકેશજી મહારાજ કૃત

'મૂલપુરૂષ'નો ગુર્જરાનુવાદ

આ મૂલપુરૂષનો અનુવાદ આરંભ કરતાં પહેલાં એ શું વસ્તુ છે, તેના સ્વરૂપને ઓતપ્રોત જ્યાં સુધી નહિં જાણીયે ત્યાંસુધી આગળ વધવું નકામું છે નવધા ભકિત કરતાં દશમી પ્રેમલક્ષણાં ભકિત જે શ્રીમદ્દ ગોપીજને કરી તે સર્વોત્કૃષ્ટ છે તે ભકિતના મૂલિયારૂપ આ મૂલપુરૂષ છે. એના ગૌરવને સંપૂર્ણપણે જાણીને પછી આગળ વધવું છે, એમા ઘણાં ઘણાં ભાવો ભરેલા છે તે તમામ જાણવા જોઈએ જેમ મૂલ વિના વૃક્ષ થાય નહિ તેમ આ મૂલપુરૂષ પ્રેમભકિતના મૂલ રૂપ છે. જ્યાં સુધી મૂલ વસ્તુના સ્વરૂપને ઓતપ્રોત પ્રથમ આપણે થઈશું નહિ ત્યાંસુધી તેમાં આપણી રૂચી અથવા સ્નેહ નહિ થાય. પણ જાણ્યા પછી જ થવાનો માટે જાણ્યા પછી આગલ વધવાથી તેમાં સમાયેલા અલૌકિક અમૃત રસનું આસ્વાદન આપણને પ્રાપ્ત થાય તે વિના ન થાય અને અલૌકિક

જે પ્રેમલક્ષણા ભકિતનો સહજ સ્નેહ તેની પ્રાપ્તિ પણ ન થાય. જેમાં સ્નેહ અધિકાધિક તેનું નામજ ભકિત છે. તેની પ્રાપ્તિ પ્રભુ પ્રસન્નતાથી થાય અને પ્રભુ ભકિત મુકિતના દાતા છે કોઈના માથે પ્રસન્નથાય તો તેને મુકિત આપી રવાના કરે છે પણ બનતાં સુધી ભકિત આપતા નથી કારણકે જેને ભકિત રૂપી સ્નેહ આપે તેના આધનમાં આપને રહેવું પડે છે. એ કારણથી ઘણું કરીને ભકિત નથી આપતા પણ પ્રેમલક્ષણા ભકતો મુકિત ચાહતા નહિ હોવાથી તેમને તો ભકિત આપવી પડે છે. તેમાં જ સહજ સ્નેહ સમાયેલો છે. મર્યાદા ભકિતમાં તો મુકિતરૂપી સ્નેહ સમાયેલો છે. તે વિષે નારદપંચરાત્રમાં કહેલ છે કે (મહાત્મ્ય જ્ઞાનપૂર્વસ્તુ સુદૃઢ સર્વતોડધિક સ્નેહો ભકિતરિકિત પ્રોકત તયા મુકિતર્નચાન્યથા) અને પ્રેમલક્ષણા ભકિતના સ્નેહવાલા ભકતો તેવા સ્નેહ વાલી મુકિતને ચાહતા નથી તે વિષે શ્રીમદ્ભાગવતમાં પ્રભુજીયે પોતે જ કહેલ છે કે (મત્સેવયા પ્રતિતંચ સાલોકયાદિ ચતુષ્ટયં નેચ્છંતિ સેવયા પૂર્ણ કુતો ન્યત કાલ વિલુપ્તમ્) તો આવા પ્રકારથી મુકિતરૂપી મર્યાદા ભકિતને ન ઈચ્છનાર પ્રેમલક્ષણા ભકતને સહજ સ્નેહરૂપ ભકિત દેવી જ પડે છે. તે

કારણથી જ ઉપર મૂલાપુરુષને સહજ સ્નેહરૂપ ભકિતના મૂલિયા રૂપ વર્ણવેલ છે વળી હરિ ગુરુ અને ભગવદીય એ ત્રણે એક જ સ્વરૂપ છે તેના વિષે ભકિત પોષણમાં કવિ દયારામ ભાઈએ કહ્યું છે કે (શ્રીકૃષ્ણ શ્રીગુરુ અને ભગદીય એ ત્રણે એકજ સ્વરૂપ । ત્રણ ધારા જેમ સુરસુરી તેમ ભેદ નહિ તદ્રુપ ।। ભેદ નહિ નામ જ માત્ર, જોતાં વિચારી એકજ ગાત્ર ।। સ્નેહેં વિવેકેં સેવો સરે અર્થ અવસર અમૂલ્ય ખૂઓ શિદ વ્યર્થ ।।) અર્થ હરિ ગુરુ અને ભગવદીય એ ત્રણે એકજ સ્વરૂપ છે, તેનું દૃષ્ટાંત આપીસમજાવે છે કે જેમ ગંગાજીની ત્રણ ધારા થઈ હોય તે ગંગાજી રૂપજ છે ગંગાજીપણાથી ભેદ નથી ધારા ભલે જૂદી જૂદી છે પણ ગંગાજી પણાથી અભેદ છે તેમ અહિં નામ ત્રણે જૂદા ભલે છે પણ એ ત્રણે એકજ સ્વરૂપ છે વિચારી જોતાં એ ત્રણે એકજ અંગ છે માટે સ્નેહથી અને વિવેકથી એ ત્રણેની સેવા કરવી તે કર્યાથી સેવા કરનારના અર્થ સરે છે આવો અવસર મલ્યો છે, છતાં સેવા કર્યા વિના રહી વ્યર્થ ગુમાવવો નહિ તો આ દૃષ્ટાંતથી પણ એકતા નક્કી થાય છે તેમાં અભેદ બુદ્ધિ રાખી એ ત્રણેની સેવા કરે તેના સર્વ પ્રકારના અર્થો સિદ્ધ થાય પણ ભેદ ગણવાવાલાના

ન થાય. મૂલપુરુષમાં છેલ્લે એ પ્રસંગ વર્ણવી સિદ્ધ કરા પણ આપ્યું છે. તે સિદ્ધ ક્યારે થાય કે એ ત્રણેમાં અભેદ બુદ્ધિ થાય ત્યારે અભેદ બુદ્ધિ કેમ થાય? મનમાં એ દુ:ખ થવું કે હું અભેદપણાથી પ્રભુનો હોવા છતાં પ્રભુનો થઈ પ્રભુને પોતાના સર્વસ્ત્ર ન ગણતાં ભૂલતો ફરૂં છું તે દશા ભેદ સમજ્યાથી થઈ છે. આવી ગેરસમજ પ્રભુની શરણ પ્રાપ્ત થયા વિના ન મટે તેથીજ કહેલ છે કે (શરણ જે આયે નિરન્તર કાલ ભયતેં ના ડરે) કાલ કર્માદિકનો ભય બ્રહ્માદિક મ્હોટા મ્હોટા દેવો હોવા છતાં તેઓને પણ નથી છોડતો ફકત પ્રભુની શરણ લીધી તે બસ નહિ પણ શરણની ભાવના નિરંતર કહેતા આઠે પ્રહર વિચારતો રહે તેજ કાલાદિકના ભયથી સુક્ત બને છે તે વિષે શ્રીમદ્ભગવદ્ગીતામાં પ્રભુજીયે કહેલ છે કે (સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ, અહંત્વાં સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચ) મૂલપુરુષમાં પાછળ એ ભાવ બતાવેલ છે. વલી ગીતાજીમાં કહેલ છે કે (યદા યદાહિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત ।। અભ્યુત્થાન મધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ) આ મહાવાક્યને અનુસાર પૃથ્વિમાં અધર્મ જ્યારે ફેલાણો ત્યારે

પ્રભુનો પ્રાદુર્ભાવ ભૂતલમાં ચંપારણ્યની પવિત્ર ભૂમિમાં શ્રીમદ્વલ્લભાચાર્ય સ્વરૂપથી અગ્નિકુંડમાં થયો કારણ કે આપ વૈશ્વાનર કહેતાં અલૌકિક અગ્નિનું સ્વરૂપતો છેજ એ પ્રાકટ્ય કેવી રીતે થયું તે વેદશાસ્ત્રમાં કહેલ છે કે જેના કૂળમાં સો સોમયજ્ઞ થાય તેને ત્યાં ભગવત્પાદુર્ભાવ થાય તો શ્રીમહાપ્રભુજીનો પ્રાદુર્ભાવ તૈલંગકુલમાં થયો એમના પૂર્વજો સર્વે અવતારી પુરૂષો હતા તેનું વર્ણન આગલ આવશે તેમાં યજ્ઞનારાયણ ભટને મૂલપુરૂષ કેમ ગણ્યા ? એમના વડીલોને કેમ ન ગણ્યા ? તેનું કારણ એ છે કે ભગવદ્પ્રાદુર્ભાવના કારણરૂપ તેઓજ હતા કારણ કે પ્રથમ સોમયજ્ઞની શરૂઆત તેમણે જ કરી આ કારણને લીધે તેમને મૂલપુરુષ તરીકે ગણ્યા છે તેમણે પહેલો સોમયજ્ઞ કર્યો તે પ્રથમ યજ્ઞની પૂર્ણાહુતિ થતાં તે યજ્ઞકુંડમાંથી સાતમી નિધિ શ્રીમદનમોહનજીયે પ્રકટ થઈ એ આજ્ઞા કરી કે તમારા કુલમાં અમે જન્મ લેશું એમ સૌના સાંભલતાં આજ્ઞા કરી. તે સાંભલી બધાજનો ચક્તિ કહેતાં આશ્ચર્યવંત થઇ કહેવા લાગ્યા કે યજ્ઞો થતા જોયા છે પણ તેમાંથી પ્રભુ પ્રકટ થઈસાક્ષાત દર્શન દઇ પોતાના શ્રીમુખથી આજ્ઞા કરી કે તમારા કુલમા જન્મ લેશું આવો પ્રસંગ કયારે પણ થયો નથી. એવી પ્રભુની વાણી સાંભળતા બધાના મનમાં હર્ષ થયો અને સવળાઓ યજ્ઞનારાયણ ભટને વારંવાર ધન્યવાદ આપવા લાગ્યા.

તે યજ્ઞનારાયણભટ વેદનો અવતાર હતા તેથી માયાવીજનોએ તેમનો પરિહાસ કરી એક પાડાને તેમની પાસે લઈ જઈ કહ્યું કે લોકો તમોને વેદનો અવતાર કહે છે તો આ પાડાને વેદ ભણાવો ત્યારે તેમણે પાડાની તરફ જોઈને કહ્યું કે (ભો ! લુલાય ! વેદાનુચ્ચારય) એટલું સાંભળી તે પાડો વેદનો પાઠ કરવા લાગ્યો. યજ્ઞનારાયણ ભટે ૩૨ સોમયજ્ઞ કર્યા તેઓ સર્વજ્ઞ બધુ જાણનાર હતા. એમની તૈત્રીયશાખા અને ભારદ્વાજગોત્ર હતું એમનો તૈલંગકુલમાં જન્મ હતો તે કુલમાં બ્રાહ્મણોના રાજા તરીકે ઉદિત કહેતાં પ્રાદુર્ભૂત થયા.

તે પછી તેમના પુત્ર ગંગાધર ભટ થયા તે શ્રી ગંગાજીને ધારણ કરનાર મહાદેવજીનો અવતાર હતા તેમણે ૨૮ સોમ યજ્ઞ કર્યા હતા એક સમય અવભૃથ સ્નાન કરતી વખતે એમના કેશોમાંથી જલની ધારા નીકલતી જોઇ ત્યારથી એમને લોકો શીવજીના અવતાર તરીકે માનવા લાગ્યા.

એમના ગણુપતિ ભટ થયા તેમણે ૩૦ સોમ યજ્ઞ કર્યા તેઓએ કાશીની વિદ્વત્ સભામાં ગણુપતિ રૂપે દર્શન દીધા ત્યારથી એમને ગણુપતિનો અવતાર માનવા લાગ્યા.

પછી એમના પુત્ર વલ્લભ ભટ થયા તેમણે પાંચ સોમ યજ્ઞ કર્યા તેઓ સૂર્યનો અવતાર હતા તેથી અર્ધ રાત્રીના સમયમાં મધ્યાનના સૂર્ય દેખાડયા હતા ત્યારથી એમને સૂર્યનો અવતાર માનવા લાગ્યા.

એમના પુત્ર શ્રીલક્ષ્મણુ ભટ થયા તે શુદ્ધ સત્વનો અવતાર પ્રથમ જેમ વસુદેવજી હતા તેમ તેઓ પણુ હતા કારણુકે શુદ્ધ સત્વ હોય તેને ત્યાં જ ભગવદ્ પ્રાદુર્ભાવ થાય તેથી જ એમને ત્યાં પરાત્પર પુરુષોત્તમરૂપ શ્રીવલ્લભ પ્રભુનું પ્રાકટય (બાકી રહેલા પાંચ સોમ યજ્ઞ કર્યા પછી) અગ્નિકુંડમાંથી થયું. કારણુકે આપ વૈશ્વાનર કહેતાં આધિદૈવિક અગ્નિનું સ્વરૂપ છે અને વેદમાં કહેલ છે કે (મુખાદગ્નિરજાયત) આધિદૈવિક અગ્નિની ઉત્પત્તિ પ્રભુનાં મુખમાંથી છે. અહિં સુધી પ્રથમ જાણુવાનો પ્રસંગ પૂરો થયો.

લક્ષ્મણુભટ અક્ષરબ્રહ્મનો અવતાર હતા અને વસુદેવજીની માફક શુદ્ધ સત્વનો પણુ અવતાર હતા જેમ વસુદેવ શુદ્ધ સત્વનો અવતાર હતા તેથી તેને

ત્યાં શ્રીકૃષ્ણુ પ્રકટયા તે પ્રકટ થતાંની સાથે ગોકુલ પધાર્યા તેથી અગ્યાર વર્ષ અને બાવન દિવસ સુધી એમને પુત્રના વિયોગનો વિરહ રહ્યો હતો. વિરહ છે તે પ્રેમલક્ષણુાભકિતનું અલૌકિક તપ તે એમને થયું એનો વિશેષ ખુલાસો (જે વસુદેવ કિયે પૂરણુ તપ સોઇ ફલ ફલિત શ્રીવલ્લભ દેહ) એ વધાઈના અનુવાદમાં આવશે અનુવાદ—પ્રભુ ભક્તિ આગળ તપાદિ સાધન મર્યાદા ભક્તિમાં પણુ ન્યૂન ગણ્યા છે તો અહીં તો પ્રેમલક્ષણુાભકિત જે પુષ્ટિ ભકિતમાં ન્યૂન હોય એમાં કાંઇ આશ્ચર્ય જેવું નથી છતાં આ ઠેકાણે પુષ્ટિસંપ્રદાયનાં કીર્તનમાં તપ કેમ વર્ણવ્યું છે? એક તો એ સંદેહ છે વલી વસુદેવજીયે કયારે અને કિયું તપ કર્યું હતું એના ખુલાસામાં જણાવવાનું કે વસુદેવ દેવકીજીના પહેલાં બે અવતાર થયા છે તેમાં પહેલો અવતાર કશ્યપ અદિતિનો બીજો અવતાર સૂતપા પૃષ્ણિનો અને ત્રીજો વસુદેવ દેવકીનો. એમ ત્રણુ અવતાર થયા છેલ્લા અવતારમાં વસુદેવજી શુદ્ધ સત્વગુણુનો અવતાર હોવાથી એમને ત્યાં ચતુર્વ્યૂહાત્મક સ્વરૂપનો પ્રાદુર્ભાવ મથુરાંમાં કારાગૃહમાં આઠમાં ગર્ભ તરીકે થયો તેજ વખતે પ્રભુજીયે ચતુર્ભુજ સ્વરૂપથી દર્શન દઈ આજ્ઞા કરી જે અમને

ગોકુલમાં નંદયશોદાને ત્યાં મકી આવો કન્યા પ્રકટ થઇ છે તે લાવી રાજા કંસને તે કન્યા આપજે તે કન્યા કંસના માનને મોડસે તે આજ્ઞા પ્રમાણે વસુદેવજી જન્મતાંની સાથે પ્રભુને ગોકુલ પધરાવી આવ્યા અને ત્યાંથી કન્યાને લઈ આવ્યા અને પ્રભુ અગીયાર વર્ષ અને બાવન દિવસ સુધી શ્રીગોકુલમાં રહ્યા ત્યાંસુધી વસુદેવ દેવકીને પ્રભુ વિયોગનું વિરહ દુઃખ જે થયું તે પ્રેમલક્ષણા ભક્તિનું અલૌકિક તપ છે તે તેમણે કહેતાં વસુદેવ દેવકીજીયે અનુભવ્યું તેથી ચોથા જન્મમાં તેઓ શ્રીલક્ષ્મણ ભટ અને ઈલ્લામાંગારૂજી થયા તે વિષે આ મૂલપુરૂષમાં કહેલ છે કે (શ્રીલક્ષ્મણભટ અનુભવ ટેવ શુદ્ધ સત્વ જ્યાં શ્રી વસુદેવ) વળી વસુદેવજીને પ્રભુના વિયોગના વિરહરૂપી અલૌકિક તપ થયું તેથી ચોથા જન્મમાં શ્રીલક્ષ્મણભટજીને ત્યાં પરાત્પર પુરુષોત્તમ સ્વરૂપ શ્રીવલ્લભપ્રભુજીનું દેહ ધરીને પધારવું થયું એ અલૌકિક તપનું અલૌકિક ફલ એમને પ્રાપ્ત થયું. તે પછી પ્રથમ ચરણના ઉત્તરાર્ધમાં કહેલ છે કે (જે ગોપાલ હુતે શ્રીગોકુલમેં સોઈ અબ આય વસે નિજ ગેહ ॥ ૧ ॥) અનુવાદ જેમ શ્રીવલ્લભ પ્રભુ સાક્ષાત પૂર્ણપુરૂષોત્તમના અવતાર પ્રગટ

થયા તેમજ તેમને ત્યાં પ્રગટ થયેલ શ્રીવિઠ્ઠલનાથજી એ પણ પૂર્ણ પુરૂષોત્તમનું જ પ્રાકટ્ય છે તેથી ઉપર કહ્યું છે કે જે ગોપાલ શ્રીગોકુલમાં પ્રથમ જન્મ્યા હતા તેજ સ્વરૂપ ફરી શ્રીવલ્લભપ્રભુના નિજ ગૃહમાં પ્રગટ થયા એટલે શ્રીમહાપ્રભુજી જેમ સાક્ષાત પુરણ પુરૂષોતમ છે તેમ તેમને ત્યાં પ્રકટ થયેલ શ્રીગુસાંઈજી પણ પરાત્પર પૂરણપુરૂષોત્તમનું જ પ્રાકટ્ય છે તેથી પ્રથમાખ્યાનમાં છેલ્લે કહેલ છે કે (પૂરણ બ્રહ્મ શ્રીલક્ષ્મણસુત પુરૂષોત્તમ શ્રીવિઠ્ઠલનાથ) અનુવાદ- અહિં બ્રહ્મ શબ્દ કહ્યો છે તે અક્ષરબ્રહ્મને ઉદ્દેશીને કહેલ છે. જેવી રીતે (વ્યાપક રૂપ અદ્વૈત બ્રહ્મ જે તેજોમય કહેવાય આરજ પંથ અધિકારી મુનિજન તેમાંહે લય થાય) તેમજ અત્રે લક્ષ્મણ ભટજી તો અક્ષરબ્રહ્મનો અવતાર છે. તે પ્રસંગ પ્રથમ પણ કહી ગયા છીએ તેનો પૂરાવો હમણા આપ્યો તેમના કહેતાં શ્રીલક્ષ્મણભટજીના સુત જે મહાપ્રભુજી અને શ્રીવિઠ્ઠલનાથજી એ બંને સ્વરૂપ પુરૂષોત્તમ સ્વરૂપ છે એમ ઉપર વર્ણન કર્યુ છે તે કેમ જે શ્રીલક્ષમણના સુત અને શ્રીવિઠ્ઠલનાથજી એ બે ની વચમાં પુરૂષોત્તમ શબ્દ મૂકયો છે તે દેહરી દીપક ન્યાયથી અને મધ્યમણી ન્યાયથી બન્ને બાજુના

શબ્દોને લાગુ પડે છે. શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજી એ બન્ને પુરૂષોત્તમ સ્વરૂપ છે હવે મધ્ય મણી ન્યાય કોને કહેવાય કે રત્નોનો હાર બનાવ્યો હોય તેમાં વચમાં પદક તરીકે એક જ મણી નાખી હોય તો તે મણી તો એક જ છે છતાં તેનો બન્ને બાજુના રત્નો સાથે સંબંધ છે તેમજ દેહરી દીપક ન્યાય કોને કહેવાય કે બે ઓરડીની વચમાં ઉમરો હોય તેને બ્રજભાષામાં દેહરી કહે છે તેને માથે દીવો એક જ મૂકયો હોય તેનું અજવાળું દીવો એક જ હોવા છતાં બન્ને ઓરડીમાં પડે છે એ બન્ને ન્યાય એક સરખા કહેવાય તેમ અત્રે શ્રીલક્ષ્મણભટજીના સુત અને શ્રીવિઠ્ઠલનાથજી એ બન્ને બાજુના શબ્દોને લાગુ પડે છે માટે એ પિતા પુત્ર બન્ને પુરૂષોત્તમ સ્વરૂપ છે એ નક્કી થયું બાકી એમનો અક્ષર બ્રહ્મનો અવતાર જે ઉપર વર્ણવેલ છે સંબંધમાં જણાવવાનું તે કે અમારા દક્ષિણ દેશમાં વેંકટગિરી માથે શ્રીલક્ષ્મણબાલાજી જે મધ્વસંપ્રદાયના ઇષ્ટ મનાય છે તે પણ અક્ષર બ્રહ્મનો અવતાર છે તે મહાપ્રભુજી અગિયાર વર્ષના થયા ત્યારે આપને પૃથ્વી પરિક્રમાના મિષથી પધારી માયામત ખંડન, દશેદિશામાં દિગ્વિજય, અને દૈવી જીવોનો ઉદ્ધાર પણ કરવો હતો ને પિતાનો સ્નેહ આપ માથે ઘણો હતો તેથી આપ રજાં પણ આપે નહીં અને પિતાની આજ્ઞા મળ્યા વિના આપથી જવાય નહીં પછી કુટુંબ સહિત આપ લક્ષ્મણબાલાજી ગયા ત્યાં લક્ષ્મણ બાલાજીને શ્રૃંગાર ધરાવતા હતા તે વખતમાં લક્ષ્મણ બાલાજીને બગાસું આવતાં લક્ષ્મણ ભટજી સદેહે તેમના મુખમાં લીન થઈ ગયા પછી તેમના ઉત્તરીય ને અગ્નિ સંસ્કાર કરેલા છે તેઓ સત્વ ગુણના અધિષ્ટાતા વિદ્યાના પયોનિધિ કહેતાં સાગર અને એમની ઉજ્વલ કીર્તી જગતમાં પ્રકટ હતી. હવે હયાતી વખતનો પ્રસંગ કહે છે કે તેઓ કહેતાં લક્ષ્મણભટ ગામ કાંકરવાડમાં રહેતા તે જોઈ એમની જ્ઞાતીના સર્વ હર્ષ યુકત બન્યા. પછી પર્વ નામ વૈદિક ઉત્સવ તે મકરનું પર્વ આવતાં પોતાનાં કુટુંબ અને સગાઓને લઇને પ્રયાગ તરફ ચાલ્યા. પ્રયાગ તીર્થ હોવાથી સ્નાનાદિક કરી બ્રાહ્મણોને દાનાદિક આપી. પછી ત્યાંથી પરિકરને લઇ કાશી તરફ ચાલ્યા. (૨) કાશીમાં કેટલા દિવસ રહ્યા પછી ત્યાં ત્રિદંડી સંન્યાસી અનેમ્લેચ્છોનો પરસ્પર ઝગડો ઉઠયો આ કારણથી કાશીથી દક્ષિણ દિશામાં નીકળ્યા તો ત્યાં શ્રીમહાપ્રભુજીનો પ્રાદુર્ભાવ થવાનો

હોવાથી લક્ષ્મણભટજીના મનમાં અપૂર્વ આનંદ થયો અને સારા સુકન થયા. પછી દક્ષિણમાં ચંપારણ્યમાં જ્યારે આવી પૂગ્યા ત્યારે ત્યાં ઇલ્લમારુજીને ત્યાં સાતમેં માસે ગર્ભશ્રવિત થયો તે જણાવ્યું. પછી ચંપારણ્યથી ચૌડાનગરમાં આવીને વસ્યા એટલે મુકામ કર્યો તે વખતમાં જગતમાં સર્વત્ર આનંદ ફેલ્યો અને દશે દિશાઓ જાણે હસતી હોય એવી પ્રફુલ્લિત દેખાણી. એટલામાં જે ઝગડો ઉઠયો હતો તે મટી ગયો અને ત્યાં શાંતિ થઈ ગયાના સમાચાર સાંભળી પાછા કાશી જવા ચૌડા નગરથી નીકળ્યા એટલે રસ્તામાં પાછું તેજ વન ચંપારણ્ય આવ્યું ત્યાં જૂવે છે તો ચાર બાજુ અગ્નિના કુંડના મધ્યમાં બાળક જોઈ માતાજી ઇલ્લમાગારુજી દોડીને સન્મુખ ગયા (૩) આપની માતા જાણી અગ્નિએ બાલક પાસે જવાનો માર્ગ કરી આપ્યો એટલે અગ્નિ કોરે મોરે થઈ ગયો વચમાંથી માતા બાલક પાસે ગયા અને બાલકને પોતાની ઉત્સંગ કહેતા ગોદમાં લીધા અને એમ માનવા લાગ્યા કે મને વિધાતાએ પુત્ર દીધો પછી એ પ્રસંગ પિતા એવા લક્ષ્મણ ભટજીએ સાંભલીને દોડી આવી પુત્રને પોતાના કંઠ સાથે લગાડયા ત્યારે મંગલ મહોત્સવ ત્યાં થવા

લાગ્યો એટલું જ નહીં પણ એ મંગલ મહોત્સવ ભગવદ પ્રાદુર્ભાવ સમ્બન્ધી હતો ત્રણે પુર કહેતાં સ્વર્ગ મૃત્યુ અને પાતાલ અથવા સાત ઉર્ધ્વ લોક સાત અધો લોક અને ભૂવર્લોક એમ ત્રણે લોકમાં કહેતાં ચૌદે લોકનું એક બ્રહ્માંડ કહેવાય છે તેમાં એ મંગલ મહોત્સવ બાઢયો એટલે વધ્યો અને દેવતાઓનાં દુંદુભી વાગવા લાગ્યા. પછી જોતિશીઓને જન્મ કિયા લગ્નમાં થયું છે તે પૂછી બાલક જન્મે ત્યારે વેદ વિધિથી શું શું કરવું જોઇએ તે બધુ સાધવા લાગ્યા એટલે કરવા લાગ્યા. તે દિન કેવો હતો તે કહે છે કે ધન્યવાદ આપવા લાયક સંવત ૧૫૩૫ ની સાલ અને માધો કહેતા વૈશાખ માસ હતો, કૃષ્ણ પક્ષની એકાદસી શ્રીવલ્લભ પ્રભુ પ્રકટ્યા તે પ્રભુના વદન કહેતા મુખના વિલાસ રૂપ છે (૪) પછી શ્રીવલ્લભપ્રભુને લઈને કાશીમાં આવ્યા તેમનું રૂપ અતિશય સુંદર અને નેત્રા પણ સુખના રાસી એવા શોભતા હતા. પછી કાશીમાં રહ્યા તે જ્યારે શ્રીમહાપ્રભુજી સાત વર્ષના થયા ત્યારે તેમને ઉપવીત નામ જનોઈ ધારણ કરાવી અને ત્યારથી વિદ્યાભ્યાસ કરવાને મોકલ્યા. પછી ચારે વેદ અને છયે શાસ્ત્ર ચાર મહિ-

નામાં ભણી લીધાં તેથી તેમના પિતાને આશ્ચર્ય થયું કે, તેઓ કોનું સ્વરૂપ છે એમ મનમાં વિચારના લાગ્યા. પછી જ્યારે લક્ષ્મણ ભટજીને નિદ્રા આવી ત્યારે સ્વપ્ન દ્વારા પ્રભુએ જણાવ્યું જે તમે સંદેહ કેમ કરો છો પ્રથમ સોમયજ્ઞ યજ્ઞનારાયણ ભટે કર્યો હતો ત્યારે યજ્ઞકુંડમાંથી અમે વાણી કહી હતી જે તમારા કુળમાં પ્રગટ થશું એમ આજ્ઞા કરી હતી એ આજ્ઞાને અનુસાર હમણા અમે પ્રકટ્યા છીએ અને જ્યારે શ્રીલક્ષ્મણભટજી જાગ્યા ત્યારે સ્વપ્નની હકીકત પોતાના પત્નિ એવા ઇલ્લમાંગારૂ પાસે કહી અને અનુરાગ અર્થાત્ સ્નેહ સંયુક્ત કહ્યું કે તેઓ પૂર્ણબ્રહ્મનું સ્વરૂપ છે. તો સ્વપ્ન દ્વારા પ્રભુના વચન સાંભળી શ્રીલક્ષ્મણભટના મનમાં થયું કે આપનું ભૂતલને વિષે પધારવું માયા મત ખંડન કરવાને અર્થે થયું છે તે કાર્ય હવે સુલભતાથી થશે. એ પછીની હકીકત આમાં વર્ણવી નથી મારા ધ્યાનમાં છે તે કહી સંભળાવું છું શ્રીમહાપ્રભુજી જ્યારે અગ્યાર વર્ષના થયા ત્યારે પ્રભુના મનમાં થયું જે એમના દ્વારા ઘણા કાર્યો કરાવવાના છે.

પણ આપની માથે પિતાનો અતિશય સ્નેહ છે

તે ઉપર વર્ણન કર્યો માટે ઘરથી નીકળવું જોઇએ નીકળ્યા વિના એ કાર્યો થાય નહીં પિતાની પ્રીતી એમના માક્ષે ઘણી હોવાથી પિતા રજા આપે નહીં અને પિતાની રજા વિના ઘરથી નીકળાય નહીં તેથી પ્રભુએ પ્રેરણા કરી એમને લક્ષ્મણબાલાજી મોકલ્યા ત્યાં જઈ લક્ષ્મણબાલાજીને શ્રૃંગાર ધરાવતા હતા તે વખતમાં બાલાજીને બગાસૂં આવતા લક્ષ્મણભટજી (તેમના અક્ષરબ્રહ્મનો અવતાર હોવાથી) સદેહ એમના મુખમાં લીન થઇ ગયા પછી એમના ઉપરણાને અગ્નિ સંસ્કારાદિ ક્રિયા થઈ આ બધુ કાર્ય ભગવાદિચ્છાથી બન્યું. તે પછી ત્યાંથી આપ દક્ષિણ વિદ્યાનગરમાં આપનું મોસાલ હતું ત્યાં પધાર્યા. ત્યાં મામાએ દીઠા અને આદર કરી ભાણેજને પોતાના ઘરમાં પધરાવ્યા. તે ગામ ક્રિયું હતું તે કહે છે કે તે ગામ વિદ્યાનગર હતું ત્યાંનો રાજા કૃષ્ણદેવ નામનો બ્રાહ્મણ હતો તે ધર્મજ્ઞ અને વિદ્વાન હતો તેથી તેને ત્યાં માયાવાદાદિ સાતસો મતવાદિયો ભેગા થયા હતા. અને શાસ્ત્રનો દ્વન્દ ઉઠાવ્યો હતો તે વખતમાં માયાવાદની ઘણી પ્રબલતા હતી પણ કૃષ્ણદેવ રાજા તો ધર્મજ્ઞ હતો પણ શ્રીમહાપ્રભુજીનો મામો નામે વિદ્યાભુષણ એ રાજા કૃષ્ણદેવનો દાના-

ધ્યક્ષ હતો તે પોતે માયાવાદી હતો કૃષ્ણદેવ રાજાએ એવું પણ લીધું હતું જે આ શાસ્ત્રના ઝગડા શાસ્ત્રાર્થ કરી જે જીતે તેને સો મણ સુવર્ણના ફૂલોથી કનકાભિષેક કરાવવો અને સુવર્ણના સિંહાસન માથે પધરાવવાં એમ નિશ્ચય કર્યો હતો. પણ શ્રીમહાપ્રભુજી મામાને ઊતર્યા હતા ત્યાં તે માયાવાદી હોવાથી તેના પક્ષના લોકો મામા પાસે આવી વાર્તાલાપ કરતાં તેમાં તે માયાવી હોવાથી તેનો પક્ષ માયાવાદમાં જોઇ શ્રીમહાપ્રભુજીએ મામાને પૂછ્યું જે શાસ્ત્રનો શું ઝગડો ચાલી રહ્યો છે ત્યારે મામાએ કહ્યું જે વૈષ્ણવ સંપ્રદાયનો અને માયાવાદીઓનો ઝગડો છે તેમાં વૈષ્ણવ સંપ્રદાયવાલા હારમાં છે અને માયાવાદી જીતમાં છે કારણ કે તેઓમાં યુક્તિ બળ ઘણું છે તેથી જીતમાં છે ત્યારે આપે કહ્યું કે શું વૈષ્ણવ સંપ્રદાયવાળામાં યુક્તિ નથી? વૈષ્ણવ સંપ્રદાય તો અમારો છે અને તે જ સર્વોપર છે અમે સભામાં શાસ્ત્રાર્થ કરવા આવીશું એમ આજ્ઞા કરી મામો પોતે માયાવાદી હોવાથી તેને તે ન રુચિ તેમ સવારના મામાએ અરોગવાનું કહ્યું હતું ત્યારે તે માયાવાદી હોવાથી આપે ના પાડી કહ્યું અમે સ્વયંપાકી કહેતા પોતાંના હાથે પાક સિદ્ધ

કરી લેનારા છીએ એમ કહેલ એકતો એ વાતનું મામાને દુઃખ હતું ઉપરથી ઉપરની વાતનું દુઃખ થયું ત્રીજું રાજા તરફથી દાનાધ્યક્ષપણાનો અધિકાર હતો તેનું અભિમાન હતું તેથી તેણે ભાણેજને કહ્યું રાજાનો દાનાધ્યક્ષ તો હું છું સભામાં જોઈએ કેમ આવશો તે હું જોઈ લઇશ એવા ગર્વ ભરેલા વચન કહ્યા હતા છતાં આપ તો (સમુદ્ર કોટિ) ગંભીર હોવાથી સહન કરી લઈ મામાને ત્યાં રાત્રીના પોઢયા હતા ત્યાં અર્ધીરાતને સમયે શ્રીનાથજી પધાર્યા તે સમયમાં શ્રીમહાપ્રભુજી પોઢયા હતા તેથી તેના કેશ દાબીને શ્રીનાથજીએ જગાડયા અને આજ્ઞા કરી કે મામાનાં ગર્વિત વચન સાંભળી તેને ત્યાં કેમ પોઢયા છો? માટે હમણા ને હમણાં પધારો. પ્રભુની આજ્ઞા થતાં અર્ધી રાત્રે ગામ બહાર તલાવ ઉપર મુકામ કર્યો પછી બીજે દિવસે સભામાં પધારવાનો સમય થયો ત્યારે તે આકાશ માર્ગે એટલે અંતરીક્ષથી પોતાના કમંડળને ખબર કરવા મોકલ્યો પછી પોતે પધાર્યા પણ આગલે દિવસ આપના મામાએ રાજાને કહ્યું કે ઘણા દિવસનો ઝગડો આવતી કાલ ચૂકવવાનો છે માટે કોઈ નવો બ્રાહ્મણ સભામાં ન આવી શકે તેનો પ્રબંધ થવો જોઈએ ત્યારે રાજા

કૃષ્ણદેવે કહ્યું કે તમે મારા દાનાધ્યક્ષ છો કોઈને આવવા દેવાં ન દેવાં કે દાન દેવરાવવું કરવું તે સર્વે તમારા હાથમાં છે માટે જે પ્રબંધ કરવો ઘટે તે તમે જ કરો તે ઉપરથી મામાએ રાજાના દ્વારપાલોને કહી દીધું કે આવતી કાલે ઝગડાનો ચૂકાદો થવાનો છે માટે હવે કોઈ નવા બ્રાહ્મણને આવવા દેશો નહીં એમ આગલે દિવસે આપનાં મામાએ કહી રાખેલ છતાં આપ જ્યારે પધાર્યા ત્યારે આપનું અતિશય તેજ જોઈ ભૃત્યો કહેતાં દ્વારપાલો રાજા પાસે દોડી જઈને કહ્યું કે કોઈ મહાન તેજસ્વી આવ્યા છે તે સાંભળી રાજા સામો આવી આપને વિનતી કરી પધરાવી ગયો અને આપને પાછી વિનતી કરી જે આપદુષ્ટ મત હોય તેનું વિદારણ કહેતાં ખંડન કરો. (૭) રાજાની વિનતી સાંભળી હાથીના જેવી મલપતી ચાલથી સભામાં પધાર્યા એમની કૃપાથી જે દુર્લભ હોય તે સુલભ થઈ પડે. સૂર્ય જ્યારે ઉદય થાય ત્યારે તેનું અજવાળું જેમ સર્વત્ર ફેલે તેમ અલૌકિક સૂર્ય એવા શ્રીમહાપ્રભુજીના પધારવાથી આખી સભા ઉઠી ઉભી થઈ આપનો સત્કાર કર્યો. પછી જ્યારે આપે માયામતનું ખંડન કર્યું ત્યારે ફરી આખી સભા ઉભી થઇને આપની જય જય

થાઓ એવા શબ્દો ઉચ્ચાર કરવા લાગ્યા કારણ કે ભૂતલને વિષે આપે ભક્તિપથનું મંડન કર્યું. પછી રાજાએ પણ પોતાનું મસ્તક આપને નમાવ્યું. પછી રાજાએ કનકાભિષેક કરાવ્યો ત્યારે ત્યાં પરમ મંગલ વરતાવા લાગ્યો. (૮) કૃષ્ણદેવ રાજાએ સો મણ સુવર્ણ કૂલો વડે કનકાભિષેક કરાવી લીધા પછી શુદ્ધોદક સ્નાન કરીને આપ જ્યારે બિરાજ્યા ત્યારે રાજાના મનમાં એ અભિલાષા હતી જે કનકાભિષેકનું દ્રવ્ય સર્વે આપ અંગીકાર કરે. તેથી તે સ્વીકારવા આપને રાજાએ વિનતી પણ કરી ત્યારે આપે આજ્ઞા કરી કે કનકાભિષેકનું દ્રવ્ય અમારા સ્નાન જલવત્ છે તેથી તે અમે લેશું નહીં માટે સભામાં આવેલા બ્રાહ્મણોને વાંટી આપો પછી કનકાભિષેકનું દ્રવ્ય આપની આજ્ઞા પ્રમાણે બ્રાહ્મણોને વાંટી આપ્યું ત્યાર પછી પોતાને શરણે લેવાની રાજાએ વિનતિ કરી ત્યારે તે વિનતી સાંભળી એમના ઉપર કૃપા કરીને રાજાને શરણે લીધો ત્યારે રાજાએ સોના મહોરોનો થાલ ભરી આપને ભેટ કર્યો તેમાંથી સાત મહોર દૈવી હતી તે આપે અંગીકાર કરી કે જેના નૂપુર શ્રીનાથજીને અંગીકાર કરાવ્યા તે અદ્યાપિ પર્યંત દર્શન આપે છે (૯) તો આવી રીતે વિદ્યા નગરમાં માયામત ખંડન દ્વારા દિગ્વિજય કરી ત્યાંથી

ાપ પંઢરપુર પધાર્યા છે ત્યારે પાન્ડુરંગ શ્રીવિઠ્ઠલ-
ાથજી સામા આપને મલવાને પધાર્યા છે ત્યાં
ીમરથી નદી છે તેને સામે પાર આવીને જ્યારે
ાન્ડુરંગ શ્રીવિઠ્ઠલનાથજી શ્રીમહાપ્રભુજીને મળ્યા
ત્યારે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી જે અમે ત્યાં
પધારતા હતા પણ સામાં પધારવાનો શ્રમ તમે કેમ
લીધો ? તેના જવાબમાં શ્રીવિઠ્ઠલનાથજી કહે છે કે
મિત્ર આવે તો તેની સામે જઈ મળવું જોઈએ
એ મિત્રતા પથની રીતી અમે પ્રકટ કરી છે એમાં
નવાઇ કરી નથી પરસ્પર આનંદ થયો પછી ત્યાંથી
શ્રીગોકુલ પધાર્યા ત્યાં શ્રીયમુનાજીના દર્શન કરી હર્ષ
યુક્ત વન્યા સાથે દામોદરદાસ આદિ વૈષ્ણવો હતા
તેના માથે કૃપારસની વૃષ્ટિ આપ કરતા હતા
(૧૦) ગોકુલ આવ્યા પછી ગોવિંદ ઘાટની બેઠકે
આપને ચિંતા ઉત્પન્ન થઈ જે દૈવીજીવોના ઉદ્ધાર
અર્થે અમારૂં પધારવું થયું છે પણ દૈવીજીવો તો
આસુરી જીવોને મલી આસુરી જેવા બની ગયા છે
એ જૂદા થવાને શું ઉપાય કરવો દૈવી આસુર પ્રાય
બનવાથી ઓલખાતા પણ નથી એમને ભિન્ન કરવાનું
જ્યારે શ્રીમહાપ્રભુજીયેં ચિત્તમાં વિચાર્યું ત્યારે તેજ
વખતે પ્રભુ પધાર્યા છે તેમની રૂપ માધુરીનું વર્ણન

કરે છે કે આપનું મધુરૂં રૂપ હતું તે કેવું કે સૌથી શોભાવાલો જે કામદેવને પણ આપની શોભાને જોઈ મોહ પ્રાપ્ત થયો આવા સ્વરૂપથી પધારી શ્રીમહાપ્રભુજીને કહ્યું અમને કેમ યાદ કર્યા પછી મહાપ્રભુજીને પ્રભુજીએ આજ્ઞા કરી જે દૈવી સૃષ્ટિને તમે બ્રહ્મસંબંધ કરાવો જેમને તમે બ્રહ્મસમ્બન્ધ કરાવશો તેના પાંચે પ્રકારના મુખ્ય દોષ નહીં રહે જ્યારે પાંચ મુખ્ય દોષો નિવૃત થઇ જશે તો ક્ષુદ્ર દોષો નિવૃત્ત થાય તેમાં શું નવાઇ પછી રસની વૃષ્ટિથી નિવેદનનું અનુસંધાન કરાવો (૧૧) તો પ્રભુજીએ પ્રકટ થઇ આજ્ઞા કરેલા વચનોને સાંભળી શ્રીમહાપ્રભુજી હર્ષ યુક્ત થયા કારણકે આપની આજ્ઞા પ્રમાણે કરવાથી પરમ સુલભતા થશે પછી પવિત્રા બારસને માટે સિદ્ધ કરી રાખેલું પવિત્રું પ્રભુને એકાદસીની રાતના ધરાવ્યું અને સિદ્ધ કરી રાખેલી મિશ્રી પ્રભુને ભોગધરી ત્યારે આપના મનનું ધાર્યું થયું. અને જ્યારે પુષ્ટિનું અનુસરણ કરવા લાગ્યા ત્યારે ચિત્તનુ ધાર્યું થયું. શરણે જે જન આવીને શરણની ભાવના નિરંતર વિચારતા રહે તે કાલાદિકના ભયથી પણ ડરતો નથી. શરણુ આવેલા જનને સારસ્વત કલ્પની લીલા જે નંદનંદને

કરી હતી તે પ્રકટ દેખાડી. પૃથ્વી ઉપર પરિક્રમાના મિષથી ચરણાર્વિંદ ધારણ કરી તે મિષથી પૃથ્વીનો ઉદ્ધાર કર્યો (૧૨) પાછા બીજી વાર જ્યારે પંઢરપુર પધાર્યા ત્યારે શ્રીવિઠ્ઠલનાથજીના મનમાં આવ્યું તે કહ્યું જે હમણા તમે એકજ સ્વરૂપથી દર્શન આપો છો માટે વિવાહ કરી સંતતિ દ્વારા બહુરૂપ દેખાડો અને અમારૂં નામ છે તે તમારા પુત્રનું ઘર જે તે વાતને ચિત્તમાં ધારણ કરો ત્યારે શ્રીમહાપ્રભુજીએ કહ્યું અમે બ્રહ્મચારી છીએ અમને કન્યા કોણ દેશે ત્યારે શ્રીવિઠ્ઠલનાથજીએ કહ્યું જે તમે કાશી પધારો કાશીમાં તમારો વિવાહ થશે ત્યાં તમારી જ્ઞાતિનો બ્રાહ્મણ છે તે સામો આવી વિનતી કરી પોતાની કન્યા તમને આપસે ત્યારે આપ પંઢરપુરથી કાશી પધારી વિવાહ કર્યો ત્યારે અધિક મંગલ થયું અને તેમનું નામ મહાલક્ષ્મી ધર્યું તે જુગલ સ્વરૂપના દર્શન કરે તેના દુઃખ જાય (૧૩) તે પછી કહેતાં વિવાહ કર્યા પછી ત્રીજી પરિક્રમાં કરવી એમ આપે ચિત્તમાં વિચાર્યું અને તે કરવા નીકલી પડયા ત્રીજી પરિક્રમા કરતાં જ્યારે જારખંડ સુધી આવ્યા ત્યારે પ્રભુએ જણાવ્યું જે હવે અમને આવીને મલો અમે હરિદાસ એવા શ્રીગિરિરાજજી માથે મલસું ત્યાં ઇન્દ્રદમન નાગદમન અને દેવ દમન એ ત્રણ નામથી પ્રસિદ્ધ છીએ ત્યારે જારખંડમાં પરિક્રમાં રાખીને આપ વ્રજમાં ફરી પધાર્યા છે ત્યારે આપની સાથે પાંચ સેવક હતા અને સદૂપાન્ડે આન્યોરમાં હતા ત્યાં તેના દ્વાર ઉપર આપ જ્યારે આવી પૂગ્યા ત્યારે સદુપાન્ડેનો એવાં નિયમ હતો જે એના ઘર આગળ આવેલો કોઇ પણ ભૂખ્યો ન જઇ શકે તે સબંધનું અભિમાન પણએમને સૌને હતું જે અમારા ઘર આગળથી કોઇ ભૂખ્યો નથી જઇ શકતો આવે તેને ખાનપાનથી સંતુષ્ટ કરીને મોકલતા આ કારણથી આપ જ્યારે આન્યોરમાં સદુપાન્ડેના દ્વાર પાસે આવી પૂગ્યા ત્યારે સદુપાન્ડેએ આપને વિનતી કરી કે સ્વામી કાંઇ આરોગશો ત્યારે કૃષ્ણદાસ મેઘને જવાબ આપ્યો જે તેઓ પોતાનો જે સેવક હોય તેનું જ લે છે સેવક વિના અન્યનું લેતા નથી. એટલામા શ્રીનાથજીએ પવર્ત ઉપરથી હેલો કરી નરો બાઈ જે સદૂપાંડેની દીકરી હતી તેને દૂધ અરોગાવવા માટે બોલાવી કહ્યું કે દૂધ લાવ્યા વિના હજી સુધી અણબોલી કેમ રહીં ત્યારે નરોબાઈએ જવાબ દીધો જે ઘરમાં પરોણા આવ્યા છે તેમને બેસાડવા વગેરેની આગતા સ્વાગતા કરું છું ત્યારે શ્રીનાથજીએ કહ્યું અમને અવાર થાય છે

માટે ચિત્તમાં વિચારીને તરત આવ ત્યારે નરોબાઈ દૂધ લઈ જઈ આપને આરોગાવીને પર્વતની નીચે આવી ત્યારે શ્રીમહાપ્રભુજીએ કહ્યું જે કટોરામાં પ્રસાદી દૂધ બચ્યું હોય તે અમને આપો એવો બોલ આપે કહ્યો (૧૫) પછી નરોબાઇએ આપને કહ્યું જે હે ગર્વગંજન કરનારા અમને નામ આપો એમ કહેવાનું કારણ એ હતું જે અમારા ઘરથી કોઇ ભુખ્યું નથી જાતું તે સંબંધનું અભિમાન અમને હતું ને તમો સેવક વિના અન્યનું લેતા નથી એટલે તમને લેવરાવી શકયા નહીં એ મિષથી અમારો ગર્વ હર્યો માટે આપને ગર્વપ્રહારી કહ્યા પછી તેમને કહેતાં સદ્દૂપાંડે નરો અને ભવાનીને નામ આપી પૂછયું જે શ્રીનાથજી કયાં બિરાજે છે ત્યારે નરોબાઇ એ કહ્યું જાઓ પર્વત માથે બિરાજે છે. પછી તે દિવસ તો આપ આન્યોરમાં રાત રહ્યા અને શ્રીનાથજીના પ્રાકટયના પ્રસંગમાં પૂછયું તે સદ્દૂ પાંડેએ કહી સંભળાવ્યું કે અહીં શંકા થાય છે કે આપ અંતર્યામિ હોવા છતાં કેમ પૂછયું ? એનું કારણ એ છે જે આપનું અંતરનું જાણેલું વાર્તા પ્રસંગમાં ન આવે તો પાછલા જીવોને એ રસનું

પાન કેમ થાય તેને માટે પૂછયું તે સવાલ જવાબ વાર્તા પ્રસંગમાં લખાણો તો તે રસનું પાન પાછળના જીવો એવા આપણને મળે છે નહીં તો કયાંથી મળત માટે પૂછયું છે પછી બીજે દિવસ શ્રીમહાપ્રભુજી પર્વત માથે પધારી પ્રાણપતિને દીઠા પરસ્પર બન્નેના તન પ્રફૂલ્લિત થયા બન્નેનો મિલાપ થયો તે વખતમાં અનિર્વચનીય સુખ થયું પાગલો જેમ ગતિ ગાત ભૂલી જાય તેવી દશા થઇ પછી હસીને શ્રીનાથજીએ કહ્યું કે તમે હવે સહકુટુંબ નિકટમાં આવી સેવા કરો એમ શ્રીનાથજીએ કહ્યું ત્યારે પ્રભુના વચન માની મહાલક્ષ્મીજીને પધરાવી લાવવા દંડવંત કરીને સાસરાની દિશા જે કાશી તે તરફ પધાર્યા (૧૬)

થોડા દિવસ રહી શ્રીમહાલક્ષ્મીજીને સાથે લઇ આવી અડેલમાં નિવાસ કરીને વસ્યા અને હર્ષ યુક્ત બન્યા પછી સવંત પંદરસેસડસઠની સાલ આવી ત્યારે વ્રજની આસો વદી ૧૨ એટલે ગુજરાતી ભાદરવા વદી ૧૨ દિવસે શ્રીમહાપ્રભુજીને ત્યાં મોહોટા પુત્ર શ્રીગોપીનાથજીનું પ્રાકટય થયું તેઓશ્રી શ્રીબલદેવજીનું સ્વરૂપ જાણી દાનાદિક દેવા લાગ્યા. તે પછી ચરણાટ આવ્યા ત્યાં સંવત ૧૫૭૨ની શુભ સાલ જયારે આવી (૧૭) તે સાલમાં

વ્રજની પૌષ ગુજરાતી માર્ગશિર્ષ વદી નવમી આવી ત્યારે ઘરોઘર મંગલ વધાઇ થાવા લાગી. શ્રીવિઠ્ઠલનાથજીનું પ્રાકટ્ય થયું સાંભળીને અને એક બીજાને કહીને ગુણીજનો અને ગુણીકો કહેતાં જ્યોતિષિઓ આનંદ કરવા લાગ્યા. તે આનંદ પણ ચારે દિશામાં વૃદ્ધિગત થયો અને શ્રીવિઠ્ઠલનાથજીની છબી કહેતાં સુંદરતા જોઈ શ્રીમહાપ્રભુજી હસ્યા તે જોઇ મુસ્કરાઇને શ્રીવિઠ્ઠલનાથજીએ આપની સામે જોયું તે બંને સ્વરૂપનું હસવું મારા મનમાં વસો એમ શ્રીદ્વારિકેશજી આજ્ઞા કરે છે. વળી આપને જન્મતાંની કરતુરીનું સામે તિલક છાપેલું હતું અને આપ હર્ષ યુકત હતા એવા શ્રીગુસાંઇજીના ગુણ ગણનો પાર નથી તેથી તે કયાં સુધી ગાઇએ. કૃપા દ્વારા જાણે આપનો રસ ઉછાલા મારતો હોય અને તેને છાનો રાખવાને ચાહિએ પણ છાનો રહી શકતો નથી (૧૮) એ શ્રીગુસાંઇજીએ વધારે ભાગે શ્રીગોકુલમાં નિવાસમાં કર્યો છે એમના પ્રથમ વહુજી શ્રીરુકિમણી વહુજી પછીના પદ્માવતી વહુજીના એ પતિ હતા. તે પછી સાત સ્વરૂપ ને સાતનિધિઓ તે ગણાવે છે પ્રથમતો શ્રેષ્ઠ એવા શ્રીગિરિરાજજીને ધારણ કરવા વાલા છબીલા એવા શ્રીગોવર્ધનનાથજી બીજા

અલબેલા એવા શ્રીનવનીતપ્રિયાજી શ્રીમથૂરેશજી શ્રીવિઠ્ઠલેશજી શ્રીદ્વારિકાધીશજી શ્રીગોકુલનાથજી શ્રીગોકુલચંદ્રમાજી અને શ્રીમદનમોહનજી એમ આઠ સ્વરૂપો શ્રી વિઠ્ઠલનાથજીના રમણરૂપછે અને આપના સાતે લાલજીઓએ તાતનું હિત જાણીને ઉપર વર્ણવેલા આઠે સ્વરૂપની સેવા સૌ કરવા લાગ્યા. ॥૧૯॥ તે પછી સંવત ૧૫૬૭ના કાર્તિક સિત એટલે શુકલ પક્ષની સુદી એવી દ્વાદશી મંગલવારના પ્રથમ પુત્ર શ્રીગિરિધરજીનું પ્રાકટ્ય થયું તેઓ કેવા હતા તે કહે છે કે ભગ નામ છ ગુણોનું છે તે જેમાં હોય તે ભગવાન કહેવાય તે ગુણો કિયાકે ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ છએ ગુણ શ્રીગિરિધરજીમાં હતા એથી એમને ધર્મિ સ્વરૂપ કહ્યા અને ધર્મના પણ ધુરંધર કહ્યા તેથી શ્રીગિરિધરજીનું પણ સાક્ષાંત પૂર્ણ પુરુષોત્તમત્વ સૂચન કર્યું છે આપમાં પ્રભુનાં છએ ગુણ પૂરા હતા તો શ્રીગુસાંઇજીની સાત લાલજીમાંથી શ્રીગિરિધરજીનું વર્ણન ઉપર આવ્યું એમના સિવાય બાકીના છ લાલજી એકુકો ધર્મ કહેતાં ગુણ ક્રમ પ્રમાણે આવશે હવે બીજા લાલજી શ્રીગોવિંદરાયજીમાં પ્રભુનો પહેલો ગુણ ઐશ્વર્ય ગુણ આપ-

માં પ્રકટ હતો એઓ સંવત ૧૫૯૯ની સાલ ઉર્જ કહેતાં ગુજરાતી કાર્તિક અને શામલ કહેતાં કૃષ્ણ પક્ષની ૮ ગુરૂવાર જેવા સારા દિનમાં પ્રકટયા તે પછી ત્રીજા લાલજી શ્રીબાલકૃષ્ણલાલજીના પ્રાકટયની સંવત સંજ્ઞાથી બનાવી છે તે એ જે ઋતુ કહેતાં ઋતુઓ છ થાય છે માટે ઋતુ શબ્દથી ૬નો આંક સૂચન કર્યો પછીનો શબ્દ વિયત કહેતાં ૦ સૂન્ય તે પછી શૃંગાર શબ્દે ૧૬નો આંક સમજવો કારણ શૃગાર સોલ પ્રકારના કહેવાય છે તો ૧૬૦૬ની સાલ થઈ અને વ્રજનો આસુજ એટલે આશ્વિન તે ગુજરાતી ભાદરવા માસની અસિત કહેતાં કૃષ્ણ પક્ષની ૧૩ને દિવસે શ્રીબાલકૃષ્ણજી પ્રકટયા તે પ્રભૂના છ ગુણોમાંથી બીજા ગુણ વીર્ય ગુણનું પ્રાકટય હોવાથી મહાપરાક્રમી શબ્દ અત્રે કહ્યો છે. (૨૦) હવે ચોથા લાલજીની સંવત સંજ્ઞાથી બતાવે છે કે (વસુ શબ્થી આઠનો આંક સૂચન કર્યો તે પછી વસુની જોડે ખ છે તેનો અર્થ આકાશ અથવા શૂન્ય છે તે પછી સોલે રાજહીં કહેલ છે એટલે સંવત ૧૬૦૮નો થયો કવિ શબ્દથી માર્ગશિર્ષ માસનું સૂચન કર્યું છે અને સુદી સાતમના શ્રીગોકુલનાથજીનું પ્રાકટય છે તેઓ યશ ગુણોનું પ્રાકટય

છે અને માલા તિલકનું તેમણે રક્ષણ કર્યું છે તે પછી પાંચમાં લાલજી શ્રીરઘુનાથજીની સંવત ૧૬૧૧ કાર્તક સિત કહેતાં સુદ હવે તિથી સંજ્ઞાથી બતાવી છે તે અર્ક નામ સૂર્યનું છે સૂર્યતે બારે રાશીમાં ભ્રમણ કરે છે તેથી તિથી દ્વાદશી સૂચન કરી છે અને વાર બુધવારના શ્રીરઘુનાથજીનું પ્રાકટય થયું તેઓ પ્રભુના શ્રીગુણનું પ્રાકટય છે અને તાત એવા શ્રીગુસાંઈજીની આજ્ઞાથી નંદદાસના મોટાભાઈ તુલસીદાસ જે પોતાના અનન્ય ભક્ત તેમને રામચંદ્ર અને જાનકીજીના દર્શન દેવાને અભિધાન કહેતાં માટે જેમનું પ્રાકટય છે એવા શ્રીરામચંદ્રજીનું પણ સ્વરૂપ છે. તેમજ અમના વહુજીનું નામ જાનકી વહુજી છે તે સીતાજીનું પણ એ જ નામ છે અને નામ અનુસાર તેમનું પ્રાકટય છે એટલે જુગલ સ્વરૂપ રામચંદ્ર જાનકીજીના અવતાર છે શ્રીરઘુનાથજીના વિવાહ થયા તે વખતમાં પરણીને જુગલ સ્વરૂપ ઘેર આવેલા હતા તે જ વખતમાં તુલસીદાસજી વ્રજમાં આવેલા તે જ વખતમાં શ્રીગુસાંઇજીએ ઉપર જણાવેલી આજ્ઞા એદંપતીને કરી જે તમારા અનન્ય ભકતને દર્શન આપો ત્યારે જ તુલસીદાસને શ્રીરઘુનાથજીએ રામચંદ્રજીના સ્વરૂપથી અને જાનકી વહુજીએ સીતાજીના

સ્વરૂપથી સાક્ષાત દર્શન આપ્યા છે. તે પછી શ્રીગુંસાંઈજીના છઠ્ઠા લાલજી શ્રીયદુનાથજીના પ્રાકટયનું સંવત સંજ્ઞાથી બતાવે છે તે એ જે તિથી પનર અને કલા સોલ એટલે સંવત ૧૬૧૫ના મધુ કહેતા ચૈત્ર વિમલ કહેતાં સુદી છઠ અને બુધવારના પ્રભુના જ્ઞાન ગુણનું પ્રાકટય છે. તે પછી શ્રીઘનશ્યામજી છે તે વિરહ ગુણનું પ્રાકટય છે તેની તિથી વાર અને સંવત બધુ સંજ્ઞાથી વર્ણન કરે છે કે સહ કહેતાં વ્રજનો માર્ગશિર્ષ માસ કૃષ્ણ પક્ષ કહેતાં વદી ૧૩ વાર કિયો તે સંજ્ઞાથી કહે છે કે રવિ જ કહેતાં રવિ નામ સૂર્યનું છે તેના પુત્ર શનિશ્વરા છે માટે વાર શનિવાર હવે સંવત કિયો તે સંજ્ઞાથી કહે છે કે રીક્ષ કહેતાં નક્ષત બધા મળી ૨૮ અને કલા ૧૬ તે શત કલા એટલે સોલસો એમ સંવત ૧૬૨૮નો છે એવી રીતે સપ્ત કલા શ્રીવિઠ્ઠલ ભૂપના હતા. (૨૧) શ્રીગુસાંઈજીના પ્રથમ લાલજી શ્રીગિરિધરજીના વહુજીનું નામ શ્રીભામિની વહુજી બીજા લાલજી શ્રીગોવિંદરાયજીના વહુજીનું નામ શ્રીરાણી વહુજી છે અને ત્રીજા લાલજી શ્રીબાલકૃષ્ણલાલજીના વહુજીનું નામ શ્રીકમલાવતી વહુજી છે ચોથા લાલજી શ્રીગોકુલનાથજીના વહુજીનું નામ શ્રીપાર્વતી વહુજી

છે પાંચમાં લાલજી શ્રીરઘુનાથજીનાં વહુજીનું નામ શ્રીજાનકી વહુજી છે છઠ્ઠા લાલજી શ્રીયદુનાથજીના વહુજીનું નામ શ્રીમહારાણી વહુજી છે સાતમાં લાલજી શ્રીઘનશ્યામલાલના વહુજીનું નામ શ્રીકૃષ્ણાવતી વહુજી છે એમ સાતે લાલજીના સાતે વહુજીઓના નામ અનુક્રમે અત્રે વર્ણવ્યા છે આ મૂલ પુરુષનું ઘોલ રચનાર શ્રીદ્વારિકેશજી મહારાજ છે તેઓ આજ્ઞા કરે છે કે ઉપર વર્ણન કરેલું અગ્નિકુલ મહાન અલૌકિક છે તેમજ અષ્ટ છાપ પણ અલૌકિક છે એ આઠ સખાઓ છે તે દિવસના વન વિહારમાં સખા રૂપથી અને રાત્રિની નિકુંજ લીલામાં સખી રૂપથી સેવા કરે છે પણ પ્રભુ ભુતલમાં પધારતા તેમને પણ ભુતલમાં આવવું પડયું તેઓના નામ પરમાનંદ,દાસ નંદદાસ, ગોવિંદસ્વામી, કુમ્ભાનદાસ, સૂરદાસ, ચતુર્ભુજદાસ, છીતસ્વામી અને કૃષ્ણદાસ એમ આઠ સખા પ્રભુના આઠ અંગ રૂપ છે સખી રૂપથી શ્રીસ્વામિનીજીની આઠ સખીઓ છે તેમાં પહેલા સખા પરમાનંદદાસ તોક સખા અને ચંદ્રભગા સખી શ્રીનવનિતલાલમાં આસક્તિ તેમના તરફના ગ્વાલપગાના શૃંગાર મંગલાના દર્શનમાં આસકિત અને ગિરિરાજજીની કંદરાના આઠ

દ્વાર છે તેમાં સુરભીકુંડ માથે શ્યાણુતમાલના વૃક્ષ નીચે એક દ્વાર છે ત્યાંના મુખીયા અને પ્રભુની શ્રવણેંદ્રિયનું પ્રાકટય હવે બીજા સખા નંદદાસ તેની આસકિત શૃંગાર સમામાં શ્રીગોકુલચંદ્રમાજીના દર્શનમાં તેઓ ભોજ સખા અને ઈંદુલેખા સખીનું પ્રાકટય તેમના તરફનો ફેંટાનો શ્રૃંગાર રાસલીલાનો અનુભવ પ્રભુના ઉદરસ્થાનનું પ્રાકટય માનસી ગંગા માથે પીપરના પેડ કહેતાં વૃક્ષ નીચે ગિરિરાજજીનું દ્વાર છે ત્યાંના તે મુખિયા છે ત્રીજા સખા ગોવિંદસ્વામી તે લીલામાં શ્રીદામા સખા અને ભામા સખીનું સ્વરૂપ દ્વારિકાનાથજીના સ્વરૂપમાં અને ગ્વાલના દર્શનમાં ભાવ પ્રભુની નેત્રેંદ્રિયનું પ્રાકટય હિંડોરા લીલામાં ભાવ ટિપારાનો શ્રૃંગાર ઐરાવત કુંડ પાસે ગોવિંદ સ્વામીની કદંમખડીના દ્વારના એ મુખિયા છે :ચોથા સખા કુંભનદાસજી તેનો શ્રીગોવર્ધનનાથજીના સ્વરૂપમાં અને રાજભોગના દર્શન ભાવ લીલામાં અર્જુન સખા અને વિશાખા સખો એમના તરફના શ્રૃંગાર કુલ્હેનો પ્રભુના હૃદય સ્થાનનું પ્રાકટય અન્યોરમાં સદુપાંન્ડેનાઘરમાં તેનું દ્વાર તેના તે મુખીયા પાંચમાં સખા સૂરદાસજી તેની શ્રીમથૂરેશજીમાં અને ઉત્થાપનના દર્શનમાં આસકિત

એમના તરફનો પાગનો શ્રૃંગાર કૃષ્ણ સખા અને ચંપકલતા સખી રસના ઇન્દ્રિયનું પ્રાકટય ચંદસરોવરની કંદરામાં એમનું દ્વાર ત્યાંના એ મુખિયાછે છઠ્ઠા સખા ચતુર્ભુજદાસ તે લીલામાં સુબાહુ સખા સુશીલા સખી શ્રીગોકુલનાથજીના ભોગના દર્શનમાં ભાવ સેહેરાનો શ્રંગાર હસ્ત કમલનો પ્રાકટય રુદ્રકુંડ માથે આમલીના વૃક્ષ નીચે દ્વાર ત્યાંના તે મુખિયા છે સાતમાં સખા છીતસ્વામી શ્રીવિઠ્ઠલનાથજીના સંધ્યા આરતીના દર્શનમાં આસકિત સુબલ સખા પદ્માસહચરી દુમાલાનો શ્રૃંગાર કટિસ્થાનનું પ્રાકટય જન્મ લીલાનો અધ્યાસ અપ્સરા કુંડ માથે શ્યામતમાલ નીચે ધાર ત્યાંના એ મુખિયા છે આઠમાં સખા તે કૃષ્ણદાસ લીલામાં ઋષભ સખા લલિતાં સખી શ્રીમદનમોહનજી અને સેનનાદર્શનમાં અસકિત મુકુટનો શૃંગાર ચરણેંદ્રિયનું પ્રાકટય રાસલીલા વિલછુકુંડ શ્યામ તમાલનાં વૃક્ષ નીચે એમનું દ્વાર ત્યાંના તે મુખિયા છે એવી રીતે આઠ સખાઓ ભૂતલ ઉપર પ્રભુના પધારવાથી તેમને પણ આવવું પડયું તે અત્રે આવીને પણ ભગવદ્ગુણાંનુવાદના લક્ષાવધિ પદો પોત પોતાની છાપ મૂકી ગાયા છે તો એ અમૃતરસનો લાભ પાછલા જીવો એવા આપણને ભાગ્ય પ્રમાણે મળે

છે નહિતો કયાંથી મલત એ અનુગ્રહ એમના તરફથી આપણા ઉપર થયો છે પણ આપણે એવા ભાગ્યહીન છીએ જે આપણા ઉપર કરેલા અનુગ્રહને આપણે વધાવતા નથી એ આપણામાં મોહોટી કસર છે તેને જડ મૂલથી કાઢી નાખવી જોઈએ એમણે કરેલ અમૃત રસની વૃષ્ટિમાં પદે પદમાં શબ્દે શબ્દમાં અક્ષરે અક્ષરમાં અલૌકિક અમૃતરસના સાગરો ભર્યા છે પણ તેનું મનન પૂર્વક વાંચન મનન કરીએ તો તેમાં સમાયલા રસનું આસ્વાદન થાય તે વિના ન થાય પોત પોતાની છાપથી ભગવદ ગુણાનુવાદ ગાયા તેથી તેઓ અષ્ટછાપ કહેવાયા તેઓએ ભગવદગુણાનુંવાદ ગાયા તેથી અત્રે અલૌકિક વર્ણાવ્યા છે હવે લૌકિક કોને કહેવાય તે પણ જાણવું જોઇએ નાશવાન વસ્તુને પોતાની માનીએ છીએ તે લૌકિક સંબંધ તો વાલામાં વાલી દેહ જેને પોતાની માનીએ છીએ તે પણ નાશવાન હોવાથી એક દિવસ પડવાની માટે તેનો સંબંધ પણ મિથ્યા લેખાય છે તેમ દેહ સંબંધીઓનો સંબંધ પણ મિથ્યા હોવાથી લૌકિક લેખાય છે પણ દેહની ભીતરમાં જીવાત્માં (મમૈવાંશો જીવ લોકે જીવ ભૂત સનાતન) એ શ્રીગીતાજીના કથન પ્રમાણે અને પ્રથમાખ્યાનમાં (કૃપા કટાક્ષે હુવા

અક્ષરમાં ઉપના સત્વ અનંત ભક્તિલીન હુવા સૌભાગી તે વૈષ્ણવ ગુણવંત) એ ગોપાલદાસજીએ ગાયા પ્રમાણે જીવાત્માનો પ્રભુ સાથનો જે આત્મ સંબંધ છે તે અલૌકિક મનાય છે દેહ નાશવાન છે પણ તેની ભીતરમાં રહેલો જીવનો કદી નાશ નથી (નૈનં છિદંતિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવક) એ શ્રીગીતાજીના કથન પ્રમાણે જીવાત્મા પ્રભુનો અંશ હોવાથી તેનો કદી નાશ નથી તેને શસ્ત્રો છેદી શકતા નથી અગ્નિ બાલી શકતો નથી માટે પ્રભુ સાથનો આત્મસંબંધ છે તેજ સાચો છે તે વિષે હિલગના એક કીર્તનમાં બ્રજ ભક્ત કહે છે કે (કોઉ મેરે સગ્યો ન હોં કાઉકી કહત સબનસોં ટેરે) ભક્ત કહે છે કે પ્રભુ વિના કોઈ પણ મારો સગો નથી તેમ હું પણ કોઈની સગી નથી વળી ધોલમાં એક મહાનુંભાવીએ ગાયેલ છે કે (સાચા સગા શ્રીનાથજી સુહાગી મારે) ખરેખર પ્રભુ સાથનો જે આત્મસંબંધ છે તેજ સાચો સંબંધ છે તેથી તે અલૌકિક કહેવાય છે દરેક વસ્તુનો પ્રભુ સાથનો સંબંધ વિચારવો તે અલૌકિક પણ પ્રભુ વિના કેવલ પોતાનો સંબંધ વિચારવો તે લૌકિક પ્રભુનો સંબંધ જ એવો છે કે તે લૌકકને પણ અલૌકિક

બનાવી દિયે દાખલા તરીકે આપણા ઘરમાં સવારમાં ઉઠયાથી માંડી રાતનાં ઉંઘતા સુધી કરાતા સર્વે કામો લૌકિક કહેવાય પણ તે ઘરમાં જો પ્રભુ બિરાજતા હોય તો પ્રભુ નિમિત્ત કરાતા હોવાથી તેના તે કાર્યો હોવા છતાં તેને લૌકિકત્વ મુદ્દલ રહેતું નથી પ્રભુ સંબંધે તમામ લૌકિક અલૌકિક બની જાય છે તે વિષે રાસલીલામૃત શ્લોકો શ્રીગોકુલાધીશજી કૃત જે (બજત કુંજમેં મંજુ બાંસુરી) એમાં છેલ્લે કહેલ છે કે (કટ ગઈ તબેં ગેહ ફાંસરી હટ ગયો જૂ સંસાર ત્રાસરી) વ્રજભક્તોની માફક તેઓ ભગવત્પરાયણ રહે છે તેને ગૃહ કે ગૃહાસક્તિ એક તરેહની ફાંસી રૂપ લેખાય તે પ્રતિબંધક કરી વસ્તુ કપાઇ જાય છે કપાયલી વસ્તુ ન ફરી સંધાય ન પ્રતિબંધ કરી શકે કહેતાં જડમૂલથી તેનો નાશ થઈ જાય છે વળી આપણાં સંપ્રદાયમાં શ્રીમહાપ્રભુજીએ ગ્રહસ્થામ શ્રમને સંસાર નથી કહ્યો પણ અહંતા મમતાત્મક હું ને મારાપણું જે માનીએ છીએ તે સંસાર કહેવાય તે ત્રાસરૂપ વસ્તુ ગણાય છે તો ભકતો સર્વસ્વ પ્રભુને અર્પણ કરીને રહે છે તેથી તે ત્રાસ પણ એના ઉપરથી હટી એટલે આઘો ખસી જાય છે ભકતમાં તેનાથી રહી શકાતું નથી વળી

શિક્ષાપત્રમાં માહાનુભાવી શ્રીહરિરાયજીએ આજ્ઞા કરી છે કે અલૌકિક વસ્તુમાં લૌકિક ભાવ મુદ્દલ ન આવવો જોઈએ તે આવે તો તે મહાન દોષરૂપ લેખાય તે દોષ સૌમાં લાગી રહ્યો છે કોટિમાં કોઇ એક વિરલો એ દોષથી બચ્યો હશે તેની દષ્ટિ પ્રભુ લીલામય બની જશે વળી આપે શરણે લીધેલ જીવો પણ શરણ ના પ્રતાપથી આપણે અલૌકિક વર્ણવ્યા આપનો સંબંધ જ એવો છે કે તે જેને થાય તેનું લૌકિકત્વ મિટાવી તેમાં અલૌકિકત્વ આણે તો એકતો શરણુના પ્રતાપથી આપણે અલૌકિક કહેતા પ્રભુના થયા વળી પ્રભુજીએ ત્રણ પ્રકારની સૃષ્ટિ રચી છે તેમાં પહેલાં મનથી પ્રવાહી સૃષ્ઠિ રચી પછી (વચસા વેદ માર્ગંહિ) વાણીથી મર્યાદા સૃષ્ટિ રચી અને કાયાથી પુષ્ટિ સૃષ્ટિને રચી એ બીજા સંબંધે પણ આપણે એમના છીએ ત્રીજે હરિ ગુરૂ અને ભગવદીય એ ત્રણે એકજ છે તો એ ત્રીજા પ્રકારથી પણ એમના છીએ એમ સર્વ પ્રકારથી પ્રભુના હોવાથી પ્રભુ સાથનો ગાઢ સંબંધ છે તેથી તેમને આપણા સર્વસ્વ તરીકે માનવા જોઇએ તે બાબતની આપણામાં પરાવાર કસર છે એ કસરને જડ મૂલથી જ્યાં સુધી કાઢી નહીં નાખિએ ત્યાં

સુધી આપણો પ્રભુમાં સહજ સ્નેહ કયાંથી થવાનો ? એ પ્રસંગને આપણે લૌકિક દૃષ્ટાંતથી પણ સમજી શકિએ છીએ તે એ જે દેહ સંબંધીઓને પોતાના માન્યા ત્યારે તેઓમાં આપણો સ્નેહ બંધાણો પણ દેહતો નાશવાન હોવાથી તેનો સંબંધ મિથ્યા મનાયો પણ પ્રભુ સાથનો આત્મસંબંધ કદી તૂટવાનો નથી હંમેશા કાયમ રહેવાનો તો મિથ્યા એવા દેહ સંબંધીઓને પોતાના માનીએ છીએ તેનાથી કોટિ ગણા અધિક પ્રભુજીને પોતાના માનવા જોઈએ એ સંબંધેની પારાવર કસર આપણામાં છે તે દુર કર્યા વિના પ્રભુમાં સહજ સ્નેહ કયાંથી થવાનો એ સંબંધેની દુઃખદાયી ઉંઘ ઘણી કરી લીધી છે હવે તો એને વિદાય કરશું તોજ માત્ર આપણી સવાર પડવાની અજાગૃતા છે ત્યાં સુધી તો રાત્રિ વીતી રહી છે ભાઇઓ એ તમામ પ્રસંગો આપણાં ઉપરથી વીતી રહ્યા છે માટે કાંઈ આપણાથી છાના :નથી પણ આપણા લક્ષબિંદુને એ તરફ આપણે ખેચતા નથી તેથી તે દરેક પ્રસંગનો યથાર્થ આપણા હાથ નથી આવતું તે જો ખેચતા રહીએ તો દરેક પ્રસંગનું યથાર્થ જણાતાં ભુલા પડેલા એવા આપણને આપણું અંતરાત્મા જ ઠેકાણે લાવી શકે

કોઈને કશું પૂછવા પણું નહીં રહે હવે સમાપ્તિ કરતાં શ્રીદ્વારિકેશજી મહારાજ આજ્ઞા કરેછે કે આ મૂલપુરુષનું વર્ણન અમારી મતિને અનુસાર કર્યું છે એમાં જે કાંઇ ન્યુનતા રહી ગઈ હોય તે અમને પોતાનો દાસ જાણીને ક્ષમા કરજો અને છેવટમાં આપે નિરોધ જે ફલ રૂપ પદારથ છે તે માગ્યું અને કહ્યું કે એજ ફલની આશ છે એ વિના અન્ય કોઇ પણ ફલની આશા નથી હવે નિરોધ કોને કહેવાય કે (પ્રપંચ વિસ્મૃતિ પૂર્વક ભગવદ્દાશક્તિ સ નિરોધ) પ્રપંચનું મુદ્દલ સ્ફુરણ પણ ન રહે તદ્દન વિસ્મરણ થઈ જાય અને કેવાલ પ્રભુમાં જ આપણી આસક્તિ સ્હી આવે તે નિરોધ કહેવાય તો આપણે સર્વ પ્રકારે પ્રભુના અને પ્રભુ આપણા સર્વસ્વ છે માટે આપણું ચિત્ત પ્રભુ વિના અન્ય તમામ પ્રસંગોમાંથી નિવર્ત થાય ત્યારે જ સંપૂર્ણપણાથી પ્રભુમાં લાગી શકે માટે એ નિરોધ જ સર્વોત્કૃષ્ટ ફલ છે તેથી એ માગ્યું છે હવે એવું સર્વોત્કૃષ્ટ ફલ કયારે થાય તે વિષે નિરોધલક્ષણ ગ્રંથના પહેલા જ શ્લોકમાં શ્રીમહાપ્રભુજીએ કહેલ છે કે (યચ્ચદુઃખં યશોદા યા દાદી ચ ગોકુલો ગોપિકાનાં ;ચ યદ્દ દુઃખં તદ દુઃખં સ્યાન્મમ કવચિત (૧) આપણે

સર્વ પ્રભુના છીયેં અને પ્રભુથી વિખુટા પડેલા છીયે તો પ્રભુ વિયોગનું દુઃખ યશોદાજીને નંદરાયજી વગેરેને (અને તેમના સંબંધ વાલા બીજાઓને પણ પરમ ફલની આપવાની ઇચ્છાવાલા પ્રભુએ) જે દુઃખ આપ્યું છે તે પુનઃ (તેથી પણ ઉત્કૃષ્ટ) જે દુઃખ ગોપીજનોને આપ્યું છે તે દુઃખ મને કોઇક ઠેકાણે થાઓ એમ શ્રીમહાપ્રભુજીએ માંગણી કરેલ છે તો આવા પ્રકારથી પ્રભુવિયોગનું વિરહ દુઃખ કયારે થાય (વિરહાનુભવૈકાર્થ સર્વત્યાગોપદેશકઃ) તમામમાંથી રૂચિ ઉઠી જાય તેનું નામ સર્વત્યાગ તે થયા વિના વિરહનો અનુભવ ન થાય માટે નિરોધ સર્વોત્કૃષ્ટ ફલ રૂપ વસ્તુ છે તેની આશ કરવી અન્ય આશા ન કરવી એ સૂચન કર્યું છે.

ગો. શ્રી દ્વારકેશજી કૃત મૂલપુરૂષનુ ગુજરાતી ભાષાંતર સમ્પૂર્ણ

અખંડભૂમંડલાચાર્યવર્ય જગદ્‌ગુરૂ

શ્રીમદ્વલ્લભાચાર્યજી (મહાપ્રભુજી)



પ્રાગટ્ય વિ. સં. ૧૫૩૫ ચૈત્ર કૃષ્ણ ૧૧

સર્ગાદૌ સ્વમતં સમસ્ય વિધયે યં બ્રહ્મવાદં જગૌ
કૌન્તેયોદ્ધવયોઃ પ્રકાશ્ય ચ પુનર્વેદાન્તસારં હરિઃ ।
તં વ્યાસાશયગોચરં પ્રકટિતું યૈર્ભાષ્યમાભાષિતં-
તાનાચાર્યવરાન્નમામિ કરૂણાબ્ધીવલ્લભાખ્યાન્પ્રભૂન્ ॥

। શ્રીકૃષ્ણાયનમઃ ।

।। શ્રીગોપીજનવલ્લભાયનમઃ ।।

।। શ્રીમદાચાર્યચરણકમલેભ્યોનમઃ ।।

શ્રીપુષ્ટિમાર્ગીય વૈષ્ણવોપયોગી નિત્યનિયમના

પાઠ સ્તોત્રો

શ્રીમંગલાચરણ

શ્રીમહાપ્રભુજીને પ્રણામ

ચિન્તાસન્તાનહન્તારો યત્પાદાંમ્બુજરેણવઃ ।।
સ્વીયાનાંતાન્નિજાચાર્યાન્ પ્રણમામિ મુહુર્મુહુઃ ।।૧।।

ભાવાર્થ-જેમના ચરણકમળની રજ પોતાના સેવકોની ચિન્તાઓનો નાશ કરનારી છે તેવા પોતાના આચાર્યચરણ (શ્રીમાપ્રભુજી)ને હું વારંવાર પ્રણામ કરૂં છું. (૧)

શ્રીગુસાંઇજીને વંદન

યદનુગ્રહતો જન્તુઃસર્વદુઃખાતિગો ભવેત્ ।।
તમહં સર્વદા વન્દે શ્રીમદ્વલ્લભનંદનમ્ ।। ૨ ।।

ભાવાર્થ-જેમની કૃપાથી પ્રાણીમાત્ર સર્વ દુઃખોનું ઉલ્લંઘન કરનારા થાય તે શ્રીમદ્વલ્લભાચાર્યજીના કુમાર શ્રીમદ્વિઠ્ઠલનાથજી (શ્રીગુસાંજી)ને હું સદૈવ વંદન કરૂં છું. (૨)

શ્રીગુરૂદેવને નમન

અજ્ઞાનતિમિરાન્ધસ્ય જ્ઞાનાંજનશલાકયા ।।
ચક્ષુન્મીલિતં યેન તસ્મૈ શ્રીગુરવે નમઃ ।। ૩ ।।

ભાવાર્થ-જેમને જ્ઞાનરૂપી અંજનની સળી વડે અજ્ઞાનરૂપી અંધકારથી અંધ બનેલાના નેત્ર ઉઘાડેલાં છે તે શ્રીગુરૂદેવને નમન હો. (૩)

પ્રભુને નમન

નમામિ હૃદયે શેષે લીલાક્ષીરાબ્ધિશાયિનમ્
લક્ષ્મીસહસ્ત્રલીલાભિઃસેવ્યમાનં કલાનિધિમ્ ।।૪।।

ભાવાર્થ-શેષરૂપી હૃદયમાં લીલારૂપી ક્ષીસાગરમાં શયન કરતાં; હજારો લક્ષ્મીઓ અને તેઓની લીલાઓથી સેવાતા કલાનિધિરૂપ શ્રીપૂર્ણપુરૂષોત્તમને હું નમન કરૂં છું. (૪)

દશમસ્કન્ધરૂપ પ્રભુનું હૃદયમાં વિરાજવું

ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ચતુર્ભિ ત્રિભિસ્તથા ।।
ષડ્ભિર્વિરાજતે યોડસૌ પંચધા હૃદયે મમ ।। ૫ ।।

ભાવાર્થ- (૧) ચારથી (૨) ચારથી (૩) ચારથી (૪) ત્રણથી અને ૬ છથી એમ પાંચ પ્રકારે જે મારા હૃદયમાં વિરાજે છે તેમને હું નમન કરૂં છું. ૫

શ્રીનાથજી અને સાત સ્વરૂપનું સ્મરણ

શ્રી ગોવર્ધનનાથપાદયુગલં હૈયંગવીનપ્રિયં-
નિત્યં શ્રીમથુરાધિપં સુખકરં શ્રીવિઠ્ઠલેશં મુદા ।।
શ્રીમદ્દ્વારવતીશગોકુલપતી ગોકુલેન્દું વિભુ-
શ્રીમન્મન્મથમોહનં નટવરં શ્રીબાલકૃષ્ણં ભજે ।।૬।।

ભાવાર્થ —સુખ આપનારા શ્રીનાથજીના બંને ચરણ કમલોને, શ્રીનવનીતપ્રિયાજીને શ્રીમથુરેશજીને, શ્રીવિઠ્ઠલેશરાયજીને, શ્રીદ્વારકાનાથજી અને શ્રી ગોકૂલનાથજીને, પ્રભુ શ્રી ગોકુલચન્દ્રમાજીને, શ્રીયદનમોહનજીને, શ્રીમટવરલાલજીને, શ્રીબાલકૃષ્ણજીને સદા હર્ષથી હું ભજું છું. (૬)

શ્રીમહાપ્રભુજી અને વંશનું સ્મરણ

શ્રીમદ્વલ્લભવિઠ્ઠલો ગિરિધરં ગાવિન્દરાયાભિધં-
શ્રીમદ્બાલકકૃષ્ણ ગોકુલપતીં નાથં રઘૂણાં તથા ।।
એવં શ્રીયદુનાયકં કિલ ઘનશ્યામં ચ તદ્વંશજાન્-
કાલિન્દીસ્વગુરૂન્ગિરિંગુરૂવિભુન્સ્વીયપ્રભૂંશ્ચસ્મરેત ૭

ભાવાર્થ—શ્રીમદાચાર્યજી અને શ્રી ગુંસાઈજી, શ્રી ગિરધરજી, શ્રી ગોવિંદરાયજી, શ્રી બાલકૃષ્ણજી શ્રીગોકૂલનાથજી, શ્રીરઘુનાથજી, શ્રીયદુનાથજી, શ્રીઘનશ્યામલાલજી અને તેમના વંશજ. શ્રીયમુનાજી, પોતાના ગુરૂદેવ, શ્રીગિરિરાજજી. શ્રીગુરુદેવના સેવ્યસ્વરૂપ અને પોતાના સેવ્યસ્વરુપનું સ્મરણ કરવું ૭)

શ્રીવેણુનાદ સમયના સ્વરૂપનું ધ્યાન

બર્હાપીડં નટવરવપુઃ કર્ણયોઃ કર્ણિકારં—
બિભ્રદ્વાસઃ કનકકપિશં વૈજયન્તીં ચ માલામ્ ।।
રન્ધ્રાન્ વેણોરધરસુધયા પૂરયન્ ગોપવૃન્દૈ—
વૃન્દારણ્યં સ્વપદરમણં પ્રાવિશદ્ ગીતકીર્તિઃ।।૮।।

ભાવાર્થ—શ્યામસુંદર શ્રીકૃષ્ણ ભગવાનના શ્રીમસ્કતક પર મયૂરપિચ્છનો મુકુટ, શ્રીકર્ણમાં કરેણના પીળાં પુષ્પો, શ્રીઅંગ પર સોનેરી પીતામ્બર અને શ્રીકંઠમાં વૈજયન્તી વનમાલા શોભે છે શ્રેષ્ઠ નટના જેવુ જેમનું સ્વરૂપ છે એવાં, વેણુનાં છિદ્રોને પોતાના અધરામૃતથી પૂરી રહેલાં, ગ્વાલ મંડળીથી યશોગાન ગાતા એવા, શ્રીવૈકુણ્ઠથી પણ શ્રેષ્ઠ શ્રી વૃંદાવનમાં પોતાના ચરણચિહ્નોથી રમણીય બનાવતા પોતે પધાર્યા (૮)

શ્રીમહાપ્રભુજીનું ધ્યાન

સૌન્દર્યં નિજહૃદ્ગતં પ્રકટિતં સ્ત્રીગૂઢભાવાત્મકં—
પુરૂપં ચ પુનસ્તદન્તરગતં પ્રાવીવિશત્સ્વપ્રિયે ।।
સંશ્લિષ્ટાવુભયોર્બભૌ રસમયઃ કૃષ્ણો હિતત્સાક્ષિકં-
રૂપં તત્ત્રિતયાત્મકં પરમભિધ્યેયં સદા વલ્લભમ્ ૯

ભાવાર્થ—શ્રી ભગવાનના હૃદયમાં બિરાજતું સ્ત્રીગુઢભાવાત્મક અને પુમ્ભાવાત્મક સૌંદર્ય પ્રગટ કર્યું તે તેમજ સ્ત્રીપુરભાવાત્મક સૌન્દર્ય શ્રીસ્વામિનીજીના હૃદયમાં બિરાજતું ફરી પ્રકટ કર્યું તે, એમ બન્ને સ્થળનું, બન્ને પ્રકારનું સૌંદર્ય શ્રીવલ્લભાચાર્યજીમા શ્રીકૃષ્ણ ભગવાને પ્રવેશાવ્યું. પ્રવેશ કરાવ્યા બાદ ઉભય સ્ત્રીપુમ્ભાવનો સંયોગ થતા રસાત્ક શ્રીકૃષ્ણ સ્વપ્રિય સ્વરૂપ સાથે એક રસ થઇ શોભ્યા, જેના સાક્ષી તે ત્રણ આત્મીયપણારૂપ શ્રીમદ્વલ્લભાચાર્યજી છે. (જેમ જીવાત્માં સંબંધી જ્ઞાન ઇચ્છાકૃતિ વગેરે અને અને જીવ જે ભોગ કરે છે તે ભોગ અન્તર્યામીને આધીન છે. તેમ ભગવલ્લીલા અને રસ ભોગ પણ ભગવલ્લીલાના સાક્ષી શ્રીમદાચાર્યચરણને આધીન છે) તેમનું ભગવલ્લીલારસાનુમત્તની ઇચ્છાવાળા ભક્તોએ અહર્નિશ ઉત્તમ રીતે ધ્યાન ધરવું. (૯)

શ્રીગોપીનાથજીનું ધ્યાન

શ્રીવલ્લભપ્રતિનિધિં તેજોરાશિં દયાર્ણવમ્ ।।
ગુણાતીતં ગુણનિધિં શ્રીગોપીકાનાથમાશ્રયે ।।૧૦।।

ભાવાર્થ—શ્રીમદ્વલ્લભાચાર્યજીના પ્રતિનિધિરૂપ, અતિ તેજસ્વી, દયાસાગર, ગુણોથી પર અને ગુણના નિધિ એવા, શ્રીમદાચાર્યજીના પ્રથમ કૂમાર શ્રીમદ્ગોપીનાથજીનો હું આશ્રય કરું છું. (૧૦)

શ્રીગુસાંઈજીનું ધ્યાન

સાયં કુંજાલયસ્થાસનમુપવિલસત્સ્વર્ણપાત્રં સુધૌતં—
રાજદ્યજ્ઞોપવીતં પરિતનુવસનં ગૌરમમ્ભોજવક્ત્રમ્।।
પ્રાણાનાયમ્ય નાસાપુટનિહિતકરં કર્ણરાજદ્વિમુક્તં-
વન્દેઽર્ધોન્મીલિતાક્ષંમૃગમદતિલકંવિઠ્ઠલેશંસુકેશમ્ ।।

ભાવાર્થ—સાયંકાલે કુંજાલયમાં આસન પર બિરાજેલા સમીપમાં સારી રીતે ધોયેલાં સુવર્ણપાત્રથી શોભી રહેલા, યજ્ઞોપવીત ધારણ કરેલા, અત્યંત સૂક્ષ્મવસ્ત્ર ધરેલા ઉજ્જવલવર્ણ અને કમળ સમાન વદનવાળા, પ્રાણાયામ કરતાં નાસિકાપર શ્રીહસ્ત રાખેલા, શ્રીકર્ણમાં ઊંચા મોતીનાં આભૂષણયુક્ત, અર્ધ મીંચેલા, નેત્રવાળા કસ્તૂરીનું તિલક કરેલા, સુન્દર કેશવાળા એવા શ્રીવિઠ્ઠલેશપ્રભુને હું વંદન કરૂં છું. (૧૧)

શ્રી મંગલાચરણ સંપૂર્ણ

શ્રીયમુનાષ્ટકમ્

ગ્રંથ પરિચય—શ્રીપ્રભુનું પ્રાકટ્ય જેમ નિજજનોનો ઉદ્ધાર કરવા થયેલું છે તેમ શ્રીયમુનાજીનો પ્રાદુર્ભાવ પણ નિઃસાધન જીવોને ભગવત્સંબંધ કરાવવા સારૂ જ છે. પરંતુ જીવો સ્વભાવથી અલ્પજ્ઞ અને દોષોવાળા હોવાથી તેમના દોષો નાશ થયા વિના તેમને ભગવત્સંબંધ થઈ શકતો નથી આવા જીવોને અનાયાસે ભગવત્સંબંધ કરાવી શકે તેવાં એકલાં શ્રીયમુનાજી જ છે તેમના અનુગ્રહ વિના બીજા કોઇપણ સાધનથી પોતે પ્રાપ્ત થઇ શકે નહીં એમ વિચારી શ્રીપ્રભુએ પોતાનાં ઐશ્વર્યો શ્રીયમુનાજીમાં સ્થાપન કર્યાં છે અને શ્રીયમુનાજી આ ઐશ્વર્યનું દાન પોતાના ભક્તોને કરે છે, તેથી ભક્તમાર્ગમાં પ્રવેશ થવા સારૂ શ્રીયમુનાજીનો આશ્રય કરવો જરૂરી તેમની કૃપાથી જીવનાદોષો નિવૃત્ત થાય છે. દિવ્ય તનુ પ્રાપ્ત ભજનાનંદ અનુભવાય છે. તે કારણથી શ્રીમહાચાર્યચરણે ષોડશગ્રન્થમાં શ્રીયમુનાજીના સ્વરૂપનું વર્ણન કરેલું છે પ્રથમ શ્રીયમુનાજીનું ઐશ્વર્યરૂપ સિદ્ધિઓ આપવાનુ સામર્થ્ય જણાવી પછી તેમના આવિર્ભાવનો પ્રકાર કહેલો છે, અને ભૂમી પર પધાર્યા પછીના તેમના ધર્મો જણાવી તેમનામાં શ્રીભગવાનના સમાન ધર્મો છે તેનું નિરુપણ કરેલું છે. શ્રીયમુનાજી ભવદીય જનોની મહત્તા વધારનારા, ભક્તોને અનુકૂળ શ્રી પ્રભુના અત્યંત પ્રિય છે. તૃષા મટાડવા કરેલું યમુનાજલનું પાન ઉત્તમ ગતિ કે યમયાતનામાથી મુક્ત થવાના કારણરૂપ નથી છતાં તેનાથી યમયાતના છૂટી જાય છે. તોપછી ભકિતપૂર્ણ માહાત્મય જ્ઞાન પૂર્વક યમુનાજલનું પાન થાય તો તે ઉત્તમ ફલ આપે અને જીવ હરિને પ્રિય થાય એમાં આશ્ચર્ય શું છે?

શ્રીયમુનાજીનો સંબંધ થયા પછી શ્રીપ્રભુમાં અધિક ભકિત થાય છે આવી રીતનું તેમનું અદ્ભૂત ચરિત્ર છે. શ્રીયમુનાષ્ટકના આ સ્તોત્રનો પાઠ અનુસંધાનપૂર્વક જે કોઈ પ્રસન્ન ચિત્તથી નિત્ય કરે તેના પાપો નાશ થાય છે. શ્રીભગવાનમાં સ્નેહ થાય છે, સર્વ સિદ્ધિઓ મળે છે શ્રીપ્રભૂ પ્રસન્ન થાય છે, અંતઃકરણની વાસનસહિત સ્વભાવ બદલાઈ દૈવી થાય છે અને આનંદનું દાન કરે છે. એમ શ્રીમહાપ્રભુજીએ આ ગ્રંથમાં નિરૂપણ કરેલું છે.

નમામિ યમુનામહં સકલસિદ્ધિહેતું મુદા
મુરારિ પદ પંકજસ્ફૂરદમં દરેણુત્કટામ્ ।।
તટસ્થનવકાનનપ્રકટમોદપુષ્પાંબુના
સુરાસુરાસુપૂજિતસ્મરપિતુઃ શ્રિયં બિભ્રતીમ્ ।।૧।।૩

શબ્દાર્થ–સર્વ સિદ્ધિઓના કારણરૂપ મુરારિ-શ્રીકૃષ્ણના ચરણકમલ વિષે તેજસ્વી અને જલ કરતાં વિશેષ રેણુને ધારણ

કરનારા, પોતાના કિનારા પર રહેલા નવા વનોમાં વિકસેલાં સુગન્ધિત પુષ્પમિશ્રિત સુગન્ધયુકત જલ વડે દૈન્યભાવવાળા અને કામ-માનવવાળા ભકતોથી સારી રીતે પૂજિત અને શ્રીકૃષ્ણની સુંદરતાને ધારણ કરનારાં શ્રીયમુનાજી મહારાણીજીને હું આનંદ પૂર્વક નમન કરું છું (૧)

કલિંદગિરિમસ્તકે પતદમંદપૂરોજ્જવલા
વિલાસગમનોલ્લસત્પ્રકટગણ્ડશૈલોન્નતા ।
સઘોષગતિદંતુરા સમધિરૂઢદોલોત્તમા
મુકૂંદરતિવર્દ્ધિની જયતિ પદ્મબંધોઃ સુતા ।। ૨ ।।

શબ્દાર્થ—કલિન્દપર્વતના શિખર પર પડતા મોટા પ્રવાહના વેગને લીધે ઉજળા દેખાતાં વિલાસપૂર્વક ગતિ વડે શોભતા અને પર્વતના ગંડસ્થલરૂપથી ઉંચાનીચા દેખાતાં, શબ્દપૂર્વક ગતિના કારણથી વિવિધ વિકારયુક્ત ઉત્તમ ઝૂલામાં સારી રીતે બિરાજ્યાં હોય તેમ લાગતાં, શ્રીમુકૂન્દભગવાનમાં પ્રીતિ વધારનારા, શ્રીસૂર્યના પુત્રી શ્રીયમુનાજી જય પામે છે (૨)

ભુવં ભુવનપાવનીમધિગતામનેકસ્વનૈઃ
પ્રિયાભિરિવ સેવિતાં શુકમયૂરહંસાદિભિઃ ।
તરંગભૂજકંકણપ્રકટમુક્તિકાવાલુકા—
નિતંબતટસુંદરીં નમત કૃષ્ણતુર્યપ્રિયામ્ ।। ૩ ।।

શબ્દાર્થ-ભૂમણ્ડલને પવિત્ર કરનારાં શ્રીયમુનાજી પૃથ્વી પર પધારતાં સખીઓએ જેમ સેવન કરતાં હોય તેમ વિવિધ શબ્દો કરતા. પોપટ, મોર, હંસ પક્ષીઓથી સેવાતાં તરંગરૂપી

શ્રીહસ્તમાં ધારણ કરેલા કંકણ પર જડેલા મોતીઓ જેમ ચમકતી રેતીયુક્ત અને નિતંબભાગરુપ બને બાજુના તટોથી સુંદર દેખાતાં શ્રીકૃષ્ણનાં ચતુર્થપ્રિયા શ્રીયમુનાજીને તમે નમન કરો (૩)

અનંતગુણભૂષિતે શિવવિરંચિદેવસ્તુતે
ઘનાઘનનિભે સદા ધ્રુવપરાશરાભીષ્ટદે ।
વિશુદ્ધમથુરાતટે સકલગોપગોપીવૃતે
કૃપાજલધિસંશ્રિતે મમ મનઃ સુખં ભાવય ।। ૪ ।।

શબ્દાર્થ-અસંખ્ય ગૂણો વડે સુશોભિત, શિવબ્રહ્માદિથી સ્તુતિ કરાયેલા, ઘાટા મેઘ સરખા સ્વરૂપવાળા, ધ્રુવ પરાશર વગેરેને મનવાંછિત ફલનું દાન કરનારાં, વિશુદ્ધ મથુરા જેમના તટ ઉપર છે એવાં સર્વ ગોપ, ગોપીજનોથી ઘેરાયેલાં, કૃપાસાગર શ્રીકૃષ્ણના આશ્રયમાં રહેલાં, મારા મનને સુખ થાય તેમ વિચારો. (૪)

યયા ચરણપદ્મજા મુરરિપોઃ પ્રિયમ્ભાવુકા
સમાગમનતોऽભવત્ સકલસિદ્ધિદા સેવતામ્ ।
તયા સદૃશતામિયાત્ કમલજા સપત્નીવ યત્
હરિપ્રિયકલિન્દયા મનસિ મે સદા સ્થીયતામ્ ।।૫।।

શબ્દાર્થ-જેમના સંમિલનથી શ્રીગંગાજી શ્રીકૃષ્ણના પ્રિય થયા તથા સેવા કરનારા પોતાના ભકતોને સર્વ ઐશ્વર્યો આપનારા થયા તે યમુનાજીની સમાનતા કોણ કરી શકે છે? જો કોઇ સમાનતા કરી શકતા હોય તો લક્ષ્મીજી છે, એવા ભગવદ્ ભકતોના દોષ નાશ કરનારા શ્રીયમુનાજી મારા મનમાં નિરંતર વાસે કરો (૫)

નમોઽસ્તુ યમુને સદા તવ ચરિત્રમત્યદ્ભુતં
ન જાતુ યમયાતના ભવતિ તે પયઃ પાનતઃ ॥
યમોઽપિ ભગિનીસુતાન્ કથમુ હન્તિ દુષ્ટાનપિ
પ્રિયો ભવતિ સેવનાત્ તવ હરેર્યથા ગોપિકા ॥૬॥

શબ્દાર્થ-હે શ્રીયમુનાજી! આપને નિત્ય નમન હો આપનું ચરિત્ર અત્યંત આશ્ચર્ય કારક છે આપના જલ પાનથી યમની પીડા કયારેય પણ થતી નથી. યમરાજા પણ ખરાબ પણ પોતાના ભાણેજોને અરે કેમ મારે! આપની સેવાથી જેવી રીતે શ્રીગોપીજનો શ્રીપ્રભુને પ્રિય થાય છે તેમ ભકત પણ પ્રિય થાય છે (૬)

મમાસ્તુ તવ સન્નિધૌ તનુનવત્વમેતાવતા
ન દૂર્લભતમા રતિર્મુરરિપૌ મુકુંદપ્રિય ॥
અતોઽસ્તુ તવ લાલના સુરધુની પરં સંગમાત
તવૈવ ભુવિકીર્તિતા ન તુ કદાપી પુષ્ટિસ્થિતૈઃ ॥૭॥

શબ્દાર્થ-હે શ્રીયમુનાજી! આપની સમીપમાં મારો દેહ
ભગવલ્લીલામાં ઉપયોગ થાય એવો થાઓ, એટલાથી શ્રીભગવા-
માં પ્રાતિ દુલભ નથી. એટલા માટે સ્તુતિરુપી લાડ હો
ીગંગાજી કેવળ આપના જ સંમિલનથી પૃથ્વીમાં કીર્તિ પામ્યા
, પરન્તુ આપના સમિલન વિનાના શ્રીગગાજીની સ્તુતિ પુષ્ટિસ્થ
વોએ કયારેય પણ કરી નથી (૭)

તુતિં તવ કરોતિ કઃ કમલજાસપત્નિ પ્રિયે
રૈર્યદનુસેવયા ભવતિ સૌખ્યમામોક્ષતઃ ॥
યિં તવ કથાધિકા સકલગોપિકાસંગમ-
મરશ્રમજલાણુભિઃ સકલ ગાત્રજૈઃ સંગમઃ ॥૮॥

શબ્દાર્થ-શ્રીલક્ષ્મીજીના સમાન સૌભાગ્યવાળા હે શ્રીયમુનાજી! આપની સ્તુતિ કોણ કરી શકે છે? અર્થાત કોઈ કરી શકતું નથી, કારણ પ્રથમ શ્રી હરિની સેવા કરીને પછીથી લક્ષ્મીજીની સેવા કરવામાં આવે તો મોક્ષપર્યન્ત સુખ થાય છે, પણ આપની આ કથા-માહાત્મય સર્વથી અધિક છે કે જે આપની સેવાથી ભકતોને શ્રીઅંગોથી ઉત્પન્ન થયેલ સર્વ ગોપીજનોના સંબંધ-સમાગમથી થયેલા કેલી-ક્રીડાના શ્રમના જલકણો સાથે સમાગમ થાય છે-લીલાની પ્રાપ્તિ અનુભવ સાથે થાય છે. (૮)

તવાષ્ટકમિદં મુદાપઠતિ સૂરસૂતે સદા
સમસ્તદુરિતક્ષયો ભવતિ વૈ મુકુંદે રતિઃ ॥
તયા સકલસિદ્ધયો મુરરિપુશ્ચ સંતુષ્યતિ
સ્વભાવવિજયો ભવેત્વદતિ વલ્લભઃ શ્રીહરેઃ ॥૯॥

શબ્દાર્થ-હે સૂર્યની પુત્રી શ્રીયમુનાજી! આપના અષ્ટકનો જે કોઇ નિરંતર પ્રસન્નતાપૂર્વક પાઠ કરે છે તેના સઘળા પાપો નાશ થાય છે. શ્રીમુકુન્દ ભગવાનમાં નિશ્ચય જ સ્નેહ થાય છે. તે સ્નેહદ્વારા સર્વ પ્રકારના ઐશ્વર્યો મળે છે તથા સ્વભાવનો વિજય થાય છે. શ્રીમુરારિ ભગવાન પરમ પ્રસન્ન થાય છે એમ શ્રીસ્વામીનીજી સહિત શ્રીહરિને પ્યારા શ્રીમદ્વલ્લભાચાર્યજી કહે છે (૯)

શ્રવલ્લભાચાર્યજી વિરચિત શ્રીયમુકાષ્ટક સ્તોત્ર સંપૂર્ણમ્

બાલબોધ

ગ્રન્થ પરિચય—શ્રીમદાલ્ચાર્યચરણોએ ધર્મ શાસ્ત્ર સબંધી જ્ઞાન મેળવવા ઇચ્છતા પ્રવેશકોને બોધ થવા પુરૂષાર્થ

દર્શાવનારા શાસ્ત્રોના સિદ્ધાંતોનો સંક્ષિપ્ત સંગ્રહ આ બાલબોધ નામના ગ્રંથમાં કરેલો છે.

નત્વા હરિં સદાનન્દં સર્વસિદ્ધાંત સંગ્રહમ્ ॥
બાલપ્રબોધનાર્થાય વદામિ સુવિનિશ્ચિતમ્ ॥ ૧ ॥

શબ્દાર્થ-ભકતોના દુઃખ તથા પાપને હરનાર સદાનંદરૂપ શ્રીકૃષ્ણભગવાનને નમન કરીને બાલકોને સારી રીતે બોધ થવા સારૂં સર્વ પ્રમાણથી નિશ્ચય કરેલા સર્વ સિદ્ધાંતના સ્વરૂપને હું શ્રીમદ્‌વલ્લભાચાર્યજી કહું છું (૧)

ધર્માર્થકામમોક્ષાખ્યાશ્ચત્વારોઽર્થા મનિષિણામ્ ॥
જીવેશ્વરવિચારેણ દ્વિધા તે હિ વિચારિતાઃ ॥ ૨ ॥

શબ્દાર્થ-બુદ્ધિમાન પુરૂષોના ધર્મ, અર્થ, કામ અને મોક્ષ નામના ચાર અર્થો છે તે જીવ અને શ્રીઇશ્વર વિચારિત એમ નિશ્ચય કરીને બે પ્રકારથી વિચારાએલા છે. (૨)

અલૌકિકાસ્તુ વેદોક્તાઃ સાધ્યસાધનસંયુતાઃ ॥
લૌકિકા ઋષિભિઃ પ્રોક્તાસ્તથૈવેશ્વરશિક્ષયા ॥ ૩ ॥

ભાવાર્થ-યજ્ઞાદિ અને તે સિદ્ધ કરવાના સાધનોથી યુકત એવા ઇશ્વરવિચારિત અલૌકિક પુરુષાર્થ તો વેદમાં કહેલાં છે તેમજ ઇશ્વર પ્રેરણાથી ઋષિ લોકોએ જીવે વચારેલાં લૌકિક પુરૂષાર્થ સ્મૃતિઓમાં કહેલાં છે (૩)

લૌકિકાંસ્તુ પ્રવક્ષામિ વેદાદાદ્યા યતઃ સ્થિતાઃ ॥
ધર્મશાસ્ત્રાણિ નીતિશ્ચ કામશાસ્ત્રાણિ ચ ક્રમાત્ ॥૪॥
ત્રિવર્ગવસાધકાનીતિ ન તન્નિર્ણય ઉચ્યંતે ॥ ૪ ॥

શબ્દાર્થ-પ્રથમના અલૌકિક પુરૂષાર્થ વેદનો આશ્રય કરીને રહેલા છે, અને લૌકિક પુરૂષાર્થને સારી રીતે સમજી શકાય તે રીતે કહું છું ધર્મ, અર્થ, અને કામને પ્રાપ્ત કરાવનારા ધર્મશાસ્ત્ર નીતિશાસ્ત્ર અને કામશાસ્ત્ર અનુક્રમથી છે, એના હેતુંથી તેનો નિર્ણય કહેવામાં આવ્યો નથી (૪॥)

મોક્ષે ચત્વારિ શાસ્ત્રાણિ લૌકિકે પરતઃ સ્વતઃ ॥૫॥
દ્વિધા દ્વે દ્વે સ્વતસ્તત્ર સાંખ્યયોગૌ પ્રકીર્તિતૌ ॥
ત્યાગાત્યાગવિભાગેન સાંખ્યે ત્યાગઃ પ્રકીર્તિતાઃ ॥૬॥

શબ્દાર્થ-લૌકિક મોક્ષમાં ચાર શાસ્ત્રો છે મોક્ષમાં એક તો અન્યદ્વારા મોક્ષ, બીજો પોતાથી થવાનો મોક્ષ એમ બે પ્રકાર છે. તેમા પણ એક એક મોક્ષમાં બે બે શાસ્ત્રો છે. તેમાં પોતાના આધીન મોક્ષની રીતે ત્યાગ અને અત્યાગના ભેદે કરીને સાંખ્ય અને યોગ એ બે શાસ્ત્રો કહેલાં છે. તેમાના સાંખ્ય શાસ્ત્રમાં અનાત્મ વસ્તુનો ત્યાગ કહેલો છે. (૬)

અહંતામમતાનાશે સર્વથા નિરહંકૃતૌ ॥
સ્વરૂપસ્થો યદા જીવઃ કૃતાર્થઃ સ નિગદ્યતે ॥૭॥

શબ્દાર્થ અહંતા મમતાનો નાશ થઇને બધી રીતે અહંકારની નિવૃત્તિ થયે જીવાત્મા જ્યારે પોતાના સ્વરુપમાં રહેલો હોય છે ત્યારે તે મુકત થયો કહેવાય છે. (૭)

તદર્થં પ્રક્રિયા કાચિત્ પુરાણેઽપિ નિરૂપિતા ॥
ઋષિભિર્બહુધા પ્રોક્તા ફલમેકમબાહ્યતઃ ॥૮॥

શબ્દાર્થ-સાંખ્યમાં કહેલા મોક્ષ સારૂં ઋષિઓએ ઘણા પ્રકારે કરીને કહેલી એવી કોઈ કોઈ સાધન કરવાની ક્રિયા પુરાણોમાં નિરુપણ કરેલી છે તેમાં સેશ્વરસાંખ્ય ઇશ્વરનું સર્વકર્તાપણું માનનાર શાસ્ત્રથી એક સરખું જ ફલ થાય છે. (૮)

અત્યાગે યોગમાર્ગો હિ ત્યાગોઽપિ મનસૈવ હિ ॥
યમાદ્યયસ્તુ કર્તવ્યાઃ સિદ્ધે, યોગે, કૃતાર્થતા ॥૯॥

શબ્દાર્થ- ત્યાગ નહિ કરવો એવું સાધન કરવું હોય તેને માટે યોગમાર્ગ કહેલો છે. આમાં ત્યાગ પણ મન વડે જ કરવો. યમનિયમાદિયોગનાં સાધન અવશ્ય કરવાં મનની સઘળી વૃત્તિઓના નિરોધરૂપી યોગ સિદ્ધ થયે જીવનની પૂર્ણતા છે. (૯)

પરાશ્રયેણ મોક્ષસ્તુ દ્વિધા સોઽપિ નિરૂપ્યતે ॥
બ્રહ્મા બ્રાહ્મણતાં યાતસ્તદ્રૂપેણ સુસેવ્યતે ॥૧૦॥

શબ્દાર્થ-પર અન્યદ્વારા આશ્રયે કરીને મોક્ષ તો બે પ્રકારનો નિરૂપણ કરાય છે. બ્રહ્માજી બ્રાહ્મણપણાને પામેલા છે; તેથી તે બ્રાહ્મણરુપે કરિને વેદાધ્યન માટે સેવાય છે. (૧૦)

તે સર્વથા ન ચાદ્યેન શાસ્ત્રં કિંચિદુદીરિતમ્ ॥
અતઃ શિવશ્ચ વિષ્ણુશ્ચ જગતો હિતકારકૌ ॥૧૧॥
વસ્તુનઃ સ્થિતિસંહારૌ કાર્યૌ શાસ્ત્રપ્રવર્તકૌ ॥૧૧॥

શબ્દાર્થ-આગળ કહેલા સર્વ પુરુષાર્થ બ્રહ્માજી દ્વારા સિદ્ધ થતા નથી એમણે મોક્ષશાસ્ત્ર સંબંધમાં કંઈક રહેલું છે. એ માટે શિવજી અને વિષ્ણુ જગતનું હિત કરનારા છે વસ્તુ માત્રની સ્થિતિ રક્ષા-પાલન કરવાનું કાર્ય વિષ્ણુનું છે અને સંહાર-નાશ કરવાનું શિવજીનું કર્તવ્ય છે તેમ ચતુવર્ગ વિષયક શાસ્ત્રના પ્રવર્તક પણ એ બન્ને છે (૧૧॥)

બ્રહ્મૈવ તાદૃશં યસ્માત્ સર્વાત્મકતયોદિતૌ ॥૧૨॥

શદ્ધાર્થ-તે કારણથી શિવવિષ્ણુરુપે બ્રહ્મ જ થયેલું છે તેથી તેમણે તે શાસ્ત્રમાં સર્વાત્મકપણાએ કરીને કહેલાં છે (૧૨)

નિર્દોષપૂર્ણગુણતા તત્તચ્છાસ્ત્રે તયોઃ કૃતા ॥
ભોગમોક્ષફલે દાતું શકતૌ, દ્વાવપિ યદ્યપિ ॥૧૩॥
ભોગઃ શિવેન મોક્ષસ્તુ વિષ્ણુનેતિ વિનિશ્ચયઃ ॥૧૩॥

શબ્દાર્થ-શિવ,વિષ્ણુનું નિર્દોષપણું અને પુર્ણગુણપણું જેમના તેમના શાસ્ત્રોમાં નિરુપણ કરેલું છે. જો કે શ્રીભગવાનના ગુણાવતાર છે. તેથી શિવ, વિષ્ણું બન્ને ભોગ અને મોક્ષફલ આપવાને સમર્થ છે, તો પણ તેમના ગુણ વિચાર્યાથી શિવજી-દ્વારા ભોગ અને વિષ્ણુદ્વારા મોક્ષસિદ્ધ થાય છે એવો નિર્ણય કરેલો છે.(૧૩॥)

લોકોઽપિયત પ્રભુભુંક્તે તન્ન યચ્છતિ કર્હિચિત॥૧૪॥

શબ્દાર્થ-લોકમાં પણ જે સ્વામી પોતે ભોગવે છે તે કોઈ પણ વખતે બીજાને આપતાં નથી. (૧૪)

અતિપ્રિયાય તદપિ દીયતે કવચિદેવહિ ।
નિયતાર્થપ્રદાનેન તદીયત્વં તદાશ્રયઃ ॥૧૫॥
પ્રત્યેકં સાધનં ચૈતદ્ દ્વિતીયાર્થે મહાન્ શ્રમઃ ॥૧૫॥

શબ્દાર્થ-તો પણ અત્યંત પ્રિયભકતોને કોઇ વખત નિશ્ચય જ મોક્ષ આપે છે. નિત્ય પ્રતિ જે વસ્તુ પ્રાપ્ત થાય તે તેમણે સમર્પણ કરવામાં આવે તો તેનાપણું અને તેનો આશ્રય સિદ્ધ થાય છે પ્રત્યેક દેવતા બંને ફલોનાં સાધન છે; પણ મોક્ષનો લાભ મેળવવામાં અત્યન્ત પરિશ્રમ છે. (૧૫ાા)

જીવા: સ્વભાવતો દુષ્ટા દોષાભાવાય સર્વદા ાા૧૬ાા

શ્રવણાદિ તત: પ્રેમ્ણા સર્વં કાર્યં હિ સિદ્ધ્યતિ ાા
મોક્ષસ્તુ સુલભો વિષ્ણોર્ભોગશ્ચ શિવતસ્તથા ાા૧૭ાા

શબ્દાર્થ-જીવમાત્ર સ્વભાવથી-ભગવત્સેવારૂપ પોતાના સહજધર્મ નહીં કરવાથી દોષવાળા છે તે દોષને નિવૃત્ત કરવા સારૂ સદા શ્રવણ, કીર્તન, સ્મરણ વગેરે નવધા ભક્તિ પ્રેમ પૂર્વક કરવી. તેનાથી આ લોક તથા પરલોક સંબંધી સર્વ કાર્ય સિદ્ધ થાય છે. મોક્ષ તો વિષ્ણુથી સુલભ છે અને ભોગ શિવજીથી છે (૧૭)

સમર્પણેનાત્મનો હિ તદીયત્વં ભવેદ્ ધ્રુવમ્ ાા
અતદીયતયા ચાપિ કેવલશ્ચેત્ સમાશ્રિત: ાા૧૮ાા

શબ્દાર્થ-પોતાના આત્મા વિગેરે સર્વવસ્તુ પ્રભુને સમર્પણ કરવાથી જીવને નિશ્ચયે કરીને તેનાપણું નિશ્ચલ થાય જેમણે આત્મનિવેદન નથી કર્યું અને તદીયપણું ન થયું હોય, પણ માત્ર પ્રભુનો સારી રીતે આશ્રય રાખે તો પણ સારી ગતિ થાય (૧૮)

તદાશ્રયતદીયત્વબુદ્ધ્યૈ કિંચિત્ સમાચરેત્ ાા
સ્વધર્મમનુતિષ્ઠન્ વૈ ભારદ્વૈગુણ્યમન્યથા ાા૧૯ાા

શબ્દાર્થ-ભગવાનનો આશ્રય અને તદીયપણાને જાણવા સારૂ સ્વધર્મ પોતાના વર્ણાશ્રમનુ પાલન કરવું અને શરણાગતિરૂપ કાંઇક સાધન માટે શ્રવણાદિ કરવાં. તેમ ન કરે તો નિશ્ચયજ જીવનો ઉદ્ધાર કરવામાં પ્રભુને શ્રમ પડે અને બે પ્રકારનો ભાર થાય (૧૯)

ઇત્યેવં કથિતં સર્વં નૈતજ્જ્ઞાને ભ્રમ: પુન: ાા૧૯ાા

શબ્દાર્થ-આ પ્રકારે સર્વસિદ્ધાન્તના સંગ્રહરૂપ સર્વ કહેલું છે તે જાણ્યા પછી ફરીથી કોઈ પ્રકારનો સંદેહ રહેતો નથી. (૧૯ાા)

શ્રી મહ્લભાચાર્ય વિરચિત બાલબોધ ગ્રંથ સંપૂર્ણમ

સિદ્ધાંતમુક્તાવલી

ગ્રન્થપરીચય-શ્રીમદાચાર્યચરણે આ ગ્રન્થમાં સેવાના સિદ્ધાંતો નિરૂપણ કરેલા તે સેવાના પ્રકાર-૧. માનસી સેવા, શ્રીપ્રભુમાં સર્વાત્મભાવે ચિત્ત પરોવવું છે ઉત્તમ અને ફલરૂપ છે. ૨ તનુજા અને ૩. વિત્તજા સેવા સાધનરૂપ છે તેનાં અવાંતર ફલ સાંસારિક દુઃખની નિવૃત્ત અને અક્ષર બ્રહ્મના જ્ઞાનની પ્રાપ્તિ છે.

નત્વા હરિં પ્રવક્ષ્યામિ સ્વસિદ્ધાંત વિનિશ્ચયમ્ ।।
કૃષ્ણસેવા સદા કાર્યા માનસી સા પરા મતા ।।૧।।

શબ્દાર્થ-શ્રી હરિ ભગવાનને નમન કરીને પોતાના સિદ્ધાંતના વિશેષ નિશ્ચયને હું કહું છું શ્રીકૃષ્ણની સેવા નિરંતર અવશ્ય જોઇએ સેવામાં માનસી સેવાને ઉત્તમ ફલરૂપ માનેલી છે. (૧)

ચેતસ્તત્પ્રવણં સેવા તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા ।।
તતઃ સંસારદુઃખસ્ય નિવૃત્તિર્બ્રહ્મ બોધનમ્ ।।૨।।

શબ્દાર્થ-ચિત્તને શ્રીકૃષ્ણ ભગવાનમાં પરોવવું તે માનસી-દેહાનુસંધાનવિનાની-સેવા છે તેની સિદ્ધિ સારૂ ૧ તનુજા-કાયિક સેવા જેવી કે ઈંદ્રિયોથી ભગવદ્‌ગુણ સાંભળવા પ્રભુનું દર્શન વગેરે કરવું પ્રભુસેવામાં પૂર્ણ પ્રયત્નથી પરાયણ થવું તે ૨. વિત્તજા-દ્રવ્યથી-સેવામાં વિરોધી પોતાના સુખ સાધનનો અને સુખનો ત્યાગ કરવો, દ્રવ્યાદિકનો શ્રીપ્રભુમાં વિનિયોગ કરવો તે છે આ બન્ને પ્રકારની સેવા સાધનરૂપ માનેલી છે. તેનાથી સાંસારિક દુઃખની શાંતિ અને બ્રહ્મસંબંધી જ્ઞાન થાય છે. (૨)

પરંબ્રહ્મ તુ કૃષ્ણો હિ સચ્ચિદાનન્દકં બૃહત્ ।।
દ્વિરૂપં તદ્ધિ સર્વં સ્યાદેકં તસ્માદ્ વિલક્ષણમ્ ।।૩।।

શબ્દાર્થ-કેમકે પરબ્રહ્મ તો શ્રીકૃષ્ણપ્રભુ જ છે અને પોતે પૂર્ણાનન્દ છે. અક્ષરબ્રહ્મના આનંદની તો ગણત્રી થઈ શકે છે, અક્ષરબ્રહ્મ બે રૂપવાળું છે. એક સર્વપ્રપંચાત્મક નામરૂપ સહિત સર્વ જગતરૂપ છે; અને પ્રપંચથી વિલક્ષણ જ્ઞાનીઓને ઉપાસના કરવા યોગ્ય મુક્તિનું સ્થાન-શ્રીપૂર્ણ પુરૂષોત્તમનું ધામ-નિવાસસ્થાન છે, તે અક્ષરબ્રહ્મનું બીજું સ્વરૂપ છે (૩)

અપરં તત્ર પૂર્વસ્મિન્ વાદિનો બહુધા જગુઃ ।।
માયિકં સગુણં કાર્યં સ્વતન્ત્રં ચેત નૈકધા ।।૪।।

શબ્દાર્થ-પહેલાં કહેલા સર્વ જગતરૂપ બ્રહ્મના વિષે વિચાર કરનારા વેદના મતથી ભિન્ન મતમાં ઘણા પ્રકારે કહે છે; તે એવી રીતે કે માયાવાદી માયાનું બનાવેલું, સાંખ્ય મતવાળા ગુણોનું કાર્ય નૈયાયિક મતવાળા ઈશ્વરનું બનાવેલુ, મીમાંસક લોકો અનાદિકાળથી આવું ને આવું જ છે, અને વેદથી વિરૂદ્ધ મતવાળા. જેવા કે બૌદ્ધ, ચાર્વાક વામ, શાક્ત આદિ લોકો:પોતાની મરજી માફક અનેક પ્રકારે છે. (૪)

તદ્દેવૈતત્પ્રકારેણ ભવતીતિ શ્રુતેર્મતમ્ ।।
દ્વિરૂપં ચાપિ ગંગાવજ્જ્ઞેયં સા જલરૂપિણી ।।૫।।
માહાત્મ્યસંયુતા નૃણાં સેવતાં ભુક્તિમુક્તિદા ।।
મર્યાદામાર્ગવિધિના તથા બ્રહ્માપિ બુધ્યતામ્ ।।૬।।

શબ્દાર્થ-અક્ષરબ્રહ્મ જ એ જગદ્‌રૂપે થાય છે એ રીતે વેદનો મત છે, અને બે રૂપવાળા એક જગદ્‌રૂપ અને બીજું અક્ષરબ્રહ્મરૂપ પણ ગંગાજીની પેઠે જાણવું જેમ ગંગાજી જલ-રુપે આધિભૌતિક છે અને પોતાના માહાત્મયે કરીને યુક્ત એવાં તીર્થરૂપે આધ્યાત્મિક સ્વરૂપે છે અને મર્યાદા માર્ગની રીતિથી તેમનું સેવન તેમ કરનારા મનુષ્યોને ભોગ અને મોક્ષરૂપી ફલને આપનારાં છે તેમ અક્ષરબ્રહ્મ પણ જાણવું (૫-૬)

તત્રૈવ દેવતામૂર્તિર્ભક્ત્યા યા દૃશ્યતે ક્વચિત્ ।।
ગંગાયાં ચ વિશેષેણ પ્રવાહાભેદબુદ્ધયે ।।૭।।

શબ્દાર્થ–તે બે રૂપવાળા ગંગાજીમાં જ જે દેવતારૂપી આધિદૈવિક ગંગાજી છે તે ભક્તિદ્વારા ગંગા પ્રવાહમાં અને કોઇ વખતે ગંગાદ્વારા આદિ તીર્થસ્થળમાં ભક્તિની અધિકતાએ કરીને દેખાતાં જલપ્રવાહમાં અભેદ બુદ્ધિવાળાને દર્શન આપે છે. (૭)

પ્રત્યક્ષા સા ન સર્વેષાં પ્રાકામ્યં સ્યાત્ તયા જલે ॥
વિહિતાચ્ચ ફલાત્ તદ્ધિ પ્રતિત્યાપિ વિશિષ્યતે ॥૮॥

શબ્દાર્થ–બધાં પ્રાણીઓને ગંગાજી નજરે દેખાતાં નથી તો પણ ગંગાજલમાં ઉત્તમ કામના રાખીને સ્નાનાદિક થાય તો કામના સિદ્ધ થાય છે. ગંગાજળ નિશ્ચય જ શાસ્ત્રમાં કહેલા ફલથી અને પ્રતીતિ લઇે પણ બીજા જલ કરતાં અધિક છે (૮)

યથા જલં તથા સર્વં યથા શકતા તથા બૃહત ॥
યથા દેવી તથા કૃષ્ણસ્તત્રાપ્યેતૂદિહોચ્યતે ॥ ૯ ॥

શબ્દાર્થ–જેમ જલરૂપિણી ગંગાજી છે તેમ જગતરૂપ બ્રહ્મ છે. જેમ તીર્થરૂપિણી ગંગાજી છે તેમ અક્ષરબ્રહ્મ છે, અને જેમ દેવીરૂપા ગંગાજી છે તેમ શ્રીકૃષ્ણને સમજવા. આ સિદ્ધાંત વિષે આધિદૈવિક વિચારમાં પણ આગળ કહેવાનું છે તે કહેવામાં આવે છે. (૯)

જગન્તુ ત્રિવિધં પ્રોક્તં બ્રહ્મવિષ્ણુશિવાસ્તતઃ ॥
દેવતારૂપવત્પ્રોક્તા બ્રહ્મણીત્થં હરિર્મતઃ ॥ ૧૦ ॥

શબ્દાર્થ–જગત તો સત્યવાદિ ત્રણ ગુણના કાર્યપણાયે કરીને ત્રણ પ્રકારનું કહેલું છે તે હેતુથી બ્રહ્મા, વિષ્ણુ અને શિવ એ ત્રણ રૂપાનુસાર દેવતા પણ કહેલા છે. એ રીતે અક્ષરબ્રહ્મમાં નિયામક શ્રી હરિ ભગવાન આધિદૈવિકરૂપ માનેલા છે. (૧૦)

કામચારસ્તુ લોકેઽસ્મિન્ બ્રહ્માદિભ્યો ન ચાન્યથા ।
પરમાનન્દરૂપે તુ કૃષ્ણે સ્વાત્મનિ નિશ્ચયઃ ॥૧૧॥

શબ્દાર્થ–આ લોકમાં ઉપાસકોની ઇચ્છાએ કરીને પ્રાપ્તિ અથવા ભોગ તો બ્રહ્માદિથી જ થાય છે, બીજી રીતે નહી. ભક્તોજનોને પોતાના આત્મા સારું પરમાનન્દ સ્વરૂપનું દાન શ્રીકૃષ્ણ ભગવાનથી મળે છે. (૧૧)

અતસ્તુ બ્રહ્મવાદેન કૃષ્ણે બુદ્ધિર્વિધીયતામ્ ।
આત્મનિબ્રહ્મ રૂપે હિ, છિદ્રા વ્યોમ્નીવ ચેતનાઃ॥૧૨॥

શબ્દાર્થ–એ હેતુ માટે બધું બ્રહ્મ જ છે એવા બ્રહ્મવાદે કરીને શ્રીકૃષ્ણમાં અંતઃકરણ વિશેષ રૂપથી ધારણ કરવું. આત્માના વિષયમાં બ્રહ્મના અંશપણાથી બ્રહ્માત્મક આત્મામાં જે અંતઃકરણની વૃત્તિઓ છે તે જીવોને સંસારીપણું ઉત્પન્ન કરી આપે છે. જેમ આકાશમાં છિદ્રો [અનેકપણાની બુદ્ધિ થાય છે, જો કે આકાશમાં છિદ્રો નથી, તે તો સર્વત્ર વ્યાપ્ત રહેલું છે તેવી પ્રતીતિ (ચારણી વગેરે) ઉપાધિથી થાય છે] તેમ જીવ પોતાના આત્માને બ્રહ્મરૂપ જાણતો નથી પણ સંસારી જાણે છે અને અવિદ્યાના કારણે બ્રહ્મરૂપમાં અનેકપણાની દોષવાળી બુદ્ધિ કરે છે. (૧૨)

ઉપાધિનાશે વિજ્ઞાને બ્રહ્માત્મત્વાવબોધને ॥
ગંગાતીરસ્થિતો યદ્વદ્ દેવતાં તત્ર પશ્યતિ ॥૧૩॥
તથા કૃષ્ણં પરં બ્રહ્મ સ્વસ્મિન્ જ્ઞાની પ્રપશ્યતિ ॥૧૩॥

શબ્દાર્થ-જેમ ગંગાજીના કિનારા પર રહેલા તેમના ભક્ત આધિદૈવિકરૂપી મૂર્તિમતી ગંગાજીના દર્શન કરે છે તેમ અવિદ્યારૂપી ઉપાધિ નાશ થતાં નામરૂપ સહિત જડજીવાત્મક સંપૂર્ણ જગતને તે અક્ષર બ્રહ્મ છે એવું જ્ઞાન થાય છે. ત્યારે જગત તથા પોતાના આત્માને અક્ષરબ્રહ્માત્મક જાણવાવાળો જ્ઞાની ભકિત વડે કરીને પોતાનામાં પરબ્રહ્મ શ્રીકૃષ્ણ ભગવાનને ઉત્તમ રીતે જુએ છે. (૧૩॥)

સંસારી યસ્તુ ભજતે સ દૂરસ્થો યથા તથા ॥૧૪॥
અપેક્ષિતજલાદીનામભાવત્તત્ર દુઃખભાક્ ॥ ૧૪॥ ॥

શબ્દાર્થ-સંસારમાં રહેનારો જેની અહંતા મમતા છૂટી નથી એવો શ્રીભગવાનને ભજે તે તો જેમ ગંગાજીથી દૂર રહેલો ગંગાજીનો ભક્ત પોતાને સ્નાનાદિ સારૂ જોઈતા જલ અને ગંગાજીનું દર્શન નહિ મળવાથી દુઃખી થાય છે તેમ ભક્તિમાર્ગમાં રહેલો હોય અને પ્રભુદર્શનની ઇચ્છા હોય તે નહીં મળવાથી દુઃખ ભોગવનારો થાય છે. (૧૪॥)

તસ્માચ્છ્રીકૃષ્ણમાર્ગસ્થો વિમુક્ત: સર્વલોકતઃ ॥૧૫॥
આત્માનંદસમુદ્રસ્થં કૃષ્ણમેવ વિચિંતયેત ॥૧૫॥॥

શબ્દાર્થ-તે કારણથી જે ભકિતમાર્ગમાં રહેલો હોય તેણે સંસારની ઉપાધિઓથી વિમુકત થઇને આત્માનંદરુપી સાગરમાં બિરાજેલા શ્રીકૃષ્ણ ભગવાનનું જ ચિંતન કરવું. (૧૫॥)

લોકાર્થી ચેદ્ભજેત્કૃષ્ણં કિલષ્ટો ભવતિ સર્વથા॥૧૬॥
કિલષ્ટોપિ ચેદ્ ભજેત્ કૃષ્ણં લોકો નશ્યતિ સર્વથા ૧૬॥

શબ્દાર્થ-લોકસંબંધિ કામનાના પ્રયોજનવાળો થઇને જો શ્રીકૃષ્ણને ભજે તો સર્વ રીતે કલેશવાળો થાય છે. કલશવાળો પણ જો વિરકત થઈને શ્રીકૃષ્ણને ભજે તો સમ્પૂર્ણ અહંતામમતાત્મક સંસાર નાશ થાય છે. (૧૬॥)

જ્ઞાનાભાવે પુષ્ટિમાર્ગી તિષ્ઠેત્ પૂજોત્સવાદિષુ ॥૧૭॥
મર્યાદાસ્થસ્તુ ગંગાયાં શ્રીભાગવતતત્પરઃ ॥
અનુગ્રહઃ પુષ્ટિમાર્ગે નિયામક ઇતિ સ્થિતિ: ॥૧૮॥

શબ્દાર્થ-પુષ્ટિમાર્ગીય ભકત જેને પોતાના સ્વરૂપનું અને ભગવત્સ્વરૂપનું જ્ઞાન ન હોય તેવાએ ભગવત્પૂજન અને ઉત્સવો વગેરે જયાં ચાલુ હોય તેવા સ્થળોમાં નિત્ય તત્પર રહેવું. મર્યાદામાર્ગીય ભકતે જ્ઞાનના અભાવમાં તો ગંગાજીના કિનારા પર નિવાસ કરી શ્રીમદ્ભગવતના પાઠાદ નિત્યપ્રતિ કર્યા કરવો. શુદ્ધપુષ્ટિમાર્ગમાં શ્રીપ્રભુનો અનુગ્રહ નિયામક છે. પુષ્ટિમાર્ગની નિર્દોષ મર્યાદા છે જેથી સ્વાનનો નિયમ નથી. (૧૮)

ઉભયોસ્તુ ક્રમેણૈવ પૂર્વોકતૈવ ફલિષ્યતિ ॥
જ્ઞાનાધિકો ભક્તિમાર્ગ એવં તસ્માત્ નિરૂપિત: ॥૧૯॥

શબ્દાર્થ-બન્ને જ્ઞાની સને ભક્તને ક્રમે કરીને જ પ્રથમ પુષ્ટિમાર્ગમાં લઇને જ પછી,આગળ માનસી સેવા સિદ્ધ થશે, એ પ્રકારે ભકિતમાર્ગ જ્ઞાનમાર્ગથી ઉત્તમ છે તે સારૂં ગંગાજીના દ્રષ્ટાન્તે કરીને વિવેચનપૂર્વક નિરૂપણ કરેલું છે. (૧૯)

ભકત્યભાવે તુ તીરસ્થો યથા દુષ્ટૈ: સ્વકર્મભિ:।।
અન્યથાભાવમાપન્નસ્તસ્માત્ સ્થાનાચ્ચનશ્યતિ।।૨૦।।

શબ્દાર્થ-જેમ ગંગાજીના તટપર રહેલો ભકિતના અભાવમાં તો દોષયુકત પોતાના કર્માએ કરીએ વિપરીત ભાવ પાખંડપણાને પામે તો તે સ્થાનથી પણ ભ્રષ્ટ થાય છે (૨૦)

એવં સ્વસાસ્ત્રસર્વસ્વં મયા ગુપ્તં નિરૂપતમ્ ।।
એતદ્ બુદ્ધવા વિમુચ્યેત પુરુષ: સર્વસંશયાત્ ।।૨૧।।

શબ્દાર્થ-એ રીતે મે-શ્રીવલ્લભાચાર્યજીએ સ્વશાસ્ત્રનું સર્વસ્વરૂપ સેવાસિદ્ધાંત ગુપ્ત છતાં પણ કહ્યો, તે નીરૂપણ કર્યું છે એ સિદ્ધાંત જાણવાની અને હૃદયારૂઢ કરવાથી મનુષ્ય સર્વ પ્રકારના સંશયથી મુકત થાય છે. (૨૧)

શ્રીમદ્દલ્લભાચાર્ય વીરચિત સિદ્ધાંતમુકતાનલી ગ્રંથ સંપૂર્ણમ્ ।।

પુષ્ટિપ્રવાહ મર્યાદાભેદ

ગ્રન્થ પરિચય-શ્રીપ્રભુએ રમણાર્થે સૃષ્ટિની રચના કરી છે. તેના સર્વજીવ ચૈતન્યરૂપથી અને ભગવાનના અંશપણાથી સમાન છે. પણ જીવ સ્વભાવવડે દોષવાળા હોવાથી તેના દેહ, ક્રિયા, સર્ગ અને ફલમાં ભેદ છે. તેનું જ્ઞાન શ્રીમદાચાર્યચરણે આ ગ્રંથમાં આપેલું છે. આ સૃષ્ટિના પુષ્ટિ પ્રવાહ અને મર્યાદા એમ ત્રણ મુખ્ય માર્ગ છે. તે સિદ્ધ કર્યા છે. અને તે દરેકના સ્વરૂપ જુદા જુદા નિરૂપણ કર્યાં છે. ૧. ભગવાનના અનુગ્રહનો માર્ગ તે પુષ્ટિમાર્ગ ૨. વેદમાં કહેલાં કર્મ જ્ઞાનમાર્ગ તે મર્યાદામાર્ગ, ૩ સૃષ્ટિની પરંપરાનો માર્ગ તે પ્રવાહમાર્ગ કહેવાય છે.

પુષ્ટિપ્રવાહમર્યાદા વિશેષેણ પૃથક્ પૃથક્ ।।
જીવદેહક્રિયા ભેદ: પ્રવાહેણ ફલેન ચ ।। ૧ ।।
વક્ષ્યામિ સર્વસંદેહા ન ભવિષ્યંતિ યચ્છ્રુતે ૧।।

શબ્દાર્થ-પુષ્ટિ પ્રવાહ અને મર્યાદા એ ત્રણે માર્ગે જૂદા જૂદા છે તેઓના જીવ, દેહ, ક્રિયા, સૃષ્ટિની પરંપરા અને ફલના ભેદ એ પાંચે વિશેષરૂપથી જૂદા જૂદા કહીશ જે સાંભળવાથી સર્વ પ્રકારના સંદેહો થશે નહીં. (૧।।)

ભકિતમાર્ગસ્યત્ કથના પુષ્ટિરસ્તીતિ નિશ્ચયઃ ।।૨।।

શબ્દાર્થ-ભક્તિ માર્ગ એમ કહેવાથી પુષ્ટિમાર્ગ ભગવાનના અનુગ્રહનો માર્ગ છે. એવો નિશ્ચય છે. (૨)

દ્વૌ ભૂતસર્ગાવિત્યુકતેઃ પ્રવાહોઽપિ વ્યવસ્થિત: ।।
વેદસ્ય વિદ્યમાનત્વાત્ મર્યાદાપિ વ્યવસ્થિતા ।।૩।।

શબ્દાર્થ-ગીતાજીના સોળમા અધ્યાયના છઠ્ઠા શ્લોકમાં શ્રીકૃષ્ણ ભગવાનને કહેલું છે કે "દ્વૌ ભૂતસર્ગૌ લૌકેસ્મિન્ દૈવ આસુર એવ ચ" આ લોકમાં બે પ્રકારનિ સૃષ્ટિ છે, એક દૈવીસૃષ્ટિ અને બીજી આસુરી સૃષ્ટિ છે. એ પ્રમાણુથી પ્રવાહમાર્ગ પણ રહેલો છે. અછે વર્ણાશ્રમ ધર્મોની મર્યાદા બતાવનારા વેદ છે તેથી મર્યાદામાર્ગ પણ છે. (૩)

કશ્ચિદેવ હિ ભકતો હિ યો મદ્ભકત ઇતીરણાત ।।
સર્વત્રોત્કર્ષ કથનાત્પુષ્ટિરસ્તીતિનિશ્ચયઃ ।। ૪ ।।

શબ્દાર્થ-કોઇક વિરલો મારો ભકત થાય છે ગીતાજીના બારમા અધ્યાયમાં તેરથી વીસ શ્લોક સુધી ભકતનાં લક્ષણ જણાવ્યાં છે. તેમાં યો મદ્ભકતઃ સ મે પ્રિયઃ મારે વિષે મન અને બુદ્ધિ અર્પણ કરનાર જે મારો ભકત છે તે મને અત્યન્ત પ્રિય છે, આ પ્રકારે શ્રીભગવાને બધે ઠેકાણે શ્રીમુખથી ભકતની શ્રેષ્ઠતા બધે ઠેકાણે કહેવાથી પુષ્ટિમાર્ગ નક્કી છે. (૪)

ન સર્વોતઃ પ્રવહાદ્ધિ ભિન્નો વેદાચ્ચ ભેદતઃ ॥
યદા યસ્યેતિવચનાન્નાહં વેદૈરિતીરણાત્ ॥ ૫ ॥

શબ્દાર્થ-બધા માર્ગોનો પુષ્ટિમાર્ગની સાથે સંબંધ થઇ શકતો નથી શ્રીમદ્ ભાગવતના ચોથા સ્કન્ધના ૨૯મા અધ્યાયમાં લખ્યું છે કે યદા યસ્યાનુગૃહ્ણાતિ ભગવાનાત્મભાવિતઃ । સજહતિ મતિં લોકે વેદે ચ પરિનિષ્ઠિતામ્ ॥ આત્મા વડે ભાવના કરાયલા ભગવાન જેના પર અનુગ્રહ કરે છે ત્યારે તે લૌકિક અને વૈદિક કામનાઓનો ત્યાગ કરે છે. ગીતાજીના અગીયારમા અધ્યાયના ૫૩ મા શ્લોકમાં કહેછે કે નહિં વેદૈર્ન તપસા ન દાનેન ન ચેજ્યયા । શકય એવંવિધો દ્રષ્ટું દ્રષ્ટવાનસિ માં યથા ॥ તેં જેવાં મારા સ્વરૂપનાં દર્શન અત્યારે કર્યાં તેવા દર્શન, કોઈ ને વેદપાઠ કરવાથી તપ કરવાથી, દાનથી કે યજ્ઞાદિથી થઇ શકતાં નથી, પણ અનન્ય ભકિત કરવાથી મારૂં દર્શન થાય છે. આ પ્રમાણે સર્વ જીવ સમાન નથી તેની પુષ્ટમાર્ગ પ્રવાહથી જૂદો છે અને વેદથી જુદો હોવાથી. પુષ્ટિમાર્ગ, પ્રવાહ માર્ગ અને મર્યાદામાર્ગ એ ત્રણે જૂદા જુદા છે. (૫)

માર્ગૈકત્વેપિ ચેદંત્યૌ તનૂ ભકત્યાગમૌ મતૌ ॥
ન તદ્ યુકતં સૂત્રતો હિ ભિન્ના યુકત્યા હિ વૈદિકઃ॥૬॥

શબ્દાર્થ-ભક્તિમાર્ગ એક હોવા છતાં પણ મર્યાદા અને પ્રવાહમાર્ગ કાંઈક ભકિત આપનારા માનવામાં આવેલા છે એટલે તે તેના અંગરૂપ છે એમ જો કોઈ કહે તો તે અયુકત છે, કેમકે ભકિતસૂત્રથી અને વેદની યુકિત અનુસાર પુષ્ટિમાર્ગ બન્ને માર્ગોથી જુદો છે. (૬)

જીવદેહકૃતિનાં ચ ભિન્નત્વં નિત્યતા શ્રુતેઃ ॥
યથા તદ્વત્ પુષ્ટિમાર્ગે દ્વયોરપિ નિષેધતઃ ॥ ૭ ॥
પ્રમાણ ભેદાદ્ ભિન્નો હિ પુષ્ટિમાર્ગો નિરૂપિતઃ ૭॥

શબ્દાર્થ-જેવી રીતે જીવ, દેહ અને સાધનોનું જુદાપણું શ્રુતિથી સિદ્ધ છે તે પ્રકારે પુષ્ટિમાર્ગમાં નિત્યતા પણ શ્રુતિથી સિદ્ધ છે. પ્રવાહમાર્ગ અને મર્યાદામાર્ગ એ બન્નેના નિષેધથી અને પ્રમાણોના ભેદથી પુષ્ટિમાર્ગ અવશ્ય ભિન્ન નિરુપણ કરેલો છે. (૭॥)

સર્ગભેદં પ્રવક્ષ્યામિ સ્વરુપાંગ ક્રિયાયુતમ્ ॥ ૮ ॥
ઇચ્છામાત્રેણ મનસા પ્રવાહં સૃષ્ટવાન્ હરિઃ ॥
વચસા વેદમાર્ગં હિ પુષ્ટિં કાયેન નિશ્ચયઃ ॥ ૯ ॥

શબ્દાર્થ-હવે સર્ગભેદ સ્વરૂપ, અંગ અને ક્રિયાસહિત વિશેષ રૂપથી કહું છું શ્રીકૃષ્ણ ભગવાનને મનવડે પ્રવાહસૃષ્ટિ, ઉત્પન્ન કરી, વાણીદ્વારા મર્યાદાસૃષ્ટિ, તેમજ શ્રીઅંગથી પુષ્ટિસૃષ્ટિ રચી એમ નિશ્ચય છે. (૯)

મૂલેચ્છાતઃ ફલં લોકે વેદોક્તં વૈદિકેઽપિ ચ॥
કાયેન તુ ફલં પુષ્ટૌ ભિન્નેચ્છાતોઽપિ નૈકધા ૧૦

શબ્દાર્થ-પ્રવાહમાં મૂલ ઇચ્છાથી લૌકિકફલ થાય છે અને મર્યાદામાર્ગમાં પણ વેદમાં કહેલા ફલની પ્રાપ્તિ છે. પુષ્ટમાર્ગમાં તો શ્રીઅંગદ્વાર સ્વરૂપદ્વારા, ફલ છે. આવી રીતે જુદાં જુદાં ફલ આપવાની ઇચ્છાથી સૃષ્ટિ એક પ્રકારની નથી. (૧૦)

તાનહં દ્વિષતો વાકયાદ્ભિન્ના જીવાઃ પ્રવાહિણઃ ॥
અત એવેતરૌ ભિન્નૌ સાન્તૌ મોક્ષપ્રવેશતઃ ॥૧૧॥

શબ્દાર્થ-ગીતાજીના આધ્યાય ૧૬ના શ્લોક ૧૯માં કહ્યું છે કે તાનહંદ્વિષતઃ ક્રૂરાન્સ સારેષુ નરાધમાન્ ॥ ક્ષિપામ્યજસ્રમશુંભાનાસુરીષ્વેવ યોનિષુ ॥ તે દ્વેષ કરનારા અને અશુભ કામ કરનારા ક્રૂર નરાધમોને આ સંસારમાં હું આસુરી યોનિમાં વારંવાર ફેંકું છુ. આ શ્લોકના વાકયથી પ્રવાહમાર્ગીય જીવ જુદા છે, એટલા માટે મર્યાદા અને પુષ્ટિના જીવો મોક્ષ અને પ્રવેશ થવાના કારણે અન્તવાળા જુદા છે. (૧૧)

તસ્માજ્જીવાઃ પુષ્ટિમાર્ગે ભિન્ના એવ ન સંશયઃ ।
ભગવદ્રૂપસેવાર્થં તત્સૃષ્ટિર્નાન્યથા ભવેત્ ॥ ૧૨ ॥

શબ્દાર્થ-તેથી પુષ્ટિમાર્ગમાં જે જીવો છે તે જુદા જ છે તેમાં સંશય નથી. પુષ્ટિમાર્ગીય સૃષ્ટિ ભગવદ્રુપસેવા માટે છે બીજી રીતે આ સૃષ્ટિ જ થાય નહીં (૧૨)

સ્વરૂપેણવતારેણ લિંગેન ચ ગુણેન ચ ।
તારતમ્યં ન સ્વરૂપે દેહે વા તત્ક્રિયાસુ વા ॥૧૩॥
તથાપિ યાવતા કાર્યં તાવત્ તસ્ય કરોતિ હિ ૧૩॥

શબ્દાર્થ-પુષ્ટિમાર્ગીયજીવની સ્વરૂપ વડે, અવતાર વડે, ચિહ્ન વડે અને ગુણ વડે તેઓના સ્વરૂપમાં, દેહમાં અથવા તેમની

ક્રિયાઓમાં ભગવાનથી ન્યૂનાધિકતા નથી, તો પણ ભગવાનને જેટલું કામ કરાવવું હોય તેટલી જ જીવમાં ન્યૂનાધિકતા કરે છે. (૧૩॥)

તે હિ દ્વિધા શુદ્ધમિશ્રણભેદાન્ મિશ્રાસ્ત્રિધા પુનઃ ॥૧૪॥
પ્રવાહદિવિભેદેન ભગવત્કાર્યસિદ્ધયે ॥

પુષ્ટયા વિમિશ્રાઃ સર્વજ્ઞાઃ પ્રવાહેણ ક્રિયારતાઃ॥૧૫॥
મર્યાદયા ગુણજ્ઞાસ્તે શુદ્ધાઃ પ્રેમ્ણાતિદુર્લભાઃ ॥૧૫॥ ॥

શબ્દાર્થ-પુષ્ટિમાર્ગીય જીવ શુદ્ધપુષ્ટ અને મિશ્રપુષ્ટિના ભેદથી બે પ્રકારના છે, અને બીજા 'મિશ્રપુષ્ટિ'' ફરી ત્રણ પ્રકારના છે. ભગવત્કાર્યની સિદ્ધિ સારૂ પ્રવાહ આદિના વિશેષ ભેદથી એક તો પુષ્ટિમિશ્રપુષ્ટ જીવો સર્વજ્ઞ હોય છે, પ્રવાહ મિશ્ર "પુષ્ટિ જીવ" ક્રિયામાં પ્રીતિવાળા હોય છે, 'મર્યાદામિશ્ર' પુષ્ટિ જીવો ભગવદ્ગુણોને જાણવાવાળા હોય છે, અને શુદ્ધ પુષ્ટિજીવો જેઓ પ્રેમ વડે શુદ્ધ છે તેઓ તે અત્યન્ત દુર્લભ છે (૧૫॥)

એવં સર્ગસ્તુતેષાં હિ ફલં ત્વત્ર નિરૂપ્યતે ॥૧૬॥
ભગવાનેવ હિ ફલં સ યથાવિર્ભવેદ્ભુવિ ॥
ગુણસ્વરૂપભેદેન તથા તેષાં ફલં ભવેત્ ॥ ૧૭ ॥

શબ્દાર્થ-આ પ્રકારે સૃષ્ટિ છે હવે અહીં તો તે સર્વ પ્રકારના જીવોનાં જ ફલને નિરૂપણ કરવામાં આવે છે ભગવાન જ નિશ્ચય ફલ છે તે જેમ ગુણ તથા સ્વરૂપના ભેદ વડે જે પ્રકારે પૃથ્વીમાં પ્રકટ થાય છે તે પ્રકારે પુષ્ટિમાર્ગીય જીવોને ફલ થાય છે. (૧૭)

આસકતૌ ભગવાનેવ શાપં દાપયતિ કવચિત ॥
અહંકારેઽથવા લોકે તન્માર્ગ સ્થાપનાય હિ ॥૧૮॥

શબ્દાર્થ-મિશ્ર પુષ્ટિ જીવ લૌકિક વિષયમાં આસકત થાય તે કોઇક વખત ભગવાન જ તેને શાપ અપાવે છે, અથવા અહકારી થાય તો કયારેક કાંઈ શાપ પણ અપાવે છે, પરંતુ તે શાપ પણ માર્ગનું સ્થાપન કરવું હોય તેને માટે આપવામાં આવે છે, (૧૮)

ન તે પાષણ્ડતાં યાન્તિ ન ચ રોગાદ્યુપદ્રવા: ॥
મહાનુભાવા: પ્રાયેણ શાસ્ત્રં શુદ્ધત્વહેતવે ॥૧૯॥

શબ્દાર્થ-શાપ થયેલા ભકતો પાખંડપણાને પામતાં નથી અને રોગાદિ ઉપદ્રવો પણ તેઓને થતાં નથી. ઘણું કરીને શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે તે શાપ મહાનુભાવીઓની શુદ્ધિની માટે હોય છે. (૧૯)

ભગવત્તારતમ્યેન તારતમ્યં ભજન્તિ હિ ॥૧૯॥॥

શબ્દાર્થ-ભગવાનની ઇચ્છાના ભેદથી જેવી ભક્તિ હોય તેવા ભગવત્સ્વરૂપના આવિર્ભાવને તેઓ ભજે છે. (૧૯॥)

વૈદિકત્વં લૌકિકત્વં કાપટયાત્તેષુ નાન્યથા ॥૨૦॥
વૈષ્ણવત્વં હિ સહજં તતોન્યત્ર વિપર્યયઃ ॥૨૦॥॥

શબ્દાર્થ-પુષ્ટિમાર્ગીય જીવોમાં વૈદિકપણું અને લૌકિકપણું દેખાવના રીતેથી છે, અર્થાત્ ભગવાનને ત્યજી લૌકિક, વૈદિક કર્મોમાં પ્રીતિ ન હોવા છતાં માત્ર દેખાવ પૂરતું જ તે કર્મોમાં પ્રવૃત્તિ રહે છે, બીજી રીતે તેમાં રુચિ હોતી નથી આ પુષ્ટિ જીવોમાં વૈષ્ણવતા સ્વભાવિક છે, તેથી બીજી રીતે વિપરીતતા છે. (૨૦)

સમ્બન્ધિનસ્તુ યે જીવાઃ પ્રવાહસ્થાસ્તથાપરે ॥૨૧॥
ચર્ષણીશબ્દવાચ્યાસ્તે તે સર્વે સર્વવર્ત્મસુ ॥

ક્ષણાત્ સર્વત્વમાયાન્તિ રૂચિસ્તેષાં ન કુત્રચિત્ ॥૨૨॥
તેષાં ક્રિયાનુસારેણ સર્વત્ર સકલં ફલમ્ ॥ ૨૨॥॥

શબ્દાર્થ-ત્રણે માર્ગના સંબંધમા રહેનારા તો જે જીવો પ્રવાહ માર્ગમાં રહેલા છે તે તથા બીજા હીનપ્રવાહ માર્ગમાં રહેલા તે ચર્ષણી જીવો કહેવાય છે તે સર્વે સર્વ માર્ગોમાં પળમાત્રને માટે તન્મયતાને પ્રાપ્ત થાય છે, તેમની કયાંયે પણ રૂચિ, સ્થિરતા, રહેતી નથી. તેમને કર્માનુસાર સર્ત સ્થાનોમાં સવ પ્રકારનાં ફલ મળે છે. (૨૨॥)

પ્રવાહસ્થાન્ પ્રવક્ષ્યામિ સ્વરૂપાંગક્રિયાયુતાન્ ॥૨૩॥
જીવાસ્તે હ્યાસુરાઃ સર્વે પ્રવૃત્તિં ચેતિ વર્ણિતા: ॥
તે ચ દ્વિધા પ્રકીર્ત્યન્તે હ્યજ્ઞદુર્જ્ઞ વિભેદત: ॥૨૪॥
દુર્જ્ઞાસ્તે ભગવત્પ્રોકતા હ્યજ્ઞાસ્તાનનુ યે પુનઃ ૨૪॥

શબ્દાર્થ-સ્વરુપ, અંગ, ક્રિયાસહિત પ્રવાહમાં રહેનારા જીવોને હવે કહીશ. તે પ્રવાહી સર્વે જીવ નિશ્ચય અસુર છે. ભગવાને ગીતાના ૧૬ મા અધ્યાયમાં ૭ થી ૨૦ શ્લોક સુધીમાં કહ્યું છે. કે 'પ્રવૃત્તિં ચ નિવૃત્તિંચ જના ન વિદુરાસુરાઃ । ન શૌચં નાપિ ચાચારો ન સત્યં તેષુ વિદ્યતે । આસુરીજીવ પ્રવૃત્તિ, કરવા જેવું

શું અને નિવૃત્તિ ન કરવા જેવું શું તે જાણતા નથી, તેમ પવિત્રતા, શ્રેષ્ઠ આચરણ કે સત્ય પણ તેઓમાં જણાતાં નથી વગેરે વગેરે આસુરી સંપત્તિના લક્ષણ વર્ણવેલાં છે. અજ્ઞ અને દુર્જ્ઞના ભેદથી તે જીવો બે પ્રકારથી સ્પષ્ટ રૂપથી કહેવાય છે. ગીતાજીમાં જણાવેલા જીવો દુર્જ્ઞ સમજવા. તે અસુરોનું અનુકરણ કરનારા જે જીવો છે તે અજ્ઞ જીવો છે. (૨૪।।)

પ્રવાહેપિ સમાગત્ય પુષ્ટિસ્થસ્તૈર્ન યુજ્યતે ।।૨૫।।
સોપિ તૈસ્તત્કુલે જાતઃ કર્મણા જાયતે યતઃ ૨૫।।

શબ્દાર્થ- પુષ્ટિમાર્ગવાળા, પ્રવાહ માર્ગમાં આવીને પણ તેમની સાથે મળતા નથી. તે અસુર પણ તેમની સાથે તેમનાં જન્મેલા છે, કેમકે વેદવિરોધાદિ કર્મોથી અસુર થાય છે (૨૫।।)

શ્રી મદ્વલ્લભાચાર્યજીએ પ્રકટ કરેલો પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ

ગ્રન્થ સંપૂર્ણ

સિદ્ધાંતરહસ્યમ્

ગ્રંથપરિચય—શ્રીકૃષ્ણ, પૂર્ણપુરુષોત્તમ પૂર્ણાનંદ, નિર્દોષ અને પૂર્ણગુણ શરીરવાળા છે, જ્યારે મનુષ્યો. કાલદેશાદિના અનેકવિધ દોષોથી પૂર્ણ છે. તેથી તેમણે કરેલી સેવારુપ ભકિત શ્રીપ્રભુ અંગીકાર કરે નહીં અને તેનું ફલ થાય નહીં એવી ચિન્તા શ્રીમદાચાર્યચરણને થઈ. તે નિવૃત્ત કરવા ભગવાને પ્રકટ થઈ તેમને જે આજ્ઞા કરી તેના અર્થનાં સંગ્રહરૂપ સિદ્ધાંત-રહસ્ય નામનો ગ્રંથ પોતે પ્રકટ કર્યો છે.

શ્રાવણસ્યામલે પક્ષ એકાદશ્યાં મહાનિશિ ।।
સાક્ષાદ્ ભગવતા પ્રોકતં તદક્ષરશ ઉચ્યતે ।। ૧ ।।

શબ્દાર્થ-શ્રાવણ માસના શુકલ પક્ષમા એકાદશીની મધ્ય રાત્રિએ પ્રકટ થઇને સાક્ષાત્ ભગવાને ઉપદેશેલું તે અક્ષરે અક્ષર કહેવાય છે. (૧)

બ્રહ્મસમ્બન્ધકરણાત્ સર્વેષાં દેહજીવયોઃ ।।
સર્વદોષનિવૃત્તિર્હિ દોષાઃ પંચવિધાઃ સ્મૃતાઃ ।।૨।।

શબ્દાર્થ-બ્રહ્મસંબંધ કરવાથી સર્વના દેહના અને જીવના સર્વ દોષોની નિવૃત્તિ થાય છે. દોષો પાંચ પ્રકારના સ્મૃતિશાસ્ત્રમાં કહ્યા છે. (૨)

(એક કવિએ બ્રહ્મસંબંધ કાવ્ય લખેલું છે અને તેના ગદ્યમંત્રાષ્ટકમાં તેમણે બ્રહ્મસંમ્બન્ધ મંત્ર ગુઢ રાખવાની પ્રણાલિકાને માન્ય રાખી તે મંત્રના ભાવના શ્લોકો રચેલા છે. તેનો ઉતારો આ નીચે આપેલો છે.)

સ્વામિન્સહસ્રમિતવર્ષગતાચ્ચ કાલા—
ત્ત્વત્તોવિયુક્ત ઇહ સંસૃતિમાગતોઽસ્મિ ॥
કલેશોઽભવન્મમ ભૃશં ભૃશમાસ તાપ
આનંદ ઇશ લયમાપ તદુદ્‌ભવો યઃ ॥૧॥

શબ્દાર્થ-હે સ્વામિન્! હજારો વર્ષના ગયેલા અનંત કાલથી હું આપથી જુદો પડી આ સંસારમાં આવ્યો છું આપના વિયોગથી મને ઘણો કલેશ થયો છે, ઘણો તાપ થયો છે અને તે થતા તાપ કલેશનો આનંદ થતો તે પણ અત્યારે તિરોહિત થઇ ગયો છે. (૧)

સોઽહં પ્રભો ભગવતે ભવદીયદાસઃ
કૃષ્ણાય ગોપવનિતાજનવલ્લભાય ॥
દેહેન્દ્રિયાણ્યસુમનાંસિતદીયધર્મા—
ન્દારાગૃહાપ્તસુતવિત્તતૃષાદિયુકતાન્ ॥ ૨ ॥

શબ્દાર્થ-હે પ્રભો એવો હું આપનો દાસ છું તે ગોપીજન-વલ્લભ આપ શ્રીકૃષ્ણને મારાં દેહ, પ્રાણ ઇન્દ્રિયો, અંઃતકરણ અને તેના ધર્મોને, જે દારા, ગૃહ, આપ્ત પુત્ર અને વિંત્તની ઇચ્છામાં પર છે તે-

સર્વં સહાત્મમપિ મેઽત્ર સમર્પયામિ
દાસોઽહમસ્મિ તવ કૃષ્ણ તવાઽસ્મિ દાસઃ
શ્રીકૃષ્ણ એવ શરણં મમ તત્ ત્રિરૂકત્યા
સર્વં સમર્પિતમિદં વિમૃશાવહે ભોઃ ॥ ૩ ॥

શબ્દાર્થ-સર્વ મારા આત્મા સહિત અર્પણ કરૂં છું. હે શ્રી કૃષ્ણ હું આપનો દસ છું. શ્રીકૃષ્ણઃ શરણં મમ, શ્રીકૃષ્ણઃ શરણં મમ, શ્રીકૃષ્ણઃ શરણં મમ. એમ ત્રણ વાર કરીને જે સમર્પણ કર્યું છે તેનો હવે હે જીવ! લે આપણે બન્ને વિચાર કરીએ. (૩)

સહજા દેશકાલોત્થા લોકવેદનિરૂપિતાઃ ।
સંયોગજાઃ સ્પર્શજાશ્ચ ન મન્તવ્યાઃ કથં ચ ન ॥૩॥

શબ્દાર્થ-લોનમાં અને વેદમાં નિસૂપણ કરેલા સહજ, દેશજ, કાલજ, સંયોગજ અને સ્પર્શજ દોષ કોઇ રીતે નહીં માનવા જોઇએ. (૩)

અન્યથા સર્વદોષાણાં ન નિવૃત્તિ; કથં ચ ન ॥૩॥

શબ્દાર્થ-નહીં તો કોઈપણ પ્રકારે સર્વ દોષોની નિવૃત્તિ થતી નથી (૩॥)

અસમર્પિતવસ્તુનાં તસ્માદ્વર્જનમાચરેત્ ॥ ૪ ॥
નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વં કુર્યાદિત સ્થિતિઃ ॥ ૪ ॥

શબ્દાર્થ-તેથી અસમર્પિત વસ્તુઓનો ત્યાગ કરવો. પ્રભુને નિવેદન કરી ચૂકેલા વૈષ્ણવોએ પ્રભુને સમર્પણ કરીનેજ સર્વ કરવું એવી ભકિતમાર્ગની મર્યાદા છે. (૪॥)

ન મતં દેવદેવસ્ય સામિભુક્તસમર્પણમ્ ॥ ૫ ॥

શબ્દાર્થ-દેવોના પણ દેવ શ્રીકૃષ્ણને અર્ધી ભોગવેલી વસ્તુનું સમર્પણ કરવું તે સંમત નથી (૫)

તસ્માદાદૌ સર્વકાર્યે સર્વવસ્તુસમર્પણમ્ ।
દત્તાપહારવચનં તથા ચ સકલં હરેઃ ॥૬॥
ન ગ્રાહ્યમિતિ વાકયં હિ ભિન્નમાર્ગપરં મતમ્ ॥૬॥

શશબ્દાર્થ-તેટલા માટે પ્રથમ સર્વ કાર્યમાં સર્વ વસ્તુ શ્રી પ્રભુને સમર્પણ કરવી. આપેલી વસ્તુ પાછી લેવાનું નિષેધાત્મક વચન શ્રીપ્રભુને સમર્પિત વસ્તુનો ઉપયોગ જીવ પોતાના માટે ન કરે એ વચન-તેમ જ શ્રીહરિનું સર્વ ગ્રહણ કરવા યોગ્ય નથી, એવા પ્રકારનું વચન અન્ય માર્ગમાં માનેલું છે (૬॥)

સેવકાનાં યથા લોકે વ્યવહારઃ પ્રસિદ્ધ્યતિ ॥૭॥
કાર્યં તથા સર્વૈવ સર્વેષાં બ્રહ્મતા તતઃ ॥૭॥

શબ્દાર્થ જેવી રીતે લોકમાં સેવકોનો પોતાના સ્વામી પ્રત્યે વ્યવહાર સિદ્ધ થાય છે તેવી રીતે પ્રભુને સમર્પણ કરીને જ બધું કાર્ય કરવું તેથી સર્વ વસ્તુઓને બ્રહ્મપણું પ્રાપ્ત થાય છે. (૭ા)

ગંગત્વં સર્વ દોષણાં ગુણદોષાદિવર્ણના ॥ ૮ ॥
ગંગાત્વેન નિરૂપ્યા સ્યાત્તદ્વદત્રાપિ ચૈવ હિ ॥૮ા॥

શબ્દાર્થ-ગંગાજીમાં મળેલા અશુદ્ધ જલાદિના દોષ ગંગાજીરૂપ થઇ જાય છે અને ગંગાજીરૂપ થવાથી તેના ગુણદોષનું વર્ણન ગંગાજીના રૂપથી જ નિરૂપણ થાય છે તેમ જ અહીં પણ સમજવું એટલે બ્રહ્મસંબંધ લેનાર સર્વ નિવેદીઓને બ્રહ્મતા-નિર્દોષપણું અને સમપણું પ્રાપ્ત થાય છે. ॥ ૮ા ॥

શ્રીમદ્વલ્લભાચાર્યજીએ પ્રકટ કરેલ સિદ્ધાંતરહસ્યગ્રન્થ સંપૂર્ણ.

નવરત્નમ્

ગ્રન્થપરિચય-જીવને આત્મનિવેદ-બ્રહ્મસંબંધ થવાથી ન ભગવદીયપણું પ્રાપ્ત થએલું છે, પણ કેઇ પ્રતિબંધને લીધે તે સંશયાત્મા બની ચિન્તાગ્રસ્ત થાય છે. સૌથી પ્રથમ દુઃખ અને ચિન્તાનું કારણ લૌકિક અહંતામમતા છે. તેનાથી ભગવત્સેવામાં ચિત્ત સર્વાંશે પરોવાતું નથી અને અંતરાય પડે છે. આ ન્યૂનતા જીવની કૃતાર્થતામાં બાધક છે જેથી ચિન્તાની શાન્તિના ઉપાય સારૂ નવગ્રહના રત્નરૂપ રક્ષા કરવાવાળા નવ શ્લોક શ્રીમદાચાર્યજીએ ઉપદેશેલા છે.

ચિન્તા કાઽપિન કાર્યા, નિવેદિતાત્મભિઃ કદાપીતિ ॥
ભગવાનપિપુષ્ટિસ્થોનકરિષ્યતિ લૌકિકીંચગતિમ્ ૧

શબ્દાર્થ-આત્મનિવેદન-જેમણે પોતાનું માનેલ સર્વસ્વ ભગવાનને નિવેદન કરેલું છે એવા ભક્તોએ કયારેય પણ એ પ્રકારે કાંઈ પણ ચિન્તા ન કરવી. અનુગ્રહ પરાયણ ભગવાન પણ અંગીકાર કરેલા જીવોની લૌકિક ગતિ કરશે નહીં. ૧

નિદનં તુ સ્મર્તવ્યં, સર્વથા તાદૃશૈર્જનૈઃ ॥
સર્વેશ્વરશ્ચ સર્વાત્મા, નિજેચ્છાતઃ કરિષ્યતિ ॥ ૨ ॥

શબ્દાર્થ સર્વ પ્રકારે આત્મનિવેદન કરનારા ભગવદીયોએ નિવેદનમંત્રનું તો સ્મરણ કરવું જોઈએ સર્વના નિયામક અને સર્વના આત્મારૂપ ભગયાન પોતાની ઇચ્છાથી સેવકનાં સર્વ કાર્ય કરશે. ૨

સર્વેષાં પ્રભુસમ્બંધો, ન પ્રત્યેકમિતિસ્થિતિઃ ।
અતોઽન્યવિનિયોગેઽપિ, ચિન્તા કા સ્વસ્ય સોઽપિચેત્ ૩

શબ્દાર્થ-સર્વને પ્રભુની સાથે સંબંધ છે. મુખ્યત્વે એકને જ નથી.એ પ્રકારની માર્ગની મર્યાદા છે. એટલા માટે અન્યના વિનિયોગમાં પણ ચિન્તા શી છે? તેમજ પોતાનો અન્યમાં વિનિયોગ હોય તો પણ ચિંતા કરવી યોગ્ય નથી (૩)

અજ્ઞાનાદથવા જ્ઞાનાત્ કૃતમાત્મનિવેદનમ્ ।
યૈઃ કૃષ્ણાસાત્કૃતપ્રાણૈસ્તેષાં કા પરિદેવના ॥ ૪ ॥

શબ્દાર્થ-અજાણપણાથી અથવા સમજપૂર્વક જેઓએ આત્મ નિવેદન-બ્રહ્મસંબંધ કર્યું છે અને જેમણે પોતાના પ્રાણો શ્રીકૃષ્ણને સમર્પણ કર્યા છે તેઓએ કોઇ પણ વિષયની ચિન્તા કરવી જોઇએ નહીં. (૪)

તથા નિવેદને ચિન્તા, ત્યાજ્યા શ્રીપુરુષોત્તમે ।
વિનિયોગેઽપિ સા ત્યાજ્યા, સમર્થો હિ હરિઃસ્વતઃ॥૫॥

શબ્દાર્થ-તેવી રીતે શ્રીપુરૂષોત્તમમાં નિવેદન વિષયક ચિંતા ત્યજી દેવી અન્યના વિનિયોગમાં પણ ચિન્તાનો ત્યાગ કરવો, કારણ કે શ્રીહરિ પોતે સમર્થ છે. (૫)

લોકે સ્વાસ્થ્યં તથા વેદે, હરિસ્તુ ન કરિષ્યતિ ।
પુષ્ટિમાર્ગસ્થિતો યસ્માત્, સાક્ષિણો ભવતાઽખિલાઃ॥૬॥

શબ્દાર્થ-શ્રીપ્રભુ તો લોકમાં તેમજ વેદમાં સુખપૂર્વક સ્થિતિ કરશે નહીં, કારણકે તે અનુગ્રહમાર્ગમાં રહેલાં છે. તેથી વિષયમાં સર્વ પુષ્ટિમાર્ગીય ભકતો ! તમે સાક્ષી થાવ. (૬)

સેવાકૃતિર્ગુરોરાજ્ઞા, બાધનં વા હરીચ્છયા ॥
અતઃસેવાપરં ચિત્તં, વિધાય સ્થિયતાં સુખમ્ ॥૭॥

શબ્દાર્થ-શ્રીગુરૂદેવની આજ્ઞા પ્રમાણે પ્રભુની સેવા કરવી જોઇએ, અથવા કોઇ વખતે ભગવદિચ્છાથી વિશેષાજ્ઞા થાય તો તે પ્રમાણે કરવું એટલા માટે સેવાપરાયણ ચિત્તને કરીને સુખપૂર્વક રહેવું. (૭)

ચિત્તોદ્વેગં વિધાયાપિ, હરિર્યદ્યત્ કરિષ્યતિ ।
તથૈવ તસ્ય લીલેતિ, મત્વા ચિન્તાં દ્રુતં ત્યજેત્ ॥૮॥

શબ્દાર્થ—શ્રી ભગવાનની સેવા કરતાં કોઇ વખતે ભગવાન ચિત્તમાં ઉદ્વેગ કરાવીને જે જે કરશે તે પ્રકારે તે શ્રી ભગવાનની લીલા છે એમ માની ચિંતાનો સત્વર ત્યાગ કરવો (૮)

તસ્માત્ સર્વાત્મના નિત્યં, "શ્રીકૃષ્ણઃ શરણં મમ" ।
વદદ્ભિરેવ સતતં સ્થેયમિત્યેવ મે મતિઃ ॥૯॥

શબ્દાર્થ -તે સારૂ સર્વાત્મભાવથી નિરંતર "શ્રીકૃષ્ણઃ શરણં મમ" ને અષ્ટાક્ષરમંત્ર પ્રતિપળ બોલતા બોલતા જ રહેવું એવી જ શ્રીમદાચાર્યચરણ આજ્ઞા છે. (૯)

શ્રીમદ્વલ્લભાચાર્યજીએ પ્રકટ કરેલો નવરત્ન ગ્રંથ સંપૂર્ણ.

અંતઃકરણપ્રબોધઃ

ગ્રન્થ પરિચય-શ્રીમદાચાર્ય ચરણને શ્રીપ્રભુએ શ્રીમદ્ભાગવતનો ગૂઢાર્થ પ્રકટ કરવાની આજ્ઞા કરી હતી. તે પ્રમાણે તેઓ શ્રીએ શ્રીસુબોધિનીજીની વિવૃત્તિ ત્રણ સ્કંધ પર કર્યા પછી તેમને દેહત્યાગની આજ્ઞા થઈ, તે પછી દશમ સ્કંધ પર નિવૃત્તિ કરવાની વિશેષ આજ્ઞા કરી તે પૂર્ણ થતાં તેમને બીજી આજ્ઞા દેશ પરિત્યાગની થઈ પણ આચાર્યજીને પોતાના પર ભગવત્કૃપા છે અને શ્રીમદ્ભાગવત પર સમ્પૂર્ણ વિવરણ કરવાની પ્રભુની મૂલ આજ્ઞા છે.

જેથી તે પૂર્ણ કરવા બન્ને આજ્ઞાનું ઉલ્લંઘન કરેલુ છે પ્રભુને પોતાની પાસે આચાર્યજીને બોલાવવાના અત્યંત આગ્રહપૂર્વકની ત્રીજી આજ્ઞા સંન્યાસ લેવાની થતાં તેનું પાલન કરી સન્યાસ લીધો, પણ પ્રભુની બન્ને આજ્ઞા પાલન નહીં કરનાર અંતઃકરણ છે તેથી તેને પ્રબોધ થવા સારૂ શ્રીમહાપ્રભુજીએ અંતકરણ પ્રબોધ નામનો ગ્રન્થ પ્રકટ કરેલો છે, તેમાં દર્શાવ્યું છે કે :-

અંતઃકરણ મદ્વાક્ય, સાવધાનતયા શૃણુ ।।
કૃષ્ણાત્ પરં નાસ્તિ દૈવં, વસ્તુતો દોષવર્જિતમ્ ।।૧।।

શબ્દાર્થ-હે અંતઃ કરણ ! મારાં વચનને સાવધાન થઈને સાંભળ ખરી રીતે "શ્રીકૃષ્ણથી" દોષરહિત બીજું દૈવત નથી (૧)

ચણ્ડાલી ચેદ્ રાજપત્નિની, જાતા રાજ્ઞા ચ માનિતા ।
કદાચિદપમાનેઽપિ, મૂલતઃ કા ક્ષતિર્ભવેત્ ।। ૨ ।।

શબ્દાર્થ-ચાણ્ડાલ જાતની સ્ત્રી જો રાણી થાય અને રાજાએ તેને આધિક માનીતી કરી હોય અને પછી કોઇ વખતે પોતાના જ અપરાધને લીધે તેનું અપમાન થયું હોય તો પણ તેને રાણીપણામાંથી શી હાનિ થાય ? કાંઇ જ નહીં. (૨)

સપર્મણાદહં પુર્વ-મુત્તમઃ કિં સદા સ્થિતઃ ।
કા મમાધમતા ભાવ્યા, પ્રશ્ચાતાપો યતો ભવેત્ ।।૩।।

શબ્દાર્થ-હું નિવેદન થયા પહેલાં શું બધા વખતમાં ઉત્તમ જ રહેલો હતો ? મારૂં હલકાપણું વિચારવા જેવું છે કે જેથી પશ્ચાતાપ થાય ? (૩)

સત્યસંકલ્પતો વિષ્ણુર્નાન્યથા તુ કરિષ્યતિ ।
આજ્ઞૈવ કાર્યા સતતં, સ્વામિદ્રોહોઽન્યથા ભવેત્।।૪।।

શબ્દાર્થ-શ્રીભગવાન સત્યસંકલ્પવાલા હોવાને કારણે ફલની બાબતમાં વિચારેલા ફલથી બીજી રીતે તો ફલ નહીં આપે માટે સદા સર્વદા પ્રભુની આજ્ઞા જ માન્ય કરવી યોગ્ય છે, નહીં તો સ્વામિદ્રોહ થાય. (૪)

સેવકસ્ય તુ ધર્મોઽયં સ્વામી સ્વસ્ય કરિષ્યતિ।।૪।।।

શબ્દાર્થ-સેવકનો તો આજ્ઞાપાલનરૂપ ધર્મ છે. પ્રભુ પોતાંના ભકતનું બધું કરશે. (૪।।)

આજ્ઞા પૂર્વં તુ યા જાતા, ગંગાસાગર સંગમે।। ૫ ।।
યાપિ પ્રશ્ચાન્ મધુવને, ન કૃતં તદ્ દ્વયં મયા ।
દેહદેશપરિત્યાગસ્તૃતીયો લોકગોચરઃ ।। ૬ ।।
પ્રશ્ચાત્તાપઃ કથં તત્ર સેવકોઽહં ન ચાન્યથા ।। ૬।। ।।

શબ્દાર્થ- શ્રીઆચાર્યચરણ અહીં જણાવે છે કે તેમને પ્રથમ તો ગંગા અને સાગરના સંગમપર પ્રભુની જે આજ્ઞા થઈ તે અને પછી પણ જે આજ્ઞા મધુવનમાં થઈ તે બન્ને આજ્ઞાનું પાલન તેમણે કર્યું નહીં. તેમને પ્રથમ આજ્ઞા દેહપરિત્યાગ કરવાની અને બીજી આજ્ઞા દેશના પરિત્યાગની હતી, ત્રીજી આજ્ઞા લોકના જાણવામાં આવે તેવો પરિત્યાગ-સન્યાસ લેવાની હતી. તેમાં તેમને પશ્ચાત્તાપ કેમ થાય, કેમકે પોતે પ્રભુના સેવક છે, બીજા કોઇ નથી (૬।।)

લૌકિકપ્રભુવત્ કૃષ્ણો, ન દ્રષ્ટવ્યઃ કદાચન ।। ૭ ।।
સર્વં સમર્પિત ભકત્યા કૃતાર્થોસિ સુખી ભવ ।।૭।। ।।

શબ્દાર્થ-શ્રીકૃષ્ણ ભગવાન લૌકિકસ્વામી જેવા, રાજા કે શેઠની પેઠે કોઇપણ વખતે માનવા યોગ્ય નથી. ભકિતપૂર્વક બધું સમર્પણ કર્યું છે, તેથી તું કૃતાર્થ છે અને સુખી થા (૭॥)

પ્રૌઢાઽપિ દુહિતા યદ્વત્, સ્નેહાન્ન પ્રેષ્યતે વરે ॥૮॥
તથા દેહે ન કર્તવ્યં, વરસ્તુષ્યતિ નાન્યથા ॥ ૮॥ ॥

શબ્દાર્થ-જેમ માતા પિતા યુવાવસ્થાસંપન્ન પુત્રીને સ્નેહવશ થઇને તેના સ્વામી પાસે મોકલતા નથી તેમ પોતાની શરીરમાં મમતા કરવી નહીં, અને એમ નહીં કરવાથી જ પુત્રીના સંબંધમાં પતિ અને દેહના સંબંધમાં શ્રીપ્રભુ પ્રસન્ન થાય છે પણ બીજા પ્રકારે પ્રસન્ન થતા નથી. (૮॥)

લોકવચ્ચેત્ સ્થિતિર્મે સ્યાત્, કિં સ્યાદિતિ વિચાદય॥૯
અશકયે હરિરેવાસ્તિ, મોહં મા ગાઃ કથંચન ॥ ૯॥ ॥

શબ્દાર્થ જો લોકની પેઠે મારી સ્થિતિ રહે તો શું થાય એનો વિચાર કર અશરય અવસ્થામાં શ્રીહરિ જ શરણ છે, આટલા માટે કોઇ રીતે મોહને પ્રાપ્ત થાય નહીં. (૯॥)

ઇતિ શ્રીકૃષ્ણદાસસ્ય, વલ્લભસ્ય હિતં વચઃ ॥૧૦॥
ચિત્તં પ્રતિ યદાકર્ણ્ય, ભક્તોનિશ્ચિંતતાં વ્રજેત્ ૧૦॥

શબ્દાર્થ-એ પ્રમાણે શ્રીકૃષ્ણના દાસ શ્રીવલ્લભાચાર્યજીનાં પોતનાઅંતઃકરણ પ્રત્યે જે હિતકારી વચન કહ્યાં છે તેને સાંભળીને ભકતજન ચિન્તારહિત બને. (૧૦॥)

શ્રીમદ્વલ્લભાચાર્યચરણનો પ્રકટ કરેલો અંતઃકરણપ્રબોધ
નામનો ગ્રન્થ સંપૂર્ણ.

~

વિવેકધૈર્યાશ્રય

ગ્રંથપરિચય—ભકિતની દઢતા વિશેષ થવા સારુ શ્રીમહાચાર્યચરણોએ આ ગ્રંથ પ્રકટ કરેલો છે. તેમાં વિવેક, ધૈર્ય અને આશ્રયનું સ્વરૂપનિરૂપણ કરેલું છે.

શ્રીપભુથી ચિત્તને વિમુખ ન થવા સારૂં શ્રીપ્રભુ જ પોતાની ઇચ્છા પ્રમાણે સર્વ કરશે એવું દઢ અતુસંધાન સદા સર્વદા રાખવાથી ચિત્ત વ્યગ્ર થશે નહીં એ વિવેકનું મુખ્ય સ્વરૂપ છે, તેવું અનુસંધાન રાખતા કોઇ પદાર્થની અપેક્ષા થાય તો પણ પ્રભુને પ્રાર્થના કરવી નહીં પણ એકાગ્ર ચિત્તે પ્રભુની સેવા જ કર્યા કરવી એમ વિવેકના નવ સ્વરૂપ બતાવેલાં છે. ગમે તેવી આપત્તિ આવી પડે તો પણ ધૈર્યનો ત્યાગ કરી પ્રભુ સેવાથી વિમુખ થવું નહીં કેવી કેવી આપત્તિમાં ધૈર્ય રાખવું તે જણાવવા ધૈર્યનું સ્વરૂપ સમજાવેલું છે. પોતે ચલાવીને ઈંદ્રયોના કાર્યોમાં પ્રવૃત્ત થવું નહીં અને જ્યાં પોતાથી ધૈર્ય ન રહી શકે ત્યાં શ્રીપ્રભુની શરણભાવના કરવી. શ્રીપ્રભુની સેવામાં જે નનુષ્યો પ્રભુથી વિમુખ હોય તે દુઃખ આપે તો પણ તેમનો અપરાધ નહીં ગણતાં પોતાનો જ દોષ ગણી શ્રીપ્રભુનો આશ્રય રાખવો એ આશ્રયના સ્વરૂપમાં કહેલું છે. ત્રિવિધ દુઃખો આવવાથી આશ્રય છૂટી જાય છે, તેથી તે દુઃખોની નિવૃત્તિના ઉપાયો જણાવીને શ્રીપ્રભુના આશ્રયનો ત્યાગ નહીં કરતાં પ્રભુ પર વિશ્વાસ રાખી પ્રભુઇચ્છાએ જે પ્રાપ્ત થાય તેટલામાં નિર્વાહ કરી સેવા કરવી લૌકિક અને વૈદિક કાર્યો પણ લોક સંગ્રહ માટે જ કરવાં કર્મ, જ્ઞાન અને ભકિત એ ત્રણ માર્ગો ભકિત માટે કહેલા છે તે યથાર્થ રીતે થઈ શકે તેવો આજનો સમય નથી તેથી કેવલ શ્રીપ્રભુનો આશ્રય રાખવો અને સર્વાત્મભાવે કરીને શરણભાવના

કરવી, બીજું કશું કરવું નહીં એવો પોતાનો અભિપ્રાય દર્શાવેલો છે.

વિવેકધૈર્યે સતતં રક્ષણીયે તથાશ્રયઃ ।।
વિવેકસ્તુ હરિઃ સર્વં નિજચ્છાતઃ કરિષ્યતિ ।। ૧ ।।

શબ્દાર્થ-જે પ્રકારે નિરંતર વિવેક અને ધૈર્ય રાખવું યોગ્ય છે તેમ ભગવાનનો આશ્રય પણ રાખવો યોગ્ય છે. વિવેક તો એ સમજવો કે શ્રીહરિ પોતાની ઈચ્છાથી સર્વ કાંઈ કરશે. (૧)

પ્રાર્થિતે વા તતઃ કિં સ્યાત્ સ્વામ્યભિપ્રાયસંશયાત્।।
સર્વત્ર તસ્ય સર્વં હિ સર્વસામર્થ્યમેવ ચ ।। ૨ ।।

શબ્દાર્થ-સ્વામીના અભિપ્રાયમાં સંશય હોવાના કારણે અથવા પ્રાર્થના કરવાથી પણ શું થાય? તે પ્રભુને તો સર્વત્ર નિશ્ચય સર્વ સિદ્ધ છે અને તેમનામાં સર્વ સમર્થ્ય સિદ્ધ કરવાનું સામર્થ્ય છે જ, (૨)

અભિમાનશ્ચ સન્ત્યાજ્યઃ સ્વામ્યધીનત્વભાવનાત્ ।।
વિશેષતશ્ચદાજ્ઞા સ્યાદન્તઃકરણગોચરઃ ।। ૩ ।।
તદા વિશેષગત્યાદિ ભાવ્યં ભિન્ન તુ દૈહિકાત્ ૩।।

-શબ્દાર્થ-સ્વામીના આધીનતાના વિચારથી અભિમાન પણ વાસનાસહિત ત્યાગ કરવા યોગ્ય છે. પ્રભુ અંતરાત્મા છે. તેમની વિશેષ કરીને સેવાસંબંધી વિશેષ આજ્ઞા થાય ત્યારે તેમ કરવું જો તે આજ્ઞા દેહાદિક સંબંધથી જૂદી હોય અને તે ભગવાનના

સ્વરૂપ અને લીલાસંબંધની હોય તેવી આજ્ઞાની ભાવના કરવી. (૩।।)

આપદ્ગત્યાદિકાર્યેષુ હઠસ્ત્યાજ્યશ્ચ સર્વથા ।। ૪ ।।
અનાગ્રહશ્ચ સર્વત્ર ધર્માધર્માગ્રદર્શનમ્ ।
વિવેકોઽયં સમાખ્યાતો ધૈર્યં તુ વિનિરુપ્યતે ।। ૫ ।।

શબ્દાર્થ-દુઃખદિ પ્રસંગોમા દુરાગ્રહ સર્વ પ્રકારે ત્યાગ કરવો. ધર્મ અને અધર્મનું સૂક્ષ્મ અવલોકન કરવું સર્વ વિષયોમાં આગ્રહ કરવો નહીં, આ વિવેકનું સ્વરૂપ કહેલું છે. હવે ધૈર્યનું સ્વરૂપ કહેવામાં આવે છે. (૫)

ત્રિદુઃખસહનં ધૈર્યમામૃતેઃ સર્વતઃ સદા ।।
તક્રવદ્ દેહવદ્ ભાવ્યં જડવત્ ગોપભાર્યવત્ ।। ૬ ।।

શબ્દ.થં-મરણપર્યન્ત સર્વ પ્રકારથી નિરન્તર ત્રિવિધ દુઃખો સહન કરવાં તે ધૈર્ય કહેવાય. દેહસંબંધી દુઃખોમાં છાશની માફક, ઇંદ્રિય સંબંધી દુઃખોમાં જડભરતની માફક, પ્રારબ્ધ ભોગવવામાં કે પ્રભુએ ફલ આપવા કરેલા વિલંબમાં ગોપીજનોની માફક ભાયના કરવી. (૬)

પ્રતીકારો યદૃચ્છાતઃ સિદ્ધશ્ચેન્નાગ્રહી ભવેત્ ।।
ભાર્યાદીનાં તથાન્યેષામસતશ્ચાક્રમં સહેત્ ।। ૭ ।।

શબ્દાર્થં-ભગવદિચ્છાએ જો દુઃખનિવૃત્તિનો ઉપાય સિદ્ધ થાય તો દુઃખ ભોગવવાનો આગ્રહ રાખવો નહિ સ્રીપુત્રાદિના તથા બીજા નીચ મનુષ્યોના તિરસ્કારોને સહન કરવા (૭)

સ્વયમિન્દ્રિયકાર્યાણિ કાયવાંગ્મનસા ત્યજેત ।।
અશૂરેણાપિ કર્તવ્યં સ્વસ્યાસામર્થ્ય ભાવનાત્ ।।૮।।

શબ્દાર્થ-પોતે, મન વચન અને કર્મથી સર્વ ઇંદ્રિયોના વિષયોને ત્યાગ કરવા પોતાની આસક્તિનો વિચાર કરીને અને ભગવાનના સામર્થ્યનો વિચાર કરી અશકત પુરૂષે પણ વિષય-ભોગનો ત્યાગ અવશ્ય કરવો (૮)

અશકયે હરિરેવાસ્તિ સર્વમાશ્રયતો ભવેત્ ।
એતત્ સહનમત્રોક્તમાશ્રયયોઽતો નિરૂપ્યતે ।। ૯ ।।

શબ્દાર્થ-અશકય અવસ્થામાં હરિ ભગવાન જ રક્ષણ કરનારા છે. તેમના આશ્રયથી સર્વ થાય છે. અહીં ધૈર્ય-સહન કરવાનું કહ્યું છે. હવે આશ્રય-શરણ નિરૂપણ કરાય છે (૯)

ઐહિકે પારલોકે ચ સર્વથા શરણં હરિઃ ।। ૯।। ।।

શબ્દાર્થ-આ લોકસંબંધી અને પરલોકસંબંધી કાર્યોમાં સર્વ પ્રકારે શ્રીહરિ જ મારૂં શરણ થાઓ. (૯।।)

દુઃખહાનૌ તથા પાપે ભયે કામધ્યપૂરણે ।। ૧૦ ।।
ભક્તદ્રોહે ભક્ત્યેભાવે ભક્તૈશ્ચાતિક્રમે કૃતે ।।
અશકયે વા સુશકયે વા સર્વથા શરણં હરિઃ।। ૧૧ ।।

શબ્દાર્થ-દુઃખની નિવૃતિ થવામાં તથા પાપ અને ભયમાં. ઇચ્છાઓ પુરી નહીં થવામાં, ભક્તદ્રોહમાં, ભક્તિના અભાવમાં, ભકતદ્વાર આનદર થાય ત્યારે ન બની શકે અથવા બની શકે તેવાં કાર્યોમાં શ્રીહરિ સર્વપ્રકારે મારૂં શરણ થાઓ (૧૧)

અહંકારકૃતે ચૈવ પોષ્યપોષણરક્ષણે ।।
પોષ્યતિક્રમણે ચૈવ તથાન્તેવાસ્યતિક્રમે ।। ૧૨ ।।
અલૌકિકમનઃસિદ્ધૌ સર્વાર્થે શરણં હરિઃ ।।
એવં ચિત્તે સદા ભાવ્યં વાચા ચ પરિકીર્તયેત્।।૧૩।।

શબ્દાર્થ-જીવસ્વભાવથી કોઈની સાથે અહંકાર કર્યો હોય તેમાંપોષણ કરવા યોગ્યનું પોષણ અને રક્ષણ કરવા સારૂં, સેવકો દ્વારા અનાદર થવામાં, તેમ જ પોતાના શિષ્યે કરેલા તિરસ્કાર માટે અભિમાન થાય તેથી આસુરાવેશ આવી જાય છે પછી વિવેક બુદ્ધિ વડે પ્રશ્ચાત્તાપ થાય છે ત્યારે માનસી સેવાની સિદ્ધિમાં, તેમજ સર્વ અર્થોમાં શ્રીહરિ જ મારૂં શરણ છે એવી ભાવના કરવી અને વાણીદ્વારા હરિકીર્તન કરવું. (૧૩)

અન્યસ્ય ભજનં તત્ર સ્વતો ગમનમેવ ચ,।।
પ્રાર્થનાકાર્યમાત્રેઽપિ તતોન્યત્ર વિવર્જયેત્ ।।૧૪।।

શબ્દાર્થ-શ્રીભગવાન વિના બીજા દેવતાઓનું ભજન અને પોતે ત્યાં જવું તે, અને કોઈ કામ સારૂ તેમને પ્રાર્થના કરવી. આ ત્રણ સર્વથા ત્યાગ કરવો. (૧૪)

અવિશ્વાસો ન કર્તવ્યઃ સર્વથા બાધકસ્તુ સઃ ।।
બ્રહ્માસ્ત્રચાતકૌ ભાવ્યૌ પ્રાપ્તં સેવેત નિર્મમઃ ।।૧૫।।

શબ્દાર્થ-શરણાગતિમાં અવિશ્વાસ કરવો નહીં તે તો સર્વ પ્રકારે બાધક છે. અવિશ્વાસમાં બ્રહ્માસ્ત્ર અને ચાતક પક્ષીનું દૃષ્ટાંત વિચારવા યોગ્ય છે, અને જે પ્રાપ્ત થયેલું છે તેનું મમતારહિત થઈને સેવન કરવું. (૧૫)

યથાકથંચિત્ કાર્યાણિ કુર્યાદુચ્ચાવચાન્યપિ ॥
કિં વા પ્રોકતેન બહુના શરણં ભાવયેદ્ધરિમ્ ॥૧૬॥

શબ્દાર્થ- લૌકિક અને વૈદિક કાર્યો પણ પ્રભુની આજ્ઞા સમજીને જે કાંઇ બને તેવી રીતે કરવા અથવા ઘણું કહેવથી શું ? શ્રીહરિના શરણની ભાવના કરવી (૧૬)

એવામાશ્રયણં પ્રોકત સર્વેષાં સર્વદા હિતમ્ ॥
કલૌ ભકત્યાદિમાર્ગા હિ દુઃસાધ્યા ઇતિ મે મતિઃ॥૧૭॥

શબ્દાર્થ-આ પ્રકારે આશ્રયનું સ્વરૂપ નિરૂપણ કર્યું. તે કલિયુગમાં બધા વર્ણાશ્રમ વાળાને નિરંતર હિતકારી છે. ઉપા—

સનાદિ મર્યાદામાર્ગ કઠિન સાધન વડે સિદ્ધ થાય તેવા છે, એમ શ્રીમદાચાર્યચરણનું માનવું છે. (૧૭)

શ્રીમદ્વલ્લભાચાર્યજીએ પ્રકટ કરેલો વિવેકધૈર્યાશ્રયનિરૂપણ
નામનો ગ્રંથ સંપૂર્ણ.

શ્રીકૃષ્ણાશ્રય

ગ્રંથપરિચય—શ્રીકૃષ્ણનો આશ્રય જીવના સાધનબળથી પ્રાપ્ત થતો નથી, તેથી શ્રીમદાચાર્યચરણ સ્વીયજનોને તેનું વરપ્રદાન કરતા હોય તેમ શ્રીકૃષ્ણાશ્રય ગ્રન્થનું નિરૂપણ કરે છે. તેમાં ધર્મના છ સાધનોનું નષ્ટપણું બતાવે છે

પ્રથમ-૧ કાલ-કલીયુગ છે. ૨. દેશ મ્લેચ્છોથી ભરાઈ ગયા છે એટલે તે બન્નેનું શુદ્ધપણું નથી. ૩, અર્થ લોકો પાપાત્મા અને નાસ્તિક થવાથી દેવતાનું આધિદૈવિક સ્વરૂપ તિરોધાન પામેલું છે. ૪ કર્તા, કર્મના અભિમાની અને દ્રવ્ય તથા માન, લાભ મેળવવાની વૃતિવાળા હોવાથી તેમની વિશુદ્ધિ નથી. ૫ મન્ત્રો, મન્ત્રના અર્થનું અજ્ઞાન અને તે સારૂ રાખવા જોઇતા વ્રતનિયમાદિનું પાલન નહીં થવાથી તેના અર્થ, ફલ અને દેવતાના સ્વરૂપનું જ્ઞાન રહ્યું નથી. ૬. કર્મ, વેદોક્તકર્મ, વ્રતાદિમાં મતભેદ થવાથી તેનું ખરૂ સ્વરૂપ તિરોધાન પામેલું છે. આ રીતે ધર્મના છ સાધનો નષ્ટ થઇ ગયાં છે. વસ્તુતાએ જગત ભગવદ્રૂપ છે. શ્રીપ્રભુથી તેની ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે તેવી રીતે યજ્ઞાદિ અને તે સિદ્ધ કરવાનાં સાધનોથી યુક્ત અલૌકિક પુરૂષાર્થ વેદમાં કહેલા છે, અને અમુક સાધન વડે ધર્મ સિદ્ધ થાય છે અને અમુક અમુક વડે અર્થ, કામ અને મોક્ષ સિદ્ધ થાય છે તેનું વેદમાં નિરૂપણ છે. પરંતુ તે દુઃસાધ્ય છે. જેથી ભક્તને ધર્મના સાધન અને પુરુષાર્થરૂપ શ્રીકૃષ્ણ જ છે, અને તેમના અનુગ્રહ સારૂ સર્વાત્મભાવથી ભકિતપૂર્વક શ્રીપ્રભુનું નિત્ય નિરંતર ભજન, સેવાસ્મરણ કરવું તેથી આશ્રય સિદ્ધ થાય છે. આશ્રયની દૃઢતા સારૂ શ્રીપ્રભુના નામ અને સ્વરૂપનું જ્ઞાન પણ સાથે સાથે કરાવે છે. જીવ સ્વભાવથી દોષોથી ભરેલ છે. તેના પર અનુગ્રહ કરી તેને શરણમાં લેવા પ્રભુને દીનતાપૂર્વક વિજ્ઞાપન કરે છે આવી રીતે આ ગ્રંથમાં પ્રાણાત્મક દશ શ્લોકથી શ્રીકૃષ્ણના આશ્રયનું નિરૂપણ કરી અગીઆરમાં શ્લોકથી સ્તોત્રના આત્મારૂપ ફલશ્રુતિ બોધ આપી ગ્રન્થ પૂર્ણ કરેલો છે.

સર્વમાર્ગેષુ નષ્ટેષુ કલૌ ચ ખલધર્મિણિ ॥
પાષણ્ડપ્રચુરે લોકે કૃષ્ણ એવ ગતિર્મમ ॥૧॥

શબ્દાર્થ-ખલધર્મ પ્રધાન કલિયુગમાં ઉદ્ધારના સર્વ માર્ગ કર્મ ઉપાસના અને જ્ઞાનાદિ માર્ગનો નાશ થવાથી લોકમાં પાખંડની અધિકતા થવાથી તેવા સમયમાં શ્રીકૃષ્ણ જ મારી ગતિ આશ્રય હો (૧)

મલેચ્છાક્રાન્તેષુ દેશેષુ પાપૈકનિલયેષુ ચ ॥
સત્પીડાવ્યગ્રલોકેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ॥ ૨ ॥

શબ્દાર્થ સર્વ દેશો મ્લેછોથી ભરાયલા હોવાથી અને કેવલ પાપનાં સ્થાન થઇ જવાથી સારા માણસોને થતી પીડાથી, લોકો અધીરા થઇ રહ્યા છે તેવી દશામાં શ્રીકૃષ્ણ જ મારી ગતિ-આશ્રય હો. (૨)

ગંગાદિતીર્થવર્યેષુ દુષ્ટૈરેવાવૃતેષ્વિહ ॥
તિરોહિતાધિદૈવેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ॥ ૩ ॥

શબ્દાર્થ-આ લોકમાં ગંગાજી વગેરે ઉત્તમ તીર્થો દુષ્ટો વડે જ ચારે તરફથી ઘેરાયલાં છે, અને તેમનું આધિદૈવિક સ્વરૂપ તિરોધાન થયેલું છે તેથી શ્રીકૃષ્ણ મારી ગતિ-આશ્રય હો. (૩)

અહંકારવિમૂઢેષુ સત્સુ પાપાનુવર્તિષુ ॥
લાભપૂજાર્થયત્નેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ॥ ૪ ॥

શબ્દાર્થ-સત્પુરૂષો અભિમાનથી વિશેષ મૂઢ બનતા જાય છે, સ્વાર્થ સિદ્ધિ સારૂ પાપી પુરુષોને અનુસરનારા થઈ જવાથી પોતાને કાંઈ લાભ થાય અથવા માન આબરૂ વધે તેવા ઉદ્દેશથી

પૂજાનો યત્ન કરી રહ્યા છે તેવી અવસ્થામાં શ્રીકૃષ્ણ જ મારો આશ્રય હો (૪)

અપરિજ્ઞાનનષ્ટેષુ મન્ત્રેષ્વવ્રતયોગિષુ ॥
તિરોહિતાર્થદેવેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ॥ ૫ ॥

શબ્દાર્થ-યથાર્થ જ્ઞાન નાશ પામેલા, વ્રત અને નિયમ જેમાં યોગ્ય રીતે થતા નથી એવા, અર્થ તથા દેવતાઓ જેમાં તિરોહિત થઈ ગયા છે એવા મંત્રો હોવાથી શ્રીકૃષ્ણ જ મારી ગતિ-આશ્રય હો (૫)

નાનાવાદવિનષ્ટેષુ સર્વકર્મવ્રતાદિષુ ॥
પાષણ્ડૈકપ્રયત્નેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ॥ ૬ ॥

શબ્દાર્થ-સર્વ કર્મો, વ્રતો વગેરે વિવિધ પ્રકારના વાદવિવાદે કરીને નાશ પામ્યા હોવાથી, કેવલ પાખંડના નિમિત્તેજ પ્રયત્ન હોવાથી શ્રીકૃષ્ણરાજ મારી ગતિ-આશ્રય હો (૬)

અજામિલાદિદોષાણાં નાશકોઽનુભવે સ્થિતઃ ॥
જ્ઞાપિતાખિલમાહાત્મ્યઃ કૃષ્ણ એવ ગતિર્મમ ॥૭॥

શબ્દાર્થ-અજામિલ વગેરે પાપીઓના દોષોને નાશ કરનારા ભકતોના અનુભવમાં આવેલા, શ્રીહરિનું નામ દેવા માત્રથી પાપ નિવૃત્ત થાય છે એવા તેમના મહાત્મ્યને જણાવનારા શ્રીકૃષ્ણ જ મારી ગતિ આશ્રય હો (૭)

પ્રાકૃતાઃ સકલા દેવા ગણિતાનંદકં બૃહત ॥
પૂર્ણાનન્દો હરિસ્તસ્માત્ કૃષ્ણ એવ ગતિર્મમ ॥૮॥

શબ્દાર્થ-સર્વ દેવતાઓ પ્રકૃતિના કાર્યરૂપ છે. અક્ષર બ્રહ્મ ગણી શકાય તેવો જેનો આનંદ છે તેવું છે, કેવલ ભકતોનાં દુઃખ હરનાર શ્રીકૃષ્ણ જ પૂર્ણ આનંદરૂપ છે, તેથી શ્રીકૃષ્ણ જ મારી ગતિ-આશ્રય છે. (૮)

વિવેકધૈર્ય ભકત્યાદિરહિતસ્ય વિશેષતઃ ।।
પાપાસકતસ્ય દીનસ્ય કૃષ્ણ એવ ગતિર્મમ ।। ૯ ।।

શબ્દાર્થ-વિવેક, ધૈર્ય, ભક્તિ વગેરે શ્રીભગ ાનના ધર્મોથી રહિત, પાપમાં અત્યન્ત આસકત, સાધન વિનાના એવા મારી શ્રીકૃષ્ણ જ ગતિ-આશ્રય હો (૯)

સર્વસામર્થ્ય સહિતઃ સર્વત્રેવાખિલાર્થ કૃત ।।
શરણસ્થસમુદ્ધારં કૃષ્ણં વિજ્ઞાપયામ્યહમ્ ।। ૧૦ ।।

શબ્દાથ-સર્વ પ્રકારના સામર્થ્યવાળા, સર્વ જગાએ ભકતોના સર્વ મનોરથને પૂર્ણ કરનારા, શરણમાં આવેલા જીવોને વિના પ્રયત્ને ઉદ્ધાર કરનારા શ્રીકૃષ્ણને હું પ્રાર્થના કરૂં છું (૧૦)

કૃષ્ણાશ્રયમિદં સ્તોત્રં યઃ પઠેત્ કૃષ્ણસન્નિધૌ ।।
તસ્યાશ્રયો ભવેત્ કૃષ્ણ ઇતિ શ્રીવલ્લભોऽબ્રવીત્ ।।૧૧।।

શબ્દાર્થ-આ શ્રીકૃષ્ણાશ્રય નામના સ્તોત્રગ્રન્થનો જે કોઇ શ્રીકૃષ્ણભગવાનની સંનિધાન-સમીપમાં પાઠ કરે તેને શ્રીકૃષ્ણ પોતે આશ્રયરૂપ થાય એમ શ્રીમદ્વલ્લભાચાર્યજીએ કહ્યું. (૧૧)

શ્રીમદ્વલ્લભાચાયજીએ પ્રકટ કરેલો શ્રીકૃષ્ણાશ્રય નામનો
ગ્રન્થ સમ્પૂર્ણ.

* * *

ચતુઃશ્લોકી

ગ્રન્થપરિચય-પરમ પુરુષાર્થ ભાક્તવિષયક સ્વસિદ્ધાંતનો બોધ થવા સારૂ શ્રીમદાચાર્યચરણોએ ચતુઃશ્લોકી નામનો ગ્રન્થ પ્રકટ કર્યો છે, અને તેના ચાર શ્લોકથી પુષ્ટિમાર્ગીય અલૌકિક ચાર પુરુષાર્થ દર્શાવ્યા છે.

સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ ।।
સ્વસ્યામેવ ધર્મો હિ નાન્યઃ કવાપિ કદાચન ।।૧।।

શબ્દાર્થ-નિરંતર સર્વભાવથી વ્રજના અધિપતિ-શ્રીકૃષ્ણ ભજન કરવા યોગ્ય છે, પોતાનો-જીવાત્માનો આ જ ધર્મ છે. કોઇ સ્થળે પણ કયારેય બીજો ધર્મ નથી. (૧)

એવં સદા સ્મ કર્તવ્યં સ્વયમેય કરિષ્યતિ ।।
પ્રભુઃ સર્વસમર્થો હિ તતો નિશ્ચિંતતા વ્રજેત્ ।।૨।।

શબ્દાર્થ-આ પ્રકારે સદૈવ સેવારૂપ સ્વધર્મનું પાલન કરવું જોઇએ, અને પ્રભુ પોતે જ ભકતના કાર્યને કરશે. શ્રીપ્રભુ સર્વ કાંઈ કરવાને સમર્થ છે એમ સમજી ભકતે નિશ્ચિત રહેવું. (૨)

યદિ શ્રીગોકુલાધીશો ધૃતઃ સર્વાત્મના હૃદિ ।।
તતઃ કિમપરં બ્રૂહિ લૌકિકૈર્વૈદિકૈરપિ ।। ૩ ।।

શબ્દાર્થ-જો શ્રીગોકુલના અધિપતિ—શ્રીકૃષ્ણને સર્વાત્મભાવ દ્વારા હૃદયમાં ધારણ કરી લેવામાં આવે તો પછી લાકિક અને વૈદિક કર્મોનાં ફલોથી બીજું શું પ્રયોજન છે તે તું મને કહે. (૩)

અતઃ સર્વાત્મના શશ્વદ્ ગોકુલેશ્વરપાદયોઃ ॥
સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યમિતિ મે મતિઃ ॥૪॥

શબ્દાર્થ-એટલા માટે સર્વ પ્રકારથી નિરંતર શ્રીગોકુલેશ્વરના ચરણકમલોનું સ્મરણ, તેમજ ભજન પણ તજવું યોગ્ય નથી. આ પ્રકારે મારી શ્રીમદ્વલ્લભાચાર્યજીની મતિ છે. (૪)

શ્રીમદ્વલ્લભાચાર્યવિરચિત ચતુઃ શ્લોકી ગ્રન્થ સંપૂર્ણ.

ભક્તિ વર્ધિની

ગ્રન્થપરિચય-શ્રીમહાચાર્યજીએ ભક્તિનો વધારો કેમ થાય તેના ઉપાય આ ગ્રન્થમાં નિરૂપણ કરેલા છે. આ માર્ગમાં આત્મનિવેદન થયા પછી શ્રીપ્રભુ જીવનું શરણ સ્વીકારે છે. તેને બીજભાવનું સ્વરૂપ કહેલું છે. તેની દઢતા સારૂ જીવે શ્રીકૃષ્ણની સેવા કરવી, સેવાના પ્રતિકૂલ વ્યવહારનો ત્યાગ કરવો. કાંઇ ઉદ્યોગ કરવો પડે તો શ્રીપ્રભુમાં ચિત્ત રાખીને કરવો તે ભક્તિ વધારવાનો ઉપાય છે. જીવનું શરણ સિદ્ધ થયે પ્રભુમાં સ્નેહ આપો આપ સ્ફુરે છે, તેથી લૌકિકમાં સ્નેહ રહેતો નથી પછી મનમાં પ્રભુમાં આસક્તિ થાય છે, ત્યારે સ્ત્રીપુત્રાદિ અને ઘર વગેરેમાંથી આસક્તિ છૂટે છે આવી રીતે ભક્તિ વધારવામાં બાધકરૂપ દોષ નિવૃત થાય છે. તે પછી પ્રભુ વિના એક ક્ષણ પણ કાલ નિર્વાહ થાય નહીં તેવું વ્યસન થાય છે, ત્યારે પૂર્ણ ત્યાગ થયો કહેવાય, અને તેથી પ્રભુના ફલરૂપ સંબંધ થાય છે. તે બીજભાવની દઢતા ગણાય છે. વ્યસન અવસ્થા સુધી પહોંચેલો

જીવ લૌકિક આસક્તિરૂપ ઘરનો ત્યાગ કરી પ્રભુ મિલનની ઇચ્છા રાખી ભક્તિભાવ વધારતો જાય છે અને સુદઢ ભક્તિ થયે સર્વાત્મભાવરૂપ સાક્ષાત્ સ્વરૂપના અનુભવનું ફલ પ્રાપ્ત કરે છે.

યથા ભક્તિઃ પ્રવૃદ્ધા સ્યાત્ તથોપાયો નિરૂપ્યતે ॥
બીજભાવે દઢે તુ સ્યાત્ ત્યાગાચ્છ્રવણકીર્તનાત્ ॥૧॥

શબ્દાર્થ-જેવી રીતે પ્રભુમાં પ્રેમ-ભક્તિ વૃદ્ધિ પામેલ થાય તેવી રીતના ઉપાય બતાવવામાં આવે છે. ભક્તિના બીજરૂપ ભગવત્કૃપાથી પ્રાપ્ત થયેલ પ્રભુમાં પ્રેમ દઢ થાય ત્યારે ત્યાગપૂર્વક ભગવાનની કથાઓનું શ્રવણ તથા કીર્તન કરવાથી ભક્તિ વૃદ્ધિ પામેલી થાય. (૧)

બીજદાઢર્યપ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ ॥
અવ્યાવૃત્તો ભજેત્ કૃષ્ણં પૂજયા શ્રવણાદિભિઃ॥૨॥

શબ્દાર્થ-ભક્તિના બીજની દઢતાનો પ્રકાર તો ગૃહસ્થાશ્રમમાં રહીને ભગવદ્ધર્મથી, સેવામાં પ્રતિકૂળ વ્યવસાયમાત્રથી રહિત થઇને સ્વરૂપસેવા તથા શ્રવણ, કીર્તન, સ્મરણ દ્વારા શ્રીકૃષ્ણભગવાનને ભજવા જોઇએ. (૨)

વ્યાવૃત્તોઽપિ હરૌ ચિત્તં શ્રવણાદૌ યતેત્ સદા ॥
તતઃપ્રેમ તથાસક્તિર્વ્યસનં ચ યદા ભવેત્ ॥ ૩ ॥
બીજં તદુચ્યતે શાસ્ત્રે દઢં યન્નાપિ નશ્યતિ ॥ ૩॥

શબ્દાર્થ-આજીવિકાર્થે લૌકિક વ્યવહાર કરતો હોય તો પણ દુઃખને હરનારા પ્રભુમાં ચિત્ત રાખીને શ્રવણ, કીર્તન સ્મરણ

વગેરે માટે નિરન્તર પ્રયત્ન કરવો તે સાધનથી સ્નેહભાવ થાય, તેમજ આસક્તિ-પૌઢ સ્નેહ થાય. અને જ્યારે વ્યસન-પ્રભુના દર્શન વિના રહી ન શકાય તેવી અવસ્થા થાય તેને ભક્તિ-શાસ્ત્રમાં બીજની દઢતા-અચલ બીજ કહેવાય છે. જે લૌકિક દુઃસંગ વગેરેથી પણ નાશ પામતું નથી. (૩।)

સ્નેહાદ્ રાગવિનાશઃસ્યાદાસક્ત્યા સ્યાદ્ ગૃહારૂચિઃ।૪।
ગૃહસ્થાનાં બાધકત્વમનાત્મત્વં ચ ભાસતે ।।
યદા સ્યાદ્ વ્યસનં કૃષ્ણે કૃતાર્થઃ સ્યાત તદૈવ હિ ।।૫।।

શબ્દાર્થ-પ્રભુમાં સ્નેહ થવાથી સાંસારિક અન્ય વસ્તુઓ માંથી પ્રીતિનો નાશ થાય છે. અને આસક્તિથી ઘરમાં અરૂચિ-અપ્રીતિ થાય છે. આવી અવસ્થામાં ઘરમાં રહેલા પદાર્થો (ચેતન, અચેતન)નું બાધકપણું અને અનાત્મપણું જણાય છે; અને જ્યારે શ્રીકૃષ્ણભગવાનમાં વ્યસન થાય ત્યારે જીવ નિશ્ચય કૃતાર્થ થાય છે. (૫)

તાદૃશસ્યાપિ સતતં ગૃહસ્થાનં વિનાશકમ્ ।
ત્યાગં કૃત્વા યતેદ્યસ્તુ તદર્થાર્થૈકમાનસઃ ।। ૬ ।।
લભતે સુદૃઢાં ભક્તિં સર્વતોપ્યધિકાં પરામ્ ।।૬।। ।।

શબ્દાર્થ-તેવા ભગવદ્ભાવવાળાને-પ્રભુમાં વ્યસન અવસ્થા સુધી પહોંચેલાને-પણ નિરન્તર ઘરમાં રહેવું તે ભક્તિનો વિનાશ કરનારૂ છે, માટે ઘર વગેરેનો ત્યાગ કરી જે પુરૂષ પરમ ફલરૂપ શ્રીકૃષ્ણ જેમનું પ્રયોજન છે એવો થઇને ભક્તિની વૃદ્ધિ માટે પ્રયત્ન કરે તે સર્વથી અધિક દઢ પરમ ભક્તિ પામે છે. (૬।।)

ત્યાગે બાધકભૂયસ્ત્વં દુઃસંસર્ગાત્ તથાન્નતઃ ।।૭।।

શબ્દાર્થ-ત્યાગનું સ્વરૂપ જાણ્યા વગરનાઓએ ત્યાગ કરવામાં દુઃસંગથી તેમજ શરીરનિર્વાહ સારૂ શ્રીપ્રભુને સમર્પિત થયા વિનાનું અન્ન ખાવાથી, ભક્તિની વૃદ્ધિ થવામાં ઘણું બાધકપણું છે. (૭)

અતઃસ્થેયં હરિસ્થાને તદીયૈઃ સહ તત્પરૈઃ ।।
અદૂરે વિપ્રકર્ષે વા યથા ચિત્તં ન દુષ્યતિ ।। ૮ ।।

શબ્દાર્થ-એટલા માટે ભગવદ્ભક્તોની સાથે સેવાનો પ્રવાહ ચાલતો હોય તેવા પ્રભુના સ્થાનમાં અથવા ભક્તિની સમીપ કે દૂર રહેવું, જે રીતે ચિત્ત દોષવાળું ન થાય. (૮)

સેવાયાં વા કથાયાં વા યસ્યાસક્તિર્દૃઢા ભવેત્ ।।
યાવજ્જીવં તસ્ય નાશો ન ક્વાપીતિ મતિર્મમ ।।૯।।

શબ્દાર્થ-જેને ભગવત્સેવામાં અથવા કથામાં જીવનપર્યન્ત દઢાસક્તિ રહે છે તેનો કોઈ દેશ કે કાલમાં નાશ નથી એ પ્રકારે મારી શ્રીમદ્વલ્લભાચાર્યજીની બુધ્ધિ છે (૯)

બાધસંભાવનાયાં તુ નૈકાંતે વાસ ઇષ્યતે ।
હરિસ્તુ સર્વતો રક્ષાં કરિષ્યતિ ન સંશયઃ ।।૧૦।।

શબ્દાર્થ- ભક્તિમાં અડચણ થવાનો સંભવ હોય તો—સેવામાં દઢતા ન હોય અને ઉદ્વેગ થતો હોય તો-એકાંતમાં રહેવું તે ઇચ્છવા જેવું નથી. શ્રીભગવાન તો ચારે તરફથી રક્ષણ કરશે. (૧૦)

ઇત્યેવં ભગવચ્છાસ્ત્રં ગૂઢતત્ત્વં નિરુપિતમ્ ।
ય એતત્ સમધીયીત તસ્યાપિ સ્યાદ્ દ્દઢા રતિઃ ॥૧૧॥

શબ્દાર્થ-આ પ્રકારે ગુપ્તરહસ્યવાળું ભગવતશાસ્ત્ર શ્રીવલ્લભાચાર્યજીએ નિરૂપણ કરેલું છે, જે ભકત તેનો સારી રીતે અભ્યાસ કરે તેની પણ પ્રભુમાં દૃઢ ભકિત થાય છે. (૧૧)

શ્રીમદ્વલ્લાચાર્યજીએ પ્રકટ કરેલ ભકિતવર્ધિની
નામનો ગ્રંથ સંપૂર્ણ.

જલભેદ

ગ્રંથપરિચય-ભગવાનના ગુણો સહજ રીતે, સ્વભાવિક આનન્દરૂપ છે, તો પણ જેમનામાં ભગવદ્ગુણો રહેલા છે તેમના સ્વભાવ અને ગુણદોષ પ્રમાણે તે ગુણો થાય છે. તે જલભેદના દષ્ટાંતથી જલભેદ નામના ગ્રન્થમાં સમજાવેલું છે જેમ જલ સ્વભાવથી શીતલ, ગુણવાળું; સ્વચ્છ મધુર, શુદ્ધિ કરનાર અને તૃપ્તિ આપનાર છે અને તેનો ભાવ એકરસરૂપ છે, પણ તેને રહેવાના આધાર ઘણાં છે, તેથી તે જેવા આધારમાં પડે છે તેવા સ્વભાવવાળું થાય છે અને તેવા ગુણદોષ ઉત્પન્ન કરે છે. જલના મુખ્યત્વે કરીને વીસ ભેદ કહેલા છે,

નમસ્કૃત્ય હરિં વક્ષ્યે તદ્ગુણાનાં વિભેદકાન્ ।
ભાવાન્ વિંશતિધા ભિન્નાન્ સર્વસન્દેહવારકાન્ ॥૧॥

શબ્દાર્થ- શ્રીહરિને નમન કરીને વકતાઓના ગુણોના ભેદ દર્શાવનારા સર્વ સંદેહો દૂર કરનાર વીસ પ્રકારના ભાવોને હું કહું છું. (૧)

ગુણભેદાસ્તુ તાવન્તો યાવન્તો હિ જલે મતાઃ ॥૧॥

શબ્દાર્થ-જેટલા જલના ગુણોમાં ભેદ છે તેટલા જ વકતાઓના ગુણભેદ માનેલા છે. (૧॥)

ગાયકાઃ કૂપસશંકાસા ગંધર્વા ઇતિ વિશ્રુતાઃ ॥ ૨ ॥
કૂપભેદાસ્તુ યાવન્તસ્તાવન્તસ્તેઽપિ સમ્મતાઃ ॥૨॥

શબ્દાર્થ-ગાયકજનો ગન્ધર્તના નામથી પ્રસિદ્ધ છે તે કૂવાના જલ જેવા છે. જેટલા કૂવાના ભેદ છે તેટલા ભેદ ગન્ધર્વોનાં પણ માનેલા છે. (૨॥)

કુલ્યાઃ પૌરાણિકાઃ પ્રોક્તાઃ પારમ્પર્યયુતા ભુવિ ॥૩॥

શબ્દાર્થ-ભૂમંડલમાં પરંપરાવાળા પુરાણ વાંચનારાંઓ નહેરના જલ જેવા છે. (૩)

ક્ષેત્રપ્રવિષ્ટાસ્તે ચાપિ સંસારોત્પત્તિહેતવઃ ॥ ૩॥ ॥

શબ્દાર્થ-જે વકતા પોતાના કુટુંબના ભરણપોષણ સારૂ કથાદિ કરે છે તે ખેતરમાં પ્રવેશ કરેલા જલના જેવા છે. (૩॥)

વેશ્યાદિસહિતા મત્તા ગાયકા ગર્તસંજ્ઞિતાઃ ॥ ૪ ॥

શબ્દાર્થ-વેશ્યાદિના સંગમાં ઉન્મત્ત ગાન કરનારા ખાડાના પાણીના જેવા છે (૪)

જલાર્થમેવ ગર્તાસ્તુ નીચા ગાનોપજીવિનઃ ॥ ૪॥ ॥

શબ્દાર્થ-ગાયનથી આજીવિકા ચલાવનારા નીચ વકતા ખાડાના ગંદા જલ જેવા છે. (૪॥)

હ્રદાસ્તુ પણ્ડિતાઃ પ્રોક્તા ભગવચ્છાસ્ત્રતત્પરાઃ ॥૫॥

શબ્દાર્થ-ભગવત્શાસ્ત્રમાં તત્પર પંડિતજનો તો નદીના ધરાના જલ જવા કહેવાય છે. (૫)

સંદેહવાદકાસ્તત્ર સૂદા ગમ્ભીરમાનસા: ॥ ૫ ॥

શબ્દાર્થ-જે વકતા ગંભીર મનવાળા તથા શ્રોતાઓના સર્વ પ્રકારના સંદેહોને નિવારણ કરવાવાળા છે તે વાવના જલ જેવા છે. (૫॥)

સર:કમલસમ્પૂર્ણા: પ્રેમયુક્તાસ્તથા બુધા: ॥ ૬ ॥

શબ્દાર્થ-તેવા પ્રેમી પંડિતજનો કમલોથી સુશોભિત સરોવર સમાન છે. (૬॥)

અલ્પશ્રુતાઃ પ્રેમયુકતા વેશન્તાઃ પરિકીર્તિતાઃ ૬॥

શબ્દાર્થ-ભગવત્પ્રેમમાં નિમગ્ન, સ્વલ્પશાસ્ત્રના જ્ઞાનવાળા. નાનાં તલાવના જેવા કહેવાય છે (૬॥)

કર્મશુદ્ધા: પલ્વલાનિ તથાલ્પશ્રુતભકતય: ॥ ૭ ॥

શબ્દાર્થ-કર્મથી શુદ્ધ તથા અલ્પજ્ઞાન અને ભક્તિવાળા નાનાં તલાવડાં સમાન છે. (૭)

યોગાદ્યાનાદિસંયુકતા ગુણા વર્ષ્યાઃ પ્રકીર્તિતાઃ ૭॥

શબ્દાર્થ-યોગ અને ધ્યાદિસંપન્નના ભાવ વરસાદના જલ સમાન કહેવાય છે. (૭॥)

તપોજ્ઞાનાદિભાવેન સ્વેદજાસ્તુ પ્રકીતતા: ॥ ૮ ॥

શબ્દાર્થ-કેવલ તપ અને જ્ઞાન આદિ ભાવ દ્વારા-ઇન્દ્રિય નિગ્રહ વિનાના-દેહદમન પસીનાના પાણી સમાન કહેવાય છે. (૮)

અલૌકિકેન જ્ઞાનેન યે તુ પ્રોકતા હરેર્ગુણા: ૮॥
કાદાચિત્કા: શબ્દગમ્યા: પતચ્છબ્દાઃ પ્રકીર્તિતાઃ ૯

શબ્દાર્થ-જે અલૌકિક વેદના જ્ઞાન વડે કોઇ વખત

થનારા, શબ્દદ્વારા જાણવા યોગ્ય, શ્રીહરિના ગુણ ગાવામાં આવે છે તે પર્વત પરથી પડતા ઝરાના શબ્દ જેવા કહેવાય છે. (૯)

દેવાદ્યુપાસનોદ્ભૂતાઃ પૃષ્વા ભૂમેરિવોદ્ગતા: ૯॥

શબ્દાર્થ-દેવાદિની ઉપાસનાથી ઉત્પન્ન થએલા ભાવવાળા વકતા પૃથ્વીથી ઉત્પન્ન થનાર ઝાકળના જેવા છે. (૯॥)

સાધનાદિ પ્રકારેણ નવધા ભક્તિમાર્ગતઃ ॥ ૧૦ ॥
પ્રેમપૂર્ત્યા સ્ફુરદ્ધર્માઃ સ્યન્દમાનાઃ પ્રકીર્તિતાઃ ૧૦॥

શબ્દાર્થ-સાધનાદિની રીતથી, નવ પ્રકારની ભક્તિદ્વારા પ્રેમથી પરિપૂર્ણ થતાં જેમને ભગવાનના સ્મરણરૂપ ધર્મ પ્રકટ થાય છે તે વકતાઓ પર્વતથી નીકળતા ઝરણા પરમ પવિત્ર નિર્મલ જલ સમાન કહેવાય છે. (૧૦॥)

યાદૃશાસ્તાદૃશાઃ પ્રોકતા વૃદ્ધિક્ષયવિવર્જિતા: ॥૧૧॥
સ્થાવરાસ્તે સમાખ્યાતા મર્યાદૈકપ્રતિષ્ઠતા: ૧૧॥

શબ્દાર્થ-જેમ પ્રથમ કહ્યા છે તેવા જ સાધનનિષ્ઠ પ્રભુ-પ્રેમમાં વૃદ્ધિ કે ક્ષય નથી અર્થાત્ સ્થિરભાવવાળા છે તે કેવલ મર્યાદાભાવમાં રહેલા સ્થાવર જળાશયના જલ જેવા કહેવાય છે, ૧૧॥

અનેકજન્મસંસિદ્ધા જન્મપ્રભૃતિ સર્વદા ॥ ૧૨ ॥
સંગાદિગુણદોષાભ્યાં વૃદ્ધિક્ષયયુતા ભુવિ ॥
નિરંતરોદ્ગમયુતા નદ્યસ્તે પરિકીર્તિતા: ॥ ૧૩ ॥

શબ્દાર્થ-જે અનેક જન્મોથી સિદ્ધિ માટે પ્રયત્નશીલ છે. પરંતુ જન્માંતરોના દુઃસંગ અને સત્સંગના ગુણદોષથી ઈશ્વરમાં જેમનો પ્રેમ કોઇ વખત ઓછો અને કોઈ વખત અધિક થઈ

જાય છે તે નિરંતર જન્મ લેનાર પ્રવાહવાળી નદીના જલ-સમાન છે. (૧૩)

એતાદૃશા: સ્વતંત્રાશ્ચત્ સિન્ધવ: પરિકીર્તિતા: ૧૩।।

શબ્દાર્થ-ઉપર કહેલા સત્તરમાં ભાવવાળા વકતાઓ જો સ્વતંત્ર મનની સર્વ ઉપાધિની મુકત હોય તો તે સાગરમાં મળનારી મોટી નદીના સમાન છે. (૧૩।।)

પૂર્ણા ભગવદીયા યે શેષવ્યાસાગ્નિમારુતા: ।।૧૪।।
જડનારદમૈત્રાદ્યાસ્તે સમુદ્રા: પરિકીર્તિતા: ૧૪।।

શબ્દાર્થ-જે પૂર્ણ ભગવદીય-ભગવાનના સંબંધમાં કહેનારા શેષ વ્યાસ, અગ્નિ, હનુમાનજી તેવી રીતે જડભરત, નારદ, મૈત્રેય આદિ મહાનુભાવો છે તે સમુદ્રના જળ સમાન કહેવાય છે. (૧૪।।)

લોકવેદગુણૈર્મિશ્રભાવેનૈકે હરેર્ગુણાન્ ।। ૧૫ ।।
વર્ણયન્તિ સમુદ્રાસ્તે ક્ષારાદ્યા: ષટ્ પ્રકીર્તિતા: ૧૫।।

શબ્દાર્થ-લૌકિક અને વૈદિક ગુણોથી મિશ્રિત ભાવ વડે જે વકતા હરિના ગુણોનું વર્ણન કરે છે તે ક્ષારાદિ છ પ્રકારના સમુદ્ર સમાન કહેવાય છે. (૧૫।।)

ગુણાતીતતયા શુદ્ધાન્ સચ્ચિદાનંદરૂપિણ: ।।૧૬।।
સર્વાનેવ ગુણાન્ વિષ્ણોવર્ણયન્તિ વિચક્ષણા: ।।
તેઽમૃતોદા: સમાખ્યાતાસ્તદ્વાકપાનં સુદુર્લભમ્ ૧૭।।

શબ્દાર્થ-ભગવાન પ્રકૃતિના ગુણોથી પર છે, શુદ્ધ છે, સચ્ચિદાનંદ સ્વરૂપ છે, તેવું જાણીને બુદ્ધિમાન વકતાઓ શ્રીવિષ્ણુના સંપૂર્ણ ગુણોનું વર્ણન કરે છે. તે અમૃત આપનાર

સમુદ્રની સમાન કહેવાય છે. તેમના વચનામૃતનું પાન, શ્રવણ, પરમ દુર્લભ છે (૧૭)

તાદૃશાનાં કવચિદ્વાકયં દૂતાનામિવ વર્ણિતમ્ ।।
અજામિલાકર્ણનવદ્ બિન્દુપાનં પ્રકીર્તિતમ્ ।।૧૮।।

શબ્દાર્થ-આવા પ્રકારના ભગવદીયોનાં વચનામૃત કોઈ વખત વિષ્ણુના પાર્ષદોનાં વાકયો જેવાં વર્ણન કરાયા છે જેવાં પ્રકારે અજામિલે સાંભળેલાં તેવાં અમૃતબિંદુના પાન કરવા સમાન છે. (૧૮)

રાગાજ્ઞાનાદિભાવાનાં સર્વથા નાશનં યદા ।।
તદાલેહનમિત્યુકતં સ્વાનંદોદ્ગમકારણમ્ ।। ૧૯ ।।

શબ્દાર્થ-જયારે રાગ, અજ્ઞાનાદિ ભાવોને સારી રીતે નાશ થાય ત્યારે પોતાના આનંદની ઉત્પત્તિના કારણરૂપ પ્રભુકીર્તન એ જ સ્વાદપ્રાપ્તિ-ચાટણ-જેવું કહ્યું છે. એવી રીતે વકતા પોતાની મેળે નિરંતર ગુણગાનમાં તત્પર રહે છે. (૧૯)

ઉદ્દૃતોદકવત્ સર્વે પતિતોદાકવત્ તથા ।।
ઉકતાતિરિકતવાકયાનિ ફલં ચાપિ તથા તત: ।।૨૦।।

શબ્દાથ-ઉપર કહેલા વકતાઓનાં વચનોથી જૂદા વચન કહેનારા બીજા સર્વ વકતાઓ (જેમનું નિરૂપણ આ ગ્રંથમાં કર્યું નથી તે) વરાળના પાણી જેવા અથવા જલાશયમાંથી પાત્રમાં લીધેલ જલ જેવા છે, તથા પૃથ્વી પર પડેલા પાણી જેવા છે. અને તેનાથી ફલ પણ તેવું જ છે. (૨૦)

ઇતિ જીવેન્દ્રિયગતા નાનાભાવં ગતા ભુવિ ।।
રૂપત: ફલતશ્ચૈવ ગુણા વિષ્ણો નિરૂપિતા: ।।૨૧।।

શબ્દાર્થ-આ પ્રકારે રૂપથી અને ફલથી પૃથ્વી પર જૂદા જૂદા ભાવને પામેલા જીવ અને ઇન્દ્રિયો વિશે રહેલા વિષ્ણુના ગુણો નિરૂપણ કર્યા છે (૨૧)

શ્રીમદ્વલ્લભાચાર્યજીએ પ્રકટ કરેલો જલભેદ નામનો
ગ્રન્થ સમ્પૂર્ણ.

પંચપદ્યાનિ

ગ્રંથપરિચય-શ્રોતાના ભેદ, શ્રીમદાચાર્યચરણોએ આ ગ્રન્થમાં પુષ્ટિ અને મર્યાદા એમ બે માર્ગ વડે શ્રોતા ભકતોનું નિરૂપણ કરેલું છે. તેમાં પુષ્ટિમાર્ગીય ઉત્તમ શ્રોતા અને મર્યાદા-માર્ગીયમધ્યમ, અધમ ઉત્તમ અને શ્રોતાનાં લક્ષણો જણાવેલા છે.

શ્રીકૃષ્ણરસવિક્ષિપ્તમાનસારતિવર્જિતા:
અનિવૃર્તા લોકવેદે તે મુખ્યા: શ્રવણોત્સુકા ।।૧।।

શબ્દાર્થ-શ્રીકૃષ્ણના ભજનાનન્દરૂપી રસમાં જેમનું મન લાગેલું છે એવા રમણ વિનાના લૌકિક વૈદિક ફલની મનમાં કાંઈ ઈચ્છા ન હોવાથી તેમાં જેમને આનંદ આવતો નથી એવા, ભગવત્કથાશ્રવણમાં જેમનો ઉત્સાહ સદા સ્થાયી રહે છે એવા, તેઓ શ્રોતામાં મુખ્ય છે. (૧)

વિકિલન્નમનસો યે તુ ભગત્સ્મૃતિવિહ્વલા: ।।
અર્થૈકનિષ્ઠાસ્તે ચાપિ મધ્યમા: શ્રવણોત્સુકા: ।।૨।।

શબ્દાર્થ-વિશેષ કરીને જેમનું મન કોમળ છે, એટલે ભગવદ્ગુણના શ્રવણની અસર થાય તેવા મનવાળા, ભગવાનની સ્મૃતિ

થાય ત્યારે વિકલ બની જાય તેવા, અને જે મોક્ષના અથવા બીજી રીતે કૃતાર્થ થવામાં નિષ્ઠાવાળા, ભગવાનના ગુણગાનના શ્રવણમાં ઉત્સાહવાળા છે, તે પણ મધ્યમ શ્રોતા છે. (૨)

નિ:સન્દિગ્ધં કૃષ્ણતત્ત્વં સર્વભાવેન યે વિદુ: ।।
તે ત્વાવશાત્ તુ વિકલા નિરોધાદ્વા ન ચાન્યથા ।।૩।।

શબ્દાર્થ-જેઓ સંદેહરહિત શ્રીકૃષ્ણતત્ત્વને સર્વભાવદ્વારા જાણે છે તેઓ શ્રવણ વખતે આવેશથી અથવા નિરોધથી નિશ્ચય વિકલ થાય છે, પરંતુ બીજે પ્રકારે સર્વદા વિકલ થતા નથી. (૩)

પૂર્ણભાવેન પૂર્ણાર્થા: કદાચિન્ન તુ સર્વદા ।।
અન્યાસકતાસ્તુ યે કેચિદધમા: પારકીર્તિતા: ।।૪।।

શબ્દાર્થ-કોઈ વખત પૂર્ણભાવ વડે પૂર્ણ અર્થવાળા છે. પણ સર્વદા તેવા થતા નથી કોઈ અન્ય લૌકિક વૈદિકમાં પણ આસકિત-વાળા છે તેઓ અધમ, હલકા પ્રકારના, શ્રોતા કહેવાય છે. (૪)

અનન્યમનસો મર્ત્યા ઉત્તમા: શ્રવણાદિષુ ।।
દેશકાલદ્રવ્યકર્તૃમન્ત્રકર્મપ્રકારત: ।। ૫ ।।

શબ્દાર્થ-દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, મન્ત્ર અને કર્મના પ્રકારથી અનન્યમનવાળા મરણ ધર્મવાન મનુષ્ય શ્રવાર્ણાદિમાં ઉત્તમ છે. આ શ્રોતા બાહ્યજ્ઞાનદષ્ટિવાળા શ્રોતા ગણાય છે. (૫)

શ્રીમદ્વલ્લભાચાર્યજીએ પ્રકટ કરેલ પંચપદ્યાનિ
નામનો ગ્રંથ સંપૂર્ણ

સંન્યાસનિર્ણય

ગ્રન્થપરિચય—સન્યાસનિર્ણય ગ્રન્થ શ્રીમદ્દાચાર્યજીએ નિજસેવક નરહરિ સંન્યાસીને સંન્યાસનું શુદ્ધ સ્વરૂપ ઉપદેશવાને અને ભકતોને સરલ રીતે સમજાવવાને પ્રકટ કરેલો છે. પ્રશ્ચાત્તાપની નિવૃત્તિ માટે પરિત્યાગ-સંન્યાસ-વિશેષે ભકિતમાર્ગમા અને જ્ઞાનમાર્ગમાં કહેલો છે કર્મમાર્ગમાં સંન્યાસનો નિષેધ છે. તેમાં ખાસ કરીને કલિયુગમાં તો નહિ જ લેવો. ભકિતમાર્ગમાં સાધન દશામાં શ્રવણાદિની સિદ્ધિ માટે સંન્યાસ સુખ આપનારો નથી ફલાર્થે-વિરહાનુભાવ માટે-સંન્યાસ કર્તવ્ય છે. જો પ્રેરણા તેવી હોય તો જો સ્રીપુત્રાદિનું બંધન હોય તો સંન્યાસનાં બાહ્યચિહ્ન ત્રિદંડ વગેરેની જરૂર રહે છે. તેવું બંધન ના હોય તો બાહ્યચિહનની જરૂર નથી. આવા સંન્યાસનાં લક્ષણ (૧) વિકલપણું અને (૨) અસ્વસ્થપણું એ બે છે ત્યાગના ગુરૂ અક્ષરબ્રહ્મપની અપેક્ષાએ કૌડિન્યઋષિ અને પુરૂષોત્તમની પ્રાપ્તિ માટે શ્રી ગોપીજનોને માનેલા છે. માટે તેમણે કરેલા સંન્યાસ પ્રમાણેનો સંન્યાસ કર્તવ્ય છે અને ભાવનાથી સિદ્ધ થયેલો ભાવ તે જ સાધન કહેલું છે અંતરમાં રહેલા અંતર્યામી અંતરના દોષો નાશ કરતા નથી પણ ગુપ્ત રહેલા અંતરાત્મા પ્રભુ ભકતના પૂર્ણ વિરહ વડે બહાર પ્રકટ થાય છે અને તે અંતર્યામી સાથે મળે છે ત્યારે અંતરના દોષ નાશ કરી ભગવદ્દરૂપપણું આપે છે તેમ થતા સુધી જીવન ટકાવી રાખવા પ્રભુના ગુણગાન કરવાં. પ્રભુ પોતાના ભકતોને સ્વરૂપાનંદ આપવા વાળા છે તેથી તે તેમને તે મોહ પમાડતા નથી

પશ્ચાત્તાપનિવૃત્ત્યર્થં પરિત્યાગો વિચાર્યતે ॥
સ માર્ગદ્વિતયે પ્રોકતો ભકતૌ જ્ઞાને વિશેષતઃ ॥૧॥

શબ્દાર્થ-પ્રશ્ચાત્તાપની નિવૃત્તિ માટે પરિત્યાગ-સંન્યાસનો વિચાર કરવામાં આવે છે. સંન્યાસગ્રહણ વિશેષે કરીને ભકિતમાર્ગમાં (ભકિમાર્ગીય સંન્યાસ)અને જ્ઞાનમાર્ગમાં (જ્ઞાનમાર્ગીય સંન્યાસ) એ બંને માર્ગમાં કહેલો છે. (૧)

કર્મમાર્ગે ન કર્તવ્યઃ, સુતરાં કલિકાલતઃ ॥
અત આદૌ ભક્તિમાર્ગે, કર્તવ્યત્વાદ્ વિચારણા ॥૨॥

શબ્દાર્થ-વિશેષે કરીને કાલિકાલને લીધે કર્મમાર્ગની પ્રણાલી અનુસાર ત્યાગ સંન્યાસ-કરવા યોગ્ય નથી. ભકિતમાર્ગ અનુસાર તે કર્તવ્યરૂપ હોવાથી ભકિતમાર્ગીય સંન્યાસ પર વિચાર કરાય છે. (૨)

શ્રવણાદિપ્રસિદ્દ્ધ્યર્થં, કર્તવ્યશ્ચેત્ સ નેષ્યતે ॥
સહાયસંગસાધ્યત્વાત્, સાધનાનાંચ રક્ષણાત્ ॥૩॥
અભિમાનાન્નિયોગાચ્ચ, તદ્ધર્મૈશ્ચ વિરોધતઃ ॥ ૩॥

શબ્દાર્થ-શ્રવાણાદિ સારી રીતે થઇ શકે તે સારૂ સંન્યાસ કરવો કર્તવ્યરૂપ છે એમ જો કહેવામાં આવે તો તે નહીં ઇચ્છવા યોગ્ય છે. શ્રવણાદિ સહાયથી અને સહાય સંગથી સિદ્ધિ થાય છે, અને શ્રવણાદિના સાધનોનું રક્ષણ કરવું જોઇએ (જે ત્યાગમા બને નહીં) વળી શ્રવણાદિમાં ઉત્તમતાનું અભિમાન અથવા અહંતા-મમતા રહે છે, અને શ્રવણાદિ નિરંતર કરવું જોઈએ. તે સંન્યાસીને પાળવાના નિયમથી તે ધર્મો વડે વિરોધ હોવાથી કર્તવ્યરૂપ નથી. (૩॥)

ગૃહાદેર્બાધિકત્વેન, સાધનાર્થં તથા યદિ ॥ ૪ ॥
અગ્રેડપિ તાદૃશૈરેવ, સંગો ભવતિ નાન્યથા ॥
સ્વયં ચ વિષયાક્રાન્તઃ, પાષણ્ડી સ્યાત્ તુ કાલતઃ ॥૫॥

શબ્દાર્થ-જો શ્રવણાદિમાં ઘર વગેરે બાધકપણું હોવાથી સાધન માટે સંન્યાસ ગ્રહણ કરવામાં આવે તો આગળ પણ પ્રથમ જણાવેલાઓની સાથે સંગ થાય છે. ભકિતમાર્ગના શ્રવણ ધર્મ બતાવનારાઓનો સંગ કલિકાલને લીધે થતો નથી. તેથી પોતે તેવાઓના સંગથી તેમના જેવા વિષયાસકત અને પાખંડી થાય છે. (૫)

વિષયાક્રાન્તદેહાનાં નાવેશ: સર્વદા હરે: ॥
અતોઽત્ર સાધને ભક્તા, નૈવ ત્યાગ: સુખાવહ: ॥૬॥

શબ્દાર્થ-જેઓનો દેહ વિષયાસકત હોય છે તેમને શ્રીહરિનો આવેશ નિરંતર થઈ શકતો નથી. તે માટે અહીં ભકિતમાર્ગમાં સાધન દશામાં ત્યાગ-સંન્યાસ ગ્રહણ કરવો તે સુખ આપનાર થતો જ નથી. (૬)

વિરહાનુભવાર્થં તુ, પરિત્યાગ: પ્રશસ્યતે ॥
સ્વીયબન્ધનિવૃત્ત્યર્થં વેષ: સોઽત્ર ન ચાન્યથા ॥૭॥

શબ્દાર્થ-ભગવાનના વિરહનો અનુભવ કરવા માટે તો ત્યાગસંન્યાસ-લેવો તે પ્રશંસનીય છે. પોતાના સ્ત્રીપુત્રાદિનો મોહરૂપી બંધન તોડવા અથવા સંબંધથી થનારી વિવિધ પ્રકારની ઉપાધિઓથી બચવા સંન્યાસનો વેષ છે. બીજા કોઈ કારણ માટે નથી. (૭)

કૌણ્ડિન્યો ગોપિકા: પ્રોક્તા ગુરવ: સાધનં ચ તત ॥
ભાવો ભાવનયા સિદ્ધ:, સાધનં નાન્યદિષ્યતે ॥૮॥

શબ્દાર્થ-કૌડિન્યઋષિ અને શ્રીગોપીજન ભકિતમાર્ગમાં ગુરૂઓ કહેલા છે. તેમણે જે સાધન કર્યા તે સાધન શ્રેષ્ઠ છે. ભાવનાદ્વારા ભાવ સિદ્ધ થાય છે. તેનાથી બીજું કોઈ સાધન સ્વીકારાતું નથી. (૮)

વિકલત્વં તથાઽસ્વાસ્થ્યં, પ્રકૃતિ: પ્રાકૃતં ન હિ ॥
જ્ઞાનં ગુણાશ્ચ તસ્યૈવં, વર્તમાનસ્ય બાધકા: ॥૯॥

શબ્દાર્થ-વિકલતા અને અસ્વસ્થતા એ વિરહપણાનો સ્વભાવ છે, તે પ્રાકૃત નથી જ. તેને-એવા ભાવમાં જે રહેલા છે તેને-જ્ઞાન અને ગુણો બાધક છે. (૯)

સત્યલોકે સ્થિતિર્જ્ઞાનાત્, સંન્યાસેન વિશેષતાત્ ॥
ભાવના સાધનં યત્ર, ફલં ચાપિ તથા ભવેત્ ॥૧૦॥

શબ્દાર્થ-સંન્યાસથી પ્રબલ થયેલા જ્ઞાન વડે સત્ય લોકમાં સ્થિતિ થાય છે અને જે પુરૂષમાં ભાવનારૂપ ભકિતરૂપ—સાધન છે તેને ફલ પણ સાક્ષાત્ પ્રભુદર્શનની પ્રાપ્તિરૂપ થાય છે. (૧૦)

તાદશા: સત્યલોકાદૌ તિષ્ઠન્ત્યેવ ન સશય: ॥
બહિશ્ચેત્પ્રકટ: સ્વાત્મા, વહ્નિવત્ પ્રવિશેદ્યદિ ॥૧૧॥
તદૈવ સકલો બન્ધો, નાશમેતિ ન ચાન્યથા ૧૧॥

શબ્દાર્થ-તેવા પ્રબળ જ્ઞાનવાળા સંન્યાસીઓ સત્યલોક વગેરેમાં રહે છે જ, તેમાં સંશય નથી (ભકિતમાર્ગમાં તો) જેમ લાકડામાં સર્વત્ર રહેલો અગ્નિ મંથનથી જો પ્રકટ થઇ પાછો લાકડામાં પ્રવેશ કરે ત્યારે લાકડું મટીને અગ્નિરૂપ થાય છે, તેવી રીતે સર્વત્ર વ્યાપ્ત પોતાનો આત્મા ભાવના વડે બહાર પ્રકટ થઇને પાછો અંદર પ્રવેશ કરે, ત્યારે જ સમસ્ત સાંસારિક બંધન તૂટી જાય છે. બીજા કોઇ પ્રકારે નહીં (૧૧॥)

ગુણાસ્તુ સંગરાહિત્યાજ્જીવનાર્થં ભવન્તિ હિ ॥૧૨॥

શબ્દાર્થ-ભગવદ્‌ગુણો તો વિરહભાવનાવાળાનો-લૌકિક આસકિત વિનાઓને-જીવન ટકાવી રાખવા માટે નકકી ઉપયોગ થાય છે. (૧૨)

ભગવાન્ ફલરુપત્વાન્નાત્ર બાધક ઇષ્યતે ॥
સ્વાસ્થ્યવાકયં ન કર્તવ્યં, દયાલુર્ન વિરૂધ્યતે ॥૧૩॥
દુર્લભોઽયં, પરિત્યાગ પ્રેમ્ણા સિધ્યતિ નાન્યથા ૧૩॥

શબ્દાર્થ-શ્રીભગવાન ફલરૂપ છે, તેથી તે અહીં વિઘ્નકર્તા નથી. ભકતને સ્વસ્થતા થાય તેવું વાકય કહેવાનું ભગવાનને કર્તવ્ય નથી, કેમકે ભગવાન દયાળું છે. તે દયાળુતાની વિરુદ્ધ નથી થતા. આ પરિત્યાગ દુર્લભ છે, તે પ્રેમથી સિદ્ધ થાય છે, બીજે પ્રકારે નહીં. (૧૩॥)

જ્ઞાનમાર્ગે તુ સંન્યાસો, દ્વિવિધોઽપિ વિચારિત:॥૧૪॥
જ્ઞાનાર્થમુત્તરાંગં ચ, સિદ્ધિર્જન્મશતૈ: પરમ્ ॥
જ્ઞાનં ચ સાધનાપેક્ષં, યજ્ઞાદિશ્રવણાન્મતમ્ ॥૧૫॥

શબ્દાર્થ-જ્ઞાનમાર્ગમાં તો સંન્યાસનો બે પ્રકારથી વિચાર કરેલો છે. (૧) જ્ઞાનપ્રાપ્તિ સારૂ વિવિદિષા સંન્યાસ-વિશેષે કરીને જ્ઞાન મેળવવાની ઇચ્છાથી ઘરનો ત્યાગ કરાય તે અને (૨)-વિદ્વત સંન્યાસ-જ્ઞાન થયા પછી ઘરનો ત્યાગ કરાય તે. એવી રીતના છે, પરંતુ તેની સિદ્ધિ સેંકડો જન્મ પછી છે. જ્ઞાનને સાધનની અપેક્ષાપણું યજ્ઞાદિના શ્રવણથી માનલું છે. (૧૫)

અત: કલૌ સ સંન્યાસ:, પશ્ચાત્તાપાય નાન્યથા ॥
પાષણ્ડિત્વં ભવેચ્ચાપિ, તસ્માજ્જ્ઞાને ન સંન્યસેત્૧૬॥
સુતરાં કલિદોષાણાં, પ્રબલત્વાદિતિસ્થિતિ: ॥૧૬॥॥

શબ્દાર્થ-તેથી કલિયુગમાં જ્ઞાનમાર્ગીય સંન્યાસ પશ્ચાત્તાપ કરાવે છે. બીજા પ્રકારે ફલદાતા નથી. અને વળી તે પ્રકારના સંન્યાસથી પાખંડીપણું થાય છે. તેથી જ્ઞાનમાર્ગમાં સંન્યાસ લેવો તે કોઇ પ્રકારે યોગ્ય નથી તેમાં કલિયુગના દોષોનું પ્રબલપણું હોવાથી વિશેષે કરીને એ પ્રમાણેનો નિર્ણય કરેલો છે (૧૬॥)

ભકિતમાર્ગેઽપિ ચેદ્દોષસ્તદા કિં કાર્યમુચ્યતે ॥૧૭॥
અત્રારમ્ભે ન નાશ: સ્યાદ્દ, દૃષ્ટાન્તસ્યાપ્યભાવત: ॥
સ્વાસ્થ્યહેતો: પ્રરિત્યાગાદ્બાધ: કેનાસ્ય સમ્ભવેત્ ૧૮

શબ્દાર્થ-ભકિતમાર્ગમાંજો પરિત્યાગ કરવામાં (કલિ વગેરેથી પ્રાપ્ત થતો) દોષ આવતો હોય તો શું કરવું તે કહેવામાં આવે છે. અહીં આરંભદશામાં, પરિત્યાગ કરવામાં નાશ થતો નથી. વળી એવા દષ્ટાંતનો પણ અભાવ છે, તેથી પણ તેમાં નાશ નથી. સ્વસ્થતા લાવનાર કારણો-ભિક્ષા વગેરેનો-ત્યાગ કરવાથી, પછી કોનાથી આના વિઘ્નની સંભાવના છે? (૧૮)

હરિરત્ર ન શકનોતિ, કર્તું બાધાં કુતોઽપરે ॥
અન્યથા માતરો બાલાન્, ન સ્તન્યૈ:પુપુષુ: કવચિત્ ૧૯

શબ્દાર્થ-અહીં ભગવાન પોતે પણ આ પરિત્યગ કરવામાં વિઘ્ન કરવાને શકિતમાન નથી. તો પછી કાલ વગેરે બીજાઓ તો કયાંથી જ વિઘ્ન કરી શકે? જો ભગવાન બાધ કરે તો માતાઓ કોઇપણ વખતે પોતાના બાળકનું ધાવણથી પોષણ જ ના કરે. (૧૯)

જ્ઞાનિનામપિ વાકયેન, ન ભકતં મોહયિષ્યતિ ॥
આત્મપ્રદ: પ્રિયશ્ચાતિ, કિમર્થં મોહયિષ્યતિ ॥ ૨૦ ॥

શબ્દાર્થ-જ્ઞાનીઓના ઉપદેશ વાક્યોથી પ્રભુ પોતાના ભકતને મોહમાં નાંખશે નહીં. કેમકે તે પોતાના સ્વરૂપનું દાન કરનારા અને વળી પ્રિય છે. તે કેવા પ્રકારે ભકતને મોહ કરે ના જ કરે. (૨૦)

તસ્માદુક્તપ્રકારેણ, પરિત્યાગો વિધિયતામ્ ॥
અન્યથા ભ્રશ્યતે સ્વાર્થાદિતિ મે નિશ્ચિતા મતિઃ ૨૧॥

શબ્દાર્થ-માટે ઉપર કહેલા પ્રકારથી ભકતોએ પરિત્યાગ, સંન્યાસ, કરવો જો એમ ન કરે તો સ્વાર્થ-ભગવદ્‌વિરહાનુભવ અને ભગવદ્‌પ્રસાદ-ગુમાવી બેસે છે એમ મારી દઢ બુદ્ધિ છે. (૨૧)

ઇતિ કૃષ્ણપ્રસાદેન, વલ્લભેન વિનિશ્ચિતમ્ ॥
સંન્યાસવરણં ભકતાવન્યથા પતિતો ભવેત્ ॥૨૨॥

શબ્દાર્થ-આ પ્રમાણે શ્રીકૃષ્ણની કૃપાથી શ્રીમદ્વલ્લભાચાર્યજીએ ભકિતમાર્ગમાં સંન્યાસનો અંગીકાર નિશ્ચય કર્યો છે. આજ્ઞા વિના સંન્યાસ ગ્રહણ કરે તો પતન જ થાય (૨૨)

શ્રીમદ્‌વલ્લભાચાર્યજીએ પ્રકટ કરેલો સંન્યાસનિર્ણય
નામનો ગ્રંથ સંપૂર્ણ

નિરોધલક્ષણ

ગ્રંથપરિચય-શ્રીમદાચાર્યજીએ નિરોધલક્ષણ નામના ગ્રંથમાં નિરોધની પ્રથમ મધ્યમ અને ઉત્તમ દશા, તેના સાધન અને ફલનું નિરૂપણ કરેલું છે. નિરોધ એટલે પ્રપંચને ભૂલી જઈને ભગવાનમાં આસકિત થાય તે.

યચ્ચ દુઃખં યશોદાયા, નન્દાદીનાં ચ ગોકુલે ॥
ગોપિકાનાં તુ યદ્દ દુઃખં, તદ્દ દુઃખં સ્યાન્ મમ કવચિત્૧

શબ્દાર્થ-શ્રીગોકુલમાં શ્રીયશોદાજીને અને શ્રીનંદરાયજી વગેરેને અને તેમના સંબધવાળાં બીજાઓને (પરમ ફલ આપવાવાળા શ્રીપ્રભુએ) જે દુઃખ આપ્યું છે, પુનઃ (તેથી પણ ઉત્કૃષ્ટ) શ્રીગોપીજનોને જે દુઃખ થયું તે દુઃખ મને કયારેક થાઓ. (૧)

ગોકુલે ગોપિકાનાં તુ, સર્વેષાં વ્રજવાસિનામ્ ॥
યત્ સુખં સમભૂત્ તન્મે, ભગવાન્ કિં વિધાસ્યતિ ॥૨॥

શબ્દાર્થ-શ્રીગોકુલમાં શ્રીગોપીજનોને વળી સર્વ વ્રજમાં રહેનારાઓને, જે સુખ સારી રીતે થયું તે સુખ મારા ભગવાન શું મને આપશે? (૨)

ઉદ્ધવાગમને જાત, ઉત્સવઃ સુમહાન્ યથા ॥
વૃન્દાવને ગોકુલે વા, તથા મે મનસિ કવચિત્ ॥૩॥

શબ્દાર્થ-શ્રીવૃંદાવનમાં અથવા શ્રીગોકુલમાં ઉદ્ધવજી પધાર્યા ત્યારે જેવો અત્યંત મોટો ઉત્સવ થયો તેવો મારા મનમાં કોઈકવાર થાઓ. (૩)

મહતાં કૃપયા યાવદ્ ભગવાન્ દયયિષ્યતિ ॥
તાવદાનન્દસન્દોહઃ, કીર્ત્યમાનઃ સુખાય હિ ॥૪॥

શબ્દાર્થ-મોટાઓની કૃપાથી જ્યાંસુધી ભગવાન દયા કરશે, ફલદાન કરશે, ત્યાંસુધી કીર્તન કરવા યોગ્ય આનંદરૂપ પ્રભુ નિશ્ચય સુખરૂપ થાય છે. (૪)

મહતાં કૃપયા યદ્વત્, કીર્તનં સુખદં સદા ।।
ન તથા લૌકિકાનાં તુ, સ્નિગ્ધભોજનરૂક્ષવત્ ।।૫।।

શબ્દાર્થ-જેવી રીતે મોટાંઓની કૃપાથી તેમણે કરેલું લીલા-વિષયક ભગદ્ગુણોનું કીર્તન નિરંતર સુખ આપે છે. તેમ લૌકિક પુરૂષોએ કરેલું લૌકિક વિષયનું કીર્તન સુખ આપતું નથી. જેમ ઘીવાળું ભોજન બધી ઇંદ્રિયોનું પોષણ કરે છે તેમ લુખા ભોજનથી થતું નથી, અર્થાત્ સુખ આપતું નથી. (૫)

ગુણગાને સુખાવાપ્તિર્ગોવિન્દસ્ય પ્રજાયતે ।।
યથા તથા શુકાદીનાં નૈવાત્મનિ કુતોઽન્યતઃ ।।૬।।

શબ્દાર્થ-ગોવિંદના ગુણગાનમા જે સુખની પ્રાપ્તિ છે તે નિર્ગુણમાં નિષ્ઠાવાળા શ્રીશુકદેવજી વગેરેના હૃદયમાં પણ થતી નથી. તો બીજી કોઇરીતે તો ક્યાંથી જ થાય? અથવા શુકાદિને ગોવિંદના ગુણગાનમાં જેવું સુખ થયું તેવું સુખ તેમને નિર્ગુણના ધ્યાનમાં પોતાના આત્માને વિષે થયેલું નથી, તો બીજાને પણ ક્યાંથી થાય? (૬)

કિલશ્યમાનાંજનાન્ દૃષ્ટ્વા, કૃપાયુક્તો યદા ભવેત્ ।।
તદા સર્વં સદાનન્દં, હૃદિસ્થં નિર્ગતં બહિઃ ।।૭।।

શબ્દાર્થ-પોતાની પ્રાપ્તિને માટે ક્લેશ પામતા ભક્તોને જોઇને જ્યારે પ્રભુ કૃપા કરે ત્યારે હૃદયમાં રહેલા સર્વાંશ સંપૂર્ણ પરબ્રહ્મ શ્રીકૃષ્ણ પરમાત્મા બહાર પ્રકટ થાય છે. (૭)

સર્વાનન્દમયસ્યાપિ, કૃપાનન્દઃ સુદુર્લભઃ ।।
હૃદ્ગતઃ સ્વગુણાન્, શ્રુત્વા પૂર્ણઃ પ્લાવયતે જનાન્।।૮।।

શબ્દાર્થ-સંપૂર્ણ આનંદમય પ્રભુનો પણ કૃપારૂપી આનંદ અત્યંત દુર્લભ છે. હૃદયમાં રહેલા પ્રભુ પોતાના ગુણો ગવાતા સાંભળીને કૃપાથી પૂર્ણ થઈને ભક્તજનોને રસથી પૂર્ણ કરે છે.(૮)

તસ્માત્ સર્વં પરિત્યજ્ય, નિરુદ્ધૈઃ સર્વદા ગુણાઃ ।।
સદાનન્દપરૈર્ગેયાઃ, સચ્ચિદાનન્દતા તતઃ ।। ૯ ।।

શબ્દાર્થ-ભાવના કરતાં ગુણગાનથી ભગવાન વધારે પ્રસન્ન થાય છે તેથી સર્વનો (પ્રપંચમાં મમતાબુદ્ધિનો) ત્યાગ કરીને પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિવાળા થઇને, હૃદયમાં રહેલી સૃષ્ટિમાં એકતાન થઈને સદા પ્રભુના ગુણોનું ગાન કર્યાં કરવું. એથી એને મેળે જ બીજા કોઇ સાધન વિના સત્, ચિત્ અને આનંદપણું પ્રાપ્ત થાય છે. (૯)

અહં નિરુદ્ધો રોધેન, નિરોધપદવીં ગતઃ ।।
નિરૂદ્ધાનાં તુ રોધાય, નિરોધં વર્ણયામિ તે ।।૧૦।।

શબ્દાર્થ-સંસારાવેશરહિત થઈને, ઇંદ્રિયનિગ્રહ કરીને હું ભગવદાસક્ત થયો છું. અને નિરોધના માર્ગને પ્રાપ્ત થયો છું. અને સંસારમાં નિરોધની ઇચ્છાવાળા ભક્તોના વિરોધને માટે-સંસારવેશરહિત કરવાને-તને નિરોધનું વર્ણન કરૂં છું. (૧૦)

હરિણા યે વિનિર્મુક્તા-સ્તે મગ્ના ભવસાગરે ।।
યે નિરૂદ્ધાસ્ત એવાત્ર, મોદમાયાન્ત્યહર્નિશમ્ ।।૧૧।।

શબ્દાર્થ-શ્રીહરિએ જેમનો-સંસારમાં રચ્યા પચ્યા રહેનારાઓનો-ત્યાગ કર્યો છે તેઓ ભવસાગરમાં ડુબી ગયા છે, અને જે ભગવાનમાં નિરોધ પામ્યાછે-સંસારની બાબતમાં ભૂલી ગયેલા અને ભગવદ્વિષયમાં મગ્ન રહેલા છે-તેઓ પ્રભુના ગુણગાનમાં રાત્રિ દિવસ આનન્દ પ્રાપ્ત કરે છે. (૧૧)

સંસારાવેશદુષ્ટાનાંઇન્દ્રિયાણાં હિતાય વૈ ॥
કૃષ્ણસ્ય સર્વવસ્તૂનિ, ભૂમ્નઃ ઇશસ્ય યોજ્યેત્ ॥૧૨॥

શબ્દાર્થ-સંસારના આવેશથી દુષ્ટ થયેલી ઇંદ્રિયોના હિતને માટે સર્વ ઇંદ્રિયોને નિયમમાં રાખનાર ઇશ્વર, સર્વત્ર વ્યાપક શ્રીપુરૂષોત્તમને વિષે સર્વ વસ્તુઓ નિશ્ચય જ જોડવી, ભગવાન સાથે સંબંધ કરવો. વિનિયોગ કરવો. (૧૨)

ગુણેષ્વાવિષ્ટચિત્તાનાં, સર્વદા મુરવૈરિણઃ ॥
સંસારવિરહક્લેશૌ, ન સ્યાતાં હરિવત્ સુખમ્ ॥૧૩॥

શબ્દાર્થ-મુરદૈત્યના વૈરી પ્રભુના ગુણોમાં-લીલાઓમાં નિરંતર જેમનું ચિત્ત આસકત છે એવા ભકતોને અહંતા-મમાતાત્મક સંસારના વિરહથી થતો કલેશ નહીં થાય, પણ પ્રભુની માફક સુખ થાય છે. (૧૩)

તદા ભવેદ્ દયાલુત્વા-મન્યથાક્રૂરતા મતા ॥
બાધશંકાપિ નાસ્ત્યત્ર, તદધ્યાસોપિ સિદ્ધયતિ ॥૧૪॥

શબ્દાર્થ-ઉપર કહ્યા પ્રમાણે થાય ત્યારે પ્રભુની કૃપા સમજવી તેમ ન થાય તો-પ્રભુના ગુણોનો આવેશ ન થાય તો-ભકિતના માર્ગમાંથી પડાય નહીં એટલું થાય. અહીં નિરોધમાંથી પડવાના કોઈ પ્રકારના બાધની શંકા કરવી નહીં, (અને પ્રભુસ્મરણ થાય તો પણ) ભગવાનમાં અધ્યાસ સિદ્ધ થાય છે. (૧૪)

ભગવદ્ધર્મસામર્થ્યાદ્, વિરાગો વિષયે સ્થિરઃ ॥
ગુણૈર્હરેઃસુખસ્પર્શાન્ન દુઃખં ભાતિ કર્હિચિત્ ॥૧૫॥

શબ્દાર્થ-ભગવાનના ધર્મોના સામર્થ્યથી વિષયોમાં વૈરાગ્ય સ્થિર થાય છે. પ્રભુના ગુણગાનથી, હરિસુખનો સ્પર્શ થવાથી

દુઃખ કોઈ પણ સમયે જણાતું નથી, દુઃખનું ભાન થતું નથી. (૧૫)

એવં જ્ઞાત્વા જ્ઞાનમાર્ગાદુત્કર્ષો ગુણવર્ણને ॥
અમત્સરૈર્લુબ્ધૈશ્ચ, વર્ણનીયાઃ સદા ગુણાઃ ॥ ૧૬ ॥

શબ્દાર્થ-એ પ્રમાણે પ્રભુના ગુણગાનમાં જ્ઞાનમાર્ગથી ઉત્તમતા જાણીને, ઇર્ષ્યાનો અને લાભનો ત્યાગ કરીને સર્વદા પ્રભુના ગુણગાન કરવા. (૧૬)

હરિમૂર્તિઃ સદા ધ્યેયા, સંકલ્પાદપિ તત્ર હિ ॥
દર્શનં સ્પર્શનં સ્પષ્ટં, તથા કૃતિગતી સદા ॥ ૧૭ ॥

શબ્દાર્થ-શ્રીભગવાનના સ્વરૂપનું નિરંતર ધ્યાન કરવું, કેમકે સ્વરૂપમાં ભગવદ્ભાવથી દર્શન, સ્પર્શ-ચક્ષુ અને ત્વચાનાં કાર્ય-સ્પષ્ટપણે થઇ શકે છે, તે પ્રમાણે હાથ પગનાં કાર્ય પણ ભગવદ્વિનિયોગમાં આવે છે (૧૭)

શ્રવણં કીર્તનં સ્પષ્ટં, પુત્રે કૃષ્ણપ્રિયે રતિઃ ॥
પાયોર્મલાંશત્યાગેન, શેષભાગં તનૌ નયેત્ ॥ ૧૮ ॥

શબ્દાર્થ-શ્રવણ કીર્તન પણ સ્પષ્ટપણે થઈ શકે છે. કૃષ્ણ જેને પ્રિય છે એવા પુત્રની કામનામાં પ્રીતિ કરવી. ગુદા ઇંદ્રિયનું કાર્ય જે મલાંશ ત્યાગ કરવો તો વડે તેને શરીરમાં ગૌણભાવ પ્રાપ્ત કરાવવો. (૧૮)

યસ્ય વા ભગવત્કાર્યં, યદા સ્પષ્ટં ન દશ્યતે ॥
તદા વિનિગ્રહસ્તસ્ય, કર્તવ્ય ઇતિ નિશ્ચયઃ ॥૧૯॥

શબ્દાર્થ-જે ઇંદ્રિયનો અથવા ઇંદ્રિયોનો ભગવદ્ વિનિયોગ સ્પષ્ટ ન જણાય ત્યારે તેનો અથવા તેમનો નિગ્રહ કરવો એમ નિશ્ચય છે. (૧૯)

નાતઃ પરતરો મન્ત્રો, નાતઃ પરતરઃ સ્તવઃ ॥
નાતઃ પરતરા વિદ્યા, તીર્થં નાતઃ પરાત્ પરમ્ ॥૨૦॥

શબ્દાર્થ-આ સાધનસમુદાયથી વધારે ઉત્તમ ન તો કોઇ મંત્ર કે સ્તોત્ર નથી આથી વધારે સારી કોઈ વિદ્યા નથી કે કોઇ તીર્થ પણ નથી (૨૦)

શ્રીમદ્વલ્લભાચાર્યજીએ પ્રકટ કરેલ નિરોધલક્ષણ
નામનો ગ્રંથ સંપૂર્ણ.

સેવાફલ

ગ્રંથપરિચય-ભક્તિમાર્ગમાં પુષ્ટિપુષ્ટિ, પુષ્ટિમર્યાદા, અને પુષ્ટિપ્રવાહ એવા ભેદે કરીને પ્રભુ જીવોના ત્રણ પ્રકારનો અંગીકાર કરે છે તેથા અધિકારીના ભેદથી ત્રણ પ્રકારની સેવા થાય છે. તેનાં ત્રણ પ્રકારના ફલ જણાવ્યા છે. પ્રતિબંધો પણ ત્રણ પ્રકારના છે અને તે નિવારણના ઉપાય નિરૂપણ કરેલા છે.

યાદશી સેવના પ્રોક્તા, તત્સિદ્ધૌ ફલમુચ્યતે ॥
અલૌકિકસ્ય દાને હિ, ચાદ્યઃ સિધ્યેન્ મનોરથઃ ॥૧॥
ફલં વા હ્યધિકારો વા ન કાલોત્ર નિયામકઃ ॥૧॥॥

શબ્દાર્થ-જે પ્રકારની સેવા ઉત્તમ રીતે કહેલી છે તેની સિદ્ધિ થવામાં ફલ કહેવાય છે. અલૌકિકના દાનથી પણ મુખ્ય-ફલરૂપ મનોરથો સિદ્ધ થાય છે. (અલૌકિકનું દાન કરે તો) ફલ મળવામાં અથવા અધિકાર મળવામાં કાલ અહિં નિમાયક માનેલો નથી. (કેવલ પ્રભુ જ તેના નિયામક છે.) (૧॥)

ઉદ્વેગઃ પ્રતિબન્ધો વા, ભોગો વા સ્યાત્તુ બાધકમ્ ॥૨॥

શબ્દાર્થ-પણ (સેવાના ફલમાં) ઉદ્વેગ પ્રતિબન્ધ અથવા ભોગ એ ત્રણ વિઘ્નકર્તા થાય છે. (૨)

અકર્તવ્યં ભગવતઃ, સર્વથા ચેદ્ ગતિર્ન હિ ॥
યથા વા તત્ત્વનિર્ધારો, વિવેકઃ સાધનં મતમ્ ॥૩॥

શબ્દાર્થ-ભગવાનને જો સર્વ પ્રકારથી ફલનું દાન કરવાનું ન હોય તો પછી કાંઇ ઉપાય જ નથી, ત્યારે તો જેવી રીતે જે પ્રકારથી શુદ્ધાદ્વૈતજ્ઞાનરૂપી તત્વનો નિશ્ચય કરવો અથવા વિવેક રાખવો એ જ સાધન માનેલું છે. (૩)

બાધકાનાં પરિત્યાગો, ભોગેપ્યેકં તથાપરમ્ ॥
નિષ્પ્રયૂહં મહાન્ ભોગઃ, પ્રથમે વિશતે સદા ॥૪॥

શબ્દાર્થ- સેવામાં વિઘ્ન કરનારાં સર્વ કારણોનો પરિત્યાગ કરવો યોગ્ય છે, તેવી રીતે લૌકિક અને અલૌકિક ભોગમાં પણ લૌકિક ભોગનો તથા બીજો લૌકિક પ્રતિબન્ધ છે તેનો પણ ત્યાગ કરવો. વિઘ્ન વિના તો જે મહા અલૌકિક ભોગ છે તે સેવામાં અંતરાયરૂપ નથી તેનો તો સેવાના પ્રથમ ફળમાં નિરન્તર સમાવેશ થાય છે. (૪)

સવિઘ્નોઽલ્પો ઘાતકઃ સ્યાદ્, બલાદેતૌ સદા મતૌ ॥૪॥

શબ્દાર્થ-લૌકિક ભોગ વિઘ્નવાળો અને અલ્પ છે. લોકકૃત પ્રતિબન્ધ થાય છે. તેથી તે બન્નેને સદા બલપૂર્વક ઘાતક માનેલા છે. (૪॥)

દ્વિતીયે સર્વથા ચિન્તા, ત્યાજ્યા સંસારનિશ્ચયાત્ ॥૫॥

શબ્દાર્થ-બીજામાં. ભગવત્કૃત પ્રતિબન્ધમાં, ચિન્તા સર્વ પ્રકારે ત્યજી દેવી, કારણ કે તેથી સંસારફલ થવાનું છે તે નિશ્ચય છે. (૫)

નન્વાદ્યે દાતૃતા નાસ્તિ, તૃતીયે બાધકં ગૃહમ્ ૫ાા

શબ્દાર્થ-ખરેખર પ્રથમ પ્રતિબંધ ઉદ્વેગમાં ભગવાનને ફલ દેવાની ઇચ્છા નથી. ત્રીજા પ્રતિબન્ધ-લૌકિક ભોગમાં ઘર બાધકરૂપ છે (૫ાા)

અવશ્યેયં સદા ભાવ્યા, સર્વમન્યન્ મનોભ્રમઃ ાા૬ાા

શબ્દાર્થ-આ ફલત્રયી અને પ્રતિબન્ધત્રયી જે પોતાને વશ નથી તેની ભાવના કરવી. બીજું સર્વ મનનો ભ્રમ છે. (૬)

તદીયૈરપિ તત્ કાર્યં, પુષ્ટૌ નૈવ વિલમ્બયેત્ ૬ાા

શબ્દાર્થ-તદીય જનોએ પણ તે કાર્ય કરવું પુષ્ટિમાર્ગમાં (ભગવાન) કદી વિલમ્બ કરતા નથી. (૬ાા)

ગુણક્ષોભેઽપિ દ્રષ્ટવ્ય-મેતદેવેતિ મે મતિઃ ાા ૭ ાા

શબ્દાર્થ-ગુણને લીધે ક્ષોભ થતાં પણ એ જ (ભગવત્કૃત-પ્રતિબન્ધ) વિચારવા યોગ્ય છે. એ પ્રમાણે શ્રીમદ્વલ્લભાચાર્યજીની એવી મતિ છે (૭)

કુસૃષ્ટિરત્ર વા કાચિ-દુત્પદ્યેત સ વૈ ભ્રમઃ ાા૭ાાાા

શબ્દાર્થ-આ વિષયમાં, વિકલ્પે વિરૂદ્ધ યુકિતની સૃષ્ટિ ઉત્પન્ન થાય તે નિશ્ચય ભ્રમ છે (૭ાા)

શ્રીમદ્વલ્લભાચાર્યવિરચિત સેવાફલ ગ્રન્થ સંપૂર્ણ.

* * *

ાા શ્રીકૃષ્ણાય નમઃ ાા

પ્રકીર્ણ ઉપદેશ

પંચશ્લોકી

ગૃહં સર્વાત્મના ત્યાજ્યં, તચ્ચેત્ત્યક્તું ન શકયતે ાા
કૃષ્ણાર્થં તત્પ્રયુંજીત, કૃષ્ણોઽનર્થસ્ય મોચકઃ ાા ૧ ાા

શબ્દાર્થ-સર્વાત્મભાવ વડે ગૃહનો ત્યાગ કરવો, તેમ ત્યાગ કરવાનું ન બની શકે તો તે ગૃહનો શ્રીકૃષ્ણ પ્રભુ માટે વિનિયોગ કરવો, કેમકે શ્રીકૃષ્ણભગવાન અનર્થના છોડાવનારા છે. (૧)

સંગઃ સર્વાત્મના ત્યાજ્યઃ, સ ચેત્ત્યક્તું ન શકયતે ાા
સ સદ્ભિઃ સહ કર્તવ્યઃ, સન્તઃ સંગસ્ય ભેષજમ્ ાા૨ાા

શબ્દાર્થ-સંગતિનો સર્વાત્મભાવ વડે ત્યાગ કરવો. તે જો ત્યાગ કરવાનું ન બને તો તે સારાંઓ સાથે કરવો, કેમકે સત્ પુરુષો સંગનું ઓસડ છે. (૨)

અનુકૂલે કલત્રાદૌ, વિષ્ણોઃ કાર્યાણિ કારયેત્ ાા
ઉદાસીને સ્વયં કુર્યાત્, પ્રતિકૂલે ગૃહં ત્યજેત્ ાા૩ાા

શબ્દાર્થ-સ્ત્રીપુત્રાદિ પ્રભુસેવામાં સહાયરૂપ હોય તો સેવાના કામો તેમની પાસે કરાવવાં, જો તેઓ ઉદાસીન હોય તો પોતે સેવાનાં કાર્યો કરવા, તેઓ સેવામાં પ્રતિબંધકરૂપ હોય તો ઘરનો ત્યાગ કરવો. (૩)

તત્ત્યાગે દૂષણં નાસ્તિ, યતઃ કૃષ્ણબહિર્મુખાઃ ાા
અનુકૂલસ્ય સંકલ્પઃ, પ્રતિકૂલવિસર્જનમ્ ાા ૪ ાા

શબ્દાર્થ-તેનો ત્યાગ કરવામાં દોષ નથી, કેમકે તેઓ શ્રીકૃષ્ણથી બહિર્મુખ છે. જો તેઓ પ્રભુસેવાના કાર્યમા અનુકૂલ હોય, સારી રીતે સાથ આપતાં હોય, તો તેમને સાથે રાખી સેવાકાર્ય કરવાં. જો તેઓ પ્રભુસેવાની વિરૂદ્ધ હોય તો તેમનો ત્યાગ કરવો. (૪)

કરિષ્યતીતિવિશ્વાસો, ભર્તૃત્વે વરણં યથા ॥
આત્મનૈવેદ્યકાર્પણ્યે, ષડ્વિધા શરણાગતિઃ ॥ ૫ ॥

શબ્દાર્થ-જેમ સ્વામીને યોગ્ય લાગે તેમ કરશે એવો દૃઢ વિશ્વાસ રાખવો, આત્મનિવેદન અને દીનતા એ પ્રમાણેની છ પ્રકારથી શરણાગતિ છે. (૫)

શ્રીમદ્વલ્લભાચાર્યજીએ પ્રકટ કરેલ પંચશ્લોકી
નામનો ગ્રંથ સંપૂર્ણ

* * *

શ્રીસર્વોત્તમ સ્તોત્ર

ગ્રન્થપરિચય—પરબ્રહ્મ શ્રીકૃષ્ણચંદ્ર દૈવી જીવોના ઉદ્ધાર સારૂ પોતાના માહાત્મ્યને વાણીવડે પ્રકટ કરવાની ઇચ્છા કરી, અને પોતાના મુખારવિંદરૂપ શ્રીમદાચાર્યચરણોનો પ્રાદુર્ભાવ કર્યો. ભગવદાજ્ઞા પ્રમાણે શ્રીઆચાર્યજીએ ભૂતલ પર પધારી શુદ્ધાદ્વૈતમાર્ગ પ્રકટ કરી માર્ગના સિદ્ધાંતરૂપ શ્રીસુબોધિનીજી આદિ અનેક ગ્રન્થો કર્યા છે આ ગ્રંથો નિજજનને શ્રીઆચાર્યજીના અનુગ્રહથી જ યથાર્થ રીતે સમજી શકાય તેવા છે એમ શ્રીમદ્અગ્નિકુમાર-શ્રી વિઠ્ઠલેશ્વરજીને જણાયું ત્યારે તેઓશ્રીએ શ્રીવલ્લભપ્રભુના અનુગ્રહની પ્રાપ્તિ સારૂ શ્રીમદ્વલ્લભાધીશના

મંત્રરૂપ અલૌકિક નામો જે નિત્ય છે તેવાં ૧૦૮ નામો સર્વોત્તમ સ્તોત્રમાં યોજેલાં છે. આ સ્તોત્રનો પાઠ કરવાથી શ્રી આચાર્યજીની વાણી સુબોધ થઇ જાય છે, ભકિતમાં આવતા પ્રતિબંધો નિવૃત્ત થાય છે, અને ફલરૂપ શ્રીકૃષ્ણાધરામૃતના આસ્વાદની પ્રાપ્તિ થાય છે એમ શ્રીગુસાંઇજી આ ગ્રંથમાં નિરૂપણ કરે છે.

દીનતા અને નિઃસાધનતા સાથે આ નામો જપવાં ધ્યાન પણ આ નામોમાં જ રાખવું. પુષ્ટિ જીવને આજ મુખ્ય કર્તવ્ય છે એમ સમજી ભાવનાપૂર્વક નિત્ય નિરંતર નામસ્મરણ કરવું. પ્રથમ શ્રીમહાપ્રભુજીનું મહાત્મ્ય હૃદયમાં સ્થિર કરવું, પછી જપ કરવાથી જપનું ઉત્તમ ફલ મળે છે, જો કે ભાવ સમજ્યા વિના અસ્થિર ચિત્તે નામસ્મરણ કરવાથી જીવના દોષો નાશ પામે છે તે જેમ ભટકતા ચિત્તથી ભોજન કરવામાં આવે અને તેનાથી પેટ ભરાય પણ ભોજનનો આસ્વાદ આવતો નથી તેના જેવું છે. માટે શ્રીકૃષ્ણરસની ઇચ્છાવાળાએ સ્થિર ચિત્તે ભાવપૂર્વક શ્રીસર્વોત્તમજીનો નિત્ય પાઠ કરવો.

પ્રાકૃતધર્માનાશ્રયમપ્રાકૃતનિખિલધર્મરૂપમિતિ ॥
નિગમપ્રતિપાદ્યં યત્તચ્છુદ્ધં સાકૃતિ સ્તૌમિ ॥ ૧ ॥

પ્રાકૃત—પ્રકૃતિના સત્વ રજસ્ અને તમસ્ વગેરે ધર્મોના સંબંધથી રહિત અને અપ્રાકૃત અલૌકિક આનન્દમય સર્વ ધર્મરૂપ, વેદમાં પ્રતિપાદ્ય એવા શુદ્ધ સાકાર પુરૂષોત્તમ સ્વરૂપની હું સ્તુતિ કરૂં છું.

આ શ્લોકમાં શ્લેષથી રસાત્મક પુરૂષોત્તમ તથા શ્રીમદાચાર્યજી એ બન્નેની સ્તુતિ, બન્નેનું અભિન્નત્વ સૂચવવાને શ્રીમત્પ્રભુચરણ કરે છે ૧.

હવે આવું રસાત્મક સાકાર પુરૂષોત્તમસ્વરૂપ અન્ય શાસ્ત્રવિદ્ પંડિતોને કેમ અજ્ઞાત રહ્યું તેનું કારણ આપશ્રી દર્શાવે છે.—

કલિકાલતમશ્છન્નદૃષ્ટિત્વાદ્વિદુષામપિ ।
સંપ્રત્યવિષયસ્તસ્ય માહાત્મ્યં સમભૂદ્ભુવિ ॥ ૨ ॥

કાલિકાલના અન્ધકારને લઇને વિદ્વાનોની દૃષ્ટિ પણ ઢંકાઇ ગઈ અને ભૂતલમાં તેથી તે સાકાર રસાત્મક પુરૂષોત્તમનું માહાત્મ્ય આ સમયમાં જ્ઞાનગોચર-પ્રકટ ન થયું ૨

જ્યારે વિદ્વાનોની દૃષ્ટિ પણ એ પુરૂષોત્તમ સ્વરૂપને ન પહોંચી શકી તો આપે જ એ સ્વરૂપનુ મહાત્મ્ય કેમ જાણ્યું તે જણાવવાને કહે છે:—

દયયા નિજમાહાત્મ્યકરિષ્યન્ પ્રકટં હરિઃ ।
વાણ્યા યદા તદા સ્વાસ્યં પ્રાદુર્ભૂતં ચકાર હિ॥૩॥

દયાથી-(નિજજનોના તાપ દૂર કરવાની ઇચ્છાથી) નિજ-પોતાનું માહાત્મ્ય પુષ્ટિમાર્ગીય લીલારસરૂપ ભાવાત્મક-સર્વાજ્ઞાત-એવું માહાત્મ્મ વાણીદ્વારા પ્રકટ કરવાની ઇચ્છા હરિને જ્યારે થઈ ત્યારે સ્વઆસ્ય-પોતાના મુખકમલને આપે ભૂયલ ઉપર પ્રકટ કર્યું. જેમ શ્રીપુરૂષોત્તમ આનન્દમય છે તેમ તદાસ્ય મુખ પણ આનન્દરૂપ છે. આ શ્લોકમા હિને સ્થલે કવચિત હ પણ પાઠ છે. ૩.

પ્રભુએ નિજ અલૌકિક માહાત્મ્ય દૈવી જીવોને જણાવવાને નિજ મુખારવિન્દ રૂપ આચાર્યજીને પ્રકટ કર્યા, પરંતુ તેથી

આચાર્યજીના ૧૦૮ નામ નિરૂપણનું પ્રયોજન સ્પષ્ટ થતું નથી તે જણાવવાને આપ એ નામ પ્રાકટયનું પ્રયોજન જણાવે છે:—

તદુક્તમપિ દુર્બોધં સુબોધં સ્યાદ્યથા તથા ।
તન્નામાષ્ટોત્તરશતં પ્રવક્ષ્યામ્યખિલાઘહૃત્ ॥ ૪ ॥

તદુક્ત—શ્રીપુરૂષોત્તમના મુખારવિન્દરૂપ આચાર્યશ્રીના વચનો બહુ ગભીંર અર્થવાલા હોવાથી આધુનિકોને એનો બોધ થતો નથી; તેથી તે વચનો સુખેથી સમજાય તે હેતુથી આ પાપાદિ પ્રતિબંધને દૂર કરનારા ૧૦૮ નામ તેઓશ્રીના કહું છું. જો કે લોકોમા અઘશબ્દનો અર્થ થાય એમ થાય છે તો પણ તેવાં પાપની સંભાવના પણ શ્રીમદાચાર્યજીના શુદ્ધ પુષ્ટિમાર્ગમાં વિચરનારાઓમાં બહુ દૂર છે તેથી અહિ અઘશબ્દનો અર્થ શ્રીસુબોધિની આદિ આચાર્યશ્રીએ પ્રકટ કરેલા ગ્રન્થોમાં વિષમ સ્થલોમાં જ્યાં અર્થ સમજ ન પડે તેના કારણરૂપ પ્રતિબંધ એમ કરવો. અને આ ૧૦૮ નામના પાઠથી તે તે પ્રતિબંધ દૂર થતાં આચાર્યશ્રીના ગ્રન્થોનું હાર્દ યથાસ્થિત સુગમ થાય અર્થાત્ આચાર્યશ્રોના ગ્રન્થોના અભ્યાસીઓએ આ શ્રીસર્વોત્તમસ્તોત્રનું નિરંતર અનુસંધાન કરવું એમ શ્રીગોકુલેશ પ્રભુનું મર્મ છે.

આ પ્રકારે સ્તોત્રનું પ્રયોજન દર્શાવી આ સ્તોત્રના ઋષિ, છન્દ, દેવતા બીજ વગેરે નિરૂપણ કરે છે.

ઋષિરગ્નિકુમારસ્તુ નામ્નાં છન્દો જગત્યસૌ ।
શ્રીકૃષ્ણાસ્યં દેવતા ચ બીજં કારુણિકઃ પ્રભુઃ ॥૫॥

આ સ્તોત્રના દ્રષ્ટ ઋષિ અગ્નિકુમાર—શ્રીમદ વિઠ્ઠલેશ્વર—છે. છન્દ જગતમાં પ્રસિદ્ધ એવો અનુષ્ટુપ્ છે દેવતા શ્રીકૃષ્ણાસ્ય

—ભગવન્મુખ—શ્રીમદાચાર્યજી છે. કરૂણામય પ્રભુ એ સ્તોત્રનું બીજ છે. વેદવત્ આ સ્તોત્રના ઋષિ વગેરે નિરુપણ કરવાથી વેદના મંત્રોની માફક આ ૧૦૮ શ્રીમદ.ચાર્યજીના નામો પણ નિત્યસિદ્ધ છે. તેનું દર્શન શ્રીગુસાંઇજીએ પ્રથમ કર્યું તેથી એ આ સ્તોત્રના ઋષિ-દ્રષ્ટા-થયા. આ સ્તોત્રના દ્રષ્ટા અગ્નિકુમાર છે એમ કહીને શ્રીમત્પ્રભુચરણ અગ્નિકુમાર-ઋષિરૂપ-કુમારિકા-ગોપીજનોનું સામ્ય સૂચવે છે. કુમારિકાઓને જેમ અલૌકિક સર્વાજ્ઞાત મંત્રનું દર્શન થયું અને તે મંત્ર બલથી ફલપ્રાપ્તિ થઇ તેવી રીતે અહિ પણ આ અલૌકિક સ્તોત્ર પાઠથી અલૌકિક ફલસિદ્ધિ થશે એમ સૂચવાય છે.

શ્રીરઘુનાથજી નામ્નાં છન્દોનુષ્ટુબિહોચ્યતે એમ પાઠ લે છે. અર્થ તો એક છે. ૫

આ સ્તોત્રપાઠનો વિનિયોગ દર્શાવે છેઃ—

વિનિયોગો ભકિતયોગપ્રતિબંધવિનાશને ।
કૃષ્ણાધરામૃતાસ્વાદસિદ્ધિરત્ર ન સંશયઃ ॥ ૬ ॥

ભકિતયોગમાં કોઈ પણ દૃષ્ટ વા અદૃષ્ટરૂપ પ્રતિબંધ આવી પડે તેનો મૂલોચ્છેદ કરવો એ આ સ્તોત્રપાઠનું પ્રયોજન છે. આ સ્તોત્રનાં પાઠનું ફલ શ્રીકૃષ્ણનાં અધરામૃતના આસ્વાદની નિઃસંશય સિદ્ધિ છે. યથાધિકાર આ સ્તોત્રના પાઠ કરનારને તદનુરૂપ અલૌકિક રસાત્મક ફલની પ્રાપ્તિ થાય છે.

આ પ્રકારે સ્તોત્રનું આવશ્યક નિરૂપણ કરી નામોનો આરંભ કરે છેઃ—

[૧]આનંદઃ [૨]પરમાનંદઃ [૩]શ્રીકૃષ્ણાસ્યં [૪]કૃપાનિધિઃ ।
[૫]દૈવોદ્ધારપ્રયત્નાત્મા [૬]સ્મૃતિમાત્રાર્તિનાશનઃ ॥ ૭ ॥

આ શ્લોકમાં શ્રીમદાચાર્યજીના ૭ નામનું નિરૂપણ છે. ૧ આનંદ, ૨ પરમાનંદ, ૩ શ્રીકૃષ્ણાસ્ય ૪ કૃપાનિધિ, ૫ દૈવોદ્ધારપ્રયત્નાત્મા, અને ૬ સ્મૃતિમાત્રાર્તિનાશન.

આનંદ, આ નામ પરમ મંગલ છે. સ્વરૂપ આનંદસ્વરૂપ હોવાથી આચાર્યશ્રીનું પ્રથમ નામ આનંદ થયું. બીજું નામ પરમાનંદ છે. એ નામ આચાર્યનું અગણિતાનંદત્વ સૂચવે છે. તૃતીય નામ શ્રીકૃષ્ણાસ્ય છે. એ નામથી આચાર્યશ્રી સાક્ષાત્ રસાત્મક શ્રીકૃષ્ણના મુખારવિન્દરૂપ છે એમ જણાવ્યું છે. ચતુર્થ નામ આચાર્યશ્રી કૃપાના સમુદ્રરૂપ છે એમ જણાવે છે. પાંચમાં નામથી આચાર્યશ્રીને પ્રાકટ્ય દૈવી જીવોનો ઉદ્ધાર માટે છે એમ કહ્યું છે. કેવલ સ્મરણ કરવાથી આચાર્યશ્રી નિજ ભકતોની આર્તિ—ત્રિવિધતાપ—દુઃખનો નાશ કરે છે એમ જણાવ્યું છે. ૭.

[૭]શ્રીભાગવતગૂઢાર્થપ્રકાશનપરાયણઃ ।
[૮]સાકરબ્રહ્મવાદૈકસ્થાપકો [૯]વેદપારગઃ ॥ ૮ ॥

આ શ્લોકમાં ત્રણ નામનો સમાવેશ છે. ૭ શ્રીભાગવગૂઢાર્થપ્રકાશનપર.યણ, ૮ સાકારબ્રહ્મવાદૈકસ્થાપક, ૯ વેદપારગ. સાતમું નામ શ્રીમદાચાર્યજીએ શ્રીસુબોધિનીજીના આરંભમાં દર્શાવેલા સ્વાવતારપ્રયોજનના આધારે છે. શ્રીમદાચાર્યજી શ્રીભાગવતના ગૂઢાર્થનો પ્રકાશ કરવામાં ઉદ્યુકત છે. નિરંતર શ્રીમદ્ભાગવતના ગૂઢ ર્થમાંજ વિચારાંનષ્ઠ છે. આઠમાં નામથી શ્રીમદાચાર્યજીએ શુદ્ધ સાકાર બ્રહ્મવાદનું જ સ્થાપન કર્યું છે એમ જણાવ્યું છે. નવમું નામ શ્રીમદાચાર્યજી વેદને પાર પહોંચેલા છે એમ જણાવે છે. વેદનું શું તાત્પર્ય છે તે કેવલ શ્રીમદાચાર્યજી જ જાણે છે. ૮.

માયાવાદનિરાકર્તા[૧૦] સર્વવાદિનિરાસકૃત્[૧૧] ।
ભક્તિમાર્ગાબ્જમાર્તણ્ડઃ[૧૨] સ્ત્રીશુદ્રાદ્યુદ્ધૃતિક્ષમઃ[૧૩] ॥૯॥

આ શ્લોકમાં અન્ય ચાર નામનું નિરૂપણ છે. વેદનું તાત્પર્ય શ્રીમદાચાર્યજી જ જાણે છે એમ ઉપરના નામમાં કહ્યું વેદનું તાત્પર્ય માયાવાદમાં નથી જ અને તેથી આચાર્યશ્રીએ તેનું શ્રીમદણુભાષ્યાદિ ગ્રન્થોદ્વારા નિરાકરણ કર્યું છે એમ દશમાં માયાવાદનિરાકર્તા એ નામથી પ્રતિપાદન કર્યું છે. સર્વથી બલવાન્ મલ્લને હરાવ્યો એટલે બધા મલ્લો હાર્યા તેમ માયાવાદનો નિરાસ કર્યો તો પછી સાખ્યાદિ અન્ય વાદોનો નિરાસ આચાર્યશ્રી કરે એમાં તે શું આશ્ચર્ય. આ તાત્પર્ય જણાવવાને અગિયારમું સર્વવાદિનિરાસકૃત્ એ નામ ધર્યું છે. માયાવાદાદિ સર્વ વેદવિરૂદ્ધ વાદોનો નિરાસ કરી શ્રીમદાચાર્યજીએ ભક્તિ માર્ગને ખિલવ્યો છે તે જણાવવાને આચાર્યશ્રીને ભક્તિમાર્ગરૂપ કમલના સૂર્ય બારમાં નામમાં કહ્યા છે. ભક્તિમાર્ગને આચાર્યશ્રીએ ખિલવ્યો એમ જણાવીને અને ભક્તિમાર્ગમાં જીવમાત્ર અધિકારી હોવાથી વેદવત્ સ્ત્રીશૂદ્રના ઉદ્ધારના દ્વાર ત્યાં બંધ નથી, પરંતુ ભક્તિમાર્ગમાં તો સ્ત્રીશૂદ્રને પણ બ્રહ્મણાદિવત્ સમાન અધિકારી છે એમ જણાવીને તેવાં સ્ત્રીશૂદ્રોનો ઉદ્ધાર કરવાને પણ આચાર્યશ્રી શક્તિમાન છે એમ તેરમાં નામમાં જણાવ્યું છે.

અંગિકૃત્યૈવ ગોપીશવલ્લભીકૃતમાનવઃ[૧૪] ।
અંગિકૃતૌ સમર્યાદો[૧૫] મહાકારુણિકો[૧૬] વિભુઃ[૧૭] ॥૧૦॥

આ શ્લોકમાં અધિક ચાર નામ છે. ૧૪ અંગિકૃત્યૈવ ગોપીશવલ્લભીકૃતમાનવઃ, ૧૫ અંગિકૃતૌ સમર્યાદઃ, ૧૬ મહાકારૂણિકઃ, ૧૭ વિભુઃ, ચોદમાં નામનાં એમ જણાવ્યું છે કે

માનવદૈવી જીવ ગોપીશ ભગ-
આચાર્યશ્રીના અંગીકારમાત્રથી જ
વાનને પ્રિય થાય છે. ભગવત્પ્રિયત્વનું કારણ શ્રીમદાચાર્યકૃત
અંગિકાર જ છે, અન્ય સાધનાદિ નહિ. પંદરમાં નામમાં એમ
જણાવ્યું છે કે આચાર્યશ્રી દૈવીજીવનો અંગીકાર કરતી સમયે
સ્વમાર્ગીય મર્યાદાને અનુસરે છે. મુક્તિથી એવો અધિક એવો
સાક્ષાત્ ભગવત્સંબધ પ્રાપ્ત કરીને હું કૃતાર્થ થાઉં છું એવી
બુદ્ધિથી સાક્ષાત્ ફલરૂપ ભક્તિમાર્ગના પ્રવર્તક તરીકે આચાર્ય-
શ્રીનું સ્વરૂપ જાણીને તદીયત્વથી પોતાના મનોરથની સિદ્ધિ છે
એમ જાણી, મને આપનો કરો એમ પ્રાર્થનાથી જે આચાર્યશ્રીને
શરણે આવે છે તેને કૃપાથી સ્વમાર્ગની મર્યાદાના પ્રકારથી સ્વ-
સમીપ લઈ જઈ ને સ્વમાર્ગીય ઉપદેશના પ્રકારથી ઉપદેશીને
ભગવાનને નિવેદન કરીને પછી સ્વીય તરીકે અંગીકાર તેનો કરે
છે, આ જ માર્ગમાં અંગીકારની મર્યાદા છે એ જણાવવાને આ
નામ ધાર્યું છે. હીન જીવનો ઉત્તમ પ્રભુ સાથે આ પ્રકારે સબંધ
કરી આપવામાં કારણ આચાર્યશ્રીની જીવો ઉપર મહતી કરૂણા
જ છે એ જણાવવાને મહાકારૂણિક એ નામ ધર્યું છે. આચા-
ર્યશ્રી સર્વકરણસમર્થ છે તે દર્શાવવાને વિભુ એ નામ ધર્યું છે.

અદેયદાનદક્ષશ્ચ[૧૮] મહોદારચરિત્રવાન્[૧૯] ।
પ્રાકૃતાનુકૃતિવ્યાજમોહિતાસુરમાનુષઃ[૨૦] ॥૧૧॥

આ શ્લોકમાં ત્રણ નામ ધર્યાં છે. ૧૮ અદેયદાનદક્ષઃ, ૧૯ મહોદારચરિત્રવાન્, ૨૦ પ્રાકૃતિનુકૃતિવ્યાજમોહિતાસુરમાનુષઃ પ્રથમનામથી આચાર્યશ્રીસામાન્ય રીતે નહિ દાન થઈ શકે તેવી વસ્તુનું દાન કરવા કુશલ છે એમ જણાવ્યું છે. બ્રહ્માદિને દુર્લભ એવું સ્વસર્વસ્વ ભક્ત લોકોને દાન કરે છે. ગમે તેવા જીવને નિજકૃપાના બલથી ઉત્તમોત્તમ ફલનું દાન કરવામાં આચાર્યજીનું

મહાઉદાર અલૌકિક ચરિત્ર જ પ્રકટ થાય છે તે જણાવવાને દ્વિતીય નામ ધર્યું છે. નિજભકતોને આચાર્યશ્રીનું આ પ્રકારે અૌકિકત્વ સ્ફૂરે છે, પરંતુ આસુર મનુષ્યને તો આચાર્યશ્રી પ્રાકૃત લોકોનું અનુકરણ કરી તે બહાનાથી મોહને પમાડે છે પ્રાકૃત મનુષ્યો આચાર્યશ્રીમાં કાયક્લેશાદિનું સહન જોઇને મુગ્ધ બને છે. તે જણાવવાને આ તૃતીયનામ ધર્યું છે

[21]વૈશ્વાનરો [22]વલ્લભાખ્યઃ [23]સદ્રૂપો [24]હિતકૃત્સતામ્ ।
[25]જનશિક્ષાકૃતે [26]કૃષ્ણભકિતકૃન્નિખિલેષ્ટદઃ ॥૧૨॥

આ શ્લોકમાં છ નામ ધર્યાં છે. આપશ્રી વૈશ્વાનર છે, આપશ્રીનું અન્ય નામ શ્રીવલ્લભ છે. આપશ્રી સદ્રૂપ છે, સચ્ચિદાનંદરુપ સુંદર રૂપ છે. સત્પુરૂષોના ભકતોના હિત કરવાવાળા છે, નિજ સેવકોના શિક્ષણ માટે સદાનંદ કૃષ્ણની ભકિતના કર્તા છે, કૃષ્ણસેવાના પ્રવર્તક છે. નિજજનોને ભગવત્સ્વરૂપ સંબંધી સ્વમાર્ગીય સર્વનું દાન કરનાર પણ શ્રીમદાચાર્યજી જ છે.

[27]સર્વલક્ષણસંપન્નઃ [28]શ્રીકૃષ્ણજ્ઞાનદો [29]ગુરૂઃ ।
[30]સ્વાનંદતુન્દિલઃ [31]પદ્મદલાયતવિલોચનઃ ॥૧૩॥

આ શ્લોકમાં પાંચ નામ ધર્યાં છે. આપશ્રી સર્વ શુભ લક્ષણોથી યુકત છે. શ્રીકૃષ્ણના જ્ઞાનના દાન કરવાવાલા પણ આપ છે. શ્રીકૃષ્ણપદથી રસાત્મક ભકતનું સાહિત્ય કહેલું છે. તેથી ભકિતમાર્ગીય ફલાત્મક જ્ઞાનનું દાન કરવાવાલા પણ આચાર્યશ્રી છે. શુદ્ધ પુષ્ટિમાર્ગના રસાત્મક પ્રેમમાર્ગના ગુરૂ આચાર્યજી જ છે. શુદ્ધ પુષ્ટિમાર્ગના ઉપદેષ્ટા અને શુદ્ધ પુષ્ટમાર્ગના ફલદાતા આચાર્યજીવિના અન્ય કોઇ નથી, સ્વાનન્દથી જ આચાર્યશ્રી તુન્દિલ છે, પુષ્ટ છે; ભગવદાનન્દથી પુષ્ટ છે, વિષયસુખથી નહિ. કમલપત્રની માફક વિશાલ લોચન આચાર્યશ્રીના છે. કમલપત્રના જેવા નેત્ર કહેવાથી સહજ નેત્રની રાગયુકતતા સૂચવી છે.

[32]કૃપાદૃગ્વૃષ્ટિસંહૃષ્ટદાસદાસીપ્રિયઃ [33]પતિઃ ।
[34]રોષદૃક્પાતસંપ્લુષ્ટભકતદ્વિડ્ [35]ભકતસેવિતઃ ॥૧૪॥

આ શ્લોકમાં ચાર નામ છે. કૃપાયુકત દૃષ્ટિની વૃષ્ટિથી નિજ સેવકોને દાસ તથા દાસીઓને આપે આનન્દિત કરેલા છે. તેવા દાસદાસીઓને આપશ્રી પ્રિય છે. આપને કાલાદિનો ભય નથી તેથી પોતાને શરણે આવેલા જીવોને કાલાદિનું ભય નિવારણ કરે છે, તેમનું આપ રક્ષણ કરે છે. તેથી તેમના પતિરૂપ આપ છે. આપ રોષયુકત દૃષ્ટિના પાતથી ભકતના દ્વેષ કરનારાઓને દગ્ધ કરે છે. ભકતો આપશ્રીની સેવા કરે છે. ૧૪

[36]સુખસેવ્યો [37]દુરારાધ્યો [38]દુર્લભાંઘ્રિસરોરુહઃ ।
[39]ઉગ્રપ્રતાપો [40]વાક્સીધુપૂરિતાશેષસેવકઃ ॥ ૧૫ ॥

આ શ્લોકમાં પાંચ નામ છે. ભકતો આપશ્રીની સુખથી સેવા કરી શકે છે, ભકતના ભાવાનુરૂપ સેવા આપશ્રી અંગીકાર કરે છે. ભકતથી અન્યને આપશ્રી દુરારાધ્ય છે, ભતકથી અન્ય કદાચિત્ અતિકષ્ટથી સંતોષ આપશ્રીનો સંપાદન કરી શકે, પરન્તુ તેમની સેવા આપશ્રી અંગીકાર કરતા નથી. આપશ્રીનું ચરણકમલ દુર્લભ છે, ભકતોને જ્યારે આપશ્રીનું ચરણકમલ દુર્લભ છે તો અન્યની વાત જ શી. નિજ ચરણકમલ દુર્લભ છે, અર્થાત આચાર્યશ્રીમાં ભકિત થવી દુર્લભ છે, તત્કૃપાથી જ

ય છે. આપશ્રીનો પ્રતાપ ઉગ્ર છે; અભક્તો એ તાપ સહી
તા નથી. અભક્તોતે નિજ ઉગ્ર પ્રતાપથી તાપે છે, અને
જ સર્વ સેવકોને વચનામૃતથી પૂર્ણ કરી તેમના તાપ ટાળે
૧૫

ભાગવતપીયુષસમુદ્રમથનક્ષમઃ[૪૧] ।
સારભુતરાસસ્ત્રીભાવપૂરિતવિગ્રહઃ[૪૨] ।।૧૬।।

આ શ્લોકમાં બે નામ છે. આપશ્રી શ્રીભાગવતરૂપ અમૃત-
દ્રનું મથન કરવાને શક્તિમાન્ છે. આપશ્રી જ શ્રીભાગ-
તું શુદ્ધ તાત્પર્ય તેનો સાંગોપાંગ વિચાર કરીને દર્શાવવાને
ર્થ છે શ્રીભાગવતરૂપ અમૃત સમુદ્રના સારભૂત રાસસ્ત્રી—
વધૂ—ના ભાવથી પૂર્ણમૂર્તિરૂપ શ્રીમદાચાર્યજી છે

નિધ્યમાત્રદત્તશ્રીકૃષ્ણપ્રેમા[૪૩] વિમુક્તિદઃ[૪૪] ।
લીલૈકતાત્પર્યઃ[૪૫] કૃપયા તત્કથાપ્રદઃ[૪૬] ।।૧૭।।

આ શ્લોકમાં ચાર નામ છે. આપશ્રી નિજ સાંનિધ્યમાં
નારને શ્રીકૃષ્ણપ્રેમનુ દાન કરે છે આપશ્રી શ્રીકૃષ્ણ પ્રેમ
ી બહાર અને ભીતર પૂર્ણ છે અને તેથી આપશ્રીના
ન આવનાર ભક્તને તે પ્રેમરસનું દાન કરે છે. લીલાવિશિષ્ટ
મક સ્વરૂપમાં પ્રેમનું દાન આચાર્યજી કરે છે મુક્તિથી
ક ભગવત્સબંધરૂપ ફલનું દાન આચાર્યશ્રી કરે છે
ધમુક્તિનું દાન અધિકારીભેદથી આપશ્રી જ કરે છે
ધ્યમાત્રથી અન્ય વિષયોમાં નિજભક્તોને અનિચ્છા આપશ્રી
કરે છે. આપશ્રીનું તાત્પર્ય કેવલ રાસલીલામાંજ છે.
ર રાસલીલામાં મધ્યપાત અને તદ્દ્વારા ભગવત્સંબંધ એજ
ાર્ગીય પરમમુક્તિ છે એમ અત્ર સૂચવાય છે આપશ્રી

કૃપાથી જ શ્રીસુબોધિની દ્વારા એ દાસલીલાના કથારસનું દાન કરે છે. ૧૭.

વિરહાનુભવૈકાર્થસર્વત્યાગોપદેશકઃ[૪૭] ।
ભક્ત્યાચારોપદેષ્ટા[૪૮] ચ કર્મમાર્ગપ્રવર્તકઃ[૪૯] ।। ૧૮ ।।

આ શ્લોકમાં ત્રણ નામ છે કેવલ પ્રભુના વિરહના અનુભવના પ્રયોજનાર્થ સર્વ ત્યાગ કરવાનો ઉપદેશ આપશ્રી કરે છે. ભક્તિમાર્ગના આચારના-સેવામાર્ગના-પ્રકારના ઉપદેશકર્તા આપશ્રી જ છે. કર્મમાર્ગના પ્રવર્તક પણ આપશ્રી છે. નિજ સેકકોને જો આપશ્રી વર્ણાશ્રમના આચાર ધર્મ ન પળાવે તો બહિર્મુખો ભક્તિમાર્ગને નિન્દે. તેથી તેની પણ પ્રવૃત્તિ નિજ સેવકોમાં આપશ્રી કરે છે. લોકસંગ્રહાર્થ કર્મો પણ આપશ્રી કરે છે. ૧૮.

યાગાદૌ ભક્તિમાર્ગૈકસાધનત્વોપદેશકઃ[૫૦] ।
પૂર્ણાનન્દઃ[૫૧] પૂર્ણકામો[૫૨] વાક્પતિર્[૫૩]વિબુધેશ્વરઃ[૫૪] ।।૧૯।।

આશ્લોકમાં પાંચ નામ છે. યજ્ઞયાગાદિમાં ભક્તિમાર્ગની એક મુખ્ય સાધનતા તેના ઉપદેશકર્તા આપશ્રી જ છે. આપશ્રી યજ્ઞાદિ કરીને નિજજનોના ભક્તિમાર્ગમાં થતા બે અપરાધની નિવૃત્તિ કરે છે. અન્ય દેવતાના સંબંધની નિવૃત્ત આપ દેવતાયાગ ભગવાનની વિભૂતિ તરિકે કરીને કરે છે, અને ભક્તિ જ ફલ છે, અને સ્વર્ગાદિ નહિ એ પણ નિષ્કામ યજ્ઞાદિ કરીને આપશ્રી યાગાદિને ભક્તિમાર્ગના સાધન તરીકે ઉપદેશે છે. યાગાદિ આપશ્રી કરે છે તેથી કોઇ બહિર્મુખને શંકા થાય કે આપશ્રી સ્વર્ગાદિની કામનાથી કરતા હશે તો તે દૂર કરવાને અન્ય બે નામ કહ્યાં છે. આપશ્રી પૂર્ણાનન્દ છે, અને પૂર્ણકામ છે.

આચાર્યશ્રીએ પૂર્ણાનન્દનામ સંન્યાસ લીધો ત્યારે ધર્યું હતું એમ અભિયુકતો કહે છે. આપશ્રી વાણીના સરસ્વતીના પતિ છે, નિયામક છે, વેદાદિ સકલ વિદ્યાઓના નિયામક આપશ્રી છે; આપશ્રી અગ્નિ હોવાથી વાણીના અધિષ્ઠાતા દેવ છે. આપશ્રી પંડિતોને પણ જ્ઞાનાર્થ ઉપાસ્ય છે. જ્ઞાનિભકતોને ફલદાન કરવાવાળા આચાર્યશ્રીજ છે. ૧૯.

કૃષ્ણામસરસ્રસ્ય[૫૫] વકતા [૫૬]ભકતપરાયણઃ ।
ભકત્યાચારોપદેશાર્થ[૫૭]નાનાવાકયનિરૂપકઃ ॥ ૨૦ ॥

આ શ્લોકમાં ત્રણ નામ છે. શ્રીભાગવતમાં પ્રતિપાદિત દશલીલા વિશિષ્ટ પુરૂષોત્તમ કૃષ્ણના સહસ્રનામના પ્રકટ કર્તા આપશ્રીજ છે; શ્રીપુરૂષોત્તમ સહસ્રનામ આપશ્રીએ પ્રકટ કર્યાં છે. ભકતપરાયણ આપશ્રી છે. ભકિતમાર્ગના આચાર ઉપદેશવાને નવરત્ન ભકિતવર્ધિની વગેરે પ્રકરણ ગ્રન્થો આપશ્રીએજ પ્રકટ કર્યાં છે

સ્વાર્થો[૫૮]જ્ઝિતાખિલપ્રાણ[૫૯]પ્રિયસ્તાદશવેષ્ટિતઃ ।
સ્વદાસાર્થ[૬૦]કૃતાશેષસાધનઃ [૬૧]સર્વશકિતધૃક્ ॥ ૨૧ ॥

આ શ્લોકમાં ચાર નામ છે. પોતાની કૃતાર્થતાની સિદ્ધિને માટે જેમણે ભકતમાર્ગથી વિરૂદ્ધ સર્વનો ત્યાગ કર્યો છે તેવાઓને આચાર્યશ્રી પ્રાણથી પણ અધિક પ્રિય છે. આપશ્રીને જેમણે પોતાના દેહાદિ સર્વ નિવેદન કર્યા છે તેમને પ્રાણથી પણ પ્રિય છે. તેવાજ ભકતોથી આપશ્રી સેવાર્થ વેષ્ટિત છે. તેવા ભકતો આપશ્રીની સેવા માટે આસપાસ વીંટલાયલા રહે છે. આપશ્રીની ચેષ્ટા વિલાસ તેવા ભકતોની પ્રપત્તિ-શરણાગતિને અનુકૂલ છે. શ્રીરઘુનાથજી વેષ્ટિત ને સ્થલે ચેષ્ટિત પાઠ સ્વીકાર

છે. નિજ દાસોને માટે આપશ્રી અશેષ સાધન કરે છે. પોતાને શરણ આવેલા નિજ દાસોને માટે આપશ્રી સર્વ ભોગસાધન અને ભગવત્પ્રાપ્તિના સાધન કરે છે. લૌકિક વૈદિક સર્વ સાધન તેમને માટે આપશ્રી કરે છે. આપશ્રી સર્વ શકિત ધારણ કરે છે; અને સર્વ ભકતોમાં સ્વ-સામર્થ્યનું દાન કરી ધારણ કરવે છે. ૨૧.

ભુવિ [૬૨]ભકિતપ્રચારૈકકૃતે સ્વાન્વયકૃત[૬૩] પિતા ।
સ્વવંશે [૬૪]સ્થાપિતાશેષસ્વમાહાત્મ્યઃ [૬૫]સ્મયાપહઃ ॥૨૨॥

આ શ્લોકમાં ચાર નામ છે. ભૂતલ ઉપર કેવલ ભકિતમાર્ગનાજ પ્રચારને માટે પોતાનો વંશ સ્થાપે છે. શ્રીગોકુલેશ અન્વય શબ્દનો માત્ર પુત્ર અર્થ કરે છે. શ્રીરઘુનાથજી અપત્યપરમ્પરા અર્થ કરે છે. વંશમાં કેવલ ઔરસત્વ જણાવવાને પિતા એ નામ ધર્યું છે. સ્વવંશમાં આપશ્રીએ પોતાનું અશેષ મહાત્મ્ય સ્થાપન કરેલું છે. ગર્વથી આપશ્રીના સદશ કોઈ કરવા અથવા થવા જાય તો તેનો ગર્વ આપશ્રી હરણ કરેછે કાંઈક હાસ્યથી આપશ્રી ભકતોનું દુઃખ દૂર કરે છે. ૨૨.

[૬૬]પતિવ્રતાપતિઃ પારલૌકિકૈહિકદાનકૃત[૬૭] ।
[૬૮]નિગૂઢહૃદયોનન્યભકતેષુ [૬૯]જ્ઞાપિતાશયઃ ॥૨૩॥

આ શ્લોકમાં ચાર નામ છે. આપશ્રી પતિવ્રતાના પતિ છે. જેટલા અલૌકિક ધર્મો આપશ્રીમાં છે તેટલા જ શ્રીમહાલક્ષ્મીજીમાં છે. આજ કારણથી તેમના વંશમાં પણ તેવું જ અલૌકિક માહત્મ્ય સ્થિત આપશ્રીએ કર્યું. સ્વમાર્ગીય ભગવત્સંબન્ધરૂપ પારલૌકિક તથા સેવાર્થ સ્ત્રીપુત્રનાદિરૂપ ઐહિક એ સર્વનું દાન આપશ્રીજ

કરે છે આપશ્રીનું હૃદય નિગૂઢ છે. આપશ્રીનું હાર્દ સમજવું દુર્લભ છે. કેવલ નિજ અનન્ય ભક્તોને શ્રીપદ્મનાભદાસાદિ જેવા વિરલ ભક્તોને આપશ્રી નિજ આશય સ્ફુરાવે છે. ૨૩.

ઉપાસનાદિમાર્ગાતિમુગ્ધમોહ[૭૦]નિવારકઃ ।
ભાક્તમાર્ગે સર્વમાર્ગવૈલક્ષણ્યા[૭૧]નુભૂતિકૃત્ ॥ ૨૪ ॥

આ શ્લોકમાં બે નામ છે. ઉપાસનાદિ માર્ગોમાં જે લોકો અતિમુગ્ધ થયેલા છે તેમનો મોહ તેમને ભકિતમાર્ગનું નિરૂપણ કરીને દૂર આપશ્રી જ કરે છે. ભકિતમાર્ગનું પ્રાકટય કરીને કર્મ જ્ઞાન ઉપાસના માર્ગમાં મુગ્ધ થયેલા પંડિતોનો મોહ દૂર કરે છે. કર્મજ્ઞાન વગેરે સર્વ માર્ગોથી ભકિતમાર્ગનું વૈલક્ષણ્ય વિલક્ષણતા--આપશ્રી અનુભવ કરાવે છે. આપશ્રીએ પ્રકટ કરેલા પ્રેમભકિતમાર્ગ આગળ એ સર્વ માર્ગો તુચ્છ છે એમ આપશ્રી સાક્ષાત્ અનુભવ કરાવે છે ૨૪.

પૃથક્શરણમાર્ગો[૭૨]પદેષ્ટા શ્રીકૃષ્ણ[૭૩]હાર્દવિત્ ।
પ્રતિક્ષણનિકુઞ્જસ્થ[૭૪]લીલારસસુપૂરિતઃ ॥ ૨૫ ॥

આ શ્લોકમાં ત્રણ નામ છે. ભકિતમાર્ગથી પૃથક્ ભિન્ન એવો શરણમાર્ગ છે. તેનો પણ ઉપદેશ આપશ્રી કરે છે. પંચરાત્રદિમાં ઉંપદેશેલો શરણમાર્ગ છે તેનાથી આપશ્રીનો ઉપદેશેલો ભક્તિમાર્ગ યદ્યપિ શબ્દો તેના તે હોય, તોપણ તેનાથી ભિન્ન છે. તે મર્યાદામાર્ગીય છે, આ પુષ્ટિમાર્ગીય છે. શ્રીકૃષ્ણનું હાર્દ-અંતરંગ અભિપ્રાય-આપશ્રી જ જાણે છે. પ્રતિક્ષણ પ્રભુની નિકુંજની લીલારસથી સુપૂરિત છે. આન્તર અને બાહ્ય પ્રભુના નિકુંજ લીલારસના અનુસંધાનથી આપશ્રી પૂર્ણ છે. અનિર્વચનીય ભાવવિશેષથી આપશ્રી વ્યાપ્ત છે. ૨૫.

તત્કથાક્ષિપ્ત[૭૫]ચિત્તસ્તદ્વિ[૭૬]સ્મૃતાન્યો વ્રજ[૭૭]પ્રિયઃ ।
પ્રિયવ્રજ[૭૮]સ્થિતિઃ પુષ્ટિ[૭૯]લીલાકર્તા રહઃ[૮૦]પ્રિયઃ ॥ ૨૬ ॥

આ શ્લોકમાં છ નામ છે. નિકુંજસ્થ રાધામાધવની કથારસમાં આપશ્રીનું ચિત્ત સ્થિર છે. સંયોગવિપ્રયોગ ઉભય રસથી આપશ્રી પૂર્ણ છે તે કથા વિના અન્યની આપશ્રીને સ્મૃતિ નથી. આપશ્રીને વ્રજમાં સ્થિતિ કરવી નિવાસ કરવો આપશ્રીને પ્રિય છે, લોકવેદાતીત અનુગ્રહાત્મક લીલા આપશ્રી કરે છે. આપશ્રીને એકાન્ત પ્રિય છે. કારણકે પ્રભુની નિગૂઢ લીલાનો રસાનુભવ ત્યાં જ સારી રીત થઈ શકે.

ભકતે[૮૧]ચ્છાપૂરકઃ સર્વા[૮૨]જ્ઞાતલીલોતિમોહનઃ ।
સર્વા[૮૪]સકતો ભકત[૮૫]માત્રાસકતઃ પતિત[૮૬]પાવનઃ ॥ ૨૭ ॥

આ શ્લોકમાં પણ છ નામ છે. જેમ એકાન્તમાં ભગવલ્લીલાનો અનુભવ આપશ્રી કરે છે તેમ તે કથારસનો આસ્વાદ ભક્તોને કરાવી તેમના તેવા મનોરથ આપશ્રી પૂર્ણ કરે છે. આપશ્રીની સર્વ લીલા ભકતોને પણ અજ્ઞાત છે. આથી એમ સૂચના થાય છે કે નિજ અનુભવથી અન્ય પ્રકાર આપશ્રી બોધે છે, નહિ કે આપશ્રીનો સાક્ષાત્ અનુભવેલો પ્રકાર; અથવા આપશ્રીની સર્વ લીલા ભકતો સારી રીતે જાણે છે. નિજ સ્વરૂપનું દર્શન કરાવીને આપશ્રી ભક્તોને અત્યન્ત મુગ્ધ કરે છે, અને નિજરૂપનું અદર્શન કરી અભકતોને મોહ પમાડે છે. સર્વ ભકતોમાં આપશ્રી આસકત છે અને અભકતોમાં અનાસકત છે, તેમનામાં આપશ્રીની ઉપેક્ષા છે. કેવલ ભકતોમાં જ આપશ્રીની આસક્તિ છે. પતિત બ્રહ્મહત્યાદિ મહાપાતકોથી દુષ્ટ જીવોના સ્વીકાર માત્રથી આપશ્રી તેમને પાવન કરે છે, ભક્તિમાર્ગથી

વિરૂદ્ધ આચરણ કરીને જે ભકતો પતિત થયેલા તેમને પાવન કરવાવાળા આપશ્રી જ છે. ૭.

સ્વયશોગાનસંહૃષ્ટહૃદયામ્ભોજવિષ્ટર[૮૭]: ।
યશઃપીયૂષલહરીપ્લાવિતાન્યરસ: પર[૮૮]: ॥ ૨૮ ॥

આ શ્લોકમાં ત્રણ નામ છે. પોતાના પ્રભુના યશોગાનથી જેમના હૃદયકમલ આનંદિત થયેલા છે તેવાં ભકતોના હૃદય આપશ્રીના આસનરૂપ છે. આપશ્રી તેવાના જ હૃદયકમલમાં બિરાજે છે. પ્રભુના ગુણગાનથી હૃદય નિકૃષ્ટ બને છે, અને ગુણગાનથી સુવાસિત બનતા કમલરૂપ થાય છે. ત્યાં જ આચાર્યશ્રી સ્ફુરે છે. ગુણગાનરૂપ અમૃતની લહેરીઓથી અન્ય લૌકિક શૃંગારાદિ રસોને આપશ્રીએ તુચ્છ કરી નાખ્યા છે. નિજ જનોને આપશ્રી પૂર્ણ કરે છે અગણિતાનન્દ પુરૂષોત્તમ પણ આપશ્રી છે. ૮.

લીલામૃતરસાર્દ્રાર્દ્રીકૃતાખિલશરીરભૃત[૯૦]ઃ ।
ગોવર્ધનસ્થિત્યુ[૯૧]ત્સાહસ્તલ્લીલાપ્રેમપૂરિત[૯૨]: ॥ ૨૯ ॥

આ શ્લોકમાં ત્રણ નામ છે. કૃષ્ણલીલાના અમૃતરસથી નિજજનોને આપશ્રી બાહ્યાભ્યંતર આર્દ્ર કરે છે. આપશ્રીનો ઉત્સાહ શ્રીગોવર્ધનમાં શ્રીગિરિરાજમાં સ્થિતિ કરવાનો છે આથી તેવા નિકૃષ્ટ ભગવલ્લીલાના સ્થાનમાં આપશ્રીની સ્થિતિ છે એમ જણાવ્યું. શ્રીગોવર્ધનરની લીલા પ્રેમથી પૂર્ણ છે. ૨૯.

યજ્ઞભોક્તા[૯૩] યજ્ઞકર્તા[૯૪] ચતુર્વર્ગવિશારદ[૯૫]: ।
સત્યપ્રતિજ્ઞ[૯૬]સ્ત્રિગુણાતીતો[૯૭] નયવિશારદ[૯૮]: ॥ ૩૦ ॥

આ શ્લોકમાં છ નામ છે. આપશ્રી અગ્નિરૂપ હોવાથી અગ્નિહોત્રાદિ યજ્ઞોના ભોકતા આપશ્રી છે. ઇન્દ્રયાગભંગ કરીને તે બલિભોજન પ્રભુએ કર્યું. આપશ્રી ભગવન્મુખરૂપ હોવાથી યજ્ઞભોકતા થયા. અન્નકૂટાદિ યજ્ઞ ભકતોમાં પ્રવર્તાવવાથી અગ્નિહોત્રાદિ સ્વયં કરતા હોવાથી આપશ્રી યજ્ઞકર્તા છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરૂષાર્થ સિદ્ધ કરવા કરાવવામાં આપશ્રી નિપુણ છે નિજજનોના ચતુર્વર્ગ આપશ્રીજ સિદ્ધ કરે છે આપશ્રીની પ્રતિજ્ઞા સત્ય છે. સત્ત્વ, રજસ્, તમસ્ વગેરે પ્રાકૃત ગુણોથી આપશ્રી અતીત છે આપશ્રી નિર્ગુણ છે. આપશ્રી નીતિશાસ્ત્રમાં ચતુર છે, સ્વસિદ્ધાંતશાસ્ત્રમાં આપશ્રી અત્યન્ત નિપુણ છે. ૩૦.

સ્વકીર્તિવર્ધન[૯૯]સ્તત્ત્વસૂત્રભાષ્યપ્રદર્શક[૧૦૦]: ।
માયાવાદાખ્યતૂલાગ્નિ[૧૦૧]ર્બ્રહ્મવાદનિરૂપક[૧૦૨]: ॥ ૩૧ ॥

આ શ્લોકમાં ચાર નામ છે. સ્વમાર્ગીય રહસ્ય ગ્રન્થોના નિરૂપણથી નિજજનોમાં આપશ્રીની કીર્તિ પ્રસરે છે. ઉત્કૃષ્ટ પુણ્ય કર્મના આચરણથી આપશ્રી નિજ સત્ખ્યાતિનો વિસ્તાર કરે છે. તત્ત્વસૂત્ર બ્રહ્મસૂત્ર—ના યથાર્થ પ્રતિપાદન કરવાને ભાષ્ય આપશ્રી પ્રકટ કરે છે. માયાવાદિનામક રૂના દાહ કરવાવાલા અગ્નિરૂપ આપશ્રીજ છે. આ સર્વ બ્રહ્મરૂપ છે એવા બ્રહ્મવાદનું નિરૂપણ કરવાવાલા આપશ્રી જ છે. ૩૧.

અપ્રાકૃતાખિલાકલ્પભૂષિત[૧૦૩]: સહજસ્મિત[૧૦૪]: ।
ત્રિલોકીભૂષણં[૧૦૫] ભૂમિભાગ્યં[૧૦૬] સહજસુન્દર[૧૦૭]: ॥ ૩૨ ॥
અશેષભક્તસંપ્રાર્થ્યચરણાબ્જરજોધન[૧૦૮]: ।

આ દોઢ શ્લોકમાં પાંચ નામ છે. આપશ્રી અલૌકિક સર્વ લીલારસ ભાવરૂપ અંલકારોથી શોભાયમાન છે. અન્ય ભાષ્યકારોએ ફલાધ્યાયમાં ફલ બતાવ્યું છે પરન્તુ સર્વોત્કૃષ્ટ લીલારસરૂપ ફલ જેવું આચાર્યશ્રીએ દર્શાવ્યું છે તેવું કોઈએ દર્શાવ્યું નથી. શ્રીગોકુલેશપ્રભુના આ કથનથી આચાર્યશ્રીએ ફલાધ્યાયનું ભાષ્ય પ્રકટ કરેલું જે આપણા દુર્ભાગ્યે હાલ લુપ્તપ્રાય થયું છે એમ અનુમાન થાય છે. લીલારસના ભાવનિરૂપણથી આપશ્રીમાં સહજ સ્મિત છે. આપશ્રી ત્રણે લોકના ભૂષણરૂપ છે. ભૂમિના ભાગ્યરૂપ પૂર્ણપુણ્યફલરૂપ આપશ્રીજ છે. આપશ્રીમાં સૌન્દર્ય સહજ છે. આપશ્રીનું ચરણકમલની પરાગરૂપ ધન –અક્ષય નિધિસર્વ અનન્ય ભગવદીયોને સંપ્રાપ્ય છે. આપશ્રીના અનન્ય ભકતો આપશ્રીના ચરણકમલની પરાગરૂપ ધનની નિરન્તર અભિલાષા રાખે છે. ૩૨.

આ પ્રકારે ૧૦૮ નામ આચાર્યશ્રીના નિરૂપણ કરી સ્તોત્રનો ઉપસંહાર કરે છે.–

ઇત્યાનન્દનિધેઃ પ્રોકતં નામ્નામષ્ટોત્તરં શતમ્ ॥૩૩॥
શ્રદ્ધાવિશુદ્ધબુદ્ધિર્યઃ પઠત્યનુદિનં જનઃ ।
સ તદેકમનાઃ સિદ્ધિં મુકતાં પ્રાપ્નોત્યસંશયઃ ॥૩૪॥
તદપ્રાપ્તૌ વૃથા મોક્ષસ્તદાપ્તૌ તદ્ગતાર્થતા ।
અતઃ સર્વોત્તમં સ્તોત્રં જપ્યં કૃષ્ણરસાર્થિભિઃ ॥૩૫॥

આ પ્રકારે આનંદના નિધિરૂપ શ્રીમહાપ્રભુજીના ૧૦૮ નામ કહ્યાં છે. શ્રદ્ધાથી વિશુદ્ધ થયેલી બુદ્ધિવાલો જે સુજન તદેકમન થઇને આપશ્રીમાં ચિત્ત પરોવીને–દરરોજ આનો પાઠ કરશે તેને અહિ કહેલી સિદ્ધિ જરૂર પ્રાપ્ત થશે. એ સિદ્ધિ મલ્યા વિનાનો મોક્ષ વૃથા છે અને એ સિદ્ધિ મલેથી મોક્ષ ગતાર્થ છે. એ સિદ્ધિ પ્રાપ્ત થયેથી મોક્ષનું પ્રયોજન રહેતું નથી, માટે કૃષ્ણરસની જેમને અભિલાષા છે તેમણે આ શ્રીસર્વોત્તમનો જપ કરવો એમ શ્રીમત્પ્રભુચરણની નિજ જનોને શિક્ષા છે. સ્તોત્રનું ફલ તથા અધિકારી આ પ્રકારે આપશ્રીએ નિરૂપણ કર્યાં છે.

શ્રીમદગ્નિકુમાર શ્રીવિઠ્ઠલેશ્વરે (શ્રીગુસાંઈજીએ) સ્વાનુભવે
કહેલું શ્રીસર્વોત્તમ સ્તોત્ર સંપૂર્ણ

॥ શ્રીવલ્લભાષ્ટકમ્ ॥

ગ્રંથપરિચય-શ્રીમદ ગુસાંઈજી–શ્રીવિઠ્ઠલનાથજીએ સર્વોત્તમ સ્તોત્રમાં શ્રીમદાચાર્યચરણનાં જેવા ૧૦૮ પવિત્ર નામો કહેલાં છે તેવું જ આપશ્રીનું સ્વરૂપ પણ મહાન અલૌકિક છે, તેનું વર્ણન આ ગ્રંથમાં તેઓશ્રીએ કરેલું છે. આપશ્રીના શ્રીઅંગો રાસાદિ લીલાઓના અમૃતસાગરથી ભરેલા છે, અને પ્રભુલીલાઓ પ્રકટ કરવાની પોતાને પ્રભુની આજ્ઞા થવાથી પોતે સન્મનુષ્યાકૃતિ ધારણ કરી ભૂતલમાં પધારેલા છે. ભકિતમાર્ગીય પ્રેમ પૂર્ણપુરૂષોત્તમની પ્રાપ્તિના સાધનરૂપ છે, તે નિસ્સાધન જીવોને બતાવેલું છે પોતે વાણીના અધિષ્ઠાત હોવાથી શ્રુતિના ખરા અર્થ-ભાવને જાણવા સમર્થ છે અને તે ભાવોને પ્રકટ કરી શ્રીકૃષ્ણસેવા નામના પુષ્ટિમાર્ગનું પ્રાકટય કરેલું છે. આચાર્યજીદ્વારા શરણ આવેલા જીવોનું સમર્પણ પ્રભુ હસતા મુખે અંગીકાર કરે છે આપશ્રી સ્વભાવે અતિ તેજસ્વી છતાં પ્રભુવિરહથી પીડાતા

ભકતોને આપનાં વચન અમૃત સમાન છે. તામસી–આસુરી જનોને તાપરૂપ છે. ભકતોના લૌકિક તાપની નિવૃત્તિ કરવાના સ્વભાવવાળા છે, પોતે આનંદરૂપ છે અને પોતાનામાંથી આનંદાત્મક સેવાસાગર પ્રકટ થયો છે. આપના એક વખતના દર્શન પછી ભકતને પ્રભુદર્શન માટે તાલાવેલી થાય છે અને ભકતહૃદયમાં વિપ્રયોગાગ્નિ પ્રકટે છે લૌકિક અગ્નિ જેમ ઘરનો અંધકાર દૂર કરે છે તેમ આપ અલૌકિક અગ્નિરૂપ જીવના અજ્ઞાનાદિ–કામક્રોધાદિનો નાશ કરે છે. આચાર્યચરણ વિપ્રયોગાત્મક આનંદનું દાન કરનારા છે, તેથી આપમાં પૂર્ણ પુરૂષોત્તમપણું છે, જેથી સર્વ દૈવીજનો આપશ્રીને શ્રીગોકુલેશની જેમ ભજે છે. આ પ્રમાણેનું શ્રીમદાચાર્યજીના સ્વરુપનું નિરૂપણ કરી ગ્રંથ પૂર્ણ કરેલો છે.

શ્રીમદ્વૃન્દાવનેન્દુપ્રકટિતરસિકાનન્દસન્દોહરૂપ—
સ્ફુર્જદ્રાદિલીલામૃતજલધિભરાક્રાંતસર્વોડપિશશ્વત્ ॥
તસ્યૈવાત્માનુભાવપ્રકટનહૃદયસ્યાજ્ઞયા પ્રાદુરાસીદ્
ભૂમૌ યઃ સન્મનુષ્યાકૃતિરતિકરુણસ્તં પ્રપદ્યે હુતાશમ્૧

શબ્દાર્થ–શોભાવાળા વૃન્દાવનના ચંદ્ર શ્રીકૃષ્ણચંદ્ર વડે પ્રકટ કરાયલા, રસિક ભકતો વિષે આનંદના તાત્પર્યરૂપ વિસ્તાર પામતી રાસાદિ લીલાઓના અમૃત સાગરથી વ્યાપ્ત નિરંતર શ્રીઅંગો હોવા છતાં, તેમની જ પોતાની લીલાઓ શકિત પ્રકટ કરવાની ઇચ્છાવાળા શ્રીકૃષ્ણની આજ્ઞાથી જે પૃથ્વી પર પ્રકટ થયા તે સુંદર મનુષ્ય આકૃતિવાળા અતિ દયાળુ છે, તે અગ્નિસ્વરૂપ–શ્રીમહાપ્રભુજીને હું શરણે જાઉં છું. (૧)

નાવિર્ભૂયાદ્ભવાંશ્ચેદધિધરણિતલં ભૂતનાથોદિતાસ-
ન્માર્ગધ્વાન્તાન્ધતુલ્યાનિગમપથવતૌદેવસર્ગેપિજાતાઃ।
ઘોષાધીશં તદેમે કથમપિ મનુજાઃપ્રાપ્નુયુર્નૈવ દેવી
સૃષ્ટિર્વ્યર્થાચ ભૂયાન્નિજફલરહિતા દેવ વૈશ્વાનરૈષા॥૨॥

શબ્દાર્થ–હે દેવ, વૈશ્વાનર–શ્રીવલ્લભાચાર્યજી! જો આપ પૃથ્વી પર પ્રકટ ન થયા હોત તો દૈવી સૃષ્ટિમાં જન્મ લેવા છતાં વેદમાર્ગ પ્રમાણે ચાલવામાં ભૂતનાથથી ઉત્પન્ન થયેલા પાખંડ માર્ગરૂપી અંધકારથી આંધળા જેવા બની જાત, ત્યારે વ્રજના પ્રભુ શ્રીનંદકુમારને આ મનુષ્યો કોઈ રીતે પણ ન જ મેળવી શકત, અને આ દૈવી સૃષ્ટિ ભગવલ્લીલાના ફલની પ્રાપ્તિ રહિત થઈ ને નકામી થાત. (૨)

નહ્યન્યો વાગધીશાચ્છ્રુતિગણવચસાં ભાવમાજ્ઞાતુમીષ્ટે
યસ્માત્સાધ્વી સ્વભાવં પ્રકટયતિ વધુરગ્રતઃ પ્રત્યુરેવ।
તસ્માચ્છ્રીવલ્લભાખ્ય ત્વદુદિતવચનાદન્યથારુપયંતિ
ભ્રાંતા યે તે નિસર્ગત્રિદશરિપુતયા કેવલાધંતમોગા·૩

શબ્દાર્થ–શ્રુતિઓના પતિ–શ્રીમહાપ્રભુજી કરતાં ભાગ્યે જ બીજો કોઈ શ્રુતિગણની વાણીના તાત્પર્યને, ભાવને, બરાબર જાણવાને સમર્થ છે, અર્થાત્ કોઇ જ નથી કારણ કે સાધ્વી સ્ત્રી પોતાના પતિ જ પાસે પોતાનું હૃદય પ્રકટ કરે છે, તેથી પોતાનું નામ શ્રીવલ્લભ છે. તેમનાં કહેલાં વચનામૃતોથી બીજું જેઓ બતાવે છે તેઓ ભ્રમિત થયેલા છે સ્વભાવિક રીતે જ દેવદુશ્મનાવટપણાને લીધે કેવળ અંધ અંધકારમય નરકમાં પડે છે. (૩)

પ્રાદુર્ભૂતેન ભૂમૌ વ્રજપતિચરણાંભોજસેવાખ્યવર્ત્મ-
પ્રાકટ્યં યત્કૃતં તે તદુત નિજકૃતે શ્રીહુતાશેતિ મન્યે
યસ્માદસ્મિન્ સ્થિતૌયત્કિમપિકથમપિક્વાપ્યુપાહર્તુ-
મિચ્છત્યઙ્ગાતદ્ગોપિકેશ:સ્વવદનકમલેચારૂહાસેકરોતિ॥

શબ્દાર્થ- હે અલૌકિક અગ્નિસ્વરૂપ શ્રીમહાપ્રભુજી! પૃથ્વી પર પ્રકટ થઇને વ્રજપતિના ચરણકમલની સેવા નામના પુષ્ટિમાર્ગનું પ્રાકટય જે આપથી કરાયું તે ખરેખર પોતાનાં અંગીકૃત ભકતોને માટે જ છે એમ હું માનું છું. કારણ કે આ માર્ગમાં રહેલા જે, કંઈ પણ, કોઈ પણ રીતે, કોઈ પણ જગ્યાએ પ્રભુને સમર્પણ કરવાને આરોગાવવાની ઇચ્છા રાખે છે તે સાક્ષાત્ ગોપીજનોના પ્રભુ શ્રીકૃષ્ણ ભગવાન પોતાના મુખ-કમલમાં હસતાં હસતાં-રૂચિથી અંગીકાર કરે છે. (૪)

ઉષ્ણત્વૈકસ્વભાવોપ્યતિશિશિરવચ: પુંજપીયૂષવૃષ્ટિ-
રાર્તેષ્વત્યુગ્રમોહાસુરનૃષુ યુગપત્તાપમપ્યત્ર કુર્વન્ ॥
સ્વસ્મિન્કૃષ્ણાસ્યતાંત્વંપ્રકટયસિ ચનો ભુતદેવત્મતદ્
યસ્માદાનંદદં શ્રીવ્રજજનનિચયે નાશકંચાસુરાગ્નો॥૫॥

શબ્દાર્થ-આપ અગ્નિસ્વરૂપ હોવાથી આપનો સ્વભાવ અતિ તેજસ્વી છતાં વિરહથી પીડાયેલા પર આપનાં અતિ શીતલ વચન અમૃતની વૃષ્ટિ સમાન છે અતિ તામસી મોહ પામેલા આસુરીજનો ઉપર એકી સાથે તાપ પણ કરતાં પોતાનામાં શ્રીકૃષ્ણનું મુખારવિન્દપણુ-અલૌકિક અગ્નિત્વ આપ પ્રકટ કરો છો અને મહાદેવની જેમ પ્રાકૃત અગ્નિત્વ આપવામાં નથી

તે બતાવો છો, કારણ કે આ વ્રજભકતોના ગમૂહને આનંદપણું આપે છે. આસુરી અગ્નિનો નાશ કરનાર છે. (૫)

આમ્યનાયોકતંયદંભોભવનમનલતસ્તચ્ચસત્યંવિભો યત્
સર્ગાદૌ ભૂતરૂપાદભવદનલત: પુષ્કરં ભૂતરૂપમ્ ॥
આનંદૈકસ્વરૂપાત્વદધિભુ યદભૂત્કૃષ્ણસેવારસાબ્ધિ-
શ્ચાનન્દૈકસ્વરુપસ્તદખિલમુચિતં હેતુસામ્યંહિ કાર્યે ૬॥

શબ્દાર્થ-હે વિભો! વેદમાં કહેલું જે અગ્નિમાંથી જલ ઉત્પન્ન થયું છે તે સાચું છે. સૃષ્ટિનાં આરંભમાં ભૂતરૂપ અગ્નિમાંથી આ પૃથ્વી પર જે કેવલ આનંદરૂપ શ્રીકૃષ્ણ સેવારસનો સાગર પ્રકટ થયો અને તે બધું યોગ્ય જ છે, કેમ કે કાર્યમાં કારણનું સમાનપણું નકકી જ છે. (૬)

સ્વામિન્શ્રીવલ્લભાગ્નેક્ષણમપિભવત:સન્નિધાને કૃપાત:
પ્રાણપ્રેષ્ઠવ્રજાધીશ્વરવદનદિદૃક્ષાર્તિતાપો જનેષુ ॥
યત્પ્રાદુર્ભાવમાપ્નોત્યુચિતતરમિદં યત્તુ પશ્ચાદપીત્થં
દષ્ટેપ્યસ્મિન્મુખેન્દૌપ્રચુરતરમુદેત્યેવતચ્ચિત્રમેત ત ૭॥

શબ્દાર્થ-હે સ્વામી અગ્નિસ્વરૂપ શ્રીવલ્લભ! એક ક્ષણ પણ આપનો સંબંધ થાય તો આપની કૃપાથી પ્રાણપ્રિય શ્રીવ્રજાધીશનું વદન નિરખવાની આર્તિ-વિરહનો તાપ ભગવદીયોમાં જે પ્રકટ થાય છે તે વધારે યોગ્ય જ છે, જે તાપ તો પાછળથી પણ એવી રીતે આ મુખચંદ્રને નિરખ્યા પછી પણ તેમનાં દર્શન માટે અતિશય તીવ્રતાથી ઉદય પામે છે, તે આવું આશ્ચર્યજનક છે. ૭

અજ્ઞાનાદ્યંધકારપ્રશમનપટુતાખ્યાપનાયત્રિલોકયા-
મગ્નિત્વં વર્ણિતં તે કવિભિરપિ સદા વસ્તુત: કૃષ્ણ એવ
પ્રાદુર્ભૂતો ભવાનિત્યનુભવનિગમાદ્યુકતમાનૈરવેત્ય
ત્વાંશ્રી શ્રીવલ્લભેમે નિખિલબુધજનાગોકુલેશં ભજન્તે૮

શબ્દાર્થ-અજ્ઞાન વગેરે અંધકારને દૂર કરવાની ચતુરાઇની પ્રસિદ્ધિ અર્થે ત્રણ લોકમાં કવિજનોએ પણ આપનું અગ્નિપણું સદા વર્ણન કરેલું છે, તો પણ ખરેખર આપ શ્રીકૃષ્ણ પ્રકટ થયા છો એ પ્રમાણે અનુભવ વેદ વગેરેમાં કહેલાં વચનો વડે જાણીને આપને હે શ્રીશ્રીવલ્લભ એમ કહીને આ શરણાગત દૈવીજનો શ્રીગોકુલેશ તરીકે ભજે છે.

શ્રીમદ્ વિઠ્ઠલેશ્વરનું કરેલું શ્રીવલ્લભાષ્ટક અનુવાદ સાથે સંપૂર્ણ.

શ્રીસપ્તશ્લોકી ।

ગ્રન્થપરિચય-શ્રીમદ્ગોસ્વામી શ્રીવિઠ્ઠલનાથજી શ્રીગુસાંઇજીએ શ્રીમદાચાર્યચરણ શ્રીમહાપ્રભુજીનાં ૧૦૮ પવિત્ર નામો શ્રીસર્વોત્તમ સ્તોત્રમાં કહેલાં છે આપશ્રીનાં જેવાં નામો છે તેવું સ્વરૂપ છે, જેથી તેનું નિરૂપણ શ્રીવલ્લભાષ્ટકમાં કરેલું છે. હવે આપના ગુણ આપના નામ અને સ્વરૂપ જેવા છે. જેથી તે ગુણોનું દિગ્દર્શન આ ગ્રન્થમાં કરાવે છે.

જેવા શ્રીકૃષ્ણ છ ધર્મવિશિષ્ટ ધર્મી છે તેવા જ શ્રીમદાચાર્યજી છે આપ ધર્મથી અને સ્વરૂપથી ફલ આપનારા છે, તેથી આપના

માયાવાદિકરીન્દ્રદર્પદલનેનાસ્યેન્દુરાજોદ્ગત
શ્રીમદ્ભાગવતાખ્યદુર્લભસુધાવર્ષેણ વેદોક્તિભિ: ।।
રાધાવલ્લભસેવયા તદુચિતપ્રેમ્ણોપદેશૈરપિ
શ્રીમદ્વલ્લભનામધેયસદશો ભાવિ ન ભૂતોઽસ્ત્યપિ ૫

શબ્દાર્થ-માયાવાદિરૂપ ગજરાજના કુંભસ્થલને ભેદીને, અભિમાન ઉતારીને, ભગવન્મુખારવિન્દરૂપ ઇન્દુરાજ પ્રકટ થઈ વેદને અનકુલ એવી શ્રીમદ્ભાગવતરૂપી દુર્લભ સુધા શ્રીસુબોધિનીજીને વર્ષાવી શ્રીરાધાવલ્લભ શ્રીકૃષ્ણની સેવા કરી, તેને યોગ્ય પ્રેમ વડે ઉપદેશો કરી શ્રીમદ્વલ્લભાચાર્યજીના નામને ધારણ કરનાર શ્રીમહાપ્રભુજી સમાન ભવિષ્યમાં કોઈ થશે પણ નહીં, પૂર્વે કોઈ થયું નથી, અને વર્તમાનમાં કોઈ છે પણ નહીં. (૫)

યદંઘ્રિનખમણ્ડલપ્રસૃતવારિપીયૂષયુગ્—
વરાંગહૃદયૈ: કલિસ્તૃણમિવેહ તુચ્છીકૃત: ।।
વ્રજાધિપતિરિન્દિરાપ્રભૃતિમૃગ્યપાદામ્બુજ:
ક્ષણેન પરિતોષિતસ્તદનુગત્વમેવાસ્તુ મે ।।૬।।

શબ્દાર્થ-જેના ચરણનખમંડલમાંથી નિકળેલ જલરુપી અમૃતથી ભીંજાયલા કોમલ હૃદયોવાળા ભકતો વડે-ભકિતમાર્ગમાં કલિકાલને તણખલા જેવો તુચ્છ ગણી કાઢયો છે લક્ષ્મીથી માંડી સર્વ જેના ચરણ કમલની શોધમા છે એવા શ્રીવ્રજના અધિપતિ શ્રીકૃષ્ણને જેમણે ક્ષણવારમાં ભકિતવડે સર્વ રીતે પ્રસન્ન કર્યા છે, એવા શ્રીમદ્વલ્લભાચાર્યજીનું દાસત્વ, આપને અનુસરવાપણું, મને પ્રાપ્ત થાઓ. (૬)

અતદ્વૈધમસાવૃતં કલિભુજંગમાસાદિતં
જગદ્વિષયસાગરે પતિતમસ્વધર્મે રતમ્ ॥
યદીક્ષણસુધાનિધિઃ સમુદિતોઽનુકમ્પામૃતા—
દમૃત્યુમકરોત્ક્ષણાદરણમસ્તુ મે તત્પદમ્—॥૭॥

શબ્દાર્થ–પાપના સમૂહરૂપ અધિકારથી છવાયલું, કલિરૂપી સર્પથી પકડાયેલું, સંસારના વિષય સાગરમાં પડેલું. પોતાનો ધર્મ ત્યજી અન્યધર્મમાં આસક્તિવાળું જગત જોઇને જેણે પોતાના નેત્રરૂપ ચંદ્રને પ્રકટ કર્યો અને પોતાની કૃપારૂપ અમૃત વડે ક્ષણવારમાં જગતને અમર કર્યું તે શ્રીવલ્લભાચાર્યજીના ચરણ મારૂં નિવાસસ્થાન, રક્ષણ હો. (૭)

શ્રીમદ્ગોસ્વામિ શ્રીવિઠ્ઠલેશ્વર ગુસાંઇજીએ કરેલી
સપ્તશ્લોકી સંપૂર્ણ.

* * *

કંદાવૃન્દારણ્યે વિમલ યમુનાતીર પુલિને ।
ચરન્તં ગોવિંદ હલધર સુદામાદિ સહિતમ્ ॥
અયે કૃષ્ણસ્વામિન મધુરમુરલી વાદનવિભો ।
પ્રસીદેત્યાક્રોશન્નિમિષમિવ નેષ્યામિ દિવસાન્ ॥

ઐશ્વર્યાદિ છ ધર્મો અને ધર્મવિશિષ્ટ સાતમું સ્વરૂપ રૂપ સાત શ્લોકોથી વર્ણવેલું છે. પ્રથમ શ્લોકથી આપશ્રીનું છ ધર્મો સહિત ધર્મિનું સ્વરૂપ સમજાવેલું છે, આચાર્યજી મૃત્યુને દૂર કરનારા છે, દેહાદિને ભૂલાવનારા છે. પરમાનન્દનો અનુભવ કરાવનારા છે, અને સુધારસની મૂર્તિ છે તે ધર્મી રૂપે કહેવાય છે. તે પછી તેમના છ ધર્મો–ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય ગુણોનું અનુક્રમે વર્ણન કરેલું છે. છેવટમાં આચાર્ય ચરણનું શરણ પ્રાપ્ત થવાની પ્રાર્થના કરી ગ્રંથ પૂરો કર્યો છે.

સ્ફુરત્કૃષ્ણપ્રેમામૃતરસભરેણાતિભરિતા
વિહારાન્કુર્વાણા વ્રજપતિવિહારાબ્ધિષુ સદા ॥
પ્રિયા ગોપીભર્તુઃ સ્ફુરતુ સતતં વલ્લભ ઇતિ
પ્રથાવત્યસ્માકં હૃદિ સુભગમૂર્તિઃ સકરૂણા ॥૧॥

શબ્દાર્થ–દિવ્યતાથી સ્ફુરી રહેલી શ્રીકૃષ્ણના પ્રેમરૂપ અમૃતરસ વડે સંપૂર્ણ ભરેલી વ્રજપતિ–શ્રીકૃષ્ણચંદ્રના શ્રીગોપીજનો સાથેના વિહારસાગરમાં નિરંતર વિહાર કરતી ગોપીજનના પતિ શ્રીકૃષ્ણને પ્રિય–શ્રીવલ્લભ એ નામથી પ્રસિદ્ધ થયેલી મહા કૃપાળુ સુંદર અલૌકિક ધર્મવાળી દિવ્ય મૂર્તિ આમારા હૃદયમાં નિત્ય સ્ફુરાયમાન રહો. (૧)

શ્રીભાગવતપ્રતિપદમણિવરભાવાંશુભૂષિતા મૂર્તિઃ ॥
શ્રીવલ્લભાભિધાનસ્તનોતુ નિજદાસસ્ય સૌભાગ્યમ્ ૨

શબ્દાર્થ–શ્રીમદ્ભાગવતના દરેક પદરૂપી અલૌકિક મણિના ભાવરૂપી કિરણોથી સુશોભિત બનેલ પ્રકટ સ્વરૂપ શ્રીવલ્લભ એવા નામથી ઓળાય છે એવા શ્રીમદ્વલ્લભાચાર્ય ચરણ પોતાના દાસના સૌભાગ્યને ઉત્તરો ઉત્તર વધારો (૨)

માયાવાદતમો નિરસ્ય મધુભિત્સેવાખ્યવર્ત્માદ્ભુતં
શ્રીમદ્ગોકુલનાથસંગમસુધાસંપ્રાપકં તત્ક્ષણાત્ ॥
દુષ્પ્રાપં પ્રકટં ચકાર કરૂણારાગાતિસંમોહનઃ
સ શ્રીવલ્લભભાનુરૂલ્લસતિ યઃ શ્રીવલ્લવીશાંતરઃ ૩

શબ્દાર્થ-માયાવાદરૂપી અંધકારને હઠાવીને શ્રુતિના મળરૂપ મધુ રાક્ષસનો નાશ કરનાર પ્રભુની સેવાનો દિવ્યમાર્ગ જે શ્રીગોકુલનાથના સંભમરૂપી અમૃતની પ્રાપ્તિ કરાવનાર, દુઃખથી પણ ન મળે તેવો ક્ષણવારમાં પ્રકટ કર્યો એવા દૈવી જીવો પર કૃપાવાળા અને ભગવાનના રાગમાં મુગ્ધ થયેલા શ્રીવલ્લભાચાર્યરૂપી અલૌકિક સૂર્ય, શ્રીગોપીજનના પતિ-શ્રીકૃષ્ણનું સ્વરૂપ જેના અંતરમાં છે એવા ઉલ્લાસપૂર્વક ઉદય પામે છે. (૩)

ક્વચિત્ પાણ્ડિત્યં ચેન્ન નિગમગતિઃ સાપિ યદિ ન
ક્રિયા સા સાપિ સ્યાદ્યદિ ન હરિમાર્ગે પરિચયઃ ॥
યદિ સ્યાત સોપિ શ્રીવ્રજપતિરતિર્નેતિ નિખિલૈ-
ગુણૈરન્યઃ કો વા વિલસતિ વિના વલ્લભવરમ્ ॥૪॥

શબ્દાર્થ-કદાપિ કોઇમાં પાંડિત્ય હોય તો તેનામાં વેદનું જ્ઞાન ન હોય, તે બન્ને જાણનાર હોય તો તેનામાં વૈદિક ક્રિયા ન હોય, તે બધું કદાપિ કોઇમાં હોય તો તે કર્મજડ થઇને તેને ભગવન્માર્ગનું જ્ઞાન ન હોય, કદાપિ વેદશાસ્ત્ર જાણીને ક્રિયા કરતો ભગવન્માર્ગના પરિચયવાળો મળી શકે તો તેનામાં શ્રીપ્રભુમાં પ્રેમ હોતો નથી. એટલે બધા ગુણોયુક્ત તો શ્રીવલ્લભવર વિના બીજું કોણ મળી શકે છે ? (૪)

ધર્મસેતુર્ભક્તિસેતુઃ[૧૬] સુખસેવ્યો[૧૭] વ્રજેશ્વરઃ[૧૯] ।
ભક્તશોકાપહઃ[૨૦] શાન્તઃ[૨૧] સર્વજ્ઞઃ[૨૨] સર્વકામદઃ[૨૩] ॥૬॥

શબ્દાર્થ-આપશ્રી ધર્મના સેતુ છે. ભક્તિના સેતુ છે, ધર્મ તથા ભક્તિ પ્રાપ્ત કરવામાં સાધનરૂપ છે, સુખથી આપશ્રીની સેવા થઈ શકે છે. વ્રજના આપ ઇશ્વર—રાજા છે. ભક્તના શોક આપશ્રી દૂર કરે છે આપશ્રી શાંત છે, સર્વજ્ઞછે, સર્વ મનોરથનું દાન કરવાળા છે ૬.

રુક્મિણીરમણઃ[૨૪] શ્રીશો ભક્તરત્નપરીક્ષકઃ[૨૬] ।
ભક્તરક્ષૈકદક્ષઃ[૨૭] શ્રીકૃષ્ણભક્તિપ્રવર્તકઃ[૨૮] ॥ ૭ ॥

શબ્દાર્થ-આપશ્રી શ્રીરૂક્મિણીના રમણ છે, લક્ષ્મીના પદ્માવતીના ઇશ છે, ભક્તરત્નની પરીક્ષા કરવાવાલા છે, ભક્તની રક્ષામાં કુશલ જ છે, શ્રીકૃષ્ણભક્તિના પ્રવર્તાવનારા છે.

મહાસુરતિરસ્કર્તા[૨૯] સર્વશાસ્ત્રવિદગ્રણીઃ[૩૦] ।
કર્મજાડ્યાભિદુષ્ણાંશુ[૩૨]ર્ભક્ત[૩૩]નેત્રસુધાકરઃ[૩૪] ॥૮॥

શબ્દાર્થ-મહા અસુરનો આપશ્રી તિરસ્કાર કરે છે. સર્વ શાસ્ત્રના જ્ઞાતાઓના આપશ્રી નેતા છે, કર્મરૂપ જડતાને દૂર કરવાવાળા છે. આપશ્રી સૂર્ય છે. ભક્ત નેત્રના ચન્દ્રમા છે.

મહાલક્ષ્મીગર્ભરત્નં[૩૫] કૃષ્ણવર્ત્મસમુદ્ભવઃ[૩૬] ।
ભક્તચિન્તામણિ[૩૭]ર્ભક્તિકલ્પદ્રુમનવાંકુરઃ[૩૮] ॥૯॥

શબ્દાર્થ-આપશ્રી શ્રીમહાલક્ષ્મીજીના ગર્ભરત્ન છે. કૃષ્ણ (ભક્તિ) માર્ગના ઉદ્‌ભવરૂપ છે, ભકતના મનોરથ પૂર્ણ કરવાવાલા ચિંતામણિ છે, ભક્તિ કલ્પવૃક્ષના નૂતન અંકુર છે. ૯.

[૩૮]શ્રીગોકુલકૃતાવાસઃ [૩૯]કાલિન્દીપુલિનપ્રિયઃ ।
[૪૦]ગોવર્ધનાગમરતઃ [૪૧]પ્રિયવૃન્દાવનાચલઃ ॥૧૦॥

શબ્દાર્થ-શ્રીગોકુલમા આપશ્રીએ સારી રીતે નિવાસ કર્યો છે. કાલિન્દી પુલિન—શ્રીયમુનાતટ આપશ્રીને પ્રિય છે, ગોવર્ધન—શ્રીગિરિરાજની તલેટીમાં આપશ્રી રત છે, જ્યાં રમણનું સ્થલ છે; અથવા શ્રીગોવર્ધનના શાસ્ત્રમાં ભક્તિમાર્ગમાં આપશ્રી નિષ્ઠ છે. આપશ્રી પ્રિય વૃન્દાવનમાં અચળ છે. ૧૦

[૪૨]ગોવર્ધનાદ્રિમખકૃન્[૪૩]મહેન્દ્રમદભિત્પ્રિયઃ ।
[૪૪]કૃષ્ણલીલૈકસર્વસ્વઃ [૪૫]શ્રીભાગવતભાવવિત્ ॥૧૧॥

શબ્દાર્થ-આપશ્રીએ ગોવર્ધન્ ગિરિરાજનો યજ્ઞ કર્યો છે, મહેંદ્રના મદને હણનાર શ્રીકૃષ્ણના આપશ્રી પ્રિય છે. કૃષ્ણની લીલાઓજ આપશ્રીને સર્વસ્વ છે. શ્રીભાગવતના ભાવને આપશ્રી જાણે છે. ૧૧

[૪૬]પિતૃપ્રવર્તિતપથપ્રચારસુવિચારકઃ ।
[૪૭]વ્રજેશ્વરપ્રીતિકર્તા [૪૮]તન્નિમન્ત્રણભોજકઃ ॥૧૨॥

શબ્દાર્થ નિજ પિતૃચરણે પ્રવર્તાવેલા માર્ગના પ્રચારનો આપશ્રી સારો વિચાર કરે છે. વ્રજેશ્વર શ્રીકૃષ્ણની પ્રીતિ આપશ્રી કરે છે. તેના નિમંત્રણથી ભોજકના કર્તા છે. ૧૨

શ્રીનામરત્નાખ્યસ્તોત્ર.

(ગુર્જરાનુવાદ સહિત)

ગ્રન્થપરિચય-આ 'શ્રીનામરત્નાખ્યસ્તોત્ર'માં શ્રીમદ્વિઠ્ઠલેશપ્રભુચરણ (શ્રીગુસાંઈજી)ના પાંચમાપુત્ર શ્રીરઘુનાથજીએ રચેલાં શ્રીગુસાંઈજીનાં એકસો આઠ નામ આપવામાં આવ્યા છે. જેમ શ્રીસર્વોત્તમસ્તોત્રનો પાઠ વૈષ્ણવોએ નિત્યકર્તવ્ય છે તેમ આ સ્તોત્રનો પાઠ પણ વૈષ્ણવોએ નિત્ય અવશ્ય કર્તવ્ય છે.

આ સ્તોત્રના પાઠથી અદ્ભુતનિગૂઢ એવી શ્રીગુસાંઈજીની વાણીનો બોધ થાય છે આ એકસો આઠ નામમાં શ્રીગુસાંઈજીનું ચરિયાત્મક સ્વરૂપ નિરૂપવામાં આવ્યું છે.

આસ્તોત્રના રચનાર આજ્ઞા કરે છે કે આ સ્તોત્રના પાઠથી નામરૂપી સૂર્યનો ઉદય થાય છે જેથી ભકતોનાં હૃદયરૂપી કમલ ખીલી ઉઠે છે અને હૃદયનાં કલ્મષ નાશ પામે છે. અને શ્રીગુસાંઈજી તેને પોતાનો કરી માને છે.

યન્નામાર્કોદયાત્ પાપધ્વાન્તરાશિઃ પ્રશામ્યતિ ।
વિકસન્તિ હૃદબ્જાનિ તન્નામાનિ સદાશ્રયે ॥ ॥

શબ્દાર્થ-જેના નામરૂપ સૂર્યના ઉદયથી પાપરૂપ અંધકારનો સમૂહ (ઢગલો) નાશ પામે છે, અને હૃદયરૂપ કમલો વિકાસ પામે છે તેમના નામનો આશ્રય સદા હું કરૂં છું. ૧

આનુષ્ટુભમિહ છન્દ ઋષિરગ્નિકુમારજઃ ।
સર્વશક્તિસમાયુક્તો દેવઃ શ્રીવલ્લભાત્મજઃ ॥૨॥
વિનિયોગઃ સમસ્તેષ્ટસિદ્ધયર્થં વિનિરુપિતઃ ।

શબ્દાર્થ-આ સ્તોત્રમાં છન્દ અનુષ્ટુભ છે. સ્તોત્રના દ્રષ્ટા ઋષિ અગ્નિકુમારના પુત્ર શ્રીરઘુનાથજી છે સ્તોત્રના દેવ સર્વશકિતવાલા શ્રીવલ્લભાત્મજ શ્રીવિઠ્ઠલેશ્વર છે. આ સ્તોત્રનું પ્રયોજન સમસ્ત વાંછિતની સિદ્ધિને માટે છે. ૨.

[૧]શ્રીવિઠ્ઠલ· [૨]કૃપાસિન્ધુર્[૩]ભક્તવશ્યો[૪]તિસુન્દર: ॥૩॥
[૫]કૃષ્ણલીલારસાવિષ્ટ: [૬]શ્રીમાન્ [૭]વલ્લભનન્દન: ।

શબ્દાર્થ-આપશ્રી (શ્રીગુસાંઇજી) શ્રીવિઠ્ઠલ છે, જ્ઞાનથી જ્ઞાનશૂન્યને પૂર્ણ કરે છે. આપશ્રી કૃપાના સાગર છે. ભકતને વશ છે, આપનું સ્વરૂપ બહુ સુન્દર છે, આપશ્રી કૃષ્ણલીલાના રસથી અવિષ્ટ છે. આપશ્રી શ્રીમાન્—શોભાયુકત છે શ્રીવલ્લભનન્દન—શ્રીમહાપ્રભુજીના લાડિલા છે. ૩.

[૮]દુર્દશ્યો [૯]ભકતસંદશ્યો [૧૦]ભકતગમ્યો [૧૧]ભયાપહ: ॥૪॥

શબ્દાર્થ-દુષ્ટ લોકો આપશ્રીને જોઈ શકતા નથી ભકતો આપશ્રીનું દર્શન સારી રીતે કરે છે આપશ્રી ભકતગમ્ય છે. ભકતો આપશ્રીની સમીપ જઈ શકે છે આપશ્રી ભયના દૂર કરવાવાળા છે. ૪

[૧૨]અનન્યભકતહૃદયો [૧૩]દીનાનાથૈકસંશ્રય: ।
[૧૪]રાજીવલોચનો [૧૫]રાસલીલારસમહાદધિ: ॥ ૫ ॥

શબ્દાર્થ-અનન્ય ભકતના હૃદયરૂપ આપશ્રી છે. દીન અને અનાથના આપ એકલા આશ્રયરૂપ છે. આપશ્રીના નેત્ર કમલસદશ છે. રાસલીલાના રસના મહાસમુદ્રરૂપ આપ છે

[૪૯]બાલલીલાદિસુપ્રીતો [૫૦]ગોપીસંબન્ધિસત્કથ: ।
[૫૧]અતિગંભીરતાત્પર્ય: [૫૨]કથનીયગુણાકર: ॥૧૩॥

શબ્દાર્થ-આપશ્રી પ્રભુની બાલલીલાઓ વગેરેમાં સુપ્રસન્ન છે. ગોપીસંબંધિની આપશ્રીની કથા સુંદર છે. આપશ્રીનું તાત્પર્ય બહુ ગંભીર છે. શ્લાઘનીય ગુણોની આપશ્રી ખાણ છે. ૧૩.

[૫૩]પિતૃવંશોદધિવિધુ: [૫૪]સ્વાનુરૂપસુતપ્રસૂ: ।
[૫૫]દિકચક્રવર્તિ [૫૬]સત્કીર્તિર્[૫૭]મહોજ્જ્વલચરિત્રવાન્ ॥૧૪॥

શબ્દાર્થ-પિતૃચરણના વંશસમુદ્રના આપશ્રી ચંદ્રમા છે. સદશ પુત્રોનાઆપશ્રી જનક છે. દિશાઓમાં આપશ્રીની આણ ફરે છે. આપશ્રીની કીર્તિ નિર્મલ છે. આપશ્રીનું ચરિત્ર મહા ઉજ્જ્વલ છે. ૧૪.

અનેકક્ષિતિપશ્રેણી[૫૮]મૂર્ધાસિક્તપદામ્બુજ: ।
[૫૯]વિપ્રદારિદ્ર્યદાવાગ્નિર્[૬૦]ભૂદેવાગ્નિપ્રપૂજક: ॥ ૧૫ ॥

શબ્દાર્થ-અનેક રાજાઓની મસ્તક શ્રેણીથી આપશ્રીનું ચરણકમલ આસકત છે. વિપ્ર-બ્રાહ્મણની દરિદ્રતાના આપશ્રી દાવાગ્નિ છે, સમૂલ નાશ કરવાવાલા છે. બ્રાહ્મણ તથા અગ્નિના આપશ્રી પૂજક છે. ૧૫.

[૬૧]ગોબ્રાહ્મણપ્રાણરક્ષાપર: [૬૨]સત્યપરાયણ: ।
[૬૩]પ્રિયશ્રુતિપથ: [૬૪]શશ્વન્મહામખકર: [૬૫]પ્રભુ: ॥૧૬॥

શબ્દાર્થ-ગાય તથા બ્રાહ્મણોના પ્રાણુનીરક્ષા કરવાને આપશ્રી તત્પર છે. આપશ્રી સત્ય-પરાયણ છે. આપશ્રીને વેદમાર્ગ પ્રિય છે. નિત્ય આપશ્રી મહાયજ્ઞ કરે છે. આપશ્રી સમર્થ છે. ૧૬

[૬૬]કૃષ્ણાનુગ્રહસંલભ્યો [૬૭]મહાપતિતપાવન: ।
અનેકમાર્ગ[૬૮]સંક્લિષ્ટજીવસ્વાસ્થ્યપ્રદો [૬૯]મહાન્ ॥૧૭॥

શબ્દાર્થ-કૃષ્ણનો અનુગ્રહ આપશ્રીદ્વારા સુખથી સંપાદન થઈ શકે છે મહાપતિતને પાવન કરવાવાલા આપશ્રી છે અનેક માર્ગની અન્દર ભટકીને દુઃખ પામેલા જીવોને આપશ્રી સ્વાસ્થ્ય—શાન્તિનું દાન સારી રીતે કરે છે. આપશ્રી મહાન્ છે ૧૭

[૭૦]નાનાભ્રમનિરાકર્તા [૭૧]ભક્તાજ્ઞાનભિદુત્તમ: ।
[૭૨]મહાપુરુષસત્ખ્યાતિર્[૭૩]મહાપુરુષવિગ્રહ: ॥૧૮॥

શબ્દાર્થ-વિવિધ ભ્રાન્તિઓ આપશ્રી દૂર કરે છે. ભકતોનું અજ્ઞાન છેદવામાં આપશ્રી ઉત્તમ છે મહાપુરૂષ સદૃશ આપશ્રીની સત્ખ્યાતિ છે. મહાપુરૂષના જેવું આપશ્રીનું શ્રીઅંગ છે ૧૮.

[૭૪]દર્શનીયતમો [૭૫]વાગ્મી [૭૬]માયાવાદનિરાસકૃત ।
[૭૭]સદા પ્રસન્નવદનો [૭૮]મુગ્ધસ્મિતમુખામ્બુજ: ॥૧૯॥

શબ્દાર્થ-આપશ્રી દર્શનીયોમાં ઉત્તમ છે. સ્વરૂપે અત્યન્ત સુન્દર છે. આપશ્રી મહાન્ વક્તા છે. માયાવાદનો નિરાસ આપશ્રી કરે છે. આપશ્રીનું વદન સદા પ્રસન્ન છે. આપશ્રીનું મુખકમલ મુગ્ધ હાસ્યથી યુકત છે. ૧૯.

[૭૯]પ્રેમાર્દ્રદગ્ [૮૦]વિશાલાક્ષ: [૮૧]ક્ષિતિમણ્ડલમણ્ડન: ।
[૮૨]ત્રિજગદ્વ્યાપિસત્કીર્તિર્[૮૩]ધવલીકૃતમેચક: ॥ ૨૦ ॥

શબ્દાર્થ-આપશ્રીના નેત્ર પ્રેમથી આર્દ્ર છે. આપશ્રીના નેત્ર વિશાલ ભૂમંડલના આપશ્રી અલંકાર છે. આપશ્રીની સત્કીર્તિ ત્રણ લોકમાં વ્યાપી છે. શ્યામને આપશ્રી શ્વેત કરે છે. ૨૦.

[૮૪]વાકસુધાકૃષ્ટભક્તાન્ત:કરણ: [૮૫]શત્રુતાપન: ।
[૮૬]ભકતસંપ્રાર્થિતકરો [૮૭]દાસીપ્સિતપ્રદ: ॥૨૧॥

શબ્દાર્થ-આપશ્રી વાણીસુધાથી ભકતોના અન્ત:કરણ આકર્ષે છે. શત્રુઓને આપશ્રી તપાવે છે. ભક્તનું સંપ્રાર્થિત આપશ્રી કરે છે. દાસદાસીઓને વાંછિતનું આપશ્રી દાન કરે છે. ૨૧

[૮૮]અચિન્ત્યમહિમાડમેયો [૮૯]વિસ્મયાસ્પદ[૯૦]વિગ્રહ:
[૯૧]ભકતકલેશાસહ: [૯૨]સર્વસહો [૯૩]ભકતકૃતે વશ: ॥૨૨॥

શબ્દાર્થ-આપશ્રીનો મહિમા અચિન્ત્ય છે, આપશ્રી અમેય છે, પ્રમાણાતીત છે, આપશ્રીનું વિગ્રહ વિસ્મયનું સ્થાન છે. ભક્તનો કલેશ આપશ્રી સહન કરતા નથી, સર્વનું સહન કરે છે. ભકત માટે આપશ્રી વશ થાય છે. ૨૨

[૯૪]આચાર્યરત્નં [૯૫]સર્વાનુગ્રહકૃન્[૯૬]મંત્રવિત્તમ: ।
[૯૭]સર્વસ્વદાનકુશલો [૯૮]ગીતસંગીતસાગર: ॥૨૩॥

શબ્દાર્થ-આપશ્રી આચાર્યરત્ન છે, સર્વના ઉપર અનુગ્રહ કરવાવાલા છે, મંત્રવેત્તાઓમાં ઉત્તમ છે, સર્વસ્વદાન કરવામાં કુશલ છે. ગીત સંગીતના આપશ્રી સાગર છે ૨૩.

[૯૯] ગોવર્ધનાચલસખો [૧૦૦] ગોપગોપિકાપ્રિયઃ
[૧૦૧] ચિન્તિતજ્ઞો [૧૦૨] મહાબુદ્ધિર્જગદ્વન્દ્યપદામ્બુજઃ [૧૦૩] ॥૨૪॥

શબ્દાર્થ-શ્રીગિરિરાજજીમાં આપશ્રીનું સખ્ય અચળ છે. આપશ્રીને ગોપ અને ગોપિકા પ્રિય છે. ચિન્તિતને જણાવવાલા આપશ્રી છે. આપશ્રી મહાબુદ્ધિ છે. આપશ્રીનું ચરણકમલ જગતને વંદનીય છે ૨૪.

[૧૦૪] જગદાશ્ચર્યરસકૃત્ [૧૦૫] સદાકૃષ્ણકથાપ્રિયઃ ।
[૧૦૬] સુખોદર્કકૃતિઃ [૧૦૭] સર્વસંદેહચ્છેદદક્ષિણઃ ॥૨૫॥

શબ્દાર્થ-આપશ્રી જગતને આશ્ચર્યરસમાં બોળે છે. આપશ્રીને નિરન્તર કૃષ્ણકથા પ્રિય છે. આપશ્રીની કૃતિ સુખાન્ત છે. સર્વ સંદેહને હણવામાં આપશ્રી ચતુર છે. ૨૫.

[૧૦૮] સ્વપક્ષરક્ષણે દક્ષઃ [૧૦૯] પ્રતિપક્ષક્ષયંકરઃ ।
[૧૧૦] ગોપિકારહોવિષ્ટઃ [૧૧૧] કૃષ્ણાત્મા [૧૧૨] સ્વસમર્પકઃ ॥૨૬॥

શબ્દાર્થ-સ્વપક્ષના રક્ષણમાં આપશ્રી કુશલ છે પ્રતિપક્ષનો નાશ આપશ્રી કરે છે. આપશ્રી ગોપિકાવિરહથી આવિષ્ટ છે. આપશ્રીના આત્મા કૃષ્ણ છે. આપશ્રી નિજ સર્વ પ્રભુને સમપે છે ૨૬.

[૧૧૩] નિવેદિભક્તસર્વસ્વઃ [૧૧૪] શરણાધ્વપ્રદર્શકઃ ।
[૧૧૫] શ્રીકૃષ્ણાનુગૃહિતૈકપ્રાર્થનીયપદામ્બુજઃ ॥૨૭॥

શબ્દાર્થ-જે ભક્તોએ આત્મનિવેદન કર્યું છે તેમના આપશ્રી સર્વસ્વ છે. આપશ્રી શરણમાર્ગ પ્રકટ દર્શાવે છે. આપશ્રીનું ચરણકમલ શ્રીકૃષ્ણના અનુગૃહીતોનેજ પ્રાર્થનીય છે. ૨૭,

ઇમાનિ નામરત્નાનિ શ્રીવિઠ્ઠલપદામ્બુજમ્ ।
ધ્યાત્વા તદેકશરણો યઃ પઠેત્ સ હરિં લભેત્ ॥૨૮॥
યદ્યન્મનસ્યભિધ્યાયેત્ તત્તદાપ્નોત્યસંશયમ્ ।
નામરત્નાભિધમિદં સ્તોત્રં યઃ પ્રપઠેત્ સુધીઃ ॥૨૯॥
તદીયત્વં ગૃહાણાશુ પ્રાર્થ્યમેતન્મમ પ્રભો ।
શ્રીવિઠ્ઠલપદામ્ભોજમકરંદજુષોઽનિશમ્ ॥૩૦॥

શબ્દાર્થ-આ નામ રત્નોનો શ્રીવિઠ્ઠલના ચરણકમલનું ધ્યાન ધરીને અને તદેકશરણ થઈ ને જે પાઠ કરશે તે હરિને પ્રાપ્ત કરશે. નામરત્નનામક આ સ્તોત્રનો જે બુદ્ધિમાન્ પાઠ કરશે તે નિઃસંશય જે જે મનમાં ધારશે તે તે પ્રાપ્ત કરશે હે પ્રભુ શ્રીવિઠ્ઠલના ચરણકમલનું મકરન્દ નિરન્તર સેવન કરનાર એવા મારૂ તદીયત્વ જલદીથી સ્વીકારો એજ મને પ્રાર્થનીય છે ૨૮-૩૦

ઇયં શ્રીરઘુનાથસ્ય કૃતિં વિજયતેતમામ્ ।

શબ્દાર્થ-આ શ્રીરઘુનાથજીની કૃતિ સર્વત્ર વિજય પામો.

શ્રીરઘુનાથજીકૃત નામરત્નાખ્યસ્તોત્ર ગુર્જરાનુવાદ સહિત સંપૂર્ણ

श्रीकृष्णः ।

શ્રી પુષ્ટિમાર્ગીયયુવક પરિષદ મુંબઇ તરફથી
શ્રી પુષ્ટિસિધ્ધાન્ત કુસુમાવલિના વિકસેલાં

સુવાસિત પુષ્પો

ક્રમ.	નામ		મૂલ્ય રૂા. પૈસા
+૧	શ્રીમદાચાર્ય પ્રાકટ્યોત્સવ લે. પૂ. પા ગો. શ્રી વ્રજનાથલાલજી મહારાજ	(પત્રિકા)	અમૂલ્ય
+૨	શુદ્ધપુષ્ટિભકત લે. ,,	(પુસ્તિકા)	૦=૮
+૩	શ્રીકૃષ્ણ જન્માષ્ટમીનું ધાર્મિક દૃષ્ટિએ મહત્વ લે. શ્રી પરાગ	(પત્રિકા)	અમૂલ્ય
+૪	શ્રીવેણુધર ,,	(પુસ્તિકા)	૦=૧૨
+૫	ભારતના એક દિવ્ય જયોતિર્ધર લે. પૂ. પા. ગો શ્રી વ્રજનાથલાલજી મહારાજ	,,	૦=૬
+૬	શ્રીમદ્વલ્લભાચાર્યચરણ લે. ,,	(પત્રિકા)	અમૂલ્ય
+૭	શ્રીમદ્વલ્લભાચાર્ય અને તેમનાં સિધ્ધાન્તો વ્યાખ્યાતા ભ. શા. નિ. પ્રો. મગનલાલ ગ. શાસ્ત્રીજી MA	(પુસ્તિકા)	૦=૬
+૮	પ્રસ્થાન ચતુષ્ટયમાં સર્વાત્મભાવનું સ્થાન વ્યાખ્યાતા વે. શા. સં. શ્રીધીરજરામ શાસ્ત્રીજી	,,	૦=૧૨

ક્રમ.	નામ		મૂલ્ય રૂા. પૈસા
+૯	અહીરઅર્ભક લે. પ પા. ગોશ્રીવ્રજનાથલાલજી મહારાજ	(પત્રિકા)	અમૂલ્ય
+૧૦	શ્રીહરિરાય મહાપ્રભુ અને દુઃસંગ વિજ્ઞાન પ્રકાર લે. વે. શા. સં શ્રી શ્રી કેશવરામ કા. શાસ્ત્રી	(પુસ્તકા)	૦=૩
+૧૧	આર્યકલાના ઉદ્ધારક ,,	,,	૦=૩
+૧૨	પરમભકિત માર્ગાચાર્ય શ્રીવલ્લભાચાર્ય લે. શ્રી કેશવરામ. કા. શાસ્ત્રી	,,	૦=૩
+૧૩	પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને આવશ્યક સૂચના લે. શ્રીભકિતપ્રિય	પત્રિકા	અમૂલ્ય
+૧૪	શ્રીહરિરાય મહાપ્રભુ અને શિક્ષાપત્રો લે. શ્રી કેશવરામ કા શાસ્ત્રી	(પુસ્તિકા)	૦=૩
+૧૫	પુષ્ટિમાર્ગમાં વર્ણાશ્રમની આવશ્યકતા વ્યાખ્યાતા પૂ. પા. ગો. દીક્ષિતજી મહારાજ	,,	૦=૧૨
+૧૬-૧૭	શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુજી અને શ્રી વલ્લભ પ્રભુપ્રાર્થના લે. કવિ શ્રી વલ્લભજી ભાણજી મહેતા અને વે. શા સં શ્રી દુર્લભજી. દે શાસ્ત્રી	(પુસ્તિકા)	૦=૨૫

+: ૮ રસદર્શન લે. શ્રીવલ્લભજી ભાણજી મહેતા (પુસ્તિકા) =૧૨

+૧૯ દિવ્ય પુષ્ટિમાર્ગના પ્રણેતા
લે. શ્રી ભક્તિપ્રિય ,, ૦=૧૨

+૨૦ બ્રહ્મવાદપ્રવેશિકા પુનઃમુદ્રણ (પુસ્તિક) ૦=૪૦
લે. વે. શા. સં શ્રી કેશવરામ, કા. શાસ્ત્રી

+૨૧ પુષ્ટિમાર્ગીય કીર્તન પ્રકાર
લે. શ્રી. કે. કા. શાસ્ત્રી (પુસ્તિકા) અમૂલ્ય

૨૨ ગીતાકાપૃથક શરણમાર્ગ (હિન્દી) (પુસ્તિકા) ૦=૫૦
લે. વે. શા. સં પં શ્રી રમાનાથ શાસ્ત્રી

૨૩ બહિર્મુખ મુખધ્વંસ (પુસ્તિકા) ૦=૨૫
લે પૂ. પા. ગો. શ્રી ગોકુલનાથજી મહારાજ

૨૪ અન્યાશ્રય અસમર્પિતત્યાગ (પુસ્તિકા) ૦=૬૨
લે. શ્રી. સુન્દરદાસ વીરભાનુદાસ

૨૫ શ્રી પુષ્ટિમાર્ગીય નિત્યસ્મરણ પોથી ,, ૦=૬૨
શુદ્ધાદ્વૈતસંસદ દ્વારા પુનઃ મુદ્રણ

૨૬ ભક્તિમાર્ગ પ્રવેશિકા ,, ૦=૬૦
લે. વે. શા. સં શ્રી કેશવરામ કા શાસ્ત્રી
(શ્રી ભક્તિમાર્ગીય વાચાનાલયદ્વારા પુનઃ મુદ્રણ)

૨૭ વિજ્ઞપ્તિસ્તોત્રસંગ્રહ (પુસ્તક) ૧=૨૫
(શ્રીગુસાંઈજી શ્રીગોકુલનાથજી અને
શ્રીહરિરાયજીની વિજ્ઞપ્તિઓ)
ગુર્જરનુંવાદસહિત
(શ્રીભક્તિમાર્ગીય વાચનાલયદ્વારા પુનઃ મુદ્રણ)

+૨૮ શ્રીહરિરાયજી (મહાપ્રભુજી) વિરચિત ૫=૦
૪૧ બૃહતશિક્ષાપત્ર ગુર્જરાનુવાદ સહિત (પુસ્તક)

૨૯ ભક્તિહંસ (વ્યાખ્યાત્રયાનુગત ,, ૧=૨૫
ગુર્જરાનુંવાદ સહિત) (પુસ્તક)

૩૦ ભક્તિહેતુ નિર્ણય (શ્રી રઘુનાથ ચરણ ૦=૭૫
વિરચિત વિવૃતિ સમેત ગુર્જરાનુવાદ સહિત (પુસ્તક)

૩૧ પત્રાવલમ્બનમ્ (વ્યાખ્યા મયાપાનુગત ,, ૧=૨૫
ગુર્જરાનુવાદ સહિત)

ર મધુરાષ્ટકમ્ (વ્યાખ્યાષટ્કસમેત (પુસ્તક) ૨=૦
વ્રજભાષાનુવાદયુતમ્)

૩ દાનલીલા (શ્રીહરિરાયજી 'રસિક' રચિત (પુસ્તક) ૦=૭૫
કાવ્યવાણી પર આધારિત એકાંકિ નાટિકા (હિન્દી)
પ્રણેતા, ગોકુલાનંદ, તૈલંગ

૩૪ મહાનુભાવ શ્રીગોપાલદાસજીકૃત (પુસ્તક) ૬=૦
શ્રીવલ્લભાખ્યાન ગો. શ્રી જીવનજી મહારાજ
કૃત વ્રજભાષા ટીકા સહિત ગો. શ્રીદ્વારકેજી-
કૃત મૂલપુરૂષ, શ્રીમહાપ્રભુજી વિરચિત
ષોડશગ્રંથ શ્રીમદ્વિઠ્ઠલેશપ્રભુચરણ
પ્રણિત. શ્રીસર્વોત્તમસ્તોત્ર, શ્રીવલ્લભાષ્ટક
અને સપ્તશ્લોકી તથા ગો. શ્રીરઘુનાથજી
કૃત શ્રી નામરત્નાખ્યસ્તોત્ર ગુર્જર
ભાવાનુવાદ સહિત.

પ્રાપ્તિ સ્થાન

શ્રી પુષ્ટિમાર્ગીય યુવક પરિષદ કાર્યાલય
C/o શ્રી ગિરધરલાલ જગજીવનદાસ શાહ
ઠે. શ્રીમોટીહવેલી પાસે, ભૂલેશ્વર
મુંબઈ નં. ૨

આવશ્યક સૂચના- પ્રત્યુત્તર ચાહનારે પોસ્ટેજ મોકલવુ
+ આ નિશાનીવાળું સાહિત્ય અપ્રાપ્ય છે.

સમાપ્ત

+: ૮ ૨૨
+૧૯ દિવ
લે.
+૨૦ બ્રહ્મ
લે. વે
+૨૧ પુષ્ટિ
લે. શ્રી
૨૨ ગીતાક
લે. વે.
૨૩ બહિર્મુ
લે પૂ.
૨૪ અન્યાશ્ર
લે. શ્રી.
૨૫ શ્રી પુષ્ટિ
શુદ્ધાદ્વૈત
૨૬ ભકિતમાગ
લે. વે. શ
(શ્રી ભકિ